પુસ્તક
૯૧-૩૬

વિવિધ ગ્રન્થમાળા

વર્ષ ૬.
સં. ૧૯૭૨

# અમેરિકાનો પ્રવાસ

અનુવાદક-
રત્નસિંહ દીપસિંહ પરમાર.

પ્રકાશક -મુમ્બઈ સાહિત્ય વર્ધક કાર્યાલય.

કિંમત
રૂપિઆ, ૨.

મળે
અમદાવાદ.

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૬૮૩૮ वर्गांक

पुस्तकनुं नाम આફ્રિકાનો પ્રવાસ

विषय ૨૯ : ૭૨.૪૧૬

विविधग्रन्थमाला: अंक ७५-७६: वर्ष सातमुं-सं. १९७३.

# अमेरिकानो प्रवास

સ્વામી શ્રી સત્યદેવ રચિત

અમરીકા પથપ્રદર્શક, અમરીકા દિગ્દર્શન તથા અમરીકા કે નિર્ધન વિદ્યાર્થિયોં કે પરિશ્રમ; એ ગ્રંથોનું ભાષાન્તર.

**सस्तुं साहित्य वर्धक कार्यालयने माटे**

અનુવાદક:-રતનસિંહ દીપસિંહ પરમાર, ડભોલી (સુરત)

સંપાદક અને પ્રકાશક:-ભિક્ષુ-અખંડાનંદ.

કાલબાદેવી રોડ, મુંબઈ.

આવૃત્તિ ૧ લી-પ્રત ૪૩૦૦. ઈ. સ. ૧૯૧૭.

મૂલ્ય-વાર્ષિક ફાળે ૦ા– પાકું પૂઠું ૦ાા પો. માફ

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ગુજ... ...પીરાઈટ-સંગ્રહ
૬૯૩૯

આ અનુવાદના સર્વ હક્ક
પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.

અમદાવાદ—સલાપોસરોડ
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

છૂટક મૂલ્ય ૦॥ પાકું ૦॥। પો. જુદું.

# નિવેદન

વિવિધ ગ્રંથમાળાનું આ ૭૫—૭૬ મું પુસ્તક છે. 'અમરીકા પથપ્રદર્શક', 'અમરીકા કે નિર્ધન વિદ્યાર્થી' અને 'અમરીકા દિગ્દર્શન'; આ ત્રણ હિંદી પુસ્તકોનું ભાષાન્તર આમાં અપાયલું જણાશે.

એ પુસ્તકોના મૂળ લેખક શ્રીમાન સ્વામી સત્યદેવજીના જીવનનો ટુંક પરિચય આ પછીના ઉલ્લેખમાં આપવામાં આવ્યો છે. એ પરિચયમાં જણાવ્યા પ્રમાણે તેમની પાસે ધનબળની જોઇતી સગવડ નહિ હોવા છતાં, ધનબળ કરતાં અનેકગુણ ઉપકારક એવા શરીરબળ અને મનોબળ (ચારિત્ર્યબળ)નો સદુપયોગ કરીને તેમણે ઇચ્છિત પ્રવાસ તથા અભ્યાસમાં જે સફળતા પ્રાપ્ત કરી છે, તે સર્વ ભારતીય વિદ્યાર્થીઓ માટે અત્યંત મનનીય અને અનુકરણીય છે.

સત્યદેવ× કાશીથી અમેરિકા જવા નીકળ્યા ત્યારે માત્ર પંદર રૂપરડીનીજ સગવડ તેમની પાસે હતી, તે જોતાં દેશવ્યાપી નિર્ધનતા નામક દુષ્ટ દૈત્યાણી તેમના ઉપર પણ સારી રીતે સવાર થઇ ચુકેલી હતી એ વાત ખરી; પરંતુ મૂર્ખ અજ્ઞાન માબાપોના પુણ્ય (!) પ્રતાપથી દેશના વિદ્યાર્થીઓ અને યુવકોમાં બાળલગ્નાદિ કુપ્રથાજન્ય જે દુર્દશાઓ વ્યાપી રહેલી છે, અને જે મુર્દાલપણું, અનુત્સાહ, આળસ, અક્કડાઇ, ફક્કડાઇ તથા મિથ્યાભિમાન રૂપી મહત્તાઓ (!) જયાં ત્યાં વ્યાપી રહેલી છે, તેની સવારી પુરૂષાર્થી સત્યદેવ ઉપર થઇ નહતી.

અજ્ઞાત બાલ્યાવસ્થામાંજ પોતાનાં બાળકોને જીવનપર્યંતની દુર્દશામાં ડૂબાડનાર માબાપો અથવા બીજા સંયોગો તેમને જેમ મળ્યા ન હતા તેમ કંઇક સમજણમાં આવ્યા પછી દેશની કુપ્રથા તથા

---

× એમનું વિદ્યાર્થી અવસ્થાનું નામ પણ એજ હતું.

વડીલોની મૂર્ખતાને આધીન થઇને વિદ્યાભ્યાસ પૂર્ણ થવા પહેલાં લગ્નની ધુંસરી ઉઠાવી લેવાનું બાયલાપણું પણ તેઓ દૂર રાખી શક્યા હતા. આ કારણને લીધેજ તેઓ એકાદ યુરોપિયન યુવકના જેટલી શારીરિક અને માનસિક સંપત્તિ પોતામાં કાયમ રાખી શક્યા હતા. જન્મપ્રાપ્ત શરીર ઠીંગણું છતાં એજ કારણથી તે મજબુત રહી શક્યું હતું, હૃદયનો ઉત્સાહ અને સંકલ્પની દ્રઢતારૂપ શક્તિઓને તેમનામાં સ્થાપનાર અને ખીલવનાર એ બ્રહ્મચર્યજન્ય વીર્યબળજ હતું. આ શક્તિઓની સ્ફૂર્તિના પ્રતાપેજ કેવળ સ્વાશ્રયના આધાર ઉપર અમેરિકા જેવા અતિદૂરના અપરિચિત દેશ તરફ જવાની હિમ્મત તેઓ કરી શક્યા હતા. ત્યાંના પ્રવાસનું તેમજ નિવાસ અને વિદ્યાભ્યાસનું ખર્ચ રજાઓ વગેરેના અવકાશમાં મહેનત મજુરી કરીને તેઓ નિભાવી શક્યા તેનું મૂળ કારણ પણ એ વીર્યબળજ હતું. એવા સંયોગો વચ્ચે મનુષ્યને અંતરાયો અને કષ્ટો ભોગવવાં પડે એ તો સ્વાભાવિક જ છે; પરંતુ નિર્માલ્ય તનમનવાળાઓ જ તેવાં કષ્ટોને કાગને બદલે વાઘ જેવાં કલ્પીને "છાણનો કીડો છાણમાં મરે" એવી સ્થિતિ મરતાં સુધી ભોગવ્યા કરે છે. બ્રહ્મચર્ય અને વીર્યબળથી રક્ષાયલા અને પોષાયલા તનમનવાળા યુવકને તો "**मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम्**" ની પેઠે એવા અંતરાય અને કષ્ટો એવા બીહામણા રૂપમાં દેખાતાંજ નહિ હોવાથી અન્ય નિર્માલ્ય સત્વહીન કાંગલા યુવકો અને વિદ્યાર્થીઓના જેવી એ બાબતની મુંઝવણ તેને ભોગવવી પડતીજ નથી. તન મનની એવી સારી સ્થિતિનું મુખ્ય કારણ બ્રહ્મચર્ય, બ્રહ્મચર્ય અને બ્રહ્મચર્યજ છે; એ વાત પ્રિય વાંચક! યાદ રાખજે, અને તું ડૂબ્યો હોય તો હરિઇચ્છા; પણ તારાં સંતાનોને અબ્રહ્મચર્યના એ દુષ્ટ ખાડામાં ડૂબતાં જરૂર બચાવજે. અબ્રહ્મચર્યવાળા મનુષ્યો પણ હરવું, ફરવું, ધંધો, નોકરી ઇ૦ સર્વ કાંઇ કરી શકે છે, અને વખતે હજારે કે

લાખે એકાદ મનુષ્ય તેમનામાં અસાધારણ પણ હોય છે; પરંતુ એ અસાધારણપણું તેમજ સાધારણપણું જો બ્રહ્મચર્યના યોગ્ય પાયા ઉપર ચણાયલું હોત તો કેટલાગણી અને કેવી કેવી વિશેષતાવાળું બની શક્યું હોત તેની કલ્પના થોડાઓજ કરી શકે છે. સેવક પણ તેવા ખાડામાં પડી ચુકેલાઓમાંનોજ એક છતાં છેલ્લાં બાર વર્ષના બ્રહ્મચર્યને યોગે તે આ બાબત સ્પષ્ટ રૂપે અનુભવી શકેલો હોવાથીજ આટલા આગ્રહથી ભલામણ કરે છે. ઉંચી સમજણ એ પણ મોટી વાત છે; પરંતુ તે સમજણને અનુસરવાનું મનોબળ અને શરીરબળ તો મુખ્યત્વે આ બ્રહ્મચર્ય ઉપરજ આધાર રાખે છે.

સત્યદેવજી તો સાડત્રીશ વર્ષની વય થવા છતાં પણ હજી નૈષ્ઠિક બ્રહ્મચારી રહીનેજ લોકસેવા બજાવે છે. સર્વ કોઇથી તેમ ન બને, પણ ૨૦ વર્ષની વય સુધી બાળકને સંસાર વ્યવહારમાં ન નાખવાનું તો બનેજ.

સત્યદેવજીએ પોતાના અમેરિકાના પ્રવાસ દરમિયાન તથા ત્યાં તેમણે ગાળેલાં પાંચ વર્ષો દરમિયાન પોતાના નિરીક્ષણ તથા અનુભવમાં આવેલી મુખ્ય હકીકતો ઉપર જણાવેલાં ત્રણ પુસ્તકોદ્વારા પ્રસિદ્ધ કરીને દેશજનોની મોટી સેવા બજાવી છે. શારીરિક અને માનસિક શિક્ષણની બાબતમાં તથા ખરાબ રૂઢીઓ, ચારિત્ર્યબળ, અને નિર્ધનતા ઇ૦ બાબતોમાં ભારતવર્ષ જે જે અવદશા ભોગવી રહ્યો છે, તેની સરખામણી અન્ય દેશવાળાઓની સાથે ઉપલાં લખાણોમાં અનેક સ્થળે કરાયલી જણાશે. આશા છે કે પાઠક બંધુઓ એમાંથી મળતી હિતાવહ પ્રેરણાઓ અને સૂચનાઓપર મનન કરવા ચૂકશે નહિ.

સત્યદેવ જેવા પ્રતિભાવાન લેખકનાં પુસ્તકો હિંદી પાઠક વર્ગમાં વિશેષ લોકપ્રિય અને પ્રચલિત થઇ પડે એ સ્વાભાવિકજ છે. સ્વદેશની અંતર બહિર્ દુર્દશાની માહિતી અને લોકહિતની ઉંડી તથા ઉછળતી

લાગણીઓ તેમનાં લખાણોમાં અનેક સ્થળે દેખાઇ આવે છે. ગુજરાતી પાઠક વર્ગને પણ તેમનાં એવાં ઉત્તમ પુસ્તકોનો લાભ મળી શકે એવા ઉદ્દેશથી તેને ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવાની રજા તેમની પાસે માગવામાં આવતાં તે તેમણે પૂર્ણ ઉત્સાહ અને નિષ્કામ ભાવે આપી છે; જે બદલ આ સ્થળે ગુર્જર પાઠક વર્ગ તરફથી તેઓશ્રીને સપ્રેમ ધન્યવાદ આપવામાં આવે છે. સગવડે સગવડે તેમનાં સર્વ પુસ્તકો વિવિધ ગ્રંથમાળાદ્વારા ગુજરાતી વાંચક વર્ગની સેવામાં રજુ કરવા ધારણા છે.

વાંચક વર્ગને છેવટે એજ સૂચવવાનું કે બ્રહ્મચર્ય વિષે ઉપર જણાવાયલી હકીકત તેઓ ધ્યાનમાં રાખે અને બીજી અનેક હિતાવહ બાબતોની પેઠે આ અતિ મહત્વની સૂચનાને પણ અબ્રહ્મચર્ય-જન્ય વિસ્મૃતિના ઉંડા ખાડામાં ડૂબી જવા દે નહિ. દયાસિંધો ! સર્વજ્ઞાન અને બળ સંપન્ન પરમાત્મન્ ! તમને તો પ્રાર્થના પણ શી કરવી ? પ્રાર્થનાની વાટ જુઓ એવા અપૂર્ણ તમે છોજ નહિ. તમે તો સર્વત્ર વિરાજી રહીને પ્રાણિમાત્રમાં આવી અને બીજી સર્વ હિતાવહ બાબતોનું જ્ઞાન, સ્મૃતિ અને બળ મુશળધારથી અખંડ ભાવે સદાકાળ વર્ષાવીજ રહ્યા છો. નેવાંની નીચે મુકાયલા ઉંધા પાત્રની પેઠે અમો મનુષ્યોજ અમારાં હૃદયપાત્રો અવળી દિશામાં રાખી રહ્યા છીએ ! માટે વાંચક ! હવે તો તુંજ સૂચના કે પ્રાર્થના કે સેવા કરવા યોગ્ય દેવ છે ! ! હે દેવ હવે જાગ્રત થા ! જાગ્રત થા !

માઘ વદી ૫ }<br>
વિ. સં. ૧૯૭૩ }

સર્વ વાંચક દેવ દેવીઓનો દેહભાવે દાસ ઇ૦<br>
**ભિક્ષુ—અખંડાનંદ.**

**તાજાકલમઃ—**

૧—હવે પછીનું પુસ્તક ચૈત્ર આખર સુધીમાં રવાના થવા સંભવ છે. સંસ્થાનો રિપોર્ટ અને હિસાબ કે જે હવે છપાવો શરૂ થશે, તે પણ ઘણું કરીને આવતા પુસ્તકની સાથેજ રવાના થઇ જશે.

૨—આ સંસ્થાની હાલની સ્થિતિ, એ સ્થિતિ કેવા વિચારો, યોજનાઓ અને યત્નોથી પ્રાપ્ત થઇ; સેવક સંસ્થા સાથેનો પોતાનો સંબંધ હવે પછી કેવાં કારણોથી અને કેટલો ઓછો કરનાર છે; વાંચનના અધિક પ્રચારથી અને બીજી રીતોથી જનહિત કરવાની બીજી નવીન અને વિશાળ યોજનાઓ તથા મુફત વાંચન પુરૂં પાડવાની કેટલીક યોજનાઓ કેવી રીતે શરૂ કરી તથા પાર પાડી શકાય તેમ છે; ઇ૦ ઇ૦ જાણવા જેવી બાબતો ઉપલા રિપોર્ટમાં આવનાર હોવાથી તેનું કદ પણ શુમારે અઢીસો પૃષ્ટનું થવા જશે; અને તે વિવિધ ગ્રંથ-માળાના એક પુસ્તક તરીકેજ પ્રસિદ્ધ થશે.

---

## સ્વામી શ્રી સત્યદેવનો સંક્ષિપ્ત પરિચય

આ ગ્રંથના મૂળ લેખક સ્વામી શ્રી સત્યદેવના જીવનનો પરિચય તેમના એક પરિચિત સજ્જન પાસેથી મેળવેલો તે નીચે પ્રમાણે છે.

સ્વામી સત્યદેવનું નામ હિંદી પાઠકવર્ગમાં સુપ્રસિદ્ધ છે. તેમનો જન્મ સંવત્ ૧૯૩૬ ( ઇ. સ. ૧૮૮૦ ) માં પંજાબ પ્રાન્તના લુધિયાના શહેરમાં એક મધ્યમ સ્થિતિના કુટુંબમાં થયો હતો. તેમના પિતા સરકારી નોકર હતા અને સામાન્ય પગારથી પોતાનો નિર્વાહ કરતા હતા. સત્યદેવનો વિદ્યાભ્યાસ લાહોરની દયાનંદ એંગ્લોવર્નાક્યુલર હાઇસ્કુલમાં થયો હતો, ત્યાં તેમણે ઈ. સ. ૧૮૯૭ માં એન્ટ્રન્સની પરીક્ષા પસાર કરી—એજ વર્ષમાં એમના વિવાહનો પ્રશ્ન ખડો કરવામાં આવ્યો, કિંતુ પિતાની સામા થઈને આ બાબતને માટે તેમણે સાફ નાજ પાડી દીધી. એ પછી વિશેષ સંસ્કૃત ભણવાની ધૂનમાં તેઓ ઘર છોડીને કાશી પહોંચ્યા અને ત્યાં સંસ્કૃત ભણવા લાગ્યા. ઇ. સ.

૧૮૯૯ માં તેમની જનેતાનો સ્વર્ગવાસ થયો. આ સમાચાર મળતાંજ તેઓ ઘેર આવ્યા. ૧૯૦૦ માં તેઓ પુનઃ કાશી ગયા.

અહીં તેમણે ૧૯૦૨ માં પોતાનો પહેલો હિંદી લેખ "રાજર્ષિ ભીષ્મ પિતામહ" લખ્યો.* કાશીમાં તેઓ સેન્ટ્રલ હિંદુ કૉલેજમાં પણ અભ્યાસ કરતા રહ્યા હતા. ઈ. સ. ૧૯૦૪ ની આખરે અમેરિકા જઈને વિદ્યાધ્યયન કરવાની ધૂન તેમને લાગી અને ૧૯૦૫ ની શરૂમાં તેઓ કેવળ પંદર રૂા. ના આધાર સહિત કાશીથી નીકળી પડયા.

આટલા રૂા. વડે અમેરિકા પહોંચવું એ કઠિનજ નહિ પરંતુ અસંભવિત પણ હતું; જેથી અમેરિકા જવાનું કાંઈ સાધન શોધવાને માટે તેઓ મુંબઈ તરફ ગયા.

પાંચ છ માસ મુંબઈ, ગુજરાત, કાઠિયાવાડ ઈ૦ તરફ ભ્રમણ કર્યાબાદ કલકત્તે થઈને તેઓ ફિલીપાઈન–મનીલા પહોંચ્યા. અહીં પાંચ છ માસ મજુરીનું કામ કર્યા પછી એક અમેરિકનને સંસ્કૃતનો અભ્યાસ કરાવવાનું કાર્ય ત્રણ માસ કર્યું. આ અમેરિકને તેમને શિકાગોની ટીકીટ લઈ આપી.

અમેરિકા જઈને તેમણે ત્યાંની શિકાગો, ઑરગન તથા વૉશિંગ્ટન ઈ૦ યુનિવર્સિટીઓમાં ચાર વર્ષ સુધી અભ્યાસ કર્યો. અહીં પોતાના નિર્વાહ ઈ૦ નો ખર્ચ તેઓ અભ્યાસની રજાઓમાં તથા ફાલતુ સમયમાં મજુરીનાં કામોપર જઈને જે પૈસા મેળવતા તે વડે ચલાવતા. ઈ. સ. ૧૯૧૦માં તેમણે વૉશિંગ્ટન યુનિવર્સિટીની ડિગ્રી પ્રાપ્ત કરી.

અભ્યાસ દરમિયાન સમય મળતાં તેઓ હિંદી લેખો લખી મોકલતા, જે હિંદી માસિકોમાં પ્રસિદ્ધ થતા.

ઈ. સ. ૧૯૧૦ માં અભ્યાસ સમાપ્ત કર્યા પછી તેઓ અમેરિ-

---

* ચરિત્રમાળાના ૧૩–૧૪ મા પુસ્તકની શરૂમાં આ લેખનું ભાષાન્તર છપાઇ ચુક્યું છે.



स्वामी श्री सत्यदेव

Mukund Art—Ahmedabad.

કામાં ભ્રમણ કરવા નીકળ્યા, અને અમેરિકાના પૂર્વથી પશ્ચિમ છેડા સુધીની ૨૩૦૦ માઇલની મુસાફરી પગ રસ્તે કરી.

વોશિંગ્ટન, ઑરગન, કેલીફોર્નિયા, ટેકસાસ અને ન્યુમેક્સિકોનાં સંસ્થાનોમાં ઘૂમતા ઘૂમતા તેઓ બોસ્ટન જઇ પહોંચ્યા, અને ઇ. સ. ૧૯૧૧ના મે માસમાં આગબોટ ઉપર મજુરની નોકરી મેળવીને બોસ્ટનથી મેન્ચેસ્ટર પહોંચ્યા.

ઇંગ્લાંડમાં પણ તેમણે પેદલજ ભ્રમણ કર્યું. ફ્રાંસ, સ્વિટઝરલાંડ અને ઇટલી થઇને જુલાઈ ૧૯૧૧માં તેઓ દરીયા માર્ગે હિંદુસ્થાનમાં આવ્યા. તેઓ ફિલીપાઇન થઇને પૂર્વ તરફથી અમેરિકા ગયા હતા અને પશ્ચિમ તરફ થઇને આવ્યા હતા. એ પ્રકારે તેમણે પૃથ્વીની પરિક્રમા કરી લીધી.

અમેરિકાથી આવતાંજ તેમણે " સત્યગ્રંથમાળા " એ નામથી પુસ્તકો કહાડવાં શરૂ કર્યાં હતાં. આ માળાદ્વારા આજ સુધીમાં તેમણે અમરીકાપથ પ્રદર્શક, અમરીકાકે વિદ્યાર્થી, અમરીકા ભ્રમણ, મનુષ્ય કે અધિકાર, શિક્ષાકા આદર્શ, આશ્ચર્યજનક ઘંટી, રાજર્ષિ ભીષ્મ, સત્ય નિબંધાવળી, કૈલાસયાત્રા, લેખનકળા, હિંદીકા સંદેશ, જાતીય શિક્ષા, રાષ્ટ્રીય સંધ્યા, રાષ્ટ્રીય સંદેશ, એ ૧૪ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે.

જુન ૧૯૧૫ માં તેમણે હિમાલયની ૧૮૩૭૦ ફીટ ઉંચી પહાડી દિવાલ ઉલ્લંઘીને કૈલાસદર્શન, માનસરોવરસ્નાન તથા પશ્ચિમ તિબેટમાં ભ્રમણ કર્યું હતું. " મેરી કૈલાસયાત્રા " નામે પુસ્તકમાં આ યાત્રાનો પોતાનો અનુભવ તેમણે પ્રસિદ્ધ કર્યો છે. આજકાલ તેઓએ દેશસેવા તથા દેશભાષાના પ્રચારનો ભાર ઉઠાવેલો છે.

# નવ દિવસમાં ત્રણ બાળકોનાં ખુન !

## દયાળુ પોલીસ અમલદારો વગેરેને અપીલ.

**મુંબઈની હાઈકોર્ટ** સંબંધી નીચેના ત્રણ રિપોર્ટો તરફ દયાળુ પોલીસ ઓફીસરો તેમજ સંસાર સુધારકોનું હું ધ્યાન ખેચું છું:-

### ૧—દાગીના સારૂ નિશાળીયાનું કરવામાં આવેલું ખુન ! આરોપીને ફાંસીની સજા !

ફરસરામ નામનો ૧૦ વરસનો છોકરો થાણાની એક નિશાળમાં ભણુતો હતો.

સુદામા જીવન મહાત્ર નામનો શખ્સ જે **તેની કાકીનો છોકરો થતો હતો** તે એક દિવસ બપોરના બાર વાગે નિશાળમાં ગયો, અને નિશાળના માસ્તરને કહ્યું કે **તે છોકરાને તેને ઘેર જમવા સારૂ તેનાં માબાપ બોલાવે છે;** તેથી માસ્તરે તે છોકરાને રજા આપી.

આરોપી તે છોકરાને પાણીના એક નાળા પાસે લઇ ગયો, ત્યાં તેનાં આશરે રૂપૈયા ૧૫ નાં ઘરેણાં ઉતારી લીધાં, અને પછી **તેને તે નાળામાં ડુબાવીને મારી નાખ્યો.**

સદરહુ ગુનાહ માટે નીચલી કોર્ટે ફરમાવેલી ફાંસીની સજા હાઈકોર્ટે કાયમ રાખી હતી.—**જામે જમશેદ,** તા. ૧૨-૧-૧૯૧૭.

### ૨—દાગીના ખાતર અગીયાર વરસની છોકરીનું કરાયલું ખુન ! બંને આરોપીઓને થયેલી ફાંસીની સજા !

અહમદનગર ડીસટ્રીકટમાં સરોલા નામના ગામમાં ધોંડી નામની અગીયાર વરસની એક છોકરીનાં લગ્ન થયા પછી તેણીએ દાગીના પહેર્યા હતા.

રાધા પરવત અને પાંડુ શંકર નામના આરોપીઓએ તે છોકરીનાં માબાપ સાથે ઓળખાણ કરી, અને પછી તેણીને લલચાવીને એક કુવા પાસે લઇ ગયા, ત્યાં તેણીના દાગીના ઉતારી લઇને તેણીને **તે કુવામાં નાખી દઇને મારી નાખી હતી.**

સદરહુ ગુનાહ માટે બંને આરોપીઓને નીચલી કોર્ટે ફરમાવેલી ફાંસીની સજા હાઇકોર્ટે કાયમ રાખી હતી.—**જામે જમશેદ**, તા. ૧૩–૧–૧૭.

### ૩—દાગીના સારૂ દસ વરસની છોકરીનું કરાયલું ખુન ! આરોપીને થયેલી ફાંસીની સજા !

કાશી નામની દસ વરસની એક છોકરી નાસીકની બજારમાં તેલ લેવા ગઇ હતી, તેવામાં ગોપાળ દાદા પાટીલ નામનો **તેણીનો એક સગો** તેણીને મળ્યો.

કાશીને તે શખ્સ ગામ નજીકના એક કુવા પાસે લઇ ગયો, ત્યાં તેણીનાં ઘરેણાં ઉતારી લઇને **તેણીને તે કુવામાં નાખી દઇને મારી નાખી !**

સદરહુ ગુનાહ માટે નીચલી કોર્ટે આરોપીને ફાંસીની સજા કરી હતી, તે હાઇકોર્ટે કાયમ રાખી હતી.—**જામે જમશેદ**, તા. ૨૦–૧–૧૯૧૭.

### સેંકડો બાળકોનાં ખુન !

ઉપર પ્રમાણે ઘરેણાંની ખાતર **માત્ર નવ દિવસમાં ત્રણ બાળકોનાં ત્રાસદાયક ખુનો પ્રસિદ્ધ થયાં છે.**

આજ સુધીમાં સેંકડો હિંદુ તથા મુસલમાન બાળકોનાં ઘરેણાં માટે ખુનો થયાં છે, અને જ્યાં સુધી લોકો ચેતશે નહિ ત્યાંસુધી તેવાં ખુનો થયાજ કરશે.

× × × × ×

**જુનાગઢ**
**૨૨–૧–૧૭** } **લાભશંકર લક્ષ્મીદાસ.**

# ગ્રંથ સ્વીકાર

નીચેનાં પુસ્તકોની પહોંચ આભાર સહિત સ્વીકારીને વાંચક વર્ગની જાણ માટે તેનું મૂલ્ય, કદ ઇત્યાદિ નીચે આપવામાં આવે છે; જે ખરીદવા ઇચ્છનારે આ સંસ્થાપર ન લખતાં તેના પ્રકાશકનેજ લખવું.

**સ્વર્ગનો આનંદ**—લેખક તથા પ્રકાશકઃ–વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર, કાલબાદેવી રોડ, મુંબાઇ–૨. રોયલ બાર પેજી પૃષ્ઠ ૪૦૦, ગ્લેજ કાગળ, સોનેરી પુઠું. રૂ. ૧)

**બાળ રામાયણ**—(જુદા જુદા છંદોમાં) લેખક તથા પ્રકાશકઃ–પ્રભાશંકર જયશંકર પાઠક, પાર્વતી મેન્શન, મુંબાઈ–૭. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૧૩૦, ગ્લેઝ કાગળ, સાદું પુઠું. ૦|=

**આર્ય નારી ધર્મ**—લખનારઃ રા. વાડીલાલ મોતીલાલ શાહ પ્રકાશકઃ–શા. કેશવજી વેલજી, મુલજી જેઠા કાપડ મારકીટ નવી સ્ટેશન ગલી, મુંબાઇ–૨. પૃષ્ઠ ૩૨, કિં. ૦)–

**સંમેલન સંગીતાવલિ**—પ્રયોજક તથા પ્રકાશકઃ–લલ્લુભાઇ શંકરભાઇ ભટ્ટ, ગીરગામ, મુંબાઇ–૪. પૃષ્ઠ ૩૨, ૦)=

**સુબોધ જ્ઞાન સંગ્રહ**—પ્ર૦ હરીલાલ મગનલાલ ભટ્ટ, શામસંઘાની પોળ–અમદાવાદ. સોળ પેજી પૃષ્ઠ ૬૪, ૦|

**પવિત્ર પ્રભુ પ્રેમનો પ્રભાવ**—(દંપતી ધર્મ પુસ્તકમાળાનું પહેલું પુસ્તક) લેખકઃ–રા. વસનજી દયાલજી ગણાત્રા (વસંત); પ્રકાશકઃ–ભીખાભાઇ છોટાલાલ ચોધરી, જમાલપુર—અમદાવાદ. પૃષ્ઠ ૩૨, ૦)=

**પુષ્પ હાર**—(દિવાળીનું પુષ્પ) પ્રયોજકઃ–ચંપકલાલ ગીરધરલાલ જરીવાલા, સુરત. રોયલ સોળ પેજી, પૃષ્ટ ૭૨, કિં. લખી નથી.

નીચેનાં પુસ્તકો વાર્તાવારિધિ માસિક દ્વારા નીકળેલાં છે; જે અમને રા. અંબાલાલ શંકરલાલ દવે ઠે. ખાડીઆ, શ્રીરામજીની શેરી અમદાવાદ તરફથી મળેલાં છે. આ પુસ્તકો તેમને ત્યાંથી ત્રણ માસ સુધી અડધી કિંમતે મળશે.

**દિવ્ય રંભા**—લેખકઃ–ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ–અમદાવાદ, રોયલ સોળ પેજી પૃષ્ઠ ૧૭૪, રફ કાગળ, બોર્ડનું પૂઠું. ૦॥

**ચિન્તામણિ**—લેખકઃ–નગીનદાસ પુરૂષોત્તમ સંઘવી–અમદાવાદ, રોયલ સોળ પેજી પૃષ્ઠ ૧૮૪, રફ કાગળ, બોર્ડનું પૂઠું. ૦॥

**કથા ગુચ્છ**—ભાગ ૧–૨–૩–૪ દરેકના પ્રયોજક ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ, ડેમી આઠ પેજી પૃષ્ઠ અનુક્રમે ૭૮, ૧૧૪, ૧૦૮, ૭૦ છે. કાગળ ગ્લેજ, બોર્ડનું પૂઠું, કિંમત દરેકની આઠ આના.

**અનંતકળા**—લેખકઃ–ડૉ. હીરાલાલ ગોપાલદાસ દેસાઇ, ધમીજ. ડેમી આઠ પેજી પૃષ્ઠ ૧૨૪, ગ્લેજ કાગળ, બોર્ડનું પૂઠું. ૦॥

**વિનોદિ વાર્તાઓ**—પ્રયોજકઃ–ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ, અમદાવાદ, ડેમી આઠ પેજી પૃષ્ઠ ૯૨, ગ્લેજ કાગળ બોર્ડનું પૂઠું. ૦।≈

**વાર્તા સંગ્રહ**—પ્રયોજકઃ–ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ, અમદાવાદ, ડેમી આઠ પેજી પૃષ્ઠ ૮૬, ગ્લેજ કાગળ, બોર્ડનું પૂઠું ૦)≈

**ચારૂ ચિત્રા**—લેખકઃ–નગીનદાસ પુરૂષોત્તમ સંઘવી, ડેમી આઠ પેજી પૃષ્ઠ ૧૨૫, ગ્લેજ કાગળ, બોર્ડનું પૂઠું, કિં. રૂ. ૧.

**પિશાચી પ્રેમ**—લેખકઃ–ડૉ. દત્તાત્રય બાબા વેરણેકર, વડોદરા, ડેમી આઠ પેજી પૃષ્ઠ ૮૦, ગ્લેજ કાગળ, બોર્ડનું પૂઠું રૂ. ૦॥।

**રકત બિંદુ**—લેખકઃ–નગીનદાસ પુરૂષોતમ સંઘવી, ડેમી આઠ પેજી પૃષ્ઠ ૯૭, ગ્લેજ કાગળ, રૂ. ૦॥

# મરાઠી પુસ્તકો.

**સ્વામી રામતીર્થ**—ભાગ અગીઆરમો. સંપાદક તથા પ્રકાશક:–રા. ભાસ્કર વિષ્ણુ ફડકે, માટુંગા (થાણા) સુપર રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૧૭૫, કાગળ ગ્લેજ, પૂઠું સાદું. કિ. રૂ. ૦ાા

# હિંદી પુસ્તકો.

**વેદ સર્વસ્વ**—પ્રથમ ભાગ લેખક તથા પ્રકાશક:–શ્રી હરિપ્રસાદ વૈદિક મુનિ, દિલ્હી. ડેમી આઠ પેજી, પૃષ્ઠ ૨૦૦, કાગળ ગ્લેઝ, પૂઠું સાદું. કિં. રૂા. ૧ા

**લેખન કળા**—લેખક તથા પ્રકાશક:–સ્વામી શ્રી સત્યદેવજી, ઇલ્લાહાબાદ, સોળ પેજી પૃષ્ઠ ૧૩૪, કાગળ ગ્લેઝ, પૂઠું સાદું. ૦ાા–

**સ્વર્ગ માલા**—પુષ્પ ૨૦–૨૧ અને ૨૨ (પઢીયારકૃત સ્વર્ગની સડકનું ભાષાંતર) અનુવાદક અને પ્રકાશક:–મહાવીરપ્રસાદ ગહમરી મુ. ગહમર (ગાઝીપુર) સુપર રોયલ સોળ પેજી, કાગળ ગ્લેઝ, પૂઠું સાદું, વાર્ષિક લવાજમ રૂા. ૨)

# જૈન ધર્મને અનુસરતાં પુસ્તકો.

નીચેનાં પુસ્તકોની યોજના જૈનધર્મને અનુસરતી હોવા છતાં ઇતર ધર્મીઓ માટે પણ તે સુબોધપ્રદ છે. કિંમત પણ તેની નિ:સ્વાર્થપણે ખર્ચ જોગીજ રખાયેલી જણાય છે.

**રત્નગદ્ય માલિકા**—સંગ્રહ કર્તા:—મગનલાલ મોતીચંદ શાહ પ્રકાશક:—શ્રી કચ્છી દશાશ્રીમાળી જ્ઞાતિના ટ્રસ્ટીઓ, ગીરગામ મુંબાઇ–૪, રોયલ સોળ પેજી પૃષ્ઠ ૩૬૦, ગ્લેઝ કાગળ, પાકું પૂંઠું, ૦ાા.

**ભાવના શતક**—લેખક:—મુનિરાજ શ્રી રત્નચંદ્રજી. પ્રકાશક:-શાહ વંદ્રાવન દયાળ, બઝાર ગેટ, કોટ, મુંબાઇ—૧. સુપર રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૩૬૦, ગ્લેઝ કાગળ, સોનેરી પાકું પૂઠું, કિં. રૂ. ૦ાા≈

# રિપોર્ટો વગેરે.

૧ પૂના ગુજરાતી બંધુસમાજનો અહેવાલ ૧૯૧૩ થી ૧૯૧૬.

૨ સેવાશ્રમ કનખલ (હરદ્વાર)નો ૧૯૧૫ ની સાલનો રિપોર્ટ.

૩ આનંદ પ્રિન્ટીંગ પ્રેસની સેમ્પલ બુક.

૪ સ્નેહી મંડળ—ગોંડળનો ૧૯૧૫-૧૬ નો રિપોર્ટ.

૫ ગુજરાત વૈશ્ય સભા અમદાવાદનો દશમા તથા અગીયારમા વર્ષનો રિપોર્ટ.

૬ શ્રી મોઢ ઉત્તેજક મંડળ--કલકત્તાનો ૧૯૭૨ સુધીનો રિપોર્ટ.

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠાંક. |
|---|---|
| **હું અમેરિકા કેવી રીત પહોંચ્યો ?** ... ... ... | ૧ |
| **અમેરિકા દિગ્દર્શન** ... ... ... ... ... | ૨૨ |
| શિકાગોમાં મારી પ્રથમ રાત્રી.... ... ... ... | ૨૫ |
| શિકાગોનો રવિવાર.... ... ... ... ... | ૩૧ |
| વિજળીની આગગાડી. ... ... ... ... | ૪૧ |
| અમેરિકાનાં ખેતરોપર મારા કેટલાક દિવસો ... ... | ૪૫ |
| જીનોવા સરોવરની સહેલ. ... ... ... ... | ૬૩ |
| એલાસ્કા--યૂકન--પૅસિફિક પ્રદર્શન ... ... ... | ૭૯ |
| કારનેગી શિલ્પ વિદ્યાલય. ... ... ... ... | ૯૯ |
| મારી ડાયરીનાં કેટલાંક પૃષ્ઠો. ... ... ... | ૧૦૫ |
| અમેરિકામાં વિદ્યાર્થી જીવન. . . ... ... ... | ૧૧૭ |
| સિયેટલનો એક દુકાનદાર. ... ... ... ... | ૧૨૯ |
| 'સિયેટલ' કે 'સેટલ' ? ... ... ... ... | ૧૩૩ |
| ન્યૂયોર્ક નગરીમાં વીર ગૅરિબાલ્ડી. ... ... ... | ૧૩૫ |
| મીસ પાર્કરની શાળા. ... ... ... ... | ૧૪૭ |
| અબ્રાહમ લિંકનની શતવર્ષી.... ... ... ... | ૧૫૨ |
| અમેરિકાની સ્ત્રીઓ. ... ... ... ... | ૧૬૦ |
| અમેરિકાની પ્રસિદ્ધ રાજધાની વૉશિંગ્ટન નગરી.... ... | ૧૭૨ |
| શિકાગો વિશ્વવિદ્યાલય. ... ... ... ... | ૧૮૫ |
| **અમેરિકાના નિર્ધન વિદ્યાર્થીઓનો પરિશ્રમ....** ... | ૨૦૦ |
| **અમેરિકા પથ પ્રદર્શક** ( પ્રશ્નોત્તરરૂપે )... ... ... | ૨૪૩ |

# અમેરિકાનો પ્રવાસ

## હું અમેરિકા કેવી રીતે પહોંચ્યો ?

### ભૂમિકા

અમરીકા એક ઐસા દેશ હૈ જહાં મનુષ્ય કી સબ બાંચ્છાયેં પૂરી હો સકતી હૈં. વિદ્યા કે અભિલાષી કો વિદ્યા મુફ્ત મિલ સકતી હૈં, ધન કે ઇચ્છુક કો ધનપ્રાપ્તિ કે સામાન વહાઁ મિલતે હૈં, યશોભિલાષી કો યશ લાભ કરને કે વહાં અટૂટ અવસર હૈં—કહના ક્યા, જો જિસ વસ્તુ કી ચાહના કરે વહી ઉસે વહાં મિલ સકતી હૈ. ભારત કો ઇસ સમય બહુત સી બાતોં કી જરુરત હૈ. વિદ્યાર્થી કેલિયે વિદ્યાધ્યયન કા યહાં પૂરા સામાન નહીં, ઉસકો યહ સબ સુવિધાયેં યુનાઇટિડ સ્ટેટ્જ મેં હી મિલ સકતી હૈં. નિર્ધન છાત્ર વહાં જાકર અપને બાહુબલ સે અપની ઈશ્વરદત્ત શક્તિયોં કા ઉપયોગ કર મહાન યોગ્યતા પા અપની માતૃભૂમિ કી લૌટ કર સેવા કર સકતા હૈ. યદિ ભારત કો કૃષિવિજ્ઞાન કી આવશ્યકતા હૈ તો ઉસકી ઇસ કમી કો અમરીકા હી પૂરા કર સકતા હૈ. યદિ હમારે દેશ કો તજારત કે નુસખે સીખને હૈં જિનસે અસંખ્ય ધનપ્રાપ્તિ હો તો ભી ઉસકે લિયે અમરીકા હી જાના જરૂરી હૈ. યદિ હમેં અચ્છી કલાકૌશલ યુક્ત ભવન રચને હૈં તો ભી હમેં વહાં હી જાના ચાહિયે.

ગરજ કિ ભારત કી દરિદ્રતા દૂર કરને કે સાધનોં કા યદિ જ્ઞાન કરના હો તો હમેં અમરીકા જાના ચાહિયે. પરમાત્મા કો ધન્ય-

વાદ હૈ કિ દેશ કે યુવકોં કો ઇસ બાત કી લગન લગી હૈ કિ વે અપને દેશ કે બાહિર જાવેં ઔર બાહિર સે સામાન લા અપની માતૃભૂમિ કા ઉદ્ધાર કરેં; મગર વે જાનતે નહીં કિ કિસ તરહ વે અમરીકા પહુંચ સકતે હૈં. જિનકે પાસ જાને કો રૂપયા હૈ વે ઇતની વાકફીયત નહીં રખતે કિ વહાં તક આસાની સે પહુંચ સકેં. ગરીબ વિદ્યાર્થી બેચારે સોચ મેં પડે પડે હી રોતે રહતે હૈં. ધન કે ચાહનેવાલે જાનતે હી નહીં કિ કિસ તરહ અમરીકા ઉનકો ફલદાયી હો સકતા હૈ.

ઐસે ભાઇયોં કી સેવા કે લિયે યહ પુસ્તક લિખી ગઈ હૈ. ઇસમેં મૈંને પહિલે અપની રામ કહાની લિખ કર યહ બતલાયા હૈ કિ મૈં કિસ પ્રકાર અમરીકા પહુંચા—મુઝ પર ક્યા ક્યા બીતી—ઇસસે કુછ તો લાભ અવસ્ય હોગા. ઉસકે બાદ મૈંને અમરીકા કે સમ્બંધમેં પૂરી પૂરી સૂચનાયેં પ્રશ્નોત્તર કે તરજ પર લિખી હૈં, જિનમેં સવિસ્તર સબ બાતોં કા પતા દિયા ગયા હૈ. ઇસ પુસ્તક કો લાભકારી બનાને કી પૂરી પૂરી કોશિશ કી ગઈ હૈ.

આશા હૈ કિ મેરે દેશબંધુ ઇસકો પઢકર પૂરા પૂરા લાભ ઉઠાને કી ચેષ્ટા કરેંગે.

કાશી
૩૦ અગસ્ત ૧૯૧૧.

વિનીત
**સત્યદેવ.**

# હું અમેરિકા કેવી રીતે પહોંચ્યો ?

૧૯૦૪ ની આખરમાં અમેરિકા જવાની મારી ઇચ્છા થઈ. જો કે કેટલાંક વર્ષો પૂર્વેથીજ મારા મનમાં આ નવી દુનિયામાં ભ્રમણ કરવાનો વિચાર થઈ રહ્યો હતો, છતાં કદિ પણ તે વિષે દૃઢ સંકલ્પ કર્યો નહોતો; પરંતુ જ્યારે મેં મારા કેટલાક અમેરિકા પ્રવાસી બંધુઓના પત્રો વર્તમાનપત્રોમાં વાંચ્યા અને તેમના ઉત્તેજનાજનક લેખો જોયા ત્યારે મારો ઇરાદો દૃઢ થયો અને મને અમેરિકા જવાની ધૂન લાગી.

નવેમ્બર માસમાં લાહોર આર્યસમાજનો ઉત્સવ થાય છે. મારા કેટલાક કાશીનિવાસી મિત્રોની સાથે મેં પણ ત્યાં જવાનો નિશ્ચય કર્યો. મારી જન્મભૂમિ પંજાબમાં છે, અને મારા પિતા તથા બંધુ ત્યાંજ રહે છે, તેથી મેં જતી વખત તેમની મુલાકાત કરવી ઇષ્ટ માની. જ્યારે હું લાહોર ગયો અને મારાં ભાઇ બ્હેનની સાથે આ વાતની ચર્ચા કરી ત્યારે તે સર્વ મારી મજાક ઉડાવવા લાગ્યાં. તેઓ મને Dreamy તરંગી ગણતાં હતાં. તેઓ કહેવા લાગ્યાં કે દ્રવ્યવિના પ્રવાસ કરવો અશક્ય છે. મારી પાસે માત્ર પંદર રૂપિઆથી અધિક ધન પણ નહોતું.

જ્યારે પિતાજીએ મારી વાત સાંભળી ત્યારે તો વળી વિશેષ તમાશો થયો. પિતાજીએ મને ઘણો સમજાવ્યો અને કહ્યું કે, "આવી મૂર્ખતા કર નહિ. તને મહા દુઃખ સહન કરવું પડશે." પરંતુ મારા મગજપર તો અમેરિકાનો ભૂત સવાર થઈ ચૂક્યો હતો અને મેં પણ

કરી લીધું હતું કે પ્રાણ ચાલ્યા જાય તો હરકત નહિ, પરંતુ હું અમેરિકા તો અવસ્ય જઇશ. મેં મારા મિત્ર ભાઇબંધોને મળી તેમને મારા દિલની વાત કહી. તે બિચારા કાંઈ મદદ તો કરી શકતા નહોતા, પરંતુ અલબત તેમણે મને ઉત્સાહિત તો અવશ્ય કર્યો. અસ્તુ.

મારા ઘરનાં માણસોને મળી હું પાછો કાશી આવ્યો અને અમેરિકાની ધૂનમાં દિવસો ગાળવા લાગ્યો. તેના સંબંધી કાંઈ પણ હકીકત મળતી તો તત્ક્ષણ હું તેને મારી નોંધપોથીમાં ટપકાવી લેતો. મેં અમેરિકાનો ઇતિહાસ વાંચ્યો તથા નકશાદ્વારા તેના માર્ગની તપાસ કરી યથાશકય સાધનો એકત્રિત કરી લીધાં અને અંતે ૧૯૦૫ના જાન્યુઆરીની પહેલી તારીખે કાશીથી નિકળી પડવાનો નિશ્ચય પણ કરી લીધો.

મારી પાસે કુલ ૧૫ રૂપિઆ હતા. મારી પુંજી તો એજ હતી, પરંતુ " દૃઢ સંકલ્પ " એ મારી સૌથી મહત્વની વસ્તુ હતી. ઇશ્વિર-પર વિશ્વાસ રાખી મેં મારી પ્રતિજ્ઞાનું પાલન કરવાનો આરંભ કર્યો અને જાન્યુઆરીની પહેલી તારીખે પ્રાતઃકાળની ગાડીમાં કાશીથી નીકળી પડ્યો. કાશીને અંતિમ પ્રણામ કરતી વખત મારા હૃદયમાં જે ભાવો ઉત્પન્ન થયા હતા તેનું વર્ણન કરવું કઠિન છે. જ્યારે ગાડી ડફ્રિનબ્રિજ ઉપર થઇને ચાલી અને મેં કાશીનું પ્રાતઃકાલીન દશ્ય જોયું ત્યારે મારી આંખોમાં અશ્રુ ભરાઇ આવ્યાં. મારા મુખમાંથી આપોઆપ આ શબ્દપંક્તિઓ નીકળી પડીઃ—

ખુશ રહો અહલે વતન અબ હમ સફર કરતે હૈં;
દરોદીવારપૈ હસરતસે નજર કરતે હૈં.

આ પ્રકારે નિઃશ્વાસ નાખતો હું કાશીથી જુદો પડ્યો. અલાહા-બાદથી જબલપુર અને જબલપુરથી મુંબઇ ગયો. ત્યાં આર્યસમાજ મંદિરમાં ઉતર્યો. મારા મિત્ર સોમદેવજી પણ એજ ધૂનથી અત્ર આવ્યા

હતા. તેમની મુલાકાત થઇ અને ઉભય જણ કાળચક્રને વશ થયા. અમે આખો દિવસ ભ્રમણ કરવાનુંજ કામ કરતા હતા. મુંબઇના બંદરમાં જ્યાં જહાજ આવીને મુકામ કરે છે ત્યાં અમે રોજ જતા અને અમારા કિસ્મતની તુલના કરતા; પરંતુ તે સદા હલકુંજ નિવડતું. સ્ટીમરોપર નોકરી મળતી નહોતી. ત્યાં સારા હૃષ્ટપુષ્ટ મલ્લોની જરૂર હતી. અમારા જેવા વામનોનો ભાવ કોણ પૂછે એમ હતું? આ પ્રકારે અમારા ઘણા દિવસ નકામા ગયા અને અમે નિરાશાની પરાકાષ્ઠાએ પહોંચી ગયા.

બિચારા સોમદેવે તો નિરાશા બાઇની સમક્ષ શિર ઝુકાવી દીધું, પરંતુ હું હિમ્મત હાર્યો નહિ. મેં ધાર્યું કે પ્રથમ થોડા દિવસ ભ્રમણ કરીને સમાજની સેવા કરવી, કે જેથી કદાચ મનોરથસિદ્ધિનો કોઇ ઉપાય તેમાંથીજ હાથ લાગી જાય અને આપણું કામ સિદ્ધ થઈ જાય; થયું પણ તેમજ; મેં ચાર મહિના સુધી ગુજરાત કાઠિયાવાડમાં ભ્રમણ કર્યું; હું યથાશક્તિ કામ કરતો રહ્યો; અંતે એક બે જણે મારા પ્રત્યે કાંઇક સહાનુભૂતિ પ્રકટ કરી; તેમનો હું આખી ઉમ્મર સુધી કૃતજ્ઞ રહીશ. ખાસકરીને કચ્છ નિવાસી શ્રીમાન જ્યેષ્ઠાલાલજીનો હું વિશેષ ઋણી છું, કારણ કે તેમણે મને પોતાની ઉદારતાનો ઘણો સારો પરિચય આપ્યો છે.

તેમ છતાં પણ હજી મારી પાસે અમેરિકા જવા પૂરતું ધન નહોતું. તપાસ કરતાં પ્રતીત થયું કે અમેરિકા જવાને માટે ઓછામાં ઓછા પાંચસેં રૂપિઆ જોઇએ અને મારી પાસે તો ત્રણસેં રૂપિઆ પણ નહોતા. મેં ધાર્યું કે ન્યુયૉર્કની તરફથી જવા કરતાં હૉંગકૉંગની તરફથી જવું ઠીક થઈ પડશે, કારણ કે તે તરફ પૈસા કમાવાની સંધિ મળશે અને હું ધીમે ધીમે કામ કરતો કરતો દ્રવ્ય મેળવી અમેરિકા જઈ શકીશ. આ વિચારથી મેં મુંબઇથી કલકત્તા તરફ

પ્રસ્થાન કર્યું અને ત્યાંથી જાપાન થઇ અમેરિકા જવાનો નિશ્ચય કર્યો.

કલકત્તા ગયા પછી બીજા એક ભારતીય વિદ્યાર્થીનો મને સાથ થઇ ગયો. તે પણ અમેરિકા જવાનો હતો અને તેની પાસે જવા પૂરતા રૂપિઆ પણ હતા. અમે સર્વ સામાન એકઠોજ ખરીદ્યો. મારી પાસે ત્રણ ધાબળીઓ હતી; વળી એક મોટો લાંબો ઑવર કોટ પણ મેં શીવડાવ્યો અને કાળી બનાતનો એક સુટ પણ તૈયાર કરાવી લીધો. મારી પાસે પુસ્તકોની એક મોટી પેટી હતી, તે પણ સાથે લઇ જવાનો મારો ઇરાદો હતો, પરંતુ પાછળથી કાંઇક વિચાર કરી તે મારા મિત્રને સોંપી દીધી. જો હું એક પણ પુસ્તક સાથે ન લઇ ગયો હત તો ઘણું સારૂં થાત, કેમ કે પાછળથી પુસ્તકો અને ઇતર સામાનને લીધે મને ઘણી હેરાનગત વેઠવી પડી. અમેરિકા તરફ જનારની પાસે જેટલો થોડો સામાન હોય તેટલું સારૂં. ત્યાં અધિક કપડાં લઇ જવાની જરૂર નથી; કેવળ એક ગરમ સુટ પૂરતો છે, બાકીનો પ્રબંધ ત્યાં ગયા પછી કરી શકાય છે. અલબત્ત, એક કાળો સુટ અવશ્ય રાખવો જોઇએ, કારણ કે કાળાં કપડાં પહેરવાનો અમેરિકામાં ઘણો રિવાજ છે.

મેની ૮ મી તારીખે સ્ટીમરપર ચઢવાનું હતું. તે દિવસે પ્રાતઃ-કાળથીજ અમે અમારો સરસામાન લઈ કલકત્તાના બંદર તરફ ગયા. ત્યાં એક અજબ દૃશ્ય અમારા જોવામાં આવ્યું. ચારસેં પાંચસેં શીખો પોતપોતાની પોટલી લઇ દરિયા કિનારે બેસી ગાયન ગાતા હતા અને જાણે વિવાહમાં જતા હોય તેવા આનંદિત હતા. અમે જઇને પ્રથમ આરોગ્યખાતાના વિષયમાં તપાસ કરી તો અમને પ્રતીત થયું કે તે ખાતાના નિયમો અતિ સખ્ત હતા. પ્રત્યેક જણને પેટીમાંથી સર્વ કપડાં કાઢી તેને બાષ્પ (વરાળ) સ્નાન કરાવવું પડતું હતું. જ્યારે આ સંબંધે મેં મારા મિત્રની સલાહ લીધી ત્યારે તેણે કહ્યું કે, "પીનાંગ-સુધી સેકંડ કલાસની ટીકીટ ખરીદવામાં આવે તો ઠીક." એક બંગાળી

ડૉક્ટરે પણ આવીજ સલાહ આપી. મારા મિત્ર તત્કાળ આપકાર કંપનીની ઑફિસમાં ગયા અને સેકંડ ક્લાસની ટીકીટ ખરીદી આવ્યા. હવે આરોગ્યની તપાસ કેવળ નાડ જોવામાંજ આવીને અટકી હતી. અમે અમારો સર્વ સામાન હોડીઓમાં નાખીને સ્ટીમરપર મોકલી દીધો. મારા મિત્ર માલ મોકલવાના કામમાં નિમગ્ન હતા અને હું Wharf પર ઉભો રહીને કાંઈક વિચાર કરી રહ્યો હતો. "હાય! હવે ભારતવર્ષમાંથી જવું પડશે! બહાર ગયા પછી કોણ જાણે કેવી દશા થશે?" એક બાળકની પેઠે મારૂં ચિત્ત અધીર બની ગયું; પરંતુ જ્યારે મેં પેલા શીખોની તરફ જોયું અને તેમની દશાપર વિચાર કર્યો ત્યારે મને મારી કાયરતાને માટે અતિ લજ્જા ઉત્પન્ન થઈ. આંખોમાંથી અશ્રુ લૂછી નાખી મેં ધીરજ ધારણ કરી. એટલામાં મારા મિત્ર પણ આવી પહોંચ્યા અને અમે ઉભય હોડીમાં બેસી સ્ટીમર તરફ ચાલ્યા. સ્ટીમરના કૅપ્ટને અમારા પ્રત્યે ઘણી દુષ્ટતા વાપરી. તેણે અમને એવી અંધકારમય કોટડીમાં પૂરી દીધા કે જેમાં વાયુ કે પ્રકાશ જરા પણ નહોતો. આ વિષે જ્યારે અમે ફરિયાદ કરી ત્યારે તે શું બોલ્યો? "અમારી પાસે બીજી કોઇ કોટડી ખાલી નથી. તમારે એમાંજ નિભાવી લેવું પડશે." બે ત્રણ અંગ્રેજોએ ડેકની ટીકીટ લીધી હતી તેમને તેણે બીજા વર્ગની ઉત્તમ ઓરડીમાં જગ્યા આપી હતી! અસ્તુ. અમે લાચાર હતા, અમારો કાંઇ ઉપાય નહોતો.

હવે પ્રવાસનું વર્ણન સાંભળો. પ્રથમ રાત્રિ તો અમે અત્યંત દુઃખમાં વીતાવી. તે આખી રાત અમે બેઠાબેઠ કાઢી; કારણ કે એ સમયે ગરમી પુષ્કળ હતી. હજી અમારે એક બે દિવસ હુગલી નદીમાંજ કાપવાના હતા. હુગલીના દરિયામાંથી નીકળીને બંગાળાની ખાડીમાં પ્રવેશ કરતાંજ સમુદ્ર દેવતાએ પોતાનું સ્વરૂપ બતાવવા માંડ્યું, કારણ કે એ મોસમ સમુદ્રના વસંતની હતી. સ્ટીમર ડોલવા લાગી. સમુદ્રના

મોટા મોટા તરંગો ઉપડી ઉપડીને પ્રવાસીઓને ભેટવા માટે આવતા હતા અને માત્ર હાથ મેળવીનેજ અટકતા ન હતા પરંતુ પ્રેમથી આખા શરીરને ભેટીને સંપૂર્ણ સ્નાન પણ કરાવતા હતા ! અમારે માટે તો કાંઇ પણ ફિકર નહોતી, કારણ કે અમે તો બીજા વર્ગના ડેકપર હતા, પરંતુ પેલા બિચારા શીખોની ઉપર પૂરી આફત આવી પડી. તેમનાં સર્વ કપડાં ભીંજાઇ ગયાં, તેમનું અનાજ અને લોટ પાણીથી તર થઇ ગયાં. તેમને દિવસે આરામ નહોતો અને રાતે નિદ્રા નહોતી. તેઓ બિચારા અધમુઆ થઇને પડયા હતા. મારા સાથીએ ચાર દિવસ સુધી ભોજન કર્યું નહિ અને શબવત્ થઈ પડયો. હું મારી સાથે કેટલીક મીઠાવાળી ચીજો અને કેટલાંક લીંબુ લાવ્યો હતો, તેનાથી મને ઘણોજ લાભ થયો; કારણ કે જ્યારે સમુદ્ર ક્ષુભિત હોય છે અને જીવ કચવાય છે ત્યારે મીઠાવાળી ચીજો ખાવાથી અથવા લીંબુ ચૂસવાથી જીવનો ચુંથારો મટી જાય છે. હું મારૂં કામ પણ યથાવત્ કરતો હતો અને મારા મિત્રની સેવા-ચાકરી પણ કરતો હતો. ચાર પાંચ દિવસ પછી સમુદ્ર દેવતાએ શાંત સ્વરૂપ ધારણ કર્યું અને અમે પીનાંગની ખાડીની પાસે પહોંચી ગયા. હવે સ્ટીમરના પ્રવાસનો આનંદ અમને મળવા લાગ્યો, કારણ કે સમુદ્રપર આ નાનીશી સ્ટીમર એવી મનોહર રીતે ચાલતી હતી કે જાણે બતક પાણીપર તરતું ન હોય ! સંધ્યાકાળે જ્યારે સૂર્યદેવ અસ્તાચલમાં જતા ત્યારે તો દૃશ્ય અત્યંત મનોહર બની જતું. સોનેરી કિરણો પાણીપર પડી જાતજાતના રંગો ધારણ કરતાં હતાં. હવે અમને એટલો આનંદ પ્રાપ્ત થયો કે જેથી અમે પાછલા ચાર દિવસનાં દુઃખો ભૂલી ગયા. અમે આખો દિવસ કાંતો ડેકપર બેસી રહેતા અથવા કોઇ પુસ્તક વાંચતા કિંવા પાનાં રમતા હતા. એક દિવસ મધ્યાહ્નકાળે હું મારા શીખ બંધુઓને મળવા ગયો.

તેઓ પણ આનંદમાં મસ્ત હતા અને પાછલાં દુઃખોને ભૂલી ગયા હતા; પરંતુ મોટું દુઃખ એ હતું કે તેમને ઘેટાં બકરાંની પેઠે ખીચોખીચ ભરવામાં આવ્યા હતા અને ખલાસીઓ તેમની સાથે ઘણી ખરાબ વર્તણુંક ચલાવતા હતા. સૌથી મોટું દુઃખ તો એ હતું કે ઘેટાંની લીંદમાંથી ઉત્પન્ન થતી દુર્ગંધી તેમનાં નાક ફાડી નાખતી હતી. પરંતુ તે બિચારા શું કરી શકે એમ હતું? તેમનો સર્વ સામાન બગડી ગયો હતો, તેમની કેટલીક ચીજો સમુદ્રમાં તણાઈ ગઇ હતી અને ઘણાકોનાં તો કપડાં પણ હજી સુધી ભીનાં હતાં. અલબત્ત જેમની પાસે ઝુલતી શય્યા (Hammock) હતી. તેમને ઘણો સારો આરામ મળ્યો હતો. તેઓ સૂઇ પણ શકતા હતા. એટલા માટે ત્રીજા વર્ગના પ્રવાસીઓએ પોતાની સાથે ઝુલતી શય્યા અવશ્ય રાખવી જોઇએ. એથી પ્રવાસ કરવામાં ઘણી સુલભતા મળે છે. સ્ટીમરપર કોઈ વસ્તુ મળી શકતી નથી, પોતાની ચીજ હોય તોજ નિભાવ થાય છે.

અંતે પડતા આખડતા અને સાથે સાથે આનંદ લૂંટતા અમે પીનાંગ જઇ પહોંચ્યા. સ્ટીમર પ્રાતઃકાળમાં પીનાંગની નિકટ પહોંચી. આજે આકાશ સ્વચ્છ હતું. પ્રાતઃકાળનું દૃશ્ય મનોહર હતું. સ્ટીમર બંદરથી આ તરફ થોડાક અંતરપર ઉભી રહી ગઈ અને પીનાંગમાં ઉતરનારા પ્રવાસીઓને લેવા માટે નાની હોડીઓ આવવા લાગી. અમે તો અગાઉથીજ તૈયાર થઇને બેઠેલા હતા. નોકરોને કાંઇક બક્ષિસ આપી અમારા કામથી ફારગ થઇ અમે પણ એક હોડીમાં અમારો સામાન મૂકાવ્યો અને હોડી કિનારા તરફ ચાલી.

પીનાંગ એ સ્ટેટસેટલમેંટનું પરમ સુંદર નગર છે. અમને તો એ શહેર કોઇ નવીનજ પ્રકારનું લાગ્યું. અમે પૂર્વે કદિ પણ આવું શહેર જોયું નહોતું. તેમાં સુંદર અને સ્વચ્છ મહોલ્લાઓ આવી રહ્યા હતા

તથા તેમાં દોડતી જિનરિક્ષા ગાડી અત્યંત સુંદર લાગતી હતી. અમે પૂર્વે કદિ પણ જિનરિક્ષાની સ્વારી જોઇ નહોતી, તેથી સ્વાભાવિક રીતેજ તેપર સ્વારી કરવાની ઇચ્છા થતી હતી. એક જિનરિક્ષા મેં કરી લીધી અને એક મારા મિત્રે લીધી. પોતપોતાનો સામાન તેમાં મૂકાવી અમે પ્રયાણ કર્યું. આ પણ એક આલ્હાદદાયક સ્વારી હતી. એક લાંબી ચોટલીવાળો ચીનો તે ખેંચીને દોડતો હતો. એ દૃશ્ય અજબ પ્રકારનું લાગતું હતું. આપણા દેશમાં યુરોપીયન સ્ત્રીઓ અથવા મડમોની ગાડીઓ ખેંચનારા આપણા ભારતીય બંધુઓ ઘણા જોવામાં આવ્યા હતા, પરંતુ તે જોઇને કદિ પણ મારા દિલમાં તેમના પ્રત્યે કરુણા ઉત્પન્ન થઇ નહોતી; અને થાય પણ કેવી રીતે ? આપણે તો આપણા દેશી બંધુઓની દુર્દશાને સાધારણ વાત ગણી કાઢી છે ! પોતાને મોટા માની લીધા પછી બીજાના ભલાનો ખ્યાલ મનમાં લાવવાનું બનીજ શકતું નથી ! ત્યારે આવી દુર્દશા કેમ ન હોય ?

હવે ચાલો પાઠક ! હું તમને પીનાંગના મહોલ્લાઓ તરફ લઇ જાઉં અને જિનરિક્ષાની સહેલ કરાવું. આ પ્રકારે ભ્રમણ કરતા કરતા અને પીનાંગની બજારોનો આનંદ લૂંટતા લૂંટતા અમે શીખોના ગુરૂ-દ્વારા તરફ ચાલ્યા. માર્ગમાં સ્થળે સ્થળે શીખ સિપાઇઓ જોવામાં આવ્યા, તેમનું મોટું કદ અને લાંબી લાંબી દાઢીઓ ભારતભૂમિનું ગૌરવ વધારતી હતી, પરંતુ તેની સાથે એવો વિચાર પણ ઉત્પન્ન થતો હતો કે ભારતમાતાના આ સપૂતો અહીંઆં ઉભા ઉભા શું કરે છે ? આ વિચાર આવતાં ચિત્ત દુઃખિત થતું હતું; પરંતુ ભાવિ અતિ પ્રબળ હોય છે. મનુષ્ય જે ઇચ્છે તે શી રીતે બની શકે ? અને જ્યારે ઇચ્છિત કાર્યનો સંબંધ આખા જાતિસમુદાયની સાથે હોય ત્યારે તો આપણા ધાર્યા પ્રમાણે થાયજ ક્યાંથી ?

હવે અમે શીખ મંદિરમાં જઇ પહોંચ્યા. પીનાંગનું આ મંદિર

શીખોના ભક્તિભાવનું ખરેખર એક જીવતું જાગતું ઉદાહરણ છે. જે લોકો ભારતથી અહીંઆં આવે છે, જેઓ નોકરીની તલાસમાં હોય છે, અથવા જેમની નોકરી છૂટી જાય છે તે સર્વ આજ સ્થળે વિશ્રામ કરે છે. સારૂં પાકું મકાન, મજબૂત ફરસબંદી, મોટા મોટા ઓરડા, એ સર્વ મુસાફરોના આરામને માટે અત્યંત ઉપયોગી છે. અહીંના ગ્રંથી ( ગ્રંથ વાંચનાર ) મહાશય સજ્જન પુરૂષ છે. અમને તેમણે ઘણી સારી રીતે રાખ્યા અને ખાનપાનનો પણ બંદોબસ્ત કરી આપ્યો. અત્ર અમે ત્રણ ચાર દિવસ રહ્યા. મારા મિત્રની પાસે આગળ જવાને પૂરતા રૂપિઆ હતા, તેથી તેણે તો સિંગાપુર જતી સ્ટીમરની ટીકીટ ખરીદી લીધી અને મને એકલો છોડી દીધો. મેં કહ્યું:–" ઠીક ! તમે મને છોડી દીધો તો શું થયું ? કાંઇ ઇશ્વર તો મને છોડી દેવાનો નથી ને ? " પછી હું મારા કાર્યમાં લાગ્યો. એક પંજાબી મિત્રે મને સહાય કરવાનું વચન આપ્યું હતું, તેથી હું તેની સાથે ઇપુ તરફ ચાલ્યો ગયો. ત્યાં પણ આપણા દેશના ઘણા માણસો છે. અધિકાંશ તો શીખ લોકોજ છે. આ લોકો કાંતો લસ્કરમાં ભરતી થયેલા છે કે કાંતો ચોકીદારનું કામ કરે છે. તેમના સિવાય બીજા પણ કેટલાક ભારતીય બંધુઓ મહેનત–મજુરી કરીને રૂપિઆ કમાય છે. આ દ્વીપ અંગ્રેજોને આધીન છે, અને અહીંના મૂળ નિવાસી મલાઇ કહેવાય છે. તેઓ અધિકતર મુસલમાન છે અને અત્યંત ધર્મચુસ્ત છે. તેઓ પંજાબીઓ જેટલા મહેનતુ નથી. આજ કારણથી તેમનો કારોબાર અન્ય જાતિઓના હાથમાં આવતો જાય છે. આ દ્વીપમાં ચીનાઓ પણ પુષ્કળ છે, અને દક્ષિણ ભારતના કલિંગ લોકો પણ અહીંઆં વસેલા છે. ‘ કલિંગ ’ શબ્દ અંગ્રેજી Killing નો અપભ્રંશ છે. દક્ષિણ ભારતના જે લોકોને ખૂનના અપરાધ માટે દેશનિકાલની સજા થતી હતી તેમને અહીંઆં મોકલવામાં આવતા હતા. એવી દંતકથા

ચાલે છે કે કોઇ મલાઇએ એક ગોરાને આ ભારતીય અપરાધીઓના સંબંધમાં પ્રશ્ન કર્યો ત્યારે તેણે ઉત્તર આપ્યો કે "They Killing man." આથી તેમની જાતિનું નામ કલિંગ પડી ગયું. આ લોકો પીનાંગમાં ઘણા છે અને ત્યાં તેમનું એક દેવમંદિર પણ છે; આ મંદિરમાં તેઓ પોતાનો પૂજાપાઠ કરે છે.

હું મારા મિત્રની સાથે ઇપુ ગયો, પરંતુ ત્યાં કાંઇ વિશેષ લાભ થયો નહિ. અલબત્ત આમતેમ ભ્રમણ કરીને ભારતીય બંધુઓની દશા જોવાનો સારો અવસર મળ્યો. ભારતવાસીઓમાંના ઘણા જણ તો લશ્કરમાં નોકરી કરે છે. લશ્કરમાં શીખોની સંખ્યા અધિક છે. કેટલાક માણસો ગાય ખરીદી દૂધનો વ્યાપાર કરે છે અને કેટલાકે દુકાન ખોલી છે. તાત્પર્ય એ છે કે અહીં ભારતીય બંધુઓ મહેનત મજુરી કરીને સારો લાભ મેળવે છે. અહીંનાં હવા પાણી અતિ ઉત્તમ છે. આગગાડીમાં બેઠાં બેઠાં જંગલો અને પહાડોનાં જે દૃશ્યો મેં જોયાં તેથી મારૂં ચિત્ત અતિ પ્રસન્ન થયું. ઇપુથી પાછો ફરીને જ્યારે હું મારા મિત્રના મુકામપર આવ્યો ત્યારે એક શીખ વિદ્યાર્થીની સાથે ત્યાં મને મુલાકાત થઇ. તે પણ અમેરિકા જવાની ઇચ્છા રાખતો હતો. તેનું નામ શ્રીમાન પાલસિંહજી હતું. પોતાના ભાઇની પાસેથી પૂરતા રૂપિઆ લઇ તે પણ મારી સાથે પીનાંગ આવ્યો અને હવે અમે પુનઃ બે જણ થઇ ગયા. પીનાંગથી સિંગાપુર સુધીની જે ટીકીટની કિમ્મત સ્ટીમરવાળાઓ ૧૨ ડૉલર માગતા હતા તે અમને ચીના વ્યાપારીઓના હાથથી ૪ા ડૉલરમાંજ મળી ગઇ. જે લોકો આ તરફ પ્રવાસ કરવા ઇચ્છતા હોય તેમણે આ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ કે અહીંઆં સ્ટીમરોની ટીકીટ એક ભાવે મળતી નથી, માટે સારી રીતે તપાસ કર્યા પછીજ ટીકીટ ખરીદવી ઉચિત છે. અસ્તુ.

અમે નિયત દિવસે સિંગાપુર તરફ રવાના થયા. અમારી સ્ટીમર-

પર ચીનાઓ પુષ્કળ ભરેલા હતા. તેમની લાંબી લાંબી ચોટલીઓ અને ગંદાં કપડાં પ્રવાસીના મનમાં ઘૃણા ઉત્પન્ન કરતાં હતાં. તેમના ભોજનના સંબંધમાં તો બોલવુંજ શું ? પ્રતીત થાય છે કે ઈશ્વરના બનાવેલા કોઈ પણ પ્રાણીને તેઓ છોડતા નથી. કીડા, મંકોડા, દેડકા, ઝીંગાં, કૂતરાં, બિલાડાં, સર્વને આ લોકો ખાઈ જાય છે; અને આ જાનવરોને એવાં સડાવી સડાવીને તેઓ ખાય છે કે જોનારને અત્યંત ગ્લાનિ ઉત્પન્ન થાય છે. અમે ચાર દિવસ ઘણી વિપત્તિ ભોગવી, કારણ કે હવે તો હું પણ ત્રીજા વર્ગના ડેકનો મુસાફર હતો. મારી સાથે જેટલા ભારતીય પ્રવાસીઓ હતા તે બિચારાઓએ પણ ઘણું કષ્ટ સહન કર્યું. ખરેખર આ નરકયાત્રા છે, અને હું મારા પાઠકોને સવિનય નિવેદન કરૂં છું કે બનતાં સુધી અંગ્રેજી સ્ટીમરોમાં બેસવું નહિ. જર્મન અને જાપાની સ્ટીમરો એટલી બધી ખરાબ હોતી નથી. તે સ્ટીમરોમાં ત્રીજા વર્ગનાં મુસાફરોની પણ સારી બરદાસ્ત લેવામાં આવે છે.

આખરે અમે સિંગાપુર આવી પહોંચ્યા. અહીં પણ અમે ગુરૂદ્વારામાં જવા ધારતા હતા પરન્તુ અમને ખબર મળી કે એક ભારતીય સજ્જન પોતાના કુટુંબ સહિત નિકટનાજ મકાનમાં રહે છે, તેથી અમે તેમને ત્યાં જવું ઉચિત ધાર્યું. તેમને ત્યાં જવાથી અમને પરમ આનંદ પ્રાપ્ત થયો. તેમણે અતિ પ્રેમથી અમને પોતાના ઘરમાં જગ્યા આપી. એક અઠવાડીયા સુધી અમે તેમને ત્યાં રહ્યા અને ત્યાર પછી હૉંગકૉંગ જવાને તૈયાર થયા.

અત્ર એક વાત જણાવવી અનુચિત થઈ પડશે નહિ, અને તે એ કે આ ભારતીય સજ્જને પોતાના કેટલાક આર્યસમાજી મિત્રોને મારા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાને ભલામણ કરી અને અત્ર મેં બે ત્રણ વ્યાખ્યાનો પણ આપ્યાં. મને એથી કાંઈક લાભ પણ થયો.

અહીંથી અમે અમારી લાંબી મુસાફરીને માટે કેટલીક નાની નાની વસ્તુઓ ખરીદી; અર્થાત્ વાળ ઓળવાની કાંસકી, બ્રશ, ટુથબ્રશ, અસ્તરો, સાબુ અને બીજી કેટલીક નિત્યના ઉપયોગની વસ્તુઓ અમે ખરીદી. જે દિવસે અમારે જવાનું હતું તેથી એક દિવસ અગાઉ અમે સિંગાપુરના ડક્કાપર ગયા. અહીંઆં પુષ્કળ સ્ટીમરો જોવામાં આવી, કારણ કે સિંગાપુર એક મોટું બંદર છે. આ નાનો સરખો દ્વીપ એક તરફ ચીન અને જાપાન અને બીજી તરફ ભારતવર્ષ એ દેશોની વચ્ચે નાકારૂપ છે. જગતની સર્વ જાતિઓની સ્ટીમરો અહીં આવીને મુકામ કરે છે, અને તેથીજ સિંગાપુર એક ઉત્તમ સર્વમિશ્રિત Cosmopolitan શહેર છે. અમે આ વખત જર્મન સ્ટીમરની ટીકીટ ખરીદી તેથી અમને સિંગાપુરથી હૉંગકૉંગ જતાં કષ્ટ પડયું નહિ. હા, એટલું તો ખરૂં કે ચીના ભૂતો આ સ્ટીમરપર પણ હતા અને એકવાર તેમની સાથે મારે ઝઘડો પણ થયો હતો. બન્યું એમ કે જ્યાં મારૂં બિછાનું હતું ત્યાં ચાર પાંચ ચીના મજુરો આવીને પોતાના હુક્કા લઈ અફીણ પીવા લાગ્યા. તે દુર્ગંધથી મારૂં મસ્તક ઘૂમવા લાગ્યું અને મેં તેમને સમજાવ્યા કે તમે અહીંથી ઉઠીને બીજી બાજુ ચાલ્યા જાઓ. તેઓ મારી વાત માનવાને બદલે પોતાની ભાષામાં ગણગણાટ કરવા લાગ્યા અને જેવી રીતે એક કાગડાના કલકલાટથી આસપાસના પુષ્કળ કાગડાઓ એકત્રિત થઇ જાય છે તેવીજ રીતે આસપાસના સર્વ ચીનાઓ ત્યાં આવીને એકઠા થઇ ગયા. પ્રથમ તો મારા મનમાં આવ્યું કે ચાર પાંચની ચોટલીઓ પકડી તેમને ખૂબ માર મારૂં, પરંતુ મારા મિત્ર પાલસિંહ સિંહને બદલે .....નિવડયા, જેથી અંતે મેં કૅપ્ટનની પાસે જઇને આ ઝઘડાનો નિર્ણય કરવો ઉચિત ધાર્યો. તેમાંનો એક ચીનો અંગ્રેજી જાણતો હતો અને જ્યારે તેને મારા ઇરાદાની ખબર પડી ત્યારે તેઓ સર્વ ઉઠીને

ચાલ્યા ગયા અને મેં મારૂં બિછાનું સાફ કરી સૂવાની તૈયારી કરી.

સિંગાપુરથી હૅાંગકૅાંગ જતાં ૭ દિવસ લાગે છે, અને આ ચીનાઇ સમુદ્ર બહુ છીછરો છે, એમાં બહુ મોટાં મોટાં તોફાનો થાય છે, પરંતુ ઇશ્વિરની કૃપાથી અમે માર્ગમાં જરાપણ ડામાડોળ થયા વિના કિંવા કોઈ પણ પ્રકારના ક્ષોભ વિના હૅાંગકૅાંગ પહોંચી ગયા.

આવો પાઠક, હું તમને હૅાંગકૅાંગની ખાડીનું દૃસ્ય બતાવું. આ દૃસ્ય ખરેખર જોવા લાયક છે. એક પહાડની ઉપર હૅાંગકૅાંગ શહેર વસેલું છે અને અર્ધચંદ્રાકાર ખાડી તેના સૌંદર્યને ચાર ગણું વધારી દે છે. નાની નાની હોડીઓ, મોટાં મોટાં જહાજો અને ચીનાઈ નૌકાઓ આમ તેમ ફરતી અતિ સુંદર લાગે છે. શહેરમાંથી ખાડી ઉતરી બીજી તરફ જવાને માટે નાની નાની સ્ટીમરો સદા ચાલતી રહે છે; આ સ્ટીમરો ઉપર મજુરો અને નોકરી ધંધા કરનારા લોકો આવ-જા કરે છે.

જે સમયે અમારી સ્ટીમર આ ખાડીમાં જઇ પહોંચી અને મેં આમ તેમ દ્રષ્ટિપાત કર્યો અને જ્યારે મેં હૅાંગકૅાંગનાં સુંદર ભુવનો તથા અર્ધચંદ્રાકાર મકાનોનું દૃસ્ય જોયું ત્યારે મને કાશીનું સ્મરણ થયું. હવે અમે ઉતરવાની તૈયારી કરી. હોડીવાળા સ્ટીમરપર આવ્યા ત્યારે અમે પણ એકની સાથે ભાડું ઠરાવ્યું અને હોડીમાં બેસી હૅાંગકૅાંગ ગયા. અહીંના શિક્કા ભિન્ન પ્રકારના હોય છે. સિંગાપુરી અને મલાઇ ડૉલર અહીં ચાલતા નથી, તેથી હોડીવાળાઓ ઘણી માથાકૂટ કરે છે. હોડીમાંથી ઉતરી સામાન એક ગાડીમાં ભરી અમે શીખોના ગુરૂદ્વારા તરફ ચાલ્યા. આ ગુરૂદ્વારાઓ નિર્ધન ભારતવાસીઓને માટે ખરેખર અત્યંત લાભદાયક છે. નહિતો અજાણ માણસો અહીંઆં કોઇ બદમાશની જાળમાં ફસાઇને લૂંટાઇ જાય એમાં કાંઇ શક નથી. અમે ગુરૂદ્વારામાં જઇને ડેરો નાખ્યો. તે ધર્મશાળાના ગ્રંથીએ અમારી સાથે ઘણું સારૂં વર્તન કર્યું. અહીં આવ્યા

પછી મને ખબર મળી કે જે મિત્ર મારી સાથે કલકત્તાથી આવ્યો હતો તે હજી અહીંઆંજ છે. કેટલીક બાધાઓ ઉપસ્થિત થયાથી તે અમેરિકા જવાને બદલે અહીંજ રોકાઇ ગયો હતો. અમે ચાર પાંચ દિવસ ગુરૂદ્વારમાં થોભ્યા. આ દરમ્યાન બીજા કેટલાક ભારતીય બંધુઓ અમેરિકા જવાને માટે ત્યાં આવી પહોંચ્યા. શ્રીમાન પાલાસિંહ, મારા મિત્ર રવિ તથા બીજા કેટલાક ભારતીય બંધુઓ અમેરિકા જવાને તત્પર થયા અને પોતાની ટીકીટ ખરીદી સર્વ પ્રકારની તૈયારી કરી. માત્ર હુંજ રહી ગયો; કારણ કે હું રંક હતો અને મારી પાસે જવા પૂરતા રૂપિયા નહોતા. જે દિવસે આ સર્વ મિત્રો સ્ટીમરપર ચડી હાંગકાંગથી નીકળ્યા તે દિવસે હું નિરાશ થઇ મારી ઓરડીમાં પડી રહ્યો. ઘડીમાં કાંઇ વિચાર આવતો અને ઘડીમાં કાંઇ વિચાર આવતો. કાંઇ પણ સૂઝ પડતી નહોતી. પ્રથમ તો મારા મનમાં આવ્યું કે સિઆમ જાઉં; ત્યાં થોડા ઘણા રૂપિઆ કમાઉં અને ત્યાર પછી અમેરિકા જાઉં. સિઆમની ટીકીટ ખરીદવાને હું ઑફિસમાં પણ ગયો, પરંતુ મારા ભાગ્યથી તે દિવસે ત્યાંની ટીકીટ અપાતી નહોતી. આ પ્રકારની ભાંજઘડમાં મારા કેટલાક દિવસો અહીં નીકળી ગયા. અંતે હું એવા નિર્ણયપર આવ્યો કે મનીલા જવું, કારણ કે મનીલા સુધીનું ભાડું મારી પાસે હતું. ભાડું ન હોત તો પણ હાંગકાંગના એકાદ બે મિત્રો મને તેટલી સહાય કરવાને તૈયાર હતા.

મનીલા ફિલિપ્પાઇન દ્વીપની રાજધાની છે, અને એ દ્વીપસમૂહ અમેરિકનોને આધીન છે. થોડાંક વર્ષોથીજ એ દ્વીપસમૂહ અમેરિકનોના તાબામાં આવ્યો છે. પૂર્વે એમાં સ્પેનવાસીઓનું રાજ્ય હતું, તેમણે ફિલિપ્પાઇનવાસીઓપર ઘણો અત્યાચાર કરવાથી તે લોકો સ્પેનવાસીઓથી ઘણા નારાજ થયા હતા, પરંતુ જ્યાં સુધી દૈવ તેમને સહાય ન કરે ત્યાં સુધી તેઓ શું કરી શકે એમ હતું ?

અંતે તેમને દૈવે સહાય કરી. અમેરિકનોનું વહાણુ 'મૅન' સ્પેનિયર્ડોએ ભૂલથી સમુદ્રમાં ડૂબાડી દીધું અને તે કારણુથી સ્પેન અને અમેરિકાની વચ્ચે ઘોર યુદ્ધ થયું. પરિણામ એ આવ્યું કે ફિલિપ્પાઇનવાસીઓ અમેરિકાને આધીન થઇ ગયા, અને ત્યારથીજ તેમનો ભાગ્યોદય થયો છે.

હવે અમે પાઠકોને મનીલા લઇ જઇએ છીએ. મનીલામાં ઉતરતાં મને કાંઇ હરકત નડી નહિ. યદ્યપિ મારી આંખો નિર્બલ છે, પરંતુ તેમાં કોઇ રોગ નહિ હોવાથી મને ત્યાં ઉતરવામાં વિઘ્ન નડ્યું નહિ. મારી પાસે દેખાડવા પૂરતા રૂપીઆ પણુ હતા. મનીલા ગયા પછી મેં એક નવો ધંધો શરૂ કર્યો. મનીલાનાં વર્તમાનપત્રોમાં ધાર્મિક લેખો આપવા માંડ્યા અને વૈદિકધર્મનો પ્રચાર કરવા માંડ્યો. પહેલા ચાર પાંચ મહિના તો મને કાંઇ પણુ કમાણી થઇ નહિ અને મેં અહીં તહીં નોકરી કરી દિવસ વ્યતીત કર્યા. મારી પાસે જે કાંઇ રૂપીઆ હતા તે સર્વ ખર્ચાઇ ગયા અને હું સર્વથા નિર્ધન થઇ ગયો; પરંતુ કરેલાં કર્મોનું ફળ અવશ્ય મળે છે, એક અમેરિકન સજ્જને વર્તમાનપત્રમાં મારો લેખ વાંચી મારાપર એક પત્ર લખ્યો અને તેની પાસે જવાને મને પ્રાર્થના કરી. હું તે સમયે કામની તલાસ કરવા મનીલાથી ઉલંગાયો ગયો હતો અને ત્યાં એક કૉન્ટ્રૅક્ટરની પાસે સાધારણુ મજુરીથી દિન વ્યતીત કરતો હતો. જ્યારે ઉક્ત અમેરિકન સજ્જનનો પત્ર મને પ્રાપ્ત થયો ત્યારે મેં પાછા મનીલા જવાનો નિશ્ચય કર્યો અને ત્યાં જઇ તેની મુલાકાત લીધી. તેનું નામ મહાશય સ્કૉટ હતું. મારો પરિશ્રમ સફલ થયો અને મહાશય સ્કૉટે મને સંસ્કૃત શિક્ષક તરીકે રાખી લીધો. શિક્ષણુના બદલામાં તેણે મને મનીલાથી શિકાગો સુધીની ટીકીટ ખરીદી આપવાનું વચન આપ્યું. ત્રણુ માસપર્યંત હું તેની પાસે રહ્યો અને તેને કાંઇક વ્યાકરણુ તથા બે ત્રણુ

ઉપનિષદોનો પાઠ કરાવ્યો. મારા આ દિવસો પરમ આનંદમાં વ્યતીત થયા; કારણ કે પ્રતિદિન સ્વાધ્યાય અને શાસ્ત્રોપર વિચાર કરવાથી મનને અતિ શાંતિ રહેતી.

જ્યારે ત્રણ મહિના વ્યતીત થઈ ગયા ત્યારે મહાશય સ્કૉટે મને ટીકીટ ખરીદી આપી અને હું મનીલાથી હૉંગકૉંગ ગયો. હું મનીલાથી અમેરિકા જતો હતો તેથી મને ફિલિપ્પીનોના અધિકાર પ્રાપ્ત થયા હતા અને તેથી ડૉક્ટર આદિએ તપાસ કરી મને તકલીફ આપી નહિ. જે સ્ટીમરપર હું વૅંકોવર જતો હતો તેપર બીજા પણ ઘણા પંજાબી બંધુઓ હતા.

ઉક્ત સ્ટીમર કૅનેડિયન પૅસિફિક કંપનીની હતી અને તેની ઉપર નવી દુનિયામાં જનારા ઘણા પ્રવાસીઓ હતા. જે દિવસે હું મારો સામાન લઇને હૉંગકૉંગના ડક્કાપરથી સ્ટીમરપર ચઢવાને ચાલ્યો તે દિવસે હૉંગકૉંગની ખાડીમાં ઘણી સ્ટીમરો આવેલી હતી; કારણ કે હૉંગકૉંગ પણ એક ઘણું મોટું બંદર છે, અને અંગ્રેજોએ અહીંઆં મોટી છાવણી નાખી છે. અત્રે જગતની પ્રાયઃ સર્વ જાતિઓ દ્રષ્ટિ-ગોચર થાય છે, અને વાસ્તવમાં એ શહેર પણ જોવા લાયક છે. અહીં વિજળીની ગાડીઓ ચાલે છે. ઉંચા પહાડપર ચઢવાને માટે પણ ગાડીનો પ્રબંધ છે. આ ગાડી સીધી પહાડપર ચાલી જાય છે. આ ગાડીમાં બેસતાં મુસાફરોને આનંદ થાય છે, અને કાંઇક ડર પણ લાગે છે. વાસ્તવમાં એ એન્જીનિયરીંગ કૌશલ્યનો એક અત્યુત્તમ નમૂનો છે.

જે સમયે અમારી હોડી સ્ટીમરની નિકટ પહોંચી અને અમે સીડીદ્વારા ચઢવા માંડયું ત્યારે ખારવાઓએ બદમાસી કરી અમારી ઉપર સ્ટીમરની મોરીનું પાણી છોડી દીધું. તે ખરાબ પાણીથી ભીંજાતા ભીંજાતા અમે ઉપર જઇ પહોંચ્યા અને પોતપોતાની સૂવાની જગ્યા

સંભાળી. હૉંગકૉંગથી વૅંકોવર જતાં પ્રાયઃ ૨૮ દિવસ લાગે છે, તેથી સ્ટીમરવાળાઓએ ત્રીજા વર્ગના મુસાફરોના શયનને માટે એક આદમી સૂઇ શકે એવાં નાનાં નાનાં લાકડાનાં પાટીઆં ચોઢી દીધાં હતાં. આવીજ વ્યવસ્થા લગભગ સર્વ સ્ટીમરોમાં હોય છે.

અંતે અમારી સ્ટીમર હૉંગકૉંગથી ચાલી. શૅંધાઇ સુધી તો પ્રવાસીઓની સંખ્યા વધી નહિ પરંતુ કોબા અને યોકોહામાથી ઘણા જાપાની મુસાફરો સ્ટીમરપર ચઢ્યા. આ જાપાનીઓ પણ ત્રીજા વર્ગના પ્રવાસી હતા; પરંતુ તેમનો પોષાક અતિ સ્વચ્છ હતો. તેઓ મસ્તકપર અમેરિકન ટોપી પહેરીને મોટા 'જેંટલમેન' બની ગયા હતા. એક તરફ આપણા દેશના લોકો મેલાં ગંદાં કપડાં પહેરીને નવી દુનિયા તરફ જતા હતા અને બીજી તરફ જાપાની મજુરો અમેરિકન ફૅશનમાં સજ્જ થઇ સ્વચ્છ અને સાફસુફ બની અમેરિકામાં દ્રવ્ય કમાવાને જતા હતા. આ ઉભયની તુલના કરી મારૂં ચિત્ત અતિ દુઃખિત થયું; કારણ કે જાપાની મજુરોનાં સર્વ ચિહ્નો એક ઉન્નત જાતિના જેવાં હતાં અને એ લોકો પોતાના શત્રુઓની પણ પ્રશંસાને પાત્ર થાય એવા હતા; જ્યારે આપણા દેશના મજુરોને તેથી વિપરીત જોઇને ઘૃણા ઉત્પન્ન થતી હતી. આજ કારણથી આપણા લોકો સર્વત્ર અપમાનિત થતા હોય તો તેમાં નવાઇ નથી. મનની સંકુચિતતાએ આપણાં સર્વ કામોમાં વિઘ્નો ઉપસ્થિત કર્યાં છે. આ સ્ટીમર ઉપર જ એશિયાની ત્રણ જાતિઓ—ભારતવાસી, ચીના અને જાપાની—ના મજુરો ઉપસ્થિત હતા. એક વિચારશીલ પુરુષને માટે આ દેશોની અવસ્થા જાણવાની પૂરતી સામગ્રી અહીંઆંજ મોજુદ હતી. ભારતીય મજુરોને જોવાથી આપણા લોકો જગતની સભ્ય જાતિઓ કરતાં કેટલા પછાત છે તે જણાતું હતું. આ સ્ટીમરપરના ચાલીસ ભારતીય મજુરો લડાઇ ઝઘડામાં, મદ્યપાનમાં તથા ગપ્પાં હાંકવામાં પોતાનો સમય વ્યતીત કરતા

હતા. તેમનામાં પરસ્પર સંપ નહોતો. એકવાર બે ત્રણ ભારતીય મજુરોને કેટલાક ચીના મજુરોની સાથે ઝઘડો થયો અને ચીનાઓએ તેમને ખૂબ માર્યા તોપણ ઇતર ભારતીય મજુરોએ તેમને કાંઇપણ સહાય કરી નહિ. ઉલટપક્ષે તેઓ બેસીને તમાસો જોતા રહ્યા ! ચીના મજુરો અફીણ પીવામાં વિશેષ રત હતા, પરંતુ તેમનામાં એક અતિ મોટો ગુણ એ હતો કે જ્યારે એકની ઉપર કાંઇ વિપત્તિ આવી પડતી ત્યારે સર્વજણ તેના પક્ષમાં ઉભા રહેવાને તત્ક્ષણ તૈયાર થઇ જતા. જાપાની મજુરોની તો વાતજ શી કરવી ? તેમની પાસે અંગ્રેજી ભણવાનાં પુસ્તકો વિદ્યમાન હતાં અને તે લોકો અમેરિકા દેશની ભાષા શીખવામાં પોતાનો સમય ગાળતા હતા. તે સિવાય પ્રતિદિન એકાદ બે કલાક જ્યુજીત્સુ આદિ જાપાની ખેલો કરી આનંદ મેળવતા હતા. જો કે જાપાની મજુરો સંખ્યામાં સૌથી અધિક હતા તોપણ તેઓ અતિ પ્રેમપૂર્વક વર્તતા અને શાંતિથી રહેતા હતા. તેઓ કોઇપણ પ્રકારનો ટંટો કરતા નહોતા. આપણા ભારતીય મજુરો દારૂ પીને તોફાન કરતા ત્યારે એ સર્વ જણ તેમને જોઇ અતિ ક્લેશ પામતા હતા. આપણા કેટલાક દુષ્ટ ભાઇઓએ કેટલીક જાપાની સ્ત્રીઓને લજ્જાજનક શબ્દો પણ કહ્યા હતા. આ સાંભળી મને અત્યંત દુઃખ થયું અને મેં તેમને ઘણો ઠપકો આપ્યો.

આ પ્રકારે અમારા સર્વે દિવસો એક પછી એક વ્યતીત થયા. આ સમયે પાસિફિક મહાસાગર અતિ શાંત રહે છે, તેથી કોઈ પણ પ્રકારનું તોફાન થયું નહિ. અમારો આખો મહિનો સારી રીતે ચાલ્યો ગયો. સ્ટીમર અતિ મોટી હતી, તેથી કોઈ દિવસ પવન જોરથી વાતો તોપણ તેની અધિક અસર અમારાપર થતી નહિ. મે માસની ૨૮ મી તારીખે સ્ટીમર વૅંકોવર જઇ પહોંચી. અહીં ઘણા માણસોને ક્વૉરેન્ટાઇનમાં રાખવામાં આવ્યા; કારણકે અહીં અભણ

માણસોને લૂંટવાની ઘણી રીતો પ્રચલિત હતી. મને તો કોઇએ કાંઇ પણ કહ્યું નહિ અને હું કોઈ પણ પ્રકારના અંતરાયવિના સ્ટીમર-પરથી ઉતરીને શહેરમાં ચાલ્યો ગયો.

પાઠક મહાશય ! બસ, અમેરિકાના પ્રવાસના સંબંધમાં શરૂ-આતની મારી આટલીજ રામકથા છે. અધિક માહિતી તથા અમે-રિકાની હકીકત આ પુસ્તકમાં આગળ આપને પ્રાપ્ત થશે.

# અમેરિકા દિગ્દર્શન

## ભૂમિકા

કૌન મનુષ્ય ઐસા હૈ જો દોષરહિત હો. કૌન ઐસી જાતિ હૈ જિસમેં નિર્બલતાયેં નહીં હૈ. નિર્દોષ ઔર પૂર્ણ તો કેવલ પરમાત્મા હી હૈં. વિકાસસિદ્ધાન્ત કે અનુસાર સબ કા ઉદ્દેસ્ય ઉસી પૂર્ણ પુરુષ કી ઓર જાને કા હૈ. ઇસ દૌડ મેં કોઇ મનુષ્ય આગે હૈ કોઈ પીછે; કોઇ જાતિ પીછે હૈ કોઇ આગે. જો પીછે હૈ, ઉસકા કર્ત્તવ્ય હૈ કિ અપને સે આગે બઢી હુઇ જાતિ કે ગુણોં સે લાભ ઉઠાવે. ઉન્નતિશીલ જાતિ ને જો જો ઉદ્યોગ ઔર પરિશ્રમ કિયે હૈં ઉન કો અપને અનુકૂલ બના ઉન કા યથાયોગ્ય ઉપયોગ કરેં. મનુષ્ય દૂસરોં કે સઙ્ગ સે હી અપને ગુણ દોષ જાન સકતા હૈ; જાતિયાં ભી પારસ્પરિક સમ્બન્ધદ્વારા હી ઉન્નત પથ અનુગામિની હો સકતી હૈ. અમરીકા ઇસ સમય ભારતવર્ષ સે બહુત આગે હૈ. ભારતવાસિયોં કો ઇસ સમય અમરીકા કી ઉન્નતિ કે મર્મ કા જાનના અત્યાવશ્યક હૈ. મૈં અમરીકા મેં સાઢે પાંચ વર્ષ કે કરીબ રહા હૂં. મૈંને જો કુછ વહાં દેખા ભાલા હૈ, ઉસકા આનન્દ તો પાઠકોં કો 'અમરીકા દિગ્દર્શન' પઢને સે હી મિલેગા પરન્તુ ઉસકા સ્વાદ માત્ર મૈં નિમ્નલિખિત કવિતાદ્વારા પાઠકોં કો ચખાતા હૂં. મૈં કવિ નહીં હૂં; મુઝે કવિતા કરના નહીં આતા. યહ મૈં જો અમરીકા સમ્બન્ધી ભજન લિખતા હૂં, યહ કેવલ અપને અનુભવોં કા સારાંશ સમઝાને કે લિયે હૈ:—

### ભજન

૧—જિસ દેશ મેં મૈં ગયા થા, હૂં હાલ અબ સુનાતા;
જરા ધ્યાન દેકર સુનના, જો યહ 'દેવ' હૈ બતાતા.

૨—હરએક મર્દ ઔરત, જિસકો થા મૈંને દેખા;
વહ દેશ હિત નશે મેં, ફૂલા ન થા સમાતા.
૩—ચાહે જાન તન સે જાવે, પર દેશ પૈ ફિદા હૈ;
છોટે બડોં મેં સબ મેં, હુઆ વતન થા પાતા.
૪—ઉન કી હૈ એક ભાષા, ઔર એક રાષ્ટ્ર ઉનકા;
અચ્છે સાહિત્ય દ્વારા, ઉસકા હૈ યશ બઢાતા.
૫—ઝંડા હૈ જો મુલ્ક કા, ઉસકે હૈં વે ઉપાસક;
સબ કોઇ ઉસકે સન્મુખ, સિર અપના હૈ ઝુકાતા.
૬—ખતરે મેં જબ મુલ્ક હો, ઔર કોઇ આવે દુશ્મન;
ક્યા મર્દ હો ક્યા ઔરત, ઝંડે કે નીચે આતા.
૭—ઉનકા યહી ધર્મ હૈ, ઉનકા યહી મજહબ હૈ;
ઇસ દેશ હિત કે કારણ, વહ ઉચ્ચ હૈ કહાતા.
૮—આપસ મેં ચાહે કિતને, મજહબી ફસાદ હોવેં;
પર દેશ હિત કે સન્મુખ, સબ કુછ હૈ ભૂલ જાતા.
૯—ઇસ એક ગુણ કે કારણ, જાતિ મેં એકતા હૈ;
કૈસા હો ભારી દુશ્મન, ઉસકા ભી દિલ દહલાતા.
૧૦—તાલીમ તો વહાં પર, સબકો હૈ મુફ્ત મિલતી;
કૈસા હી હો અભાગા, વહ ભી ઇલ્મ કો પાતા.
૧૧—તાદાદ મેં કરોડોં, અખબારોં કી ખપત હૈ;
હર કોઇ ઉનકો પઢકર, દિલ અપના હૈ બહલાતા.
૧૨—ઇજ્જત વે ઔરતોં કી, કરતે હૈં સચ્ચે દિલ સે;
ઉનકો હૈ જો સતાતા, ભારી સજા કો પાતા.
૧૩—કોઇ ન દીખ પડતા, ભિખમંગા ઉસ મેં;
મજદૂર છઃ રુપૈયે, હે રોજ કે કમાતા.
૧૪—ઉનકે યહાં કી ચીજેં, હર એક મુલ્ક જાતીં;

ખિચ ખિચ કે ધન જહાં સે, ઉનકે યહાં હૈ આતા.
૧૫—ન્યૂયાર્ક, બોસ્ટન મેં, દેખી બડી દુકાનેં:
કરોડોંકા માલ જિનમેં, આસાનીસે સમાતા.
૧૬—ચાલીસ મંજિલો કે, બનતે હૈં ઘર વહાં પર;
બિજલીકી રોશનીસે, હર એક જગમગાતા.
૧૭—ન ઉચ નીચ જાનેં, ન છૂત છાત માનેં;
સબકે હકૂક બરાબર, સબકી હૈ એક માતા.
૧૮—ભારતકો ગર ઉઠાના, ચાહતે હો દિલસે અબ તુમ;
તો એકભાષા કર દો, તજ ઊંચ નીચ નાતા.
૧૯—બિનતી યહી હૈ કરતા, કર જોડ 'દેવ' તુમ સે;
અબ છૂત છાત છોડો, ભારત હૈ સબ કી માતા.

પાઠક, બસ યહી ભજન, અમરીકા દિગ્દર્શન કી ભૂમિકા સમઝિયે. ઇસ પુસ્તક મેં છપે બહુત સે લેખ સરસ્વતી મેં નિકલ ચુકે હૈં. ઉનકે લિયે મૈં સરસ્વતી પ્રકાશક બાબૂ ચિન્તામણિ ઘોષજી કો જિતના ધન્યવાદ દૂં, વહ થોડા હૈ. મર્યાદા કે સમ્પાદક પણ્ડિત કૃષ્ણકાન્ત માલવીયજી કો ભી મૈં ધન્યવાદ દિયે વિના નહીં રહ સકતા, જિન્હોંને મુઝે મેરે મર્યાદા મેં છપે લેખોં કો છાપને કી આજ્ઞા દી.

* * * * *

* * * * *

કલકત્તા. માર્ચ ૧૯૧૨. } વિનીત, **સત્યદેવ.**

# શિકાગોમાં મારી પ્રથમરાત્રિ

૧૯૦૬ ના જૂનની ૨ જી તારીખ મારા જીવનમાં એક અતિ મહાન પરિવર્તન કરનારી હતી. હું ભારતવર્ષની પ્રાચીન નગરી કાશીમાં રંક અવસ્થામાં વિદ્યાભ્યાસ કરતો હતો અને સંસારના વ્યવહારથી અજાણ્યો હતો, તે છતાં અમેરિકાના શિકાગો નગરમાં કોઇ પણ પ્રકારની ઓળખાણ પીછાનવિના પ્રવેશ કરી શકયો, એ ખરેખર આશ્ચર્યજનક ઘટના હતી. મારી પાસે કોઇ મિત્રના નામનો ઓળખાણ સંબંધી પત્ર પણ નહોતો અને હું મારા જીવનમાં પૂર્વે કદિ કોઇ હોટેલમાં પણ ગયો નહોતો. લોકો છરી કાંટાથી કેવી રીતે ખાય છે? અહીંઆં લોકો એક બીજાની સાથે વાત ચીત કેવી રીતે કરે છે? ઇત્યાદિ બાબતોથી હું સર્વથા અજ્ઞાત હતો.

પ્રાતઃકાળના ૧૦ વાગે હું ઍંકોવરથી શિકાગો જઇ પહોંચ્યો. ઍંકોવરથી શિકાગો પ્રાયઃ ૨૮૦૦ માઇલના અંતરપર છે. જ્યારે ગાડી સ્ટેશનપર આવી પહોંચી અને "શિકાગો" એ ધ્વનિ મારા કાનપર અથડાયો ત્યારે મેં જાણ્યું કે સ્ટેશન આવી પહોંચ્યું. ગાડીમાંના સર્વ માણસો બહાર નીકળ્યાં અને ચાલવા લાગ્યાં. મેં વિચાર કર્યો "હું કયાં જાઉં?" હું સૌની પાછળ મારી ટ્રંક લઇ ગાડીમાંથી બહાર નીકળ્યો. જ્યારે ટીકીટ આપી બહાર આવીને ઉભો રહ્યો ત્યારે એક ગાડીવાળાએ મને પૂછયુંઃ "કયાં જશો?" હું કયાં જાઉં એમ હતું? હું એવા કોઇ સ્થળનું નામ પણ જાણતો નહોતો કે જ્યાં જઇને હું મુકામ કરી શકું? વિચાર કરતાં કરતાં Y. M. C. A. (યંગમેન્સ ક્રિશ્ચિયન એસોશિયેશન)નું નામ મને યાદ આવ્યું. અહા! ખ્રિસ્તીઓની કદર બહાર નીકળ્યા પછીજ આપણે કરી શકીએ છીએ?

આ સભાઓ કેવી સારી છે ? એમાં નવયુવકો દેશની–જાતિની સેવા કરતાં શીખે છે. કોઇ પરદેશી આવે તો તેઓ તેને સહાય કરે છે. આપણા દેશની ધર્મસભાઓપ્રતિ દ્રષ્ટિપાત કરો ! તેઓ પોતાનો સમય પરસ્પર શાસ્ત્રાર્થ કરવામાં અને એક બીજાની માનહાનિ કરવામાંજ ગુમાવે છે ! ત્યારે જ આવી દુર્દશા છે ને !

ગાડીમાં બેઠો બેઠો હું આમ તેમ જતા આવતા લોકોને જોવા લાગ્યો. સર્વ માણસો સ્વચ્છ અને સુઘડ હતા. શું સ્ત્રી કે શું પુરુષ, સર્વ નવા બુટ, નવા સૂટ અને ઓળેલા બાલ સહિત આમ તેમ જતાં હતાં. ચાર દિવસના સતત પ્રવાસથી મારાં કપડાં કાળાં પડી ગયાં હતાં. ખાસ કરીને પાટલૂન તો વિશેષ મેલું થઇ ગયું હતું. મારાં બીજાં સર્વ કપડાં માલગાડીમાં રહેલી મારી પેટીમાં હતાં; નવો સૂટ મારી પાસે નહિ હોવાથી હું વસ્ત્ર બદલી શકું એવી સ્થિતિમાં નહોતો. હું વારંવાર મારાં કપડાં જોતો અને સડકપર જતા લોકોની સાથે મારી તુલના કરતો. એટલામાં ગાડી Y. M. C. A. ના મકાનની પાસે આવીને ઉભી રહી. ગાડીવાને બારણું ઉઘાડયું. એક છોકરો તત્કાળ સામાન ઉંચકી લેવાને દોડી આવ્યો; પરંતુ તેણે જ્યારે મારાં મેલાં વસ્ત્ર અને ચાર દિવસની વધેલી દાઢી જોઇ ત્યારે તે ઉભો રહી ગયો. મેં તેના ચ્હેરાપર તિરસ્કારયુક્ત સ્મિત જોયું; મેં જાતેજ મારી ટ્રંક ઉંચકી લીધી અને તેને મોટા ઝરૂખામાં લઇ ગયો. બીજા માળ ઉપર એસોશિયેશનની ઑફીસ હતી. જ્યારે હું તે ઑફિસમાં ગયો ત્યારે એક યુવક મને મંત્રીજીની પાસે લઇ ગયો. તેઓ મને પરમ નમ્રતાથી મળ્યા. તેમણે મને કોઇ હોટેલમાં જવાની સલાહ આપી. મને લાગ્યું કે જો કોઇ જાપાની વિદ્યાર્થીનો પત્તો લાગે તો ઘણું સારૂં થાય. આ વાત મેં મંત્રીજીને કહી. તેમણે કેટલીક જગ્યાએ ટેલિફોન કર્યા, પરંતુ જાપાની વિદ્યાર્થીનો પત્તો મળ્યો નહિ. મને

મહાબોધી સભાનું ઠેકાણું વિદિત હતું, તેથી મેં ત્યાં જઇ કોઇ જાપાની વિદ્યાર્થીનો પત્તો મેળવવાનો નિશ્ચય કર્યો. મારી ટ્રૂંક Y. M. C. A. ની ઑફિસમાં મૂકી હું મહાબોધી સભાને ઢુંડી કાઢવાને નીકળ્યો.

સડકની ઉપર અજબ પ્રકારનું દસ્ય હતું. સ્ત્રીઓ અને પુરુષો આમ તેમ દોડતાં જતાં હોય એમ જણાતાં હતાં. તેઓ સ્વચ્છ, સુઘડ, પ્રસન્નવદન અને મધુમક્ષિકાની પેઠે પોતપોતાના કામમાં નિમગ્ન જણાતાં હતાં. મેં કોઇને પણ આળસુની પેઠે જતું જોયું નહિ. સર્વમાં સ્ફૂર્તિ દ્રષ્ટિગોચર થતી હતી. શું વૃદ્ધ, શું યુવા, શું બાલક, શું બાલિકા, સર્વ ઝડપથી દોડાદોડ કરી રહ્યાં હતાં! એક તરફ નાના નાના છોકરાઓ "ડેલીન્યુઝ" અને "રેકર્ડ હેરલ્ડ" નામનાં દૈનિક પત્રો વેચતા હતા. વિજળીની ગાડીઓ ખીચોખીચ ભરાઇ આમથી તેમ અને તેમથી આમ દોડી રહી હતી. ઘોડાગાડીઓ તથા ભારગાડાં માલ અસબાબથી ભરેલાં દેખાતાં હતાં. બીજી તરફ મોટા મોટા લોહસ્તંભોપર, સડકથી ૪૦ વાર ઉંચે આકાશમાં એક બીજી સડક હતી, તેની ઉપર વિજળીની ગાડીઓ ( Elevator Cars ) 'ગડ ગડ' શબ્દ કરતી આમ તેમ દોડતી હતી.

માર્ગમાં સૌથી પ્રથમ મને મૅસૉનિક ટેમ્પલ ( Masonic Temple ) ની ઉંચી ઇમારત દેખાઇ. એ બાવીસ માળનું મકાન આકાશની સાથે વાત કરી રહ્યું છે! મારા મનમાં વિચાર આવ્યો કે વિજ્ઞાન શું નથી કરી શકતું?

મહાબોધી સભાના મકાનનો પત્તો મેં એક પોલીસના સિપાઇને પૂછ્યો અને શીઘ્ર તે તરફ રવાના થયો; પરંતુ શિકાગોનગર જગતનાં મોટાં શહેરોમાં ત્રીજે નંબરે આવે છે, એના મહોલ્લા વીસ વીસ માઇલ લાંબા છે, અને એકની લંબાઇ તો ૨૭ માઇલની છે; તેથી મને ઉક્ત સભાના મકાને પહોંચતાં સુમારે બે કલાક લાગ્યા. માર્ગનું દસ્ય મને

અત્યંત મનોહર લાગ્યું. માર્શલ ફિલ્ડ ( Marshal Field ) ની આલીશાન દુકાનની પાસે જઈ પહોંચ્યો ત્યારે તો હું તેને જોઇને આશ્ચર્યચકિતજ થઇ ગયો. કેવડી મોટી દુકાન ! કરોડો રૂપિઆનો સામાન !! તેમાં અનેક પ્રકારની વસ્તુઓ વેચવાને માટે તૈયાર હતી ! મનમાં થતું હતું કે એની અંદર જઇને સારી રીતે જોઉં, પરંતુ સમય નહોતો. અને રાત કયાં રહેવું તેની પણ ચિંતા હતી.

ડીયરબર્ન મહોલ્લામાં મહાબોધી સભાની ઑફિસ હતી. તે મકાનના ઓટલાપર ગયો ત્યારે મને ખબર મળી કે ઑફિસ દશમા માળપર આવેલી છે. આ દેશમાં મકાનોમાં ચઢવાને માટે સારો પ્રબંધ કરેલો હોય છે. એક કઠેરાવાળું ચોકઠું હોય છે તેમાં આશરે દશ માણસો ઉભાં રહી શકે છે. તેનો સંબંધ પ્રત્યેક માળની સાથે હોય છે. તેની અંદર ઉભા રહી જે માળપર જવું હોય તે નોકરને જણાવો એટલે તેજ માળપર લઈ જઇને બારણું ઉઘાડી દેશે. પછી તમે સુખેથી તે માળપર ચાલ્યા જાઓ. પ્રત્યેક ઇમારતમાં આ પ્રકારનાં ત્રણ ચાર સ્થાનો ( લીફ્ટ ) ઉપર નીચે જવા આવવાને માટે રાખેલાં હોય છે. થોડા સમયમાં અધિક લાભ મેળવવાનો નિયમ અહીં પ્રત્યેક સ્થળે જોવામાં આવે છે.

મકાનની ઉપર જઇ તપાસ કરવાથી પ્રતીત થયું કે મહાબોધી સભાએ પોતાનું ઠેકાણું બદલ્યું છે. એક મડમે મને અતિપ્રેમથી તેની ઑફીસનું નવું ઠેકાણું લખી આપ્યું. મેં તેની તપાસ કરવાનો વિચાર કર્યો; પરંતુ અગીઆર વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી સતત ભ્રમણ કરવાથી હું થાકી ગયો હતો, એટલું જ નહિ પરંતુ વૅંકોવરથી શિકાગો સુધીના ચાર દિવસના પ્રવાસમાં મે કેવલ મુઠીભર ચણાપરજ નિર્વાહ કર્યો હતો. યદ્યપિ પ્રત્યેક આગગાડીની સાથે ભોજનનો ડબ્બો ( Dining Car ) રહે છે અને તેમાં પ્રવાસીઓ સમયાનુકૂલ

ભોજન મેળવે છે, પરંતુ મારે માટે આ પ્રબંધ નહિ હોવા સમાનજ હતો. જન્મથી માંસ મદિરા પ્રત્યે ઘૃણા હોવાથી મારે ચાર દિવસ-સુધી નિરાહાર રહેવું પડયું અને શિકાગો પહોંચ્યા પછી પણ હું ભોજનનો કાંઇ પ્રબંધ કરી શકયો નહિ. આવી અવસ્થામાં ચાર કલાક-પર્યંત હું શહેરમાં અથડાયો, તેથી મારી શરીરરૂપી ગાડી ધીમી પડવા લાગી હતી, પરંતુ મહાબોધી સભાનું મકાન શોધી કાઢવાની જરૂર હોવાથી હું તે કાર્ય સિદ્ધ કરવાને રવાના થયો.

રસ્તામાં ચાલતાં કેટલાંક સ્થાનોપર મેં નાનાં નાનાં હોટેલોની જાહેર ખબર અને નામનાં બોર્ડ જોયાં. મનમાં આવ્યું કે આમાંના એકાદમાં એક રાત રહી જાઉં અને કાલે શિકાગો વિશ્વવિદ્યાલયમાં જઇ કોઇ જાપાની વિદ્યાર્થીનો પત્તો મેળવું તો કેમ? આવો વિચાર કરી હું એક મુસાફરખાનામાં ગયો અને તેના પ્રબંધકર્તાને તેની સર્વ હકી-કત પૂછી. તેણે મારૂં નામ લખી લીધું અને મને એક ઓરડામાં જવાનો ઇસારો કર્યો. કોણ જાણે આ સમયે મારા મનમાં શું આવી ગયું? મેં ધાર્યું કે અહીંઆં કદાચ દાળમાં કાંઇક કાળું છે. હું દાદર-પરથી નીચે ઉતરી મહોલ્લામાં ચાલ્યો. પાછળથી મને ખબર મળી કે એ ધૂર્તોનો અખાડો હતો. તે લોકો મુસાફરોને અહીંઆં રાત્રે રાખતા હતા અને તેઓ સૂઈ જાય ત્યારે તેમનાં ગજવાંમાંથી સર્વ વસ્તુ કાઢી લેતા હતા. પછી સવારે પ્રબંધકર્ત્તા તેમની પાસેથી ભાડું માગતો હતો. લજ્જાના માર્યા બિચારા મુસાફરો આ સર્વ સહન કરતા અને લાચાર બની ત્યાંથી ગુપચૂપ ચાલ્યા જતા.

હું એક કલાક પછી મહાબોધી સભાની ઑફિસમાં પહોંચ્યો. તે કાર્યાલયમાં જે મહાશય કામ કરતા હતા તેમણે અતિ પ્રેમથી મારી રામ-કથા સાંભળી અને મારી સાથે આવી એકાદ સારા હૉટેલમાં મારા નિવાસનો પ્રબંધ કરાવી આપવા તત્પર થયા. તેમની સાથે વિજળીની ગાડીમાં

બેસી હું ટૉમસન હોટેલમાં ગયો. રસ્તામાં પોસ્ટ ઑફિસની જંગી ઇમારત મારા જોવામાં આવી.

ટૉમસન હૉટેલના પ્રબંધકર્ત્તાએ મારાં મેલાં કપડાં જોઇ મને પરદેશી જાણીને ઓરડો આપવાની ના પાડી. આથી હું અને મારો સાથી નિરાશ થઈ બીજી હોટેલમાં ગયા. ત્યાં ગમે તેમ મારા નિવાસનો પ્રબંધ થઇ ગયો. કેવલ એ રાત્રિ રહેવાને માટે છ રૂપિઆ આપવા પડયા. જે મહાશય મહાબોધી સભામાંથી મારી સાથે આવ્યા હતા તેઓ મારો પ્રબંધ કરીને ચાલ્યા ગયા. હું એક નોકરની સાથે ચોથા માળે ગયો. નોકરે મને એક ઉત્તમ અને સુસજ્જિત ઓરડામાં લઈ જઇને કહ્યુંઃ—"લો મહાશય, આ ઓરડો આપને માટે છે." એમ કહીને તે ચાલ્યો ગયો.

નોકરના જવા પછી મેં અંદરથી બારણું બંધ કર્યું. રાત રહેવાને માટે મને સ્થાન પ્રાપ્ત થયું તે માટે મેં પરમાત્માને ધન્યવાદ આપ્યો. પરંતુ કપડાંનો પ્રબંધ કેવી રીતે કરવો તે ચિંતા લાગી રહી હતી. કપડાં સર્વ કાળાં પડી ગયાં હતાં. સાબુ પાસે હતો. વિચાર આવ્યો કે કદાચ કાલે સામાન ન પણ મળી શકે, માટે કપડાં અવશ્ય ધોઇ લેવાં જોઇએ. ઓરડામાં બે નળ હતા; એક ગરમ પાણીનો અને બીજો ઠંડા પાણીનો. ત્યાં મેં સર્વ કપડાં ધોયાં. આ કામમાં રાતના દશ વાગી ગયા. ત્યારપછી હજામત કરી. હવે બજારમાં મેલાં કપડાં સહિત શી રીતે જવાશે એ ચિંતા દૂર થઈ ગઈ. અંતે હું થાકયો પાકયો ભૂખ્યોજ સૂઇ ગયો. સુંદર સ્વચ્છ શય્યાપર સૂતાંજ નિદ્રાદેવીએ મને પોતાનો કરી લીધો.

# શિકાગોનો રવિવાર

શિકાગોનગર જગતનાં પ્રસિદ્ધ નગરો પૈકી એક છે. જગદ્દ્ખ્યાત શ્રીમંત જોન ડી રૉકફેલરનું સ્થાપન કરેલું વિશ્વવિદ્યાલય અહીંઆંજ છે. અમેરિકાનાં મોટાં મોટાં કારખાનાં અને મીલો અહીંઆંજ છે. આ કારખાનામાં પ્રત્યેક જાતિના લોકો કામ કરે છે. આવા મહાન અને પ્રસિદ્ધ નગરના લોકો પોતાના અવકાશનો કેવો ઉપયોગ કરે છે? તેઓ કેવી રીતે પોતાના મનને રાજી કરે છે? તથા તે નગરમાં જોવા લાયક વસ્તુઓ કાંઇ છે કે નહિ? આ પ્રશ્નોનો ઉત્તર હું પાઠકોના વિનોદને માટે આ લેખમાં આપું છું. આવો, હું તમને શિકાગોની સહેલ કરાવું, તેનાં અજબ અજબ દૃશ્યો દર્શાવું અને આ પ્રસિદ્ધ નગરીનાં દર્શનીય સ્થાનો દેખાડું. સાથે સાથે અમે આ નગરના નિવાસીઓની રહેણી કરણીનું પણ કાંઇક વર્ણન આપતા જઇશું, કે જેથી આપને અમેરિકાના આ ભાગમાં રહેનારા લોકોની જીવનચર્યાનું પણ કાંઇક જ્ઞાન થાય. આ કામને માટે અમે રવિવારનો દિવસ પસંદ કર્યો છે. તેનોજ મહિમા અમે પ્રસ્તુત લેખમાં વર્ણવીશું. એથી આપણા અભીષ્ટની સિદ્ધિ થશે અને શિકાગોનિવાસીઓ રવિવારની રજા કેવી રીતે પાળે છે તે પણ આપને જ્ઞાત થશે.

રવિવાર એ રજાનો દિવસ છે. ભારતવર્ષનાં વિદ્યાભ્યાસ કરનારાં નાનાં નાનાં બાલકો પણ આ વાત જાણે છે. એશિયા અને આફ્રિકામાં જ્યાં જ્યાં ખ્રિસ્તી લોકોનું રાજ્ય છે ત્યાં ત્યાં સર્વત્ર સ્કૂલો

અને કચેરીઓમાં રવિવારની રજા પાળવામાં આવે છે; પરંતુ રવિવારની રજા કેવી રીતે પાળવી જોઇએ તે ખ્રિસ્તી ધર્માનુયાયીઓની વચ્ચે રહ્યા સિવાય સારી રીતે સમજાતું નથી. રવિવારની રજા ગાળવા માટે શિકાગોમાં કેવાં કેવાં સ્થાનો બનાવવામાં આવ્યાં છે અને અહીંઆના લોકો કેવી રીતે જીવનનો આનંદ લૂંટે છે, તેનો સંક્ષિપ્ત હેવાલ સાંભળો.

ખ્રિસ્તી ધર્મમાં રવિવારને દિવસે કામ કરવાની મના છે. આથી તે દિવસે સર્વે દુકાનો, પુસ્તકાલયો, કારખાનાં આદિ બંધ રહે છે. શું નિર્ધન, શું ધનવાન, શું સેવક, શું સ્વામી, શું બાલક, શું વૃદ્ધ, શું સ્ત્રી, શું પુરુષ, સર્વેને આજે રજા છે. પ્રાતઃકાળના સાડા દશ વા અગીઆર વાગે નિયત સમયે પ્રાયઃ સર્વે લોકો દેવળમાં જતાં દ્રષ્ટિગોચર થાય છે, ત્યાં ઇશ્વિરારાધના કર્યા પછી ઘેર પાછાં આવી તેઓ ભોજન કરે છે. પછી થોડીવાર આરામ કરી ફરવા નીકળે છે.

શિકાગો અતિ મોટું શહેર છે. જગતનાં મોટાં શહેરોમાં એ ત્રીજે નંબરે છે. એમાં એક "ફીલ્ડમ્યુઝિયમ" નામનું સંગ્રહસ્થાન છે. તે મિશિગન સરોવરના તટપર શિકાગો વિશ્વાવિદ્યાલયથી થોડે છેટે આવેલું છે. રવિવારે સવારના નવથી સાંજના પાંચ પર્યંત સર્વેને એમાં મફત જવાની છૂટ છે, તેથી એ દિવસે એમાં અતિ ભીડ રહે છે. આઠનવ વર્ષનાં બાલક બાલિકાઓ આવાં સ્થાનોથી પોતાની વિદ્યાનો આરંભ કરે છે. શિકાગોના પ્રસિદ્ધ પૃથિવીય મેળા (Worlds Fair) માં જે જે અદ્ભુત વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો હતો તે સર્વે ઉક્ત મ્યુઝિયમમાં રાખેલી છે. પૃથ્વી ઉપર પ્રાણીઓનાં જીવન પ્રાકૃતિક નિયમો અનુસાર કેવી રીતે વર્તમાન અવસ્થાને પ્રાપ્ત થયાં છે તે અહીં યથાક્રમ દર્શાવવામાં આવ્યું છે. ભૂગર્ભવિદ્યા સંબંધી પદાર્થો ભિન્ન ભિન્ન ઓરડાઓમાં ક્રમાનુસાર રાખી તેનો ક્રમવિકાસ ઉત્તમ

રીતે દર્શાવવામાં આવ્યો છે. ઉત્તર અમેરિકાનાં હરણો ચારે ઋતુમાં પોતાનો રંગ કેવી રીતે બદલે છે તે અત્રે સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે, તેમજ પ્રકૃતિ માતા બરફના સમયમાં કેવી રીતે તેમને ભોજન આપે છે તે પણ જણાય છે. ઉત્તર ધ્રુવનિવાસી રીંછોનાં બરફમાં આવેલાં ઘર કેવી સારી રીતે બતાવવામાં આવ્યાં છે! અમેરિકાના પ્રાચીન-નિવાસી રાતા ઇંડીયનો ( Red Indians ) કયા કયા દેવી દેવતાની પૂજા કરતા હતા, કેવાં ઘરોમાં રહેતા હતા અને કેવી રીતે તથા કયી ચીજોની સહાયથી પહેરવાનાં વસ્ત્રો બનાવતા હતા તે સર્વ પણ અહીં પ્રત્યક્ષ જણાય છે. તેમની નૌકાઓ, તેમની ખાનપાનની વસ્તુઓ, તેમનાં દેવાલયો, તેમનાં શસ્ત્રાસ્ત્રો એ સર્વ ચીજો અહીં ઘણી સારી રીતે બતાવવામાં આવી છે. સૌથી અધિક બળવાન પ્રાણીઓજ જગતમાં શેષ રહે છે એ સિદ્ધાંતની પુષ્ટિ આવા દેખાવો કરી આપે છે! આ ચીજો જોતાંજ મને એવો ખ્યાલ આવ્યો કે ‘ શું ભારતવાસીઓનું નામ, તેમની વસ્તુઓ, તેમનો ઇતિહાસ આદિ સર્વ નષ્ટ થઇ તેમનાં સ્મરણાવશેષો કોઇ દિવસ લંડનના બ્રિટીશ મ્યુઝિયમમાં તો નહિ રહી જાય ?’

આ મ્યુઝિયમના મધ્ય ભાગમાં મહાત્મા કોલંબસની દીર્ઘકાય મૂર્તિ ( Statue ) વિરાજમાન છે. આ જીનોવાનિવાસીને જોઇને આપણા મનમાં જાતજાતના વિચાર ઉત્પન્ન થવા લાગે છે, અને આપણી આંખો સન્મુખ એક અદ્‌ભુત દૃશ્ય ખડું થાય છે. પ્રાચીન અમેરિકા અને હાલના અમેરિકામાં કેટલો અંતર છે? અહીંના પ્રાચીન નિવાસીઓ ક્યાં ગયા? ગત ત્રણ શતાબ્દીઓમાં અહીંની ભૂમિએ કેવું રૂપ બદલી નાખ્યું છે? ક્યાં યૂરોપ અને ક્યાં અમેરિકા? હજારો ગાઉનું અંતર! ભારતવર્ષની તપાસ કરવાને નિકળેલો એક માણસ ( કોલંબસ ) ભૂલથી અહીં આવે છે, તેનું એ આગમન યમ-

રાજના આગમનનો સંદેશોજ નિવડે છે! હજારો વર્ષથી રહેતાં આવેલાં, સ્વતંત્રતાથી વિચરનારાં પશુ, પક્ષી અને માણસો એ સર્વ ત્રણ સૈકામાંજ સ્વાહા થઇ જાય છે! કરોડો પાડા અમેરિકાના જંગલોમાં કોણ જાણે કેટલી મુદ્દતથી આનંદપૂર્વક વિચરતા હતા, પરંતુ આજે તેમનું નામનિશાન પણ મળતું નથી! તે સર્વ જીવોએ શું અપરાધ કર્યો હતો? એક દૂરના દેશમાં વસનારી જાતિ કે જેનો આ દેશપર કાંઇ પણ અધિકાર નહોતો તે અહીં આવીને અહીંના મૂળ રહેવાસીઓના નાશનું કારણ શામાટે બની? શું ઇશ્વરનો ન્યાય આવોજ છે? આવા આવા નાસ્તિકતા ભરેલા વિચારો આ જોનારના મનમાં ઉત્પન્ન થાય છે; પરંતુ તુરતજ એક અવાજ સંભળાય છે કે "પ્રકૃતિનો આ અટલ સિદ્ધાંતજ છે કે સૌથી અધિક બળવાન સૌથી અધિક યોગ્ય પ્રાણીઓનોજ જગતમાં નિભાવ થઇ શકે છે." યદિ તમે તમારૂં અસ્તિત્વ ટકાવી રાખવા માગતા હો તો તમે પણ તમારા પાડોશીઓના જેવાજ બની જાઓ. જે જાતિ આ નિયમ અનુસાર ચાલે છે તેજ પોતાનું નામ જગતમાં સ્થિર રાખી શકે છે.

આ મ્યુઝિયમમાં વનસ્પતિવિદ્યા, રસાયનવિદ્યા, જન્તુવિદ્યા, નરશરીરવિદ્યા, આદિ ભિન્ન ભિન્ન વિદ્યાઓ સંબંધી વસ્તુઓ પણ વિદ્યમાન છે. "એક પંથ ઓર દો કાજ!" સહેલ પણ કરો અને કાંઇક શીખો પણ ખરા! ઉન્નતિ પ્રાપ્ત કરવાની કેવી ઉત્તમ સંધિ અહીંઆના નિવાસીઓને આપવામાં આવે છે! બાલ્યાવસ્થામાંજ રમત–ગમતદ્વારા અહીંના લોકો એટલું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે કે જેટલું જ્ઞાન આપણા દેશમાં દશ વર્ષ સુધી શાળામાં ભણવા છતાં પણ મળી શકતું નથી!

મ્યુઝિયમમાંથી બહાર નીકળીને જોશો તો તમને સરોવરને કિનારે કિનારે સડક આવેલી જણાશે. તેની ઉપર બેંચો રાખેલી છે.

તેપર સ્ત્રી, પુરુષ, બાલક આનંદથી બેઠાં છે અને હાસ્યવિનોદ કરી રહ્યાં છે. તેમનાં મુખારવિંદ જુઓ. 'સ્વતંત્રતા' તેની ઉપર પ્રકાશી રહી છે. નવ યુવકો પોતપોતાની પ્રિયતમાઓની સાથે આમથી તેમ અને તેમથી આમ ફરે છે, તેમજ વાર્તાલાપ કરતા જાય છે, એ દૃશ્ય કેવું સુંદર લાગે છે! મિશિગન સરોવર પણ તેમનો આ પ્રેમભાવ જોઇને પ્રસન્ન થયેલું દેખાય છે. શીતળ સ્વચ્છ પવનથી ઉત્પન્ન થયેલા તરંગોથી તે જાણે તેમને આશીર્વાદ દઇ રહ્યું છે! જલતરંગો નાનાં નાનાં બાલકોને જોઇને તેમને મળવાને માટે પરમ આહ્‌લાદથી આગળ ધસે છે; પરંતુ રખેને કાંઇ બેઅદબી તો ન કરતા હોઇએ એમ ધારીને તત્કાળ પાછા હઠી જાય છે! આ સમયે સૂર્યભગવાન પોતાનું દિવસનું કાર્ય સંપૂર્ણ કરી પશ્ચિમ તરફ ગમન કરે છે!

આ સંગ્રહસ્થાન સિવાય બીજાં પણ ઘણાં સ્થાનોમાં શિકાગોનિવાસીઓ રવિવારની રજા ગાળે છે. કેટલાંક ઉદ્યાનો ( Parks )-માં પિયાનો નામનાં વાજાં તથા મનોરંજન કરનારાં ઇતર અનેક સાધનો રાખેલાં હોય છે. આ ઉદ્યાનોમાં આવીને લોકો બેસે છે, સંગીત સાંભળે છે અને પ્રફુલ્લિત થઇને ઘેર જાય છે.

ત્યાંના એક ઉદ્યાનનું નામ હમ્બોલ્ડપાર્ક છે. તેમાં નહેરના આકારના મોટા મોટા અને લાંબા જલકુંડો છે. તેમાં છલાછલ જલ ભરેલું હોય છે અને તેની ઉપર નાની નાની નૌકાઓ તર્યા કરે છે. એ નૌકાઓ રમત–ગમતને માટે રાખેલી હોય છે. ગ્રીષ્મ ઋતુમાં એમાં નૌકાની દોડ થાય છે. રવિવારને દિવસે આવાં ઉદ્યાનોનું દૃશ્ય બહુજ મનોરંજક બની જાય છે. નવયુવકો નૌકાઓ હંકારતા, હસતા, ખેલતા, ગાતા, જીવનનો આનંદ લૂંટે છે. એક એક નૌકાપર ઘણું કરીને એક યુવક અને એક યુવતિ બેસે છે. તેઓ સહાધ્યાયી મિત્ર અથવા પતિ–પત્ની હોય છે. આ પ્રકારની સંગતિ આ દેશમાં ખરાબ માનવામાં આવતી નથી

અને આપણા દેશના લોકોની પેઠે એ લોકોમાં એવા ખરાબ ભાવો પણ ઉત્પન્ન થતા નથી. આ દેશમાં સ્ત્રીઓની ઘણી પ્રતિષ્ઠા છે. પતિતમાં પતિત એવોજ કોઈ માણસ તેમની સાથે નીચ વર્તન કરશે. આવા પુરૂષને માટે ત્યાં કાયદો પણ ઘણો સખ્ત છે. પ્રાયઃ સમસ્ત ઉદ્યાનોમાં આવા જલકુંડ છે. જે ઉદ્યાન જેને નિકટ પડે છે તેમાં જઈને તે રવિવારને દિવસે આનંદ લૂંટે છે.

કોઇ કદાચ એવો પ્રશ્ન કરશે કે શું અન્ય દિવસે ત્યાં જવાની મના છે ? ના, તેમ નથી; પરંતુ અધિકાંશ લોકોને રવિવાર સિવાય બીજા દિવસે અવકાશજ મળતો નથી. તેથી રવિવારને દિવસેજ આ ઉદ્યાનોમાં લોકો એકઠા થાય છે. દરરોજ ક્યાંક ક્યાંક સ્ત્રી પુરૂષો ટેનિસ ખેલતાં દ્રષ્ટિગોચર થાય છે. આ વાત ગ્રીષ્મઋતુની છે. શીત-ઋતુમાં જ્યારે આ કુંડોનું પાણી ઠરી જાય છે ત્યારે તેપર લોકો 'સ્કેટિંગ' કરે છે. 'સ્કેટિંગ' એક પ્રકારનો ખેલ છે. પ્રતિવર્ષ ડિસે-મ્બરમાં સ્કેટિંગ કરવાનો સમય આવે છે. અહીં બેહદ શીત પડે છે, તોપણ બાલક–બાલિકાઓ આ સ્થાનમાં નાચતાં દ્રષ્ટિગોચર થાય છે.

લિંકનપાર્ક પણ એક અતિ પ્રસિદ્ધ ઉદ્યાન છે. તેમાં અમેરિકાના વિખ્યાત યોદ્ધા વીરવર ગ્રાન્ટની મૂર્તિ છે. અશ્વારૂઢ ગ્રાંટ આ દેશના ઇતિહાસના જ્ઞાતાને એક ભયંકર યુદ્ધનું સ્મરણ કરાવે છે. એ યુદ્ધ ગુલામોનો વ્યાપાર બંધ પાડવાને માટે માંહોમાંહે થયું હતું. અમેરિ-કાના ઉત્તરભાગના લોકો ગુલામોનો વ્યાપાર બંધ પાડવા માગતા હતા. "સ્વતંત્રતાની દ્રષ્ટિથી સર્વ માણસો સમાન છે." "જીવન અને સ્વતંત્રતાના સ્વાભાવિક નિયમોપર સર્વનો હક્ક સમાન છે," એ તેમનો સિદ્ધાંત હતો. અમેરિકા જેવા સ્વતંત્ર દેશમાં મનુષ્ય ઘેટાં બક-રાંની પેઠે વેચાય એ તેમને પસંદ નહોતું. આ સત્ય સિદ્ધાંતની રક્ષાને માટે ઉત્તર અને દક્ષિણ અમેરિકાના નિવાસીઓ વચ્ચે એક ભયંકર

યુદ્ધ થયું અને પરિણામે સત્યનો જય થયો. શૂરવીર ગ્રાંટ આ યુદ્ધમાં ઉત્તર ભાગ તરફથી સેનાપતિ હતા. તેઓ જેટલા પ્રેમથી અમેરિકાના ગૌરાંગોને ચાહતા હતા તેટલાજ પ્રેમથી ત્યાંના કાળા હબસીઓને પણ ચાહતા હતા. આ મહાત્માનું સ્મારક ચિહ્ન જોનારને નવીન જીવન પ્રદાન કરે છે. તે તેને સૂચના કરે છે કે કોઇ પણ માણસને અન્યની ઉપર શાસન કરવાનો કાંઈ પણ અધિકાર નથી. સર્વે માણસો શાસનની બાબતમાં સમાન છે. સમાજ એક યંત્ર સમાન છે અને મનુષ્યો તેનાં ચક્રો છે. સર્વે માણસો પોતપોતાની યોગ્યતાનુસાર સમાજના સેવક છે. કોઇના પ્રત્યે ઘૃણા કરશો નહિ; 'શું ગોરા અને શું કાળા, સર્વે એકજ પિતાના પુત્ર છે.'

એ ઉદ્યાનના એક ભાગમાં ભિન્ન ભિન્ન પ્રકારના છોડ રાખવામાં આવ્યા છે. જે વૃક્ષ જેટલા તાપમાં જીવી શકે તેને તેટલીજ ઉષ્ણતા પહોંચાડવામાં આવે છે અને તેની રક્ષા કરવામાં આવે છે. ઉષ્ણ દેશોનાં અનેક વૃક્ષો અહીં જોવામાં આવે છે. પ્રેક્ષકને વનસ્પતિ. વિદ્યા સંબંધી ઘણી વાતો અહીં સમજાય છે.

લોકોને બેસવા, ફરવા, હસવા, ખેલવાને માટે ઉદ્યાન સિવાય બીજાં પણ ઘણાં સ્થાનો અહીં છે. શિકાગો ઘણું મોટું શહેર છે, આ કારણથી નાગરિકોના આરામ અને શુદ્ધ હવાની પ્રાપ્તિને માટે વચ્ચે મહોલ્લાઓમાં બુલેવાર્ડ્ઝ (Boulavards) નામક વિહારસ્થાન રાખવામાં આવ્યાં છે. અહીંના મહોલ્લાઓ આપણા દેશના મહોલ્લાઓના જેવા નથી. અહીંના મહોલ્લાઓને 'ચોક' નામ વિશેષ શોભે છે. પત્થરનાં મકાનોની આગળ સડકની બન્ને બાજુએ સડકથી જરા ઉંચો પાંચ ફીટનો રસ્તો (ફુટપાથ) પગે ચાલનારને માટે બંધાવેલો હોય છે. સડકનો મધ્યભાગ, ગાડી, ઘોડા, મોટર આદિને માટે હોય છે. છૂટાં મકાનો અને પહોળી સડકોના ખૂણાપર પણ

હવા સાફ રાખવાને માટે તથા રંક માણસોના મનોરંજન તથા લાભને માટે થોડા થોડા અંતરપર વિહાર વાટિકાઓ રાખવામાં આવેલી હોય છે; તેમાં બેસવાને માટે બેંચો રાખી મૂકેલી હોય છે. કામથી થાકેલાં સ્ત્રી પુરૂષો રોજ સાયંકાળે અત્રે દ્રષ્ટિગોચર થાય છે. અન્ય સ્થળે ગાયન, વાદન તથા જલવિહાર આદિને માટે જે થોડો ઘણો ખર્ચ કરવો પડે છે તે થોડી આમદાનીવાળા જે લોકો કરી શકતા નથી, તેમને આવાં સ્થાનો, ઉદ્યાનો તથા સંગ્રહસ્થાનોમાં ફરવાની છૂટ છે. આ દેશમાં સર્વ માણસોને આનંદ પ્રાપ્ત કરવાની સંધિ મળે એવો યત્ન કરવામાં આવ્યો છે. અહીં જે ધનનો વ્યય કરવામાં આવે છે તે શારીરિક તથા માનસિક, એ ઉભય પ્રકારની ઉન્નતિ કરવાને માટેજ કરવામાં આવે છે.

આ તો થઈ દિવસની વાત. હવે રાતની વાત સાંભળો. આ શહેરમાં પુષ્કળ નાટ્યગૃહો, પ્રદર્શનો તથા સમાજો છે, અને લોકો પોતપોતાની રુચિ અનુસાર તેમાં જાય છે. ખાસ કરીને શિકાગોમાં લોકો રાત્રે પણ દેવળમાં જાય છે. રાત્રે પણ તેમાં ઉપદેશ, ગાયન અને ઈશ્વરસ્તુતિ થાય છે. અહીં એક સ્થળે 'વ્હાઈટ સિટિ' (White City) અર્થાત્ શ્વેતનગર છે. તેમાં ઘણા લોકો જાય છે. એને શ્વેતનગર એટલા માટે કહેવામાં આવે છે કે તેમાં વિજળીની શુભ્ર રોશની કરવામાં આવે છે અને તેથી રાત પણ દિવસના જેવીજ લાગે છે. એના વિશાળ દ્વારપર અતિ મોટા મોટા વિજળીના પ્રકાશના અક્ષરોમાં 'ધી વ્હાઈટ સિટિ' (The White City) એ શબ્દો લખેલા હોય છે. એમાં વિજળીનો મહિમા ખૂબ જોવાનો મળે છે. તેમાં સ્થળે સ્થળે પ્રકાશમય રંગબેરંગી અક્ષરચિત્રો દ્રષ્ટિગોચર થાય છે. આ ચિત્રો મિનિટે મિનિટે રંગ બદલે છે. આ શ્વેત નગરની અંદર અનેક મનોરંજક સ્થાનો છે. ક્યાંક ગાયન ચાલી રહ્યું

છે; કેટલાક મોટા મોટા હૉલોમાં નાચ થઈ રહ્યો છે; ક્યાંક સરકસનો ખેલ ચાલે છે. સમગ્ર જગતના તમાશા કરનારને અહીં લાવવામાં આવે છે. ગ્રીષ્મ ઋતુના ત્રણ ચાર માસના અરસામાંજ તેઓ હજારો રૂપીઆ કમાઈ લે છે. આ સ્થાન એક કંપનીનું છે, તેના નોકરો તમાશા કરનારને લાવવાને માટે સમગ્ર જગતમાં પરિભ્રમણ કર્યા કરે છે. યદિ ભારતવર્ષના બે ત્રણ સારા સારા પહેલવાનો કોઇ દેશી કંપનીની સાથે અમેરિકામાં આવે તો તેઓ હજારો રૂપિઆ કમાઇને લઇ જાય. આપણા દેશના લોકો હજી રૂપીઆ કમાવાની રીત જાણતા નથી. ઇંગ્લાંડથી એક સાધારણ માણસ હિંદુસ્તાનમાં આવી જાહેર ખબરોદ્વારા પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી લાખો રૂપીઆ ખેંચી જાય છે, પરંતુ આપણા સ્વદેશી કારીગરો, પહેલવાનો, બાજીગરો વગેરે આ તરફ આવવાનું સાહસ કરતા નથી. અમેરિકામાં કુસ્તીનો શોખ દિનપ્રતિદિન વધતો જાય છે. આ સમયમાં યદિ કોઇ પહેલવાન થોડાક રૂપીઆ ખર્ચીને અહીં આવે અને કોઇ સારી કંપનીની મારફતે કુસ્તી થાય તો તે લાખો રૂપીઆ કમાઈ જાય.

આ શ્વેતનગરમાં રવિવારને દિવસે અતિ મોટો મેળો ભરાય છે. સ્ત્રી–પુરુષોથી ભરેલી ગાડીઓને ગાડીઓ અહીં આવીને ખાલી થાય છે. એમાં હજારો પ્રેક્ષકો એકત્ર થાય છે. રાતના આઠ વાગ્યાથી અગીઆર વા બાર વાગ્યા સુધી મેળો રહે છે. આ સ્થાન કેવળ ગ્રીષ્મઋતુમાંજ ખુલ્લું રહે છે, કારણકે શીતઋતુમાં ઠંડીને લીધે અત્રે કોઇ આવતું નથી. શીતઋતુને માટે નગરની અંદર બીજાં અનેક સ્થાનો છે, જેમાં અન્ય પ્રકારના મનોરંજક ખેલ થાય છે.

આ નગરીમાં લોકો રવિવારનો દિવસ આ પ્રકારે વ્યતીત કરે છે. અહીંના લોકોની જીવનચર્યાનો મુકાબલો ભારતવાસીઓની જીવનચર્યાની સાથે કરીએ તો આપણને કેટલો મોટો અંતર

જણાય છે? જે તમાશાઓ અને નાટકોને કદાચ અમારા ઘણા પાઠકો સારા ગણતા નહિ હોય તેની વાત જવા દો, તોપણ મનોરંજક અને શિક્ષાપ્રદ એવા બીજા અનેક ખેલો તથા તમાશાઓ છે; પરંતુ આપણા સ્વદેશી ભાઇઓને તેનો શોખ છે? તેઓ પોતાનો અવકાશનો સમય, પોતાનો રજાનો સમય કેવી રીતે વ્યતીત કરે છે? તેઓ ભાંગ પીવામાં, પાનાં રમવામાં, પતંગ ઉરાડવામાં અને વ્યર્થ બકવાદ કરવામાં પોતાનો અવકાશનો સમય ગુમાવે છે. તેઓ સમયની કિમ્મતજ જાણતા નથી. યદ્યપિ કેટલાક શિક્ષિત લોકો આ દુર્ગુણોથી બચેલા છે, પરંતુ તેઓ ત્રીસ કરોડની વસ્તીમાં ઘઉંમાં કાકરાંની સમાન પણ નથી. આપણા દેશમાં એમાંની અર્ધી સંખ્યા મૂર્ખ સ્ત્રીઓની છે, કે જેમને બહાર નીકળવાની આજ્ઞાજ નથી! જે દેશના લોકોમાં લખી–વાંચી જાણનારની સંખ્યા સેંકડે આઠ ટકાથી પણ ઓછી છે તે દેશના લોકોને દુર્વ્યસનોમાં ડૂબતાં માત્ર ભગવાનજ બચાવી શકે!

પાઠક, આ શિકાગોનું એક દિવસનું દૃશ્ય આપને અર્પણ કરવામાં આવ્યું. આશા છે કે આપ એનાથી લાભ ગ્રહણ કરવાનો યત્ન કરશો. આપણા દેશના કરોડો નિર્ધન લોકો કેવી રીતે જીવનજંજાળ કાપી રહ્યા છે તે તરફ જરા દ્રષ્ટિપાત કરો. જેમને આપણે નીચ જાતિ ગણીએ છીએ તેમના પ્રતિ આપણે કેવી ઘૃણાની દ્રષ્ટિથી જોઇએ છીએ? તેમના સુખપ્રત્યે આપણે કેટલું લક્ષ્ય આપીએ છીએ? આપણાં ઘર, આપણાં નગર, આપણી દિનચર્યા આદિની અન્ય દેશોની સાથે તુલના કરો અને હાલમાં આપણું શું કર્ત્તવ્ય છે તેનો નિશ્ચય કરો. આ રવિવારનું દૃશ્ય આપને ભૂલી જવાને માટે દેખાડવામાં આવ્યું નથી; આપ તેમાંથી કાંઇક શીખો એટલા માટે તે દર્શાવવામાં આવ્યું છે. એક મહાન ઉદ્દેશથી આ દૃશ્ય દર્શાવવામાં આવ્યું છે. કૃપા કરીને વિચાર કરો કે એ મહાન ઉદ્દેશ શું છે?

# વિજળીની આગગાડી

(Electric Railway.)

વિજળીથી આગગાડી ચલાવવાને માટે હાલમાં અમેરિકામાં પ્રયત્ન કરવામાં આવે છે. વિજળીથી ચાલતી ટ્રામ આદિ સાધારણ ગાડીઓ તો અમારા દેશબંધુઓએ કલકત્તા, મદ્રાસ આદિ મોટાં મોટાં શહેરોમાં પણ જોઈ હશે; પરંતુ તેમણે કદાચ આ વાત સાંભળી નહિ હશે કે અમેરિકનો હાલમાં વરાળથી ચાલતી આગગાડીને બદલે વિજળીથી ચાલતી આગગાડી બનાવવામાં નિમગ્ન થયેલા છે. કેવી રીતે ખર્ચ ઓછો થાય અને લાભ અધિક મળે તે તેઓ માગે છે. તેમની રહેવાની અને વ્યાપાર વ્યવહાર આદિની રીતભાત આપણા દેશના જેવી નથી. આપણા દેશમાં યદિ પિતા લાકડાના અથવા વાંસના પુરાણા ત્રાજવાથી તોલતો હોય તો પુત્ર પણ તે ત્રાજવાની દાંડી છોડતો નથી. સેંકડો વર્ષ પૂર્વે વણકરો જે સાળથી કપડાં વણતા હતા તેજ સાળ આજે પણ ભારતવર્ષના વણકરોના હાથમાં જોવામાં આવે છે. કોઇને આગળ પગલું ભરવાનો ઉત્સાહજ આવતો નથી !

'સમયજ પૈસા છે' (Time is money) એ નિયમ અનુસાર અમેરિકાનિવાસીઓ ચાલે છે. કેવી રીતે ઓછો સમય લાગે અને કામ અધિક થાય એ તેમનો મૂળમંત્ર છે. તેમનાં કારખાનાંમાં જશો તો તમને તેમાં સર્વત્ર આજ નિયમની વ્યાપકતા જણાશે. આપણા દેશના વહેરનારા એક મોટું લાકડું વહેરવામાં આખો દિવસ ગુમાવે છે; પરંતુ તેઓ એટલો વિચાર કરતા નથી કે શું અમે આ કાર્ય ઓછા સમયમાં સિદ્ધ કરવાની યુક્તિ ન શોધી કાઢી શકીએ ?

વરાળની આગગાડી કલાકે ૫૦ માઇલથી અધિક ચાલે છે, તોપણ અમેરિકનો તેથી કંટાળી ગયા છે. તેઓ કહે છે કે આ ચાલ અતિ મંદ છે. વૅંકોવરથી શિકાગો ૨૭૦૦ માઇલ છે; આ અંતર કાપવામાં ત્રણ દિવસ લાગે છે; તેથી કેવી રીતે માત્ર બેજ દિવસ લાગે અને એક દિવસનો બચાવ થાય તેની ચિંતામાં તેઓ પડયા છે.

પાઠક કદાચ કહેશે કે એવી તે શું આફત આવી છે? અમેરિકા-વાસીઓને આ શી ધૂન લાગી છે? એવી તે શા ઉતાવળ બળી છે? તો તેનો ઉત્તર એ છે કે અમેરિકા કાંઇ હિંદુસ્તાન નથી. ત્યાં તો સર્વત્ર ઉન્નતિ અને ઉન્નતિનોજ ધ્વનિ કર્ણગોચર થાય છે. સભ્ય દેશમાં ઉન્નતિવિના કામ ચાલી શકતું નથી. ભારતવર્ષને તો " **तातस्य कूपोऽयमिति ब्रुवाणाः** " અર્થાત્ " બાપનો કુવો છે માટે એમાં ડૂબી મરો " એણેજ નષ્ટ-ભ્રષ્ટ કરી નાખ્યો છે.

આપ કદાચ પ્રશ્ન કરશો કે ભલા વિજળીની ગાડીથી લાભ શો? એક મોટો લાભ તો એ છે કે વિજળીની ગાડી તત્કાળ ઉભી રહી જાય છે. વરાળથી ચાલતી ગાડીને ઉભી રાખતાં વાર લાગે છે. આપણા દેશમાં લોકોએ બહુધા આગગાડીની અથડામણની વાત સાંભળી હશે. આવા અકસ્માતથી લાખો રૂપિઆની હાનિ થાય છે અને સેંકડો માણસોના જાન જાય છે. આવી અથડામણોને વિજળીની ગાડી ઓછી કરી નાખશે. વરાળની આગગાડીમાં ભાડું અધિક લાગે છે; વિજળીની આગગાડીમાં ભાડું ઓછું પડશે. થોડા ખર્ચથી લાંબો પ્રવાસ કરી શકાશે. થોડા દ્રવ્યવાળાને પણ દૂર દૂરનાં સ્થાનો જોવાની સંધિ મળશે. સમય ઓછો લાગશે. વરાળની આગગાડીમાં સમય ઘણો લાગે છે, વિજળીની આગગાડી આ હરકત દૂર કરી નાખશે. વરાળની ગાડીને તો ખાવાપીવામાંજ ઘણો સમય લાગે છે. મોટાં સ્ટેશનોપર કેવલ, કોલસા પાણીને માટેજ તેને ઘણીવાર સુધી થોભવું પડે છે, વિજળીની

ગાડીને ખાવા પીવાની જરૂર રહેશે નહિ. તે ખાધા વિનાજ હમ્મેશાં કામ આપશે. વળી વરાળની ગાડીના એન્જીનને ફેરવવાની જરૂર રહે છે, એક ચક્કરપર લાવ્યા વિના તેનું મુખ ફરતું નથી, પરંતુ વિજળીની ગાડીને માટે ઉભય માર્ગ ખુલ્લા રહેશે. જે સમયે જે તરફ ચાહો તે તરફ ચલાવો. જ્યારે ફાવે ત્યારે આમથી તેમ ફેરવો; તેથી કાંઇ હરકત પડશે નહિ. વિજળીમાં આ આજ્ઞાધારક ગુણ હોવાથી તે સર્વપ્રિય થઇ રહી છે. વરાળનું એન્જીન ગ્રીષ્મઋતુમાં પોતાની ઉપર રહેનારાઓ ગરમીથી અકળાવી નાખે છે; પરંતુ વિજળીની ગાડીપર કામ કરનારાઓને એ દુઃખ ભોગવવું પડશે નહિ. વરાળની ગાડી મુસાફરોપર કોલસા ફેંકીને તેમની અપ્રતિષ્ઠા કરે છે અને તેમનાં સર્વ વસ્ત્રો કાળાં કરી નાખે છે; પરંતુ વિજળીની ગાડી મુસાફરોની સાથે કદિ પણ આવી બેઅદબી કરશે નહિ. તે અતિ પ્રેમ અને અતિ નમ્રતાથી તેમની સેવા કરશે; અને જ્યારે તેઓ જવા લાગશે ત્યારે તે તેમને સીટીદ્વારા જાણે નિવેદન કરશે કે “ મહાશય, પુનઃ પણ કોઈવાર દર્શન આપશો. ”

ભારતવર્ષની આગગાડીમાં ત્રણ ચાર વર્ગ હોય છે, પરંતુ અમેરિકામાં એ પ્રકારના કોઇ વર્ગ નથી. એ દેશમાં ભેદભાવ નથી. કોઇ પણ ડબ્બામાં પ્રવેશ કરો, તમારે માટે ત્યાં સ્વચ્છ, સુઘડ ગદેલાં અને આરામખુરશીઓ પડેલી હોય છે. એક એક મુસાફરને માટે એક એક ખુરશી હોય છે, તેની ઉપર તે રાતે સુઇ પણ શકે છે. ગાડીના એક ખુણામાં એક નાના ઓરડામાં ગરમ અને ઠંડા પાણીના એવા બે નળ રહે છે. પાસેજ એક આયનો દિવાલની સાથે જડેલો હોય છે. સાબુનાં ચકતાં રાખી મૂકેલાં હોય છે. એક સાફ ધોએલો ટુવાલ લટકાવેલો હોય છે. ગાડીમાં સર્વ પ્રકારનો આરામ રહે છે. એક ખાસ ગાડી ખાનપાનના પ્રબંધને માટે હોય છે, જેમાં પ્રવાસીઓ સમયાનુકૂલ ભોજન

પ્રાપ્ત કરે છે. હવે આપણે ત્યાંની સ્થિતિ જુઓ. આપણે ત્યાં માણસોને ઘેટાં બકરાંની પેઠે ડબ્બામાં ભરવામાં આવે છે. તેમને શ્વાસ લેવો પણ કઠિન થઈ પડે છે. પહેલા અને બીજા વર્ગ સિવાય ત્રીજા અને ઇન્ટરમિજીયટ વર્ગમાં તો આખી રાત ઉજાગરો કરવો પડે છે. પીવાના પાણીને માટે પ્રત્યેક સ્ટેશને બૂમ પાડવી પડે છે. કોઇને કાંઇ તકલીફ હોય તો તેનો કોઇ જવાબ આપતું નથી. સ્ત્રીઓની જે દુર્દશા થાય છે તેનું તો વર્ણન પણ કરી શકાય એમ નથી. આ સર્વ દુર્દશા ભોગવવા છતાં પણ ભારતવાસીઓના મનમાં કદિ એવો વિચાર આવતો નથી કે આ હરકતો દૂર કરવાનો ઉપાય શું? અમેરિકાની આગગાડીમાં આટલો બધો આરામ છે તોપણ લોકો "ઉન્નતિ, ઉન્નતિ" નો પોકાર મચાવી રહ્યા છે; પરંતુ ભારતના રામચંદ્ર અને કૃષ્ણનાં સંતાનો કદિ એવો વિચાર સુદ્ધાં કરતાં નથી કે અમે આ દુઃખોને શી રીતે દૂર કરી શકીએ? યદિ ભારતવર્ષના ધનાઢ્ય પુરુષોની એક કંપની કોઇ રેલ્વે લાઇન સ્થાપિત કરવાને ઉદ્યત થાય અને તેમ કરીને પોતાના બંધુઓના આરામનો સર્વ પ્રબંધ કરે તો ઇતર કંપનીઓના સાંધા ઢીલા થઇ જાય અને તેઓ જખમારીને પોતાની દુર્વ્યવસ્થા દૂર કરે. આપણા દેશની આગગાડીઓના માલિકો અને અમલદારો જાણે છે કે લોકોને માટે કોઇ બીજી લાઇન તો છેજ નહિ, રોવા–કકળવા દો, અંતે જશે તો અમારી લાઇનિથીજ જશેને? બસ, આજ કારણથી આપણી દુર્દશાપર કોઇ લક્ષ્ય આપતું નથી; પરંતુ અમેરિકામાં એકને બદલે અનેક કંપનીઓ છે અને ગમે તે પ્રકારે પોતાની લાઇનપર અધિક પ્રવાસીઓ લાવવાને પ્રત્યેક કંપની પ્રયાસ કરે છે; તેથી પ્રવાસીઓના આરામને માટે પૂર્ણ પ્રબંધ કરવામાં આવે છે. અહીંની એક કંપની વિજળીની ગાડી કરવાનો વિચાર કરી રહી છે તેનું કારણ આ કંપનીઓની પરસ્પરની હરિફાઇજ છે. ભારત-

વાસીઓ અપમાન સહન કરે છે; સ્ટેશનોપર ગાળ ખાય છે; ખાન-પાનની તકલીફ સહન કરે છે; આખી રાત્રિ ઉજાગરો કરે છે; ગ્રીષ્મ-ઋતુમાં કેદીઓની પેઠે ગાડીઓની અંદર પૂરાય છે; તોપણ આ હરકતો દૂર કરવાનો વિચાર કરતા નથી. વસ્તુતઃ સર્વ સંકટો દૂર થઇ શકે એમ છે; અમેરિકા જેવી સુંદર ગાડીઓ બની શકે એમ છે; પ્રબંધ સારો થઇ શકે એમ છે; સર્વ પ્રકારનો આરામ મળી શકે એમ છે; વિજળીની ગાડીઓ પણ બની શકે એમ છે; પરંતુ અલ-બત્ત, વ્યવસાય, પરિશ્રમ, સંપ અને મૂડી જોઇએ.

# અમેરિકાનાં ખેતરોપર મારા કેટલાક દિવસો

જૂન મહિનો આવી પહોંચ્યો. આખા વર્ષનો વિદ્યાભ્યાસ સંપૂર્ણ થઇ ગયો. વિદ્યાલયોના વિદ્યાર્થીઓને હવે ત્રણ સાડા ત્રણ મહિનાની રજા રહેશે. પ્રત્યેક છાત્રે રજાનો સમય વ્યતીત કરવાનો પ્રબંધ પ્રથમથીજ કરી રાખ્યો છે. જેમને યૂરોપની સહેલ કરવા જવાની ઇચ્છા છે તેમણે આગબોટના માલિકોની સાથે વ્યવસ્થા કરી લીધી છે. જાપાન તરફ જવાની ઇચ્છા રાખનારાઓ જાપાની ભાષાનો અભ્યાસ કરે છે. જેઓ આવતા વર્ષના અભ્યાસને માટે પૈસા કમાવા માગે છે તેમણે મોટાં મોટાં કારખાનાંની સાથે પૂર્વેથીજ પત્રવ્યવહાર કરી લીધો છે. તાત્પર્ય એ છે કે સર્વ જણે પોતપોતાની આવશ્યકતા અનુસાર પ્રબંધ કરી લીધો છે.

હવે હું પણ એક અમેરિકન બની ગયો. પ્રથમ એક કંપનીનાં ગ્રાહકો વધારવાનું કામ હાથમાં લેવાનો વિચાર કર્યો અને તે માટે

પત્રવ્યવહાર પણ કર્યો, પરંતુ પાછળથી વિચાર બદલી નાખ્યો. હવે કોઇ ખેતરમાં જઇ કામ કરવાનો વિચાર કર્યો, કારણ કે એમાં "એક પંથ ઔર દો કાજ" હતાં. ઘણા દિવસથી અમેરિકન કૃષિકારોની રીતભાત તથા તેમની ખેતી કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ જાણવાની ઇચ્છા થયા કરતી હતી. આ ઉદ્દેશની સિદ્ધિને માટે મેં એક અમેરિકન મિત્રને પત્ર લખ્યો. આ મારો મિત્ર આયોવા ( Iowa ) સંસ્થાનની એક કૉલેજમાં અધ્યાપક છે. તેની સાથે મને શિકાગો વિશ્વવિદ્યાલયમાં પરિચય થયો હતો. તેને મોટા મોટા જમીનદારોની સાથે સંબંધ છે. તેનો પિતા પણ જમીનદાર છે.

તે મિત્રની પાસેથી ઓળખાણપત્ર લઇને હું વરમિલિયન નામક નગરમાં ગયો. વરમિલિયન એક નાનો સરખો કસ્બો છે. તે દક્ષિણ ડકોટા સંસ્થાનમાં આવેલો છે. તે શિકાગોથી પાંચસે માઇલ પશ્ચિમે છે. ત્યાંના મહાશય એલ્બી એન્ડ્રુઝ નામના એક મોટા જમીનદારપર મને મારા મિત્રે પત્ર લખી આપ્યો હતો. મારા મિત્રદ્વારા મને એવી પણ ખબર મળી હતી કે એ જમીનદાર મિશિગન કૉલેજનો ગ્રેજ્યુએટ છે, અને કાયદામાં તેણે એલ. એલ. બી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. આથી મેં ધાર્યું કે તેઓ સાહેબ અતિ ફૂંકી ફૂંકીને ચાલનારા હોવા જોઇએ.

ગાડી વરમિલિયન પહોંચી તે સમયે બપોર થયા હતા. તાપ એવો સખ્ત પડતો હતો કે મને મારો પ્રિય દેશ યાદ આવ્યો. જ્યારે હું મહાશય એલ્બીને ઘેર ગયો ત્યારે તેઓ ક્યાંક બહાર ગયેલા હતા. તેમની વૃદ્ધ માતાએ અતિપ્રેમથી મારો સત્કાર કર્યો અને મને મુકામને માટે ઓરડો બતાવી દીધો.

ઓરડામાં બૅગ મૂકી હું બહારના ઓટલાપર આવી ખુરશીપર બેઠો. હવા બહુ ઓછી હોવાથી હું પ્રસ્વેદથી તર થઇ ગયો. વૃદ્ધાએ મને એક પંખો લાવી આપ્યો અને મારી પાસે ખુરશીપર બેસી કપડું

શીવવા લાગી. થોડીવાર સુધી અમે ચૂપ રહ્યાં. ત્યાર પછી વૃદ્ધાએ પૂછ્યું:–

"એલ્બી કહેતો હતો કે એક હિંદુ આપણા ખેતરપર કામ કરવા આવશે. શું આપજ ખેતરપર કામ કરવાના ઉદ્દેશથી આવ્યા છો?"

મેં અતિ વિનયપૂર્વક કહ્યું:–"હા, તે માટેજ હું આવ્યો છું."

તેણે કેટલીક મિનિટ સુધી મને ધ્યાનપૂર્વક નિહાળીને કહ્યું:–"અમેરિકન ખેતરનું કઠિન કામ આપના જેવા શરીરવાળા પુરુષથી શી રીતે થઇ શકશે?"

હું બોલ્યો:–"આપ એમ ન સમજશો કે હું કમજોર છું. મારૂં શરીર અમેરિકન મજુરોના જેવું નથી એ ખરૂં, પરંતુ મારૂં સાહસ તેમના જેવુંજ છે."

વૃદ્ધા હસીને બોલી:–"ઠીક, તેની પરીક્ષા થશે."

તત્પશ્ચાત્ તે પોતાના કામમાં નિમગ્ન થઇ ગઇ. મને ખુરશીપર બેઠાં બેઠાં વિચાર આવ્યો કે રખેને આ ડોશી રંગમાં ભંગ ન કરી દે, કે જેથી મારૂં અહીં આવવુંજ વૃથા થઇ જાય.

રાત્રે મહાશય એલ્બી આવી પહોંચ્યા. તેમણે મારો ઘણી સારી રીતે સત્કાર કર્યો. તેમણે મને સાડાચાર રૂપિઆના રોજથી રાખવાનું કબુલ કર્યું. બીજેજ દિવસે હું તેમના ખેતરમાં કામ કરવાને ગયો.

વરમિલિયનથી આઠ દશ માઇલના અંતરપર બરૅંક નામનું એક નાનું ગામડું છે. તે રેલ્વેની સડકની પાસે આવેલું છે. અહીંઆં મહાશય એલ્બીની ચારસેં પાંચસેં એકર જમીન છે. મારે અહીંઆંજ કામ કરવાનું હતું.

હું જે સમયે ખેતરપર જઇ પહોંચ્યો તે સમયે સર્વે માણસો દેવળમાં ગયા હતા. ખેતરમાં માત્ર એક મજુર હતો. અત્રે મારે જણાવવું જોઇએ કે આપણા દેશના મોટા મોટા જમીનદારો જે પ્રમાણે પ્રબંધકર્ત્તા રાખે છે તેજ પ્રમાણે મહાશય એલ્બીના ખેતરપર પણ

મહાશય હાલવે નામનો એક મેનેજર સહકુટુંબ રહેતો હતો. તેને છોકરા છોકરીઓ મળીને એક ડઝન સંતાનો હતાં. તે સર્વે માણસો સાંજે દેવળમાંથી પાછાં ફર્યાં.

ધીમે ધીમે ભોજનનો સમય આવી પહોંચ્યો. અમે મેજની ચોતરફ ખુરશીઓપર બેઠા. આ સમયે મારી દશા વિચિત્ર હતી. શિકાગો યુનિવર્સિટીની વિશાળ ભોજનશાળાનું સ્વચ્છ અને સભ્યજનોચિત ભોજન ક્યાં અને અહીંઆંનું લૂખું સૂકું જાડું મોટું ભોજન ક્યાં!! યદ્યપિ વિશ્વવિદ્યાલયમાં પણ મને માંસાહારીઓની નિકટ બેસીને ભોજન કરવું પડતું હતું, તથાપિ ત્યાં કદિ મને અહીંના જેવી ઘૃણા ઉત્પન્ન થઈ નહોતી. જેમને આખો દિવસ ખેતરમાં કામ કરવું પડે તેમને ભલા થોડાક ગોસ્તથી શી રીતે ચાલે? અહીંઆં દરેક માણસને ગોસ્તના એવા મોટા મોટા ટુકડા આપવામાં આવ્યા હતા કે તે જોઈનેજ મારૂં મન અકળાતું હતું. રસોડું તદ્દનજ પાસે હતું. દુર્ગંધને લીધે હું તો બેભાન જેવો બની ગયો. મને લાગ્યું કે આ લોકોની સાથે રહીને મારાથી ખેતરમાં કામ શી રીતે કરી શકાશે? પીરસનારી સ્ત્રી જ્યારે મને ગોસ્ત આપવા લાગી ત્યારે મેં મસ્તક ધૂણાવ્યું.

તે સ્ત્રી આશ્ચર્યથી બોલીઃ–"શું આપ ગોસ્ત ખાતા નથી?"

મેં કહ્યુંઃ–"ના, હું માંસાહાર કરતો નથી."

મૅનેજર હાલવે કે જે મારી સામે બેઠો હતો તે બોલ્યોઃ–"ત્યારે તો આપનાથી અહીંનું કામ થઈ શકશે નહિ." હું ચૂપ રહ્યો.

હાલવે આયરિશ છે. તેનો પિતા આયર્લાંડથી અમેરિકા આવ્યો હતો. તેની ઉમ્મર પચાસ વર્ષથી અધિક છે, પરંતુ દેખાવમાં પાંત્રીસ વર્ષનો જણાય છે. તેની ઉંચાઈ પ્રાયઃ સાડાપાંચ ફીટની હશે. અધિકાંશ અમેરિકનોની પેઠે તેનો ચ્હેરો તદ્દન સાફ નથી, પરંતુ તેને મોટી મોટી મૂછ છે; અલબત્ત, તેની દાઢી સાફ છે. તે સ્વભાવનો ભલો

માણુસ હોવા છતાં અક્કડપણું તો તેનામાં પગથી માથાસુધી ભરેલું છે. તેની સ્ત્રી બીજા વિવાહની છે. તે અતિ જાડી છે, અને હરવું ફરવું તેને મુશ્કેલ થઇ પડે છે, તોપણ અંતે તે ખેડુતની સ્ત્રી છે; તે આખો દિવસ કામમાં લાગી રહે છે. તે પણ સ્વભાવે ઘણી ભલી બાઇ છે. જ્યારથી તેના જાણવામાં આવ્યું કે માંસ પ્રત્યે હું ઘૃણા ધરાવું છું અને ઇંડાં પણ ખાતો નથી, ત્યારથી તે મારે માટે અલગ ભોજન બનાવતી હતી. હું તેને 'માતા' કહીને બોલવતો હતો.

અત્યાર સુધી અહીંઆં કોઇ મારૂં નામ જાણતું નહોતું. ભોજન કર્યાં પછી જ્યારે હું અન્ય માણસોની સાથે અશ્વશાળામાં ગયો ત્યારે ત્યાંના એક નવયુવક મજુરે મને મજાકના રૂપમાં કહ્યું:–" કેમ જૉની! ભોજનમાં કેવી મઝા પડી ?"

હું હસી પડ્યો. પછી તે મને પૂછવા લાગ્યો:–" તમારૂં નામ શું ?"

હું બોલ્યો:–" મારૂં નામ જૉની (Johny) જ ઠીક થઇ પડશે."

હવે તે ખેતરપરના સર્વ માણસો મને 'જૉની' જ કહીને બોલાવવા લાગ્યા. જો કોઇ વાર પુનઃ હું તે ખેતરપર કામ કરવા જાઉં તો ત્યાંના સર્વ લોકો મને 'જૉની' કહીનેજ બોલાવશે, મારા મૂળ નામ-(દેવ) થી મને કોઇ બોલાવશે નહિ.

આ સમયે તે ખેતરપર માત્ર પાંચ માણસો કામ કરતા હતા; હાલવે, તેનો છોકરો અને બીજા ત્રણ માણસો, મારા આવવાથી છ જણુ થઇ ગયા. મોસમનો સમય નહિ હોવાથી આટલાજ માણસો પૂરતા હતા. જો કોઇ દિવસ અધિક કામ હોય તો હાલવેની બે છોકરીઓ મદદ કરતી હતી. તેમને પુરુષો કરતાં સહેજ ઓછી મજુરી મળતી હતી.

અશ્વશાળામાં દરેક જણુ પોતપોતાની જોડને ચારો નાખવા લાગ્યો અને પાણી પીવરાવવા મંડ્યો. હું ગુપચૂપ ઉભો રહીને જોવા

લાગ્યો, કારણ કે હજી સુધી મેં મજુરનાં કપડાં પણ ખરીદ્યાં નહોતાં. ઘોડાઓને તૃપ્ત કરી તેમણે ડુક્કરોને મકાઇભુટ્ટા નાખ્યા. ચાર પાંચ બળદો એક તરફ બાંધેલા હતા તેમને પણ દાણા નાખવામાં આવ્યા.

હાલવે મારી પાસે ઉભો રહી ડુક્કરોને મકાઇ નાખતો હતો. મેં તેને પૂછ્યુંઃ–"આટલાં બધાં ડુક્કરો આપે શામાટે પાળ્યાં છે?"

હાલવે હસીને બોલ્યોઃ–"એમને માટે તો આ સર્વ ખેતી કરવામાં આવે છે, એમને ખવરાવી પીવરાવી તાજાં કરવામાં આવે છે, અને ત્યાર પછી વેચી નાખવામાં આવે છે."

મેં કહ્યુંઃ–"આ બળદોને આપ શું ઉપયોગમાં લો છો?"

હાલવેઃ–"હમણાં ચાર પાંચ દિવસ પૂર્વે અમે સો બળદ સુસિટિના બજારમાં વેચ્યા છે, આ ચારે બળદને પણ વેચી દેવામાં આવશે."

આ સાંભળી મારા હૃદયને ભારે ચોટ લાગી. મેં શિકાગોનું કસાઇખાનું નજરે જોયું હતું. હજારો ડુક્કરો, ઘેટાં અને બળદો તે કસાઇખાનાની બહાર બાંધેલાં જોયાં હતાં. આ લોકોજ પશુઓને તાજાં કરી કરીને અહીંઆંથી કાપવાને માટે ત્યાં મોકલે છે, અને પોતાના પૈસા ખડા કરે છે. આ શું લીલા છે? સ્વાર્થ! સ્વહિત! અમેરિકામાં લાખો એકર જમીન કેવળ પશુઓને માટેજ છે. જમીનદાર લોકોની અધિકાંશ પેદાશ આ વ્યાપારમાંથીજ થાય છે. મકાઇ જેટલી પાકે છે તેનો દશમો ભાગ મનુષ્યોના ખાવામાં આવતો હશે; શેષ સર્વ ડુક્કરો, ઘેટાં અને બળદોના ખાવામાં જાય છે. જ્યારે એ પશુઓ ખૂબ તાજાં અને જાડાં થાય છે ત્યારે સભ્યતાભિમાની મનુષ્યો તેમને મારીને ખાઇ જાય છે! અમેરિકામાં આ પશુઓનો કરોડો રૂપિઆનો વ્યાપાર ચાલે છે. આ પશુઓની કિમ્મત તેમના વજન પ્રમાણે ઉપજે છે. તેથીજ હાલવે તેમને મકાઇ ખવરાતો હતો.

* * * * *

અમેરિકામાં ઘોડાવડે ખેતી કરવામાં આવે છે. પ્રાતઃકાળના સાત વાગે પોતપોતાના હળની સાથે બે ઘોડા જોડી સર્વ મજુરો પોતપોતાને કામે ગયા. હું આ કામ બિલકુલ જાણતો નહોતો, તેથી મને ખોદવાનું કામ સોંપવામાં આવ્યું. પ્રાયઃ અગીઆર વાગે હું મકાઇના ખેતરમાં કામ કરતો હતો એવામાં કોઇએ પાછળથી મારી પીઠપર હાથ મૂક્યો. મેં પાછા ફરીને જોયું તો જમીનદાર સાહેબ કૃષિકારનાં વસ્ત્ર પહેરી હાથમાં કોદાળી લઇ ઉભા છે. આ દેખાવ જોઇ હું પરમ આશ્ચર્યચકિત થયો. તેઓ પ્રથમ બી. એ., ને વળી એલ. એલ. બી. અને તે ઉપરાંત છસેં એકર જમીનના સ્વામી હતા, અને તે છતાં મારી પેઠે કામ કરવાને તૈયાર થયેલા હતા ! ધન્ય ! અમેરિકા, ધન્ય ! તારા આવા ઉદ્યોગી સુપુત્રોના પ્રતાપથીજ તું આજે ઉન્નતિના સર્વોચ્ચ શિખરપર વિરાજમાન છે. જે દેશના શિક્ષિત અને ધનવાન મનુષ્યો શારીરિક પરિશ્રમ પ્રત્યે અત્યંત ઘૃણા ધરાવે છે તે દેશ અધોગતિને કેમ ન પ્રાપ્ત થાય ? તે દેશ શામાટે દુઃખ અને દારિદ્રની રંગભૂમિ ન બની જાય ? જ્યારે તેમની ને મારી ચાર આંખો ભેગી થઇ ત્યારે તેઓ હસીને બોલ્યાઃ–" કેમ, કેવું કઠિન કામ છે ? "

હું સ્મિત કરી બોલ્યોઃ–" સર્વ કામો આરંભમાં કઠિન લાગે છે, પાછળથી અભ્યાસ પડતાં તે સહેલાં થઇ જાય છે. "

એલ્બીએ કહ્યુંઃ–" શાબાશ ! આવા વિચારના માણસને માટે જગતમાં કોઇ પણ કામ મુશ્કેલ નથી. "

હું ચૂપ રહ્યો. પુનઃ મહાશય એલ્બી બોલ્યાઃ–" જો તમે બટાટાના ખેતરમાં કામ કરો તો ઘણું સારૂં થાય. આ મકાઇ તો પ્રાયઃ પશુઓના ખાવામાં આવે છે, તેથી એ સારી માઠી રહે તેની કાંઇ બહુ પરવા નથી; વિશેષતઃ હાલમાં અન્ય પ્રકારની ખેતીમાં માણસોની ઘણી જરૂર છે, તેથી મકાઇની ખેતીપર થોડું ધ્યાન અપાય છે. "

મેં કહ્યું:–“ જેવી આજ્ઞા. મારે તો કામ જ કરવું છે. ”

અમે ઉભય બટાટાના ખેતરમાં ગયા. તે જમીનદારે આ સાલ ૧૨૦ એકર જમીનમાં બટાટા કર્યા હતા. બટાટાનો પાક સારો થવાની આ સાલ ઓછી આશા હતી. પ્રથમ તો જમીનમાં નિંદણજ પુષ્કળ હતું, ઓક અને સૂરજમુખીના છોડ પુષ્કળ ઉગ્યા હતા, તેને ઉખેડવાને માટે હમ્મેશાં બે માણસોની જરૂર હતી. બીજું, આ સાલ બટાટાને કીડા લાગ્યા હતા. કોઇ કોઇ સ્થળે તો એ દુષ્ટોએ જમીન સફાચટ કરી નાખી હતી. મેં મહાશય એલ્બીને પ્રશ્ન કર્યો:–“ શું આ કીડાને દૂર કરવાનો કોઇ ઉપાય નથી ? ”

એલ્બીએ કહ્યું:–“ છે, નથી કેમ ? કાલેજ જોજો ને, બે માણસો રોકીને આખા ખેતરમાં પૅરિસ ગ્રીન (Paris Green) છંટાવી દઇશ. હું બીજાં બીજાં કામોમાં નિમગ્ન રહ્યો તેથી આ સર્વ ખરાબી થઇ.”

પૅરિસ ગ્રીન એક પ્રકારનું વિષ છે. એક મોટી ડબ્બાવાળી ગાડીને પાણીથી ભરી તેમાં વિષ ઘોળી દેવામાં આવે છે. તેના પાછલા ભાગમાં એવું યંત્ર રાખેલું હોય છે કે જ્યારે માણસ તેની ઉપર બેસીને ઘોડા હાંકે છે ત્યારે તેમાંનું વિષમિશ્રિત પાણી ફુવારાની પેઠે ઉડી તેની બન્ને બાજુની હારોપર પડતું જાય છે. આથી છોડ સંપૂર્ણતઃ ભીંજાઇ જાય છે અને કીડા પ્રાયઃ મરી જાય છે. કોઇ કોઇ વાર એકજ વખતે ચાર ચાર હારોપર પાણી છાંટવામાં આવે છે. ઉક્ત યંત્રની નળીને લાંબી ટુંકી કરીને વત્તી ઓછી હારોપર પાણી છાંટવામાં આવે છે. મારે બેચાર દિવસ આ કામ પણ કરવું પડયું હતું.

બાર વાગે ભોજનને માટે છુટ્ટી મળી. પુનઃ હું એક વાગ્યાથી ખેતરમાં કામ કરવા માટે ગયો.

બટાટાના ખેતરમાં બીજા બે જણ ગોડવાનાં યંત્ર ચલાવતા હતા. આવા એક યંત્રને બે ઘોડા જોડવામાં આવે છે અને તેને એક

આદમી હાંકે છે. આ યંત્ર બન્ને બાજુપરના છોડવાનાં મૂળપર માટી ખોદી ખોદીને નાખે છે; એથી ખેતી શીઘ્ર આબાદ થાય છે. વર્ષાદથી માટી દબાઇ જાય છે અને તડકાથી તે કઠિન થઇ જાય છે, એટલા-માટે પાક તૈયાર થાય ત્યાં સુધીમાં ચાર પાંચ વખત આખા ખેતરને ગોડવું પડે છે. આ યંત્રની કિમ્મત ભારે નથી. ચાલીસ પચાસ રૂપિઆમાં આ પ્રકારનું સારૂં કામ કરી શકે એવું યંત્ર મળે છે.

એક વાર હું ભોજન કરીને ઓટલાપર ઉભો હતો એવામાં કોઇએ પાછળથી પોકાર કર્યો:—"જૉની" મેં પાછા ફરીને જોયું તો હાલવેનો છોકરો થોડે દૂર ઉભો રહી મને બોલાવતો જણાયો. મેં તેની પાસે જઇને પૂછ્યું:—"કેમ, શું છે?"

તે બોલ્યો:—"બાપા કહે છે કે આજે તમે અમારી સાથે જવના ખેતરમાં કામ કરવાને ચાલો તો સારૂં."

મેં કહ્યું:—"બહુ સારૂં."

અગાઉ મેં હાલવેની આગળ ઘઉં અને જવ કાપવાનું યંત્ર ચાલતું જોવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી; તે માટે આજે તેણે મને બોલાવ્યો હતો. જ્યારે હું ખેતરપર ગયો ત્યારે હાલવે તે યંત્ર ચલાવી રહ્યો હતો. તે યંત્રને અંગ્રેજીમાં બાઇન્ડર ( Binder ) કહેવામાં આવે છે. તેને ચલાવવાને માટે યંત્રના કદના પ્રમાણમાં ચાર, છ, આઠ કે દશ ઘોડા જોડવા પડે છે. મોટાં મોટાં ખેતરોની કાપણી કરવાને માટે આ યંત્રની સાથે પચ્ચીસ પચ્ચીસ ત્રીસ ત્રીસ ઘોડા જોડવામાં આવે છે. એલ્બીના ખેતરમાં જે યંત્ર હતું તેની પાછળ ઘોડા રહેતા અને તે આગળ રહેતું હતું. અન્ય યંત્રોને તો પ્રાયઃ ઘોડા આગળ રહીને ખેંચે છે. આ યંત્રદ્વારા ત્રણ કામ થાય છે. તે કાપે છે, બાંધે છે અને બહાર ફેંકે છે. જવને કાપી તેના પૂળા દોર-ડીથી બાંધી આ યંત્ર તેને ફેંકતું ચાલ્યું જાય છે. અમે ત્રણ જણ

( હું તથા બીજા બે છોકરા ) તે પૂળાને ઉંચકી લઈ તેમનાં માથાં મેળવી તેમને ઉભા કરતા જતા હતા. આ પ્રકારે પાંચ છ પૂળા એકઠા ઉભા કરવામાં આવતા કે જેથી જવ તડકાથી વહેલા સૂકાઈ જાય અને જો વર્ષાદ વરસે તો પાણી તેની ઉપરથી વહી જાય.

પ્રાયઃ સર્વે જમીનદારો અનાજ સૂકાઇ જાય કે તરતજ તેને ભૂસાથી અલગ કરવાને માટે થ્રૅશિંગ મશીન ( Thrashing Machine ) નામના યંત્રનો ઉપયોગ કરે છે. આ યંત્રથી ઘઉં અથવા જવ પૃથક્ થઈ ડબ્બાવાળી ગાડીમાં પડતા જાય છે, અને ભૂસું ઉડી ઉડીને બહાર પડતું જાય છે. તેનો એક મોટો ઢગલો થાય છે. નિકટના એક ખેતરમાં હું એક દિવસ ઘઉં માટેનું થ્રૅશિંગ મશીન જોવા ગયો હતો. શીઘ્ર દાણા છૂટા પાડવાનો એલ્બીનો વિચાર નહોતો, તેથી જવ સૂકાઇ ગયા પછી તેના પૂળાના મોટા મોટા ઢગલા બનાવવામાં આવ્યા.

આ ખેતરની સો એકર જમીનમાં ઓટ ( oats )નું વાવેતર કરવામાં આવ્યું હતું. જ્યારે તે પાક્યા ત્યારે આજ યંત્રથી તેને પણ કાપી લેવામાં આવ્યા. તેની પણ મોટી મોટી ગંજી બનાવવામાં આવી. આ યંત્ર છોડનાં થડ છેક ઘસીને કાપી લેતું નથી, આઠથી દશ ઇંચ સુધી તેના દાંડા રહેવા દે છે; પરંતુ આથી કાંઇ હાનિ થતી નથી, ઉલટો ફાયદો થાય છે. જ્યારે જમીનપર નવેસરથી હળ ફેરવવામાં આવે છે ત્યારે આ દાંડા ખાતરની ગરજ સારે છે. પશ્ચિમ અમેરિકામાં ઘણા જમીનદારો ઉપર ઉપરથીજ પાક કાપી લે છે, અને બાકીનો ભાગ ખાતરને માટે રહેવા દે છે. ઉક્ત ખેતરમાં જ્યારે ઓટ કપાઇ રહ્યા અને તેના પૂળાની મોટી મોટી ગંજીઓ સીંચી દેવામાં આવી ત્યારે તેમાં હળ ફેરવવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું. હળને અંગ્રેજીમાં પ્લાઉઈંગ મશીન (Ploughing Machine) કહેવામાં આવે

છે. તેની સાથે પણ આવશ્યકતાનુસાર છ, આઠ કે દશ ઘોડાઓ જોડવામાં આવે છે. તે પશુઓને માટે આ કાર્ય અતિ કઠિન છે. આઠથી દશ ઇંચ સખ્ત જમીન ખોદી કાઢવામાં તેમને ઘણી મહેનત પડે છે. જે દાંડાઓનો નિર્દેશ હું કરી ગયો તે સર્વ ઉખડીને માટી નીચે દબાઇ જઇ ખાતર બની જાય છે.

આ દેશમાં ખાતર વિશેષ થતું નથી. ખાતર નાખવાને માટે એક ખાસ યંત્ર હોય છે. તે અંગ્રેજીમાં મૅન્યોર સ્પ્રેડર ( Manure Spreader ) કહેવાય છે. આ યંત્ર પણ એક ડબ્બાવાળી ગાડીનું બનેલું હોય છે. પ્રથમ તેને ખાતરથી ભરી લેવામાં આવે છે. તેને ખેતરમાં લઇ જઇ પાછળનો પેચ ખોલી નાખવામાં આવે છે. જેમ જેમ ઘોડા ચાલતા જાય છે તેમ તેમ ખાતર પડતું જાય છે.

* * * * *

આજે સખ્ત વર્ષાદ વરસતો હતો. ખેતરમાં જવાનું નહોતું, છુટ્ટી હતી. ગપાટા ઉડવા લાગ્યા. હું, હાલવે, તેના બે છોકરાઓ, ત્રણ છોકરીઓ તથા તેમની માતા, એ સર્વ દિવાનખાનામાં ખુરશીપર બેઠાં હતાં. હાલવેની મોટી છોકરી એલ્સી પિયાનો લઇને બેઠી હતી.

મેં ગામમાં કોઇના મુખથી સાંભળ્યું હતું કે મહાશય એલ્બી મજુરોની પાસે કામ તો કરાવી લે છે, પરંતુ મજુરી આપવામાં લાસરીઆપણું વાપરે છે. મેં મારો સંદેહ દૂર કરવાને માટે હાલવેને પૂછ્યું:—" શું એલ્બી ખરેખર મજુરી આપવામાં વિલંબ કરે છે ? "

મારી પ્રશ્ન કરવાની પ્રણાલિ એવી હતી કે 'માતા' તરત મારો મનોભાવ સમજી ગઇ. તે ઠઠ્ઠાના રૂપમાં બોલી:—" હજી સુધી તો કોઇને મજુરી મળી નથી ! અમે છ માસથી અહીંઆં છીએ, પરંતુ અમને માત્ર પંદર રૂપિઆ મળ્યા છે. તમને આ સાલ કાંઇ મળવાની આશા નથી. "

આ સાંભળી હું બોલ્યોઃ—" વાહ, એમ કેમ બને ? હું કૉલેજમાં શી રીતે જઇશ ? "

મારા આ શબ્દો સાંભળી સર્વ જણ હસી પડયાં. હાલવે બોલ્યોઃ— " ગભરાશો નહિ, આ દેશની સરકાર મજુરોની રક્ષા ઘણી સારી રીતે કરે છે. તમને જો એલ્બી મજુરી ન આપે તો તમે તેનો સરસામાન લીલાઉથી વેચી શકશો. "

આ સાંભળી હાલવેની મોટી છોકરી એલ્સી હસી, ને મને સંબોધન કરીને બોલીઃ—" કદિ આપને એલ્બી મજુરી ન આપે તો આપ તેની કયા વસ્તુ લેવી પસંદ કરશો ? "

હું બોલ્યોઃ—" તેની અશ્વશાળામાં જે આંધળી ઘોડી બાંધી છે તેની ઉપર આરૂઢ થઇને હું તો રફુ ચક્કર થઇ જઇશ. " આ સાંભળી સર્વ જણ ખડખડાટ હસી પડ્યાં અને તેમની રમુજનો પાર રહ્યો નહિ.

આ પ્રકારે બહુ પ્રકારની વાતો થતી રહી. મેં હાલવેને કહ્યું:— " આપ કોઇ રમુજી વાત કહો. " હાલવે બોલ્યોઃ—હું એક ખરી બનેલી રમુજી વાત કહું છું. સાંભળોઃ—

જ્યારે અમે છેલ્લી વાર સૂસિટિમાં બળદ વેચવા ગયા ત્યારે ત્યાં લોકોને મોઢે સાંભળ્યું કે પૂર્વ ભાગમાંથી પાદરીઓ અહીંઆં વ્યાખ્યાન આપવાને આવ્યા છે. અમે ગયા તે દિવસે ત્રીજે પ્રહરે પણ એક વ્યાખ્યાન થવાનું હતું. હું પણ તે વ્યાખ્યાન સાંભળવાને ગયો. એક નવયુવક પાદરી ઉભો ઉભો વ્યાખ્યાન આપી રહ્યો હતો. પોતાના ભાષણમાં તેણે પોતે પાદરી થયો તેનું કારણ શું હતું તે જણાવ્યું. તે બોલ્યોઃ—" હું જાતનો ખેડુત છું. એક દિવસ મધ્યાહ્નકાળે હું ઉભો ઉભો કામ કરતો હતો એવામાં આકાશમાંથી કાંઇ શબ્દો મારા સાંભળવામાં આવ્યા. મેં ઉંચે જોયું તો એક ફિરસ્તો દ્રષ્ટિગોચર થયો. તેના હાથમાં એક તખ્તો હતો, તેપર મોટા અક્ષરે 'પી. સી.' (P. C.)

લખેલું હતું. થોડી વારમાં તે ફિરસ્તો લુપ્ત થઇ ગયો. હું વિચાર કરવા લાગ્યો કે આ શું હશે ? અંતે મેં તેનો એવો અર્થ કર્યો કે ફિરસ્તો મને ઇસુ ખ્રિસ્તના સિદ્ધાંતોનો પ્રચાર કરવા ( Preach Christ )નો ઉપદેશ આપી ગયો છે. બસ, તે દિવસથી મેં મારૂં કામ છોડી ખ્રિસ્તી-ધર્મનો પ્રચાર કરવા માંડ્યો છે." આ સાંભળી શ્રોતાગણોમાંથી એક ખુણામાં બેઠેલો એક વૃદ્ધ માણસ ઉઠયો અને બોલ્યો:-" મહાશય, આપ ભૂલ્યા છો."

વ્યાખ્યાનદાતા ( ચકિત થઇ ):-" શું ?"

વૃદ્ધ:-" ફિરસ્તાએ આપને કહ્યું હતું કે, Plough Corn અર્થાત્ અનાજ વાવો, પરંતુ આપ ઉલટુંજ સમજ્યા !"

આ સાંભળી સર્વ શ્રોતાજન ખડખડાટ હસી પડ્યા. વ્યાખ્યાતા તો ઠંડોગાર બની ગયો. પાઠકોને જણાવવાની જરૂર નથી કે ઉક્ત વૃદ્ધ પુરૂષે અને પાદરીએ કહેલા શબ્દોના પ્રથમાક્ષર એકજ છે. ઉભયે તેના ભિન્ન ભિન્ન અર્થ કર્યા હતા.

આ પ્રકારે અમે ઘણીવાર સુધી વાર્તાલાપ કરતા રહ્યા.

આજે આખો દિવસ વર્ષાદ વરસતો રહ્યો. સાંજે વાળુ કર્યા પછી અમે સર્વ પુનઃ દિવાનખાનામાં એકત્ર થયાં. એલ્ઝી પણ બપોરની ગાડીમાં આવી પહોંચ્યા હતા. એલ્સી પિયાનો વગાડવામાં કુશલ હતી. ગાયન વાદનનો આરંભ થયો. આ સમયનો દેખાવ આશ્ચર્યકારક હતો. સ્વામિ સેવક સર્વ એક સમાન હતા. કાંઇ પણ ભેદભાવ નહોતો. આપણા દેશની સ્થિતિ જુઓ. આપણા દેશમાં નોકરને તો પશુથી પણ હલકો માનવામાં આવે છે. જમીનદારો ખેડુતોને પોતાની સાથે ખુરશીપર બેસાડવામાં માનહાનિ માને છે. પાઠક, યદિ આપને ત્યાં કોઇ નોકર હોય તો આપ તેને શિક્ષણ આપજો; તેનામાં આત્મમાનની વૃત્તિ ઉત્પન્ન કરજો; એજ સાચી દેશસેવા છે. એલ્સી પિયાનો વગાડતી હતી

અને ગાતી પણ હતી. તેની સાથે તેની બે બ્હેનો તથા ભાઇઓ પણ ગાતા હતા. અધિકાંશ ભજનો પ્રેમ તથા ખ્રિસ્તીધર્મ સંબંધી હતાં. બે કલાક સુધી અમે ભજનનો આનંદ લૂંટયો. અંતે હાલવેની આજ્ઞાથી આઠ વર્ષની એક નાની છોકરીએ એક ભજન ગાયું. તેનાં કેટલાંક પદ્દો હું નીચે લખું છું:-

There are many flags in many lands,
There are flags of every hue;
But there is no flag in any land,
Like our own red, white and blue.

*Chorus.*

Then hurrah for the flag,
our country's flag, its stripes
and white stars.

*Verse.*

I know where the prettiest colours are,
And I am sure if I only knew;
How to get them here I would make a flag,
of glorious red white and blue.

× × × × ×

*Verse.*

We should always love the stars and stripes,
And we mean to be ever true;
To this land of ours and the dear old flag.
The red, the white and blue.

કોણ જાણે શા કારણથી આ ભજન સાંભળી મને બેચેની થઈ.

હું તત્કાલ ઉઠી સર્વની આજ્ઞા લઇ મારા ઓરડામાં ચાલ્યો ગયો. મારી આંખોમાંથી ટપટપ આંસું પડતાં હતાં. હું એકલો અંધકારમય ઓરડામાં બેસી જે કાંઇ વિચાર કરતો હતો તેનું વર્ણન કરવાની શક્તિ આ લેખિનીમાં ક્યાંથી હોઇ શકે ?

* * * * *

ઘાસના ખેતરમાં કામ કરવું કઠિન થઇ પડ્યું છે. વર્ષાદ વરસ્યા પછી મચ્છર ઘણા વધી ગયા છે. બપોરનો સમય થયો છે અને હવા બંધ છે. ઉભય હાથ વડે કાંતો કામ કરવું કે કાતો મચ્છરોને હાંકવા પડે છે. આ તરફથી હાંકીએ તો પેલી તરફ કરડે છે. તાત્પર્ય એ છે કે આજે કામ કરનારાઓના કંટાળાનો પાર નહોતો.

અમે બે માણસો ભાગ્યશાળી હતાઃ એક હું અને બીજો મારો સાથી. અમારૂં કામ ઘાસની પુળી બાંધી તેની ગંજી સીંચવાનું હતું. આથી અમે જમીનથી કેટલાક ફીટ ઉંચે ઉભા હતા, અને જેમ જેમ અધિક ઘાસ આવતું જતું હતું તેમ તેમ અમે ઉંચે ચઢતા જતા હતા. આથી મચ્છરો અમને ઝાઝા કનડી શકતા નહોતા.

ઘાસની ગંજી બનાવવાને માટે છ માણસની જરૂર પડે છે. એક માણસ યંત્રવતી કપાયેલું ઘાસ એકત્ર કરતો જાય છે. બે માણસો અન્ય યંત્રથી તે ઘાસ લાવી એક મોટા યંત્રના દાંતા આગળ મૂકતા જાય છે. લાકડાના દોઢ દોઢ ગજ લાંબા આ દાંતા હોય છે. જ્યારે આ દાંતામાં પૂરતું ઘાસ ભરાઇ રહે છે ત્યારે એક માણસ બીજી તરફથી ઘોડાને હાંકે છે, આથી તે દાંતાની સાથે ઘાસ ઉંચકાઇને ઉપર આવતું જાય છે. જમીનથી પ્રાયઃ પાંચ ગજ ઉંચે જઇને એ દાંતાઓ પાછા નમી પડે છે. હવે ઘોડાને રોકી લેવામાં આવે છે. સમગ્ર ઘાસ પાછળ સરી પડે છે. ઘોડાને પાછા હાંકી લેવામાં આવે છે. આ પ્રકારે ઉક્ત યંત્ર ઘાસને પાછળ ફેંકતું જાય છે. ત્યાં બે માણસો પડેલા ઘાસને

એકત્ર કરી તેની પુળી બાંધે છે તથા ગંજી સીંચે છે. તાત્પર્ય એ છે કે તેઓ ઘાસને એકત્ર કરી એવી યુક્તિથી રાખે છે કે વર્ષાદનું પાણી પડવાથી તે કોહી જતું નથી.

મને કામ કરતાં બેજ કલાક થયા હતા એવામાં એક છોકરાએ આવીને મને કહ્યું કે,–" મહાશય એલ્બી આપને બોલાવે છે." ગંજી-પરથી ઉતરીને હું એલ્બીની પાસે ગયો. એલ્બી બીજા ખેતરમાં એક બીજા કામમાં નિમગ્ન હતો. જ્યારે હું ત્યાં જઇ પહોંચ્યો ત્યારે મને મકાઇ ભરવામાં મદદ કરવાનું કામ મળ્યું. અહીંઆં એક બીજુંજ યંત્ર ચાલતું હતું. એને અંગ્રેજીમાં 'કૉર્નશેલર' ( Corn sheller ) કહે છે. એનું કામ મકાઇ ભૂટ્ટામાંથી દાણા છૂટા પાડવાનું છે. ઉક્ત યંત્રને બાર ઘોડા ચલાવતા હતા. એક માણસ મકાઇના ભૂટ્ટા એક મોટા નળમાં નાખતો જતો હતો. તે યંત્રથી ડોડા અલગ થઇ જતા હતા અને દાણા બીજી નળીથી ડબ્બાવાળી ગાડીમાં પડતા જતા હતા.

આ ખેતરપર કામ કરવાનો આ મારો અંતિમ દિવસ હતો.

બીજે દિવસે મારી મજુરી લઇ મેં સૌને 'ગુડબાઇ' કરી, અને બીજી ધૂનમાં કોઇ બીજે સ્થળે ચાલ્યો ગયો.

પાઠક, આપને કંટાળો આવ્યો ન હોય તો હું બીજી બેચાર વાતો આપને કહું. આ લેખમાં મેં આપને અમેરિકન કૃષિ સંબંધી માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે. મેં આપને સર્વ હકિકત સાચે-સાચી કહી છે, કોઇ વાત છૂપાવી રાખી નથી. સંભવ છે કે આપને આ લેખ વાંચવામાં અધિક રસ પડ્યો ન હશે, અને તેમ થયું હોય તો તે માટે હું દિલગીર છું.

એક બીજી વાત આપને કહેવાની છે. મેં પ્રસ્તુત લેખમાં કોઇ કોઇ સ્થળે માંસનો ઉલ્લેખ કર્યો છે, તેમાં મારો ઉદ્દેશ સત્ય હકિકત

દર્શાવવાનોજ છે. વૈષ્ણવ મતના વિદ્યાર્થીઓ અમેરિકા ન આવે એવો મારો લેશ પણ ઉદ્દેશ નથી. અંતે મને મારી ઇચ્છા પ્રમાણે ભોજન મળ્યાજ કરતું હતું. ઘણુંખરૂં અમેરિકનો માંસાહાર થોડોજ કરે છે. ત્યાં શાક તરકારી સર્વ સ્થળે મળે છે. મારા આ લેખથી આપ જોઇ શકશો કે નિર્ધન ભારતીય વિદ્યાર્થીને અમેરિકા જઇ કેટલો આત્મત્યાગ કરવો પડે છે. જાપાની વિદ્યાર્થીને આવી મુસ્કેલી વેઠવી પડતી નથી. તે જ્યાં જાય ત્યાં તેને ચોખા, માંસ અને માછલી મળી શકે છે.

આ લખવામાં મારો એક બીજો પણ હેતુ છે. હાલમાં વિદેશ-ગમનનું દ્વાર ખુલ્લું થયું છે. સેંકડો વિદ્યાર્થીઓ અન્ય દેશોમાં જઇ પોતાનાં તન, મન, ધનથી વિદ્યા પ્રાપ્ત કરે છે; પરંતુ જ્યારે તેઓ સ્વદેશમાં પાછા ફરે છે ત્યારે આપ તેમને પ્રાયશ્ચિત્ત કરવાનું કહો છો. ભલા, જેઓ શ્રીમંત છે તેઓ તો આપના ડરથી કાશીના કોઇ મહા મહોપાધ્યાયને બોલાવે છે; આપને ખુશી કરવાને માટે બસેં ત્રણસેં બ્રાહ્મણોનાં પેટની પૂજા પણ કરે છે; અને તે છતાં પણ નાતના કોઇ માણસની મૂર્ખતાથી તે બિચારાની ફજેતીજ થાય છે. પરંતુ આપ યદિ માંસ ન ખાવા છતાં સર્વની સાથે બેસીને ભોજન કરનાર કોઇ મારા જેવા વિદ્યાર્થીને પાછા આવ્યા પછી પ્રાયશ્ચિત્ત કર-વાનું કહો તો તે બિચારો તો વિના મોતેજ મરી જાય. તે બિચારાની પાસે એટલા રૂપીઆ હોતા નથી કે તે શાસ્ત્રી મહારાજને બોલાવી શકે અને બ્રાહ્મણોને દક્ષિણા આપી શકે. મારા જેવા માણસો તો આપના અભિપ્રાય પ્રમાણે અશુદ્ધજ રહેવાના! તેઓ બિચારા જેમ તેમ કરીને અમેરિકા જાય અને સેંકડો કષ્ટ સહન કરીને વિદ્યાભ્યાસ કરે; અને તે પણ શામાટે? પોતાનું પેટ ભરવાને માટે નહિ, તે ઉદર-નિર્વાહ તો સારી રીતે સ્વદેશમાં પણ કરી શકે એમ હોય છે; પરંતુ આપના અને આપનાં સંતાનોના હિતને માટેજ. છતાં જ્યારે તેઓ

વિદ્યાભ્યાસ સંપૂર્ણ કરીને પોતાના દેશમાં પાછા ફરે છે ત્યારે આપ "એ તો અશુદ્ધ છે, એ તો અશુદ્ધ છે," એવું તૂત ઉભું કરો છો! અને શુદ્ધ કરવાનો ઇજારો તો એવા લોકોને આપ્યો છે કે જેનું પોતાનું જીવન પણ શુદ્ધ નથી! પાઠક, હું આપને હાથ જોડીને પૂછું છું કે શું આ ન્યાય છે? શું આ રીત ચાલુ રાખવાથી દેશનો ઉદ્ધાર થશે?

પરમાત્મા આપણા સર્વના પિતા છે. તેની આજ્ઞાનું પાલન કરી માતૃભૂમિની સેવા કરવાને માટે અમે દેશવિદેશ ભ્રમણ કરીએ છીએ. પરમાત્માની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી અમે અશુદ્ધ બની શકીએ, અને તેની ઉપાસના કરવાથી અમે શુદ્ધ થઇ શકીએ છીએ; બાકી મનુષ્યમાં શી તાકાત છે કે તે અમને અશુદ્ધથી શુદ્ધ કરી શકે? જે પોતે મલિન છે તે અન્યને શું શુદ્ધ કરશે? માટે હે ભારતીય યુવકો! યદિ કોઇ ઉચ્ચ ઉદ્દેશથી આપે પરદેશગમન કર્યું હોય અને તેને માટેજ ત્યાં જઇને સર્વ કષ્ટો સહન કરતા હો તો પરમાત્માની સમક્ષ આપ શુદ્ધ છો. નિર્ભયતાપૂર્વક સ્વદેશમાં પાછા ફરો અને આપનો ઉદ્દેશ પૂર્ણ કરો.

# જીનોવા સરોવરની સહેલ.

પ્રાતઃકાળનાં કામોથી નિવૃત્ત થઇ વસ્ત્ર પહેરી હું તૈયાર થઇને ઉભો હતો, એવામાં મારા સાથીએ દ્વાર ખખડાવ્યું. "આપ આવી પહોંચ્યા ?" એમ કહીને મેં તત્કાળ દ્વાર ખોલી નાખ્યું.

મારા સાથીએ સ્મિત કરીને મને પૂછ્યું:–"બોલો, આપ તયાર છો ?"

મેં કહ્યું:–"હું તૈયાર થઇ રહ્યો હતો એટલામાંજ આપ આવી પહોંચ્યા."

તેણે કહ્યું:–"ઠીક, ત્યારે હવે ચાલો."

મારા સાથીનું નામ માર્કસ છે. તે અત્યંત હસમુખો અને ખુશમિજાજ નવયુવક છે. લાંબો, જાડો, હાથપગ મજબૂત, ચ્હેરો સાફ, દાઢી મૂછ સફાચટ, એવો તેનો આકાર છે. તેની વય પ્રાયઃ ચોવીસ વર્ષની છે. જ્યારે જ્યારે આપ તેના પ્રતિ દ્રષ્ટિપાત કરશો ત્યારે ત્યારે તેના મુખારવિંદપર સ્મિતજ જોશો. એમ તો અમેરિકાવાસીઓ સ્વભાવથીજ હસમુખા હોય છે, અને તેમને હાસ્ય ઠઠ્ઠા અતિ પસંદ હોય છે, પરંતુ માર્કસમાં આ વિશેષ ગુણ છે કે તેને જોતાંજ આપનો ચ્હેરો પ્રફુલ્લિત થઇ જશે. આપ ગમે તેટલા ઉદાસ કાં ન હો, આપની સર્વ ઉદાસી નષ્ટ થઈ જશે. માર્કસના પૂર્વજો સ્વિડનથી અમેરિકા આવ્યા હતા, તેથી તે શરીરે બલિષ્ઠ છે.

શિકાગો વિશ્વવિદ્યાલયથી અર્ધા માઇલના અંતરપર જેકસન બાગની બીજી તરફ 'ઇલિવેટર' નામક ગાડીઓની સડક છે. વાતચીત કરતા કરતા અમે તેના સ્ટેશનપર જઇ પહોંચ્યા. આ ગાડીના

પ્રવાસીઓ ગમે તો અર્ધો માઇલ જવાના હોય કે ગમે તો વીસ માઇલ જવાના હોય, પરંતુ ભાડું અઢી આનાજ આપવું પડે છે. ભાડું આપી અમે પ્લૅટફૉર્મ ઉપર ગયા. પ્લૅટફૉર્મ ઉપર અનેક પ્રકારના નાના નાના સંચાઓ રાખેલા હતા, તે માલ વેચતા હતા. આપને તંબાકુની આવશ્યકતા હોય તો એક પૈસો સંચાના મુખમાં નાખી દો અને નીચેનો લોઢાનો દાંડો દબાવી દો, એટલે આપને તંબાકુ મળશે. આ પ્રકારે ઘણી ચીજોને માટે જુદા જુદા છેદવાળા સંચા હતા, જેમાં પૈસો નાખવાથી તે તે વસ્તુ મળતી હતી. પૈસો નાખ્યા વિના ચીજો મળી શકતી નહોતી. ભારતવાસીઓને માટે આ એક આશ્ચર્યકારક ઘટના છે.

ગડગડ કરતી ગાડી આવી પહોંચી. અમને જગ્યા નહિ મળવાથી ઉભું રહેવું પડ્યું. આ સમયે ભીડ હોવાનું કારણ એ હતું કે લોકો પ્રાતઃકાળમાં આઠ વાગે દુકાને જાય છે, અને ગાડી કેવળ બેજ હોય છે. એકમાં તંબાકુ પીનારા બેસે છે અને બીજીમાં અમારા જેવા બેસે છે. જેમ જેમ શહેર નિકટ આવતું જાય છે તેમ તેમ ડબ્બા ખાલી થતા જાય છે.

મેં મારા સાથીને કહ્યું:—"આપ તો ગરમ કોટ લેતા આવ્યા; પરંતુ હું તો લાવ્યો નથી. છતાં આજે કાંઇ ઘણી ઠંડી પણ નથી."

માર્કસ બોલ્યો:—"ઠંડી હવા ચાલતાં વાર લાગતી નથી. વળી આપણે સરોવરપર જવું છે. આપણે પાછા આવીશું ત્યાં સુધીમાં ઠંડી પડવા માંડશે."

મેં કહ્યું:—"ત્યારે શું મારે ઠંડીમાં હેરાન થવું પડશે?"

માર્કસ બોલ્યો:—"કંપિત શામાટે થવું પડે? આજ કોટમાં લપેટાઇ રહીશું."

ક્લાર્ક ગલીમાં જઇ અમે જીનોવા સરોવર તરફ જતી ગાડીના

સ્ટેસનની તપાસ કરી. અમને ખબર મળી કે ગાડી ઉપડવાને હજી એક કલાકની વાર છે. આ દેશમાં બીજે ત્રીજે દિવસે હજામત કરાવવાની જરૂર પડે છે, અને જો હજામની પાસે હજામત કરાવો તો સાડાબાર આનાના પૈસાનો ખર્ચ થાય છે. આ કારણથી રોજનાં આવશ્યક કામોમાં હજામતનો પણ સમાવેશ થાય છે. માર્કસ આજે પ્રાતઃકાળે શીઘ્રતાને લીધે હજામત કરી શક્યો ન હતો.

માર્કસ બોલ્યોઃ—" હું તો હજામની દુકાને જાઉં છું. આપ અહીંઆં તમાશો જુઓ."

મેં કહ્યુંઃ—" ઘણું સારૂં. "

તમાશો શું હતો? મોટાં મોટાં શહેરોનાં સ્ટેશનોપર જે તમાશો થાય છે તે. મુસાફરખાનામાં ઘણી બેંચો રાખી હતી. તેની ઉપર સ્ત્રી પુરુષો બેઠાં હતાં. જાત જાતની વાતો થઈ રહી હતી. કોઈ કોઈ વર્તમાનપત્ર વાંચતા હતા.

એક બેંચપર ચાર પાંચ માણસો ખૂબ હસી હસીને વાતો કરતા બેઠા હતા. હું તેમની પાછળની બેંચપર બેસી તેમની વાતો સાંભળવા લાગ્યો. એક જણ બોલ્યોઃ—

" અમે વિજળીની ગાડીમાં બેસીને આવતા હતા. અમારા ડબ્બામાં જગ્યા નહિ મળવાથી એક આઇરીશ ( Irish ) દ્વારપરજ ઉભો રહ્યો. થોડી વાર પછી ભાડું લેનાર કંડક્ટર ( Conductor ) આવ્યો. તે બોલ્યોઃ—"આગળ ચાલો, સાહેબ." આઇરીશ બોલ્યોઃ—"અરે પ્રભુ! આ પણ એક ગજબજ કેની? અઢી આનાના પૈસા પણ આપવા અને ઘર સુધી પગે પણ ચાલવું!" આગળ ચાલતાં તેનો પગ બીજા માણસના પગપર પડ્યો. તે માણસ બોલ્યોઃ—" તમારી આંખ ક્યાં છે?" આઇરીશે જવાબ આપ્યોઃ—" માથામાં." આ સાંભળીને તે માણસે કહ્યુંઃ—" તો શું મારો પગ સૂઝતો નથી?" આઇરીશ બોલ્યોઃ—" ના, તમે તો જોડા પહેરેલા છે! "

બીજો માણસ બોલ્યોઃ–" હું તમને એક રમુજી વાત કહું:–

"રાતે અમે તમાશો જોવાને થિયેટરમાં ગયા હતા. એક યાહુદી પોતાના છોકરાને સાથે લઇને તમાશો જોવાને આવ્યો. તે માત્ર પોતાને માટે ટીકીટ ખરીદી છોકરાની સાથે ઝટ અંદર ઘુસવા લાગ્યો. દ્વારપર જે ટીકીટ તપાસનારો હતો તેણે તેને રોકયો અને કહ્યું કે, " આ છોકરાને માટે પણ એક ટીકીટ લેવી પડશે." યાહુદી બોલ્યોઃ– "આપ ખાત્રીથી માનજો કે આ છોકરો આંખો મીંચીને બેસી રહેશે." આ સાંભળી સર્વે જણ ખડખડાટ હસી પડયા.

પછી ત્રીજો માણસ કહેવા લાગ્યોઃ–"હું કાલે બપોરે એક ગલી-માંથી ચાલ્યો જતો હતો, એવામાં એક મોટો કુતરો ભસતો ભસતો મારી પાછળ પડયો. હું પ્રથમ તો સમજ્યો કે એ કદાચ શેકહેન્ડ કરવા આવતો હશે; પરંતુ તે જ્યારે ઉછળીને કરડવા ધસ્યો ત્યારે હું નાઠો. કુતરો મારી પાછળ દોડયો. હું એક અશ્વશાળામાં પેસી ગયો. ત્યાં મારી દ્રષ્ટિ એક લાંબી લાકડીપર પડી. આ લાકડીના એક છેડા-પર લોઢાની એક અણીદાર ખીલી હતી. મેં આઘું પાછું જોયા વિના ઝટ તે લાકડી ઉઠાવી લીધી અને અણીદાર ખીલી કુતરાના શરીરમાં ઘોંચી દીધી. એટલામાં તે કુતરાનો માલિક દોડતો દોડતો આવી પહોં-ચ્યો અને બોલ્યોઃ–"શા માટે તમે કુતરાને ઘાયલ કર્યો ?" મે કહ્યું:– "એ મારી પાછળ દોડયો હતો." તેણે કહ્યું:–" તમે શા માટે એનજ લાકડીના બીજા છેડાથી હડાવ્યો નહિ ?" હું બોલ્યોઃ–" એ શા માટે મારી તરફ બીજા છેડાથી (પુંછડી તરફથી અવળે પગે) આવ્યો નહિ?"

ઉક્ત ટોળીનો પ્રત્યેક માણસ આવી રમુજી વાત સંભળાવતો હતો અને સર્વે જણ ખડખડાટ હસતા હતા. હવે ગાડીનો સમય થયો. મુસાફરો પોતપોતાની બૅગ લઇ તૈયાર થયા. મારો સાથી માર્કસ પણ આવી પહોંચ્યો.

સ્ટેશનના પ્લૅટફૉર્મપર ગયા પછી અમને ખબર મળી કે આજે વિશ્વવિદ્યાલયના ૨૦૦ થી અધિક વિદ્યાર્થીઓ જીનોવા સરોવરની સહેલ કરવા નીકળ્યા છે. તેમાંની પ્રાયઃ અર્ધી સંખ્યા છોકરીઓની હતી. પ્રત્યેક જણની પાસે નાસ્તાનો સામાન હતો. પરંતુ અમે અમારી સાથે કાંઇ પણ લીધું નહોતું. આથી અમે જીનોવા સરોવરની પાસેના ગામમાંથી નાસ્તો લઇશું એવો વિચાર કર્યો.

ટીકીટ કાપનારદ્વારા ખબર મળી કે આ સ્પેશ્યલ ટ્રેન (ખાસ ગાડી) હતી અને વિશ્વવિદ્યાલયના છાત્રોને માટેજ છોડવામાં આવી હતી. અમારે માટે માત્ર ત્રણ મોટા મોટા ડબ્બાજ પૂરતા હતા. એક ડબ્બામાં પ્રાયઃ સો માણસો બેસી શકે એમ હતું. અહીંઆં હિંદુસ્તાનની પેઠે સ્ત્રીઓને માટે અને પુરૂષોને માટે જુદા ડબ્બા હોતા નથી તેથી અમે સર્વ સાથેજ બેસી ગયાં.

પ્રાયઃ સાડાનવ વાગે ગાડી છૂટી. શિકાગો શહેરના ધુમ્રમિશ્રિત વાયુ અને શોરબકોરથી અમે બહાર નીકળ્યા. મેદાનના શુદ્ધ પવનનો સંચાર થયો. ગાડીની બન્ને બાજુએ લીલોછમ દેખાવ પ્રસરી રહ્યો હતો. લીલાં પત્રથી સુસજ્જિત વૃક્ષો પોતાના પૂર્ણ સૌંદર્યમાં દ્રષ્ટિગોચર થતાં હતાં. પ્રકૃતિ માતાની શોભા અનુપમ હતી. માર્ચ મહિનામાં જ્યાં હિમ હિમજ દ્રષ્ટિગોચર થતું હતું ત્યાં આજે (મે મહિનામાં) લીલા મખમલની શય્યા જોવામાં આવે છે! ગાડીમાં બેઠાં બેઠાં અમે આ સુંદર દ્રશ્ય જોતાં હતાં અને તેથી આનંદ પામતાં હતાં. પ્રસન્નચિત્ત વિદ્યાર્થીઓએ શિકાગોનો રાગ આલાપવા માંડ્યોઃ—

શિકા—ગો—ગો—ગો—શિકા—ગો<br>
ગો—શિકા—ગો, ગો—શિકા—ગો<br>
ગો—શિકા—ગો, ગો—શિકા—ગો<br>
શિકાગો—ગો.

ઉચ્ચ સ્વરે એક ધ્વનિથી જ્યારે સર્વ જણે "શિકાગો—ગો" એવો ઉચ્ચાર કર્યો ત્યારે મને અત્યંત આનંદ થયો. આ લોકોનું જીવન ક્યાં અને આપણા દેશના લોકોનું જીવન ક્યાં? સ્વતંત્ર અને સ્વચ્છંદ, સર્વને એકજ પ્રકારનો અધિકાર, સર્વ છોકરા છોકરીઓનું સાથે વિદ્યાધ્યયન, અને એક સાથેજ ખેલકૂદ.

માર્કસની પાસે તેનો એક બીજો મિત્ર આવી બેઠો; આથી અમે ત્રણ જણ થયા. કેટલીક વાર સુધી અમે ભિન્ન ભિન્ન વિષયોપર વાર્તાલાપ કરતા રહ્યા. પછી મેં માર્કસને કહ્યું:—"હું જરા ગાડીમાં ફરીને જોઇ આવું કે અન્ય સર્વ શું કરી રહ્યાં છે."

આ દેશની આગગાડીના ડબ્બા હિંદુસ્તાનની ગાડીઓની પેઠે કબૂતરખાના જેવા હોતા નથી. તે ઘણા લાંબા પહોળા હોય છે, અને તેમાં પચાસ સાઠ માણસો સહેલાઇથી બેસી શકે છે. તેની વચ્ચે જવા આવવાનો રસ્તો રહે છે, અને એક ડબ્બો બીજાની સાથે એવી રીતે જોડાયેલો હોય છે કે એક માણસ સર્વ ડબ્બાઓમાં આવજાવ કરી શકે છે.

અધિકાંશ વિદ્યાર્થીઓને મેં પાનાં રમતા જોયા. ચાર ચાર જણ પોતાની વચ્ચે ટેબલ રાખીને પાનાંનો મુંગો ખેલ ખેલતા હતા. કોઇ કોઇ માસિક વાંચતા હતા. એક સ્થળે ત્રણ છોકરીઓ બેસીને વાત કરતી હતી. તેમાંની મિસ (કુમારી) સ્કૉટ નામની એક છોકરી મને ઓળખતી હતી. જ્યારે તેણે મને જોયો ત્યારે અતિ પ્રેમથી મારી સાથે શેકહેન્ડ કરી અને પોતાની એક સખીને કહ્યું:—"મિસ નૅના, જુઓ આ મિસ્ટર દેવ છે."

મિસ નૅનાએ મારી સાથે હસ્તધૂનન કર્યું. હું બોલ્યો:—"આપને જોઇને હું અતીવ પ્રસન્ન થયો છું." આજ પ્રકારે મિસ ઍડમ્સ નામની બીજી છોકરીની સાથે મિસ સ્કૉટે મારો પરિચય કરા-

ન્યો. પછી મિસ સ્કૉટે પોતાની સાહેલીઓને કહ્યુંઃ—" મિસ્ટર દેવ હિંદુસ્તાનથી અહીંઆં વિદ્યાભ્યાસ કરવાને આવ્યા છે. અમે બન્ને ગત ગ્રીષ્મ ઋતુમાં એકજ પ્રૉફેસરના હાથ નીચે વક્તૃત્વનો અભ્યાસ કરતાં હતાં. મિસ્ટર દેવે ઘણા સારા સારા વિષયોપર વ્યાખ્યાન આપીને અમને અનુગ્રહીત કર્યાં છે. ત્યારથીજ મારે એમની સાથે પરિચય છે."

નૅનાઃ—" ઠીક, ત્યારે આપ તો હિંદુસ્તાનના નિવાસી છો ! મેંતો ધાર્યું હતું કે આપ ઇટલીના નિવાસી છો ! "

મેં સ્મિત કરીને કહ્યુંઃ—" અહીંઆં ઘણા લોકોએ મને ઇટલીનો નિવાસીજ ધાર્યો છે. "

મિસ સ્કૉટઃ—"મિસ્ટર દેવ, મેં મારી સખી નૅનાના વિષયમાં આપને કાંઇ કહ્યું નથી. આપ જાણીને પ્રસન્ન થશો કે એઓ રશિયાનાં નિવાસી છે, અને તે દેશમાં સ્વતંત્રતાને માટે જે હિલચાલ ચાલી રહી છે તેમાં એઓ સામેલ હતાં. એમને આ દેશમાં આવ્યાને હજી એકજ માસ થયો છે. "

ભલા, એવો માણસ કોણ હશે કે જેને આવી દેવીનાં દર્શનથી આહ્લાદ ન થાય ? સ્વતંત્રતા—દેશની સ્વતંત્રતા—જેવા પુણ્યના કામમાં જેમણે પોતાનું જીવન અર્પણ કર્યું હોય, માતૃભૂમિના દુઃખની નિવૃત્તિને માટે જેમણે પોતાની જાતને જોખમમાં નાખી હોય, એવા વીરોને હું નમસ્કાર કરૂં છું. મિસ સ્કૉટના ઉક્ત કથનથી તે દેવીપ્રત્યે મારી શ્રદ્ધા અને ભક્તિ વધી ગઇ. મેં ધ્યાનપૂર્વક તેની તરફ દ્રષ્ટિપાત કર્યો. તે વીસ વર્ષની તરૂણી હતી, હાથે પગે મજબૂત હતી, તેનો ચ્હેરો ગોળ હતો, આંખો મોટી મોટી હતી, તેની ઉંચાઈ સાડા પાંચ ફીટથી કાંઇક અધિક હતી, તેણે સાધારણ વસ્ત્રો પરિધાન કર્યા હતાં. આવી દશામાં તે મને જાણે સ્વદેશભક્તિનો ઉપદેશ આપી રહી હતી !

મેં તેને પૂછ્યું:–"આપે અંગ્રેજી ભાષાનો અભ્યાસ ક્યાં કર્યો હતો ?"

નૅના (જરા લજ્જા પામીને):–"મને અંગ્રેજી બોલવાનો અભ્યાસ ઘણો થોડો છે. મેં નિશાળમાં થોડોક અભ્યાસ કર્યો છે."

મિસ ઍડમ્સ કે જે અત્યાર સુધી ચૂપ બેઠી હતી તેણે હવે મને કહ્યું:—

"મિસ્ટર દેવ, અમે હિંદુસ્તાનની સ્થિતિ જાણવાને પરમ ઉત્સુક છીએ. અમને પ્રાયઃ પાદરીઓની તરફથીજ ત્યાંના સમાચાર મળતા રહે છે. આજે આપનાદ્વારા તે દેશની યથાર્થ સ્થિતિ જાણવાની અમને ઘણી સારી સંધિ મળી છે. શું ખરેખર આપના દેશના લોકો સ્ત્રીઓને કેદીની માફક રાખે છે ?"

મેં કહ્યું:–" આપ આપનો પ્રશ્ન જરા સ્પષ્ટ કરો તો હું ઉત્તર આપું."

મિસ ઍડમ્સ:–" મેં વ્યાખ્યાનોમાં સાંભળ્યું છે અને પુસ્તકોમાં વાંચ્યું છે કે હિંદુ લોકો પોતાની સ્ત્રીઓને ઘરમાં કેદીની માફક રાખે છે. તેઓ બહાર જાય તો મુખપર બુરખો નાખીને જાય છે. જો કોઇના ઘરમાં છોકરી જન્મે તો ત્યાં શોક છવાઇ જાય છે, પુરૂષ સ્ત્રીની સાથે વાત કરવી છોડી દે છે, અને કહે છે કે એણે છોકરીને શામાટે જન્મ આપ્યો ? ઘણા લોકો તો છોકરીઓને મારી પણ નાખે છે."

આ વિષય રોચક હતો અને મિસ ઍડમ્સ જરા ઉચ્ચ સ્વરે બોલી હતી, તેથી આમતેમથી છોકરા છોકરીઓ નિકટ આવીને બેસી ગયાં અને ઉત્તરની આકાંક્ષાથી મારા મુખ તરફ જોવા લાગ્યાં.

મેં કહ્યું:–"આ દેશમાં સ્ત્રીઓને જેવી સ્વતંત્રતા છે તેવી અમારા દેશમાં નથી, એમાં તો કાંઇ પણ સંદેહ નથી; અમે અબલાઓના અધિકાર તરફ ઘણું થોડું લક્ષ્ય આપીએ છીએ, તોપણ અમે સ્ત્રીઓને કેદીની પેઠે રાખતા નથી. અમે તેમને માન આપીએ છીએ અને ઘરમાં

અમારી માતા સંપૂર્ણ અધિકાર ધરાવે છે. આ વાત સત્ય છે કે ઘણા અભણ અને મૂર્ખ લોકો સ્ત્રીઓને દુઃખ દે છે અને છોકરીના જન્મને અનિષ્ટ માને છે, પરંતુ આ સ્થિતિ ઉચ્ચ અને શિક્ષિત લોકોમાં નથી. પડદાનાં પણ અનેક કારણો છે. પડદાનો રિવાજ હિંદુસ્તાનમાં વિદેશીઓના આગમન પૂર્વે પ્રચલિત નહોતો અને હાલ પણ અનેક પ્રાંતોમાં નથી."

એક છોકરીઃ—"હિંદુઓના ધર્મમાં સ્ત્રીઓને પુરુષો કરતાં હલકી માનવામાં આવે છે. સ્ત્રીઓ પતિનું એંઠું જૂઠું ખાઇને રહે છે. માતાઓ છોકરીને ગંગામાં ફેંકી દે છે, અને સ્ત્રીપર એટલો જૂલમ કરવામાં આવે છે કે પતિનું મરણ થતાં તેનું શિર મુંડી નાખી તેને આખી ઉમ્મર શોકદર્શક વસ્ત્રો પહેરાવે છે."

આ વાત સાંભળી એક છોકરી ધીમેથી બોલીઃ—"ઇશ્વરનો આભાર છે કે હું આવા દેશમાં જન્મી નહિ."

હું બોલ્યોઃ—"મૂળ વાત એ છે કે હિંદુઓના ધર્મ પ્રમાણે સ્ત્રીઓ પુરૂષની અર્ધાંગના છે. જે લોકો ધર્મ અને શાસ્ત્રના જ્ઞાતા છે તેઓ સ્ત્રીઓને અર્ધાંગનાને ઉચિત હોય તેવાજ અધિકાર આપે છે, પરંતુ અમારા દેશમાં અજ્ઞાન વિશેષ છે; આજ કારણથી આવી આવી વાતો આપના વાંચવામાં તથા સાંભળવામાં આવે છે. આ દેશના જેવી સ્વતંત્રતા અમે આપવા પણ માગતા નથી. આપ લોકો એક સીમાપર છો અને હિંદુસ્તાનના અધિક લોકો બીજી સીમાપર છે. અમે અમારા પૂર્વજોના માર્ગપર ચાલવા માગીએ છીએ."

મિસ ઍડમ્સઃ—"તે માર્ગ કયો છે?"

હું બોલ્યોઃ—"સ્ત્રી પુરુષના અધિકાર સમાન છે. સ્ત્રી ઘરની સ્વામિની છે અને પુરુષનું અધિકારસ્વાતંત્ર્ય ઘરની બહાર છે. સ્ત્રીઓનેમાટે વિદ્યાધ્યયન પુરુષોના જેટલું જ આવશ્યક છે. સ્ત્રીને માન આપવું,

સત્કાર કરવો, તેની પૂજા કરવી એ પુરુષનો ધર્મ છે.''

એટલામાં ટીકીટ કાપનારે આવી કહ્યું:—'' અહીંઆં ગાડી બદલાશે.'' સર્વ લોકો ઉઠીને ઉભા થયા. મેં મિસ સ્કૉટને કહ્યું:—''સ્ટીમરમાં આપની સાથે પુનઃ મુલાકાત થશે.'' પછી શીઘ્ર તેનાથી છૂટો પડી હું મારા મિત્રની પાસે આવ્યો.

બીજી ગાડીમાં બેસી અમે બે ત્રણ સ્ટેશનો પસાર કરી ગયા એટલામાં જીનોવા સરોવર દ્રષ્ટિગોચર થવા લાગ્યું. સ્વિટઝર્લાંડમાં મૂળ જીનોવા નામનું સરોવર છે, તેના જેવુંજ આ સરોવર રમણીય હોવાથી એનું નામ પણ જીનોવાજ રાખવામાં આવ્યું છે. આ સરોવરમાં તેના જેવાંજ દૃશ્યો છે. શિકાગોની ઉત્તર–પશ્ચિમે ૭૦ માઇલના અંતરપર આ સરોવર આવેલું છે. એની લંબાઇ ૯ માઇલ અને પહોળાઈ સવા માઇલથી ત્રણ માઇલ પર્યંત છે.

આગગાડી બરાબર સરોવરના કિનારાપર આવીને ઉભી રહી. ગાડીમાંથી ઉતરીને અમે હારવર્ડ નામની આગબોટમાં જઇને વિરાજમાન થયા. પવન મંદ મંદ ગતિથી ચાલતો હતો. આગબોટમાં એક માણસને માત્ર પ્રવાસીઓની આગળ આસપાસનાં ઘરો, પુષ્પવાટિકાઓ અને દૃશ્યોનું વર્ણન કરવાનેજ નિયુક્ત કરવામાં આવેલો હતો. તે માણુસ સર્વને ઉક્ત વસ્તુઓનું વૃત્તાંત સંભળાવતો હતો. સરોવરની ચોતરફ ઘણાં સારાં સારાં ઘરો આવેલાં છે. ત્યાં શિકાગોના ધનાઢ્ય લોકો ગરમીના દિવસોમાં આવીને રહે છે. વૃક્ષો અને ઘાસથી આચ્છાદિત થયેલી નાની નાની ડુંગરીઓ સરોવરની શોભામાં બમણો વધારો કરતી હતી.

વિદ્યાર્થીઓ હસતા ખેલતા અને વિશ્વવિદ્યાલયની સ્તુતિનાં ભજનોં ગાતા જતા હતા અને પોતાની આ યાત્રાનો સંપૂર્ણ આનંદ લૂંટી રહ્યા હતા. આજે જરા વાદળ થયેલું હતું. પવન જોરથી વહેવા

માંડતો ત્યારે ટાઢ જણાતી હતી. મેં માર્કસનો કોટ ઓઢી લીધો અને સારી રીતે આરામ સહિત બેસી ગયો. એક વિદ્યાર્થી પોતાની સાથે ફોટોગ્રાફ પાડવાનો કેમેરા લાવ્યો હતો, તેણે આ વખતે સર્વનો ફોટો લઈ લીધો.

બાર વાગ્યા પછી અમે સરોવરને પેલેપાર આવેલા જીનોવા નામક ગામમાં જઇ પહોંચ્યા. અધિકાંશ વિદ્યાર્થીઓ ત્યાંની હોટલમાં ભોજન કરવાને ચાલ્યા ગયા. હું, માર્કસ અને તેનો બીજો સાથી ગામને પાદરે એક વૃક્ષ નીચે બેઠા. અમારો એ સાથી જે નાસ્તાનો સામાન લાવ્યો હતો તે અમો ત્રણેને માટે પૂરતો હતો, તેથી અમે આનંદપૂર્વક નાસ્તો કર્યો. પાછા ફરતી વખત વાળુ કરવાને માટે ફળ અને રોટલી ખરીદી લીધી.

આપણા દેશનાં ગામોનાં જેવાં આ દેશનાં ગામો નથી. અહીંનાં ગામોમાં મકાન ઘણે દૂર દૂર આવેલાં હોય છે; અને સુંદર તથા હવાની સગવડવાળાં હોય છે. મકાનો બાંધવામાં લાકડું અધિક વપરાય છે અને તે પર વિશાળ ઝરૂખા રહે છે. દરેક મકાનમાં એક બે ઝરૂખા અવશ્ય રહે છે. આ દેશમાં ગરમી હો કે ઠંડી; પરંતુ લોકો હમ્મેશાં મકાનમાં જ સૂએ છે. પ્રત્યેક ગામમાં નિશાળ હોય છે, ટેલિફોન હોય છે, અને વિજળીની રોશનીનો પ્રબંધ પણ ઘણાં ગામોમાં હોય છે, પરંતુ રંક લોકો પ્રાય: ઘાસતેલના દીવા બાળે છે. મકાનો જમીનથી પાંચ સાત ફીટ ઉંચાં હોય છે. મકાનોમાં મચ્છર, માખી વગેરે પ્રવેશ કરી શકે નહિ એટલા માટે પ્રત્યેક બારી બારણાની આગળ સૂક્ષ્મ જાળી રાખેલી હોય છે, તેમજ કાચનાં બારણાં રાખવામાં આવે છે. થોડીવાર પછી આગબોટમાં સીટી વાગી. પાછા ફરવાનો સમય થઇ ગયો છે એમ સૌ સમજી ગયાં. તે સરોવરના એક તટપર શિકાગો વિશ્વવિદ્યાલયની પ્રચંડ વેધશાળા ( observatory ) આવેલી છે. આ

વેધશાળાની સાથે મહાશય યર્કસનું નામ જોડાયેલું છે. આ વેધશાળા અમારે જોવાની હતી. યાત્રાનો મૂળ ઉદ્દેશ આજ હતો, તેથી સર્વ ઝટપટ આગબોટમાં આવી પહોંચ્યાં.

પ્રાયઃ અઢી વાગે આગબોટ યર્કસ વેધશાળાની સમક્ષ આવી પહોંચી. વિશ્વવિદ્યાલયના અધિકારીઓએ ઇમારત તથા ઇતર સામાનને-માટે લાખો રૂપિયા ખર્ચ્યા છે. જ્યોતિર્વિદ્યાના અભિલાષી છાત્રો તથા આચાર્યો પોતાની રુચિ અનુસાર આ વિદ્યાનો લાભ લઇ શકે, એટલા-માટે આ સર્વ ખર્ચ કરવામાં આવ્યો છે. એક ઉંચા ડુંગર ઉપર આ વેધશાળાની અતિ વિશાળ ઇમારત બાંધવામાં આવી છે. એની ત્રણ બાજુએ ગુંબજો આવેલા છે. એક તરફના મોટા ગુંબજમાં જગતમાં પ્રાયઃ સૌથી મોટું એવું દૂરબીન રાખવામાં આવ્યું છે. બીજા બે ગુંબજોમાં નાનાં નાનાં દૂરબીનો છે.

જ્યારે અન્ય વિદ્યાર્થીઓની સાથે હું પેલા મોટા ગુંબજમાં ગયો કે જેમાં સૌથી મોટું દૂરબીન રાખેલું હતું ત્યારે હું અત્યંત આશ્ચર્ય-ચકિત થઇ ગયો. તેનાં મોટાં મોટાં ચક્રો, વરાળના બળથી ઉક્ત ગુંબજનું ફરવું, અને તારાની ગતિ અનુસાર દૂરબીનનું ફરવું, એ સર્વ મને આશ્ચર્યમાં ગરકાવ કરતાં હતાં. જ્યારે સર્વ વિદ્યાર્થીઓ ગુંબજમાં એકત્ર થઇ ગયા ત્યારે એક પ્રોફેસરે અમને સર્વ વસ્તુઓ ફેરવી ફેરવીને દેખાડી. ઉક્ત યંત્રદ્વારા તારાઓની ગતિ તથા જ્યોતિષ સંબંધી અન્યાન્ય હકિકત કેવી રીતે જાણવામાં આવે છે તે અમને સમ-જાવ્યું. સૂર્યની ઉપર જે ધાબાં જણાય છે, તેના કેટલાક ફોટા પણ અમને દેખાડવામાં આવ્યા. ચાલીસ ઇંચના કાચવતી કેવી સારી રીતે આચાર્યો અહીંઆં આકાશનો વેધ કરી શકતા હશે અને તેના દ્વારા લીધેલા ફોટા કેવા હશે તે પાઠકો સમજી શકે એમ છે. ફોટોગ્રાફી અને જ્યોતિર્વિદ્યા વચ્ચે જે સંબંધ છે તેનું મહત્ત્વ ઉક્ત પ્રોફેસરે અમને ઘણી સારી રીતે સમજાવ્યું.

આ પ્રકારે સર્વ ગુંબજોમાં વિદ્યાર્થીઓ ગયા અને પ્રોફેસરોએ સર્વના પ્રયોગોનું વૃત્તાંત સંક્ષેપમાં યથાયોગ્ય સમજાવ્યું.

પાઠક! અમે આપની આગળ શું વર્ણન કરીએ? જ્યારે જ્યારે આ દેશમાં અમને આવાં આવાં ઉપયોગી અને લાભદાયક વૈજ્ઞાનિક યંત્રો જોવાનો અવસર મળે છે ત્યારે ત્યારે અમારા મુખમાંથી આપોઆપ આ શબ્દો નીકળી પડે છે:—"સ્વતંત્ર દેશ શું કરી શકતો નથી?" અમેરિકામાં લોકોને પોતાની માનસિક શક્તિઓનો વિકાસ કરવાની કેવી સારી સંધિ મળે છે? ઉક્ત વિદ્યાલયમાં કરોડો રૂપિયા ખર્ચી જ્યોતિષનો સામાન અમેરિકાના બાલકોના હિતને માટેજ રાખવામાં આવ્યો છે! જે કોઇ માણસને જ્યોતિષમાં રસ પડતો હોય તે અહીંઆં આવી સમગ્ર આયુષ્ય વ્યતીત કરી શકે એમ છે. તેને વિજ્ઞાનની વૃદ્ધિ કરવાને માટે વજીફા અને સર્વ પ્રકારની સાહાય્ય મળે છે. જ્યારે હિંદુસ્તાનમાં કરોડો માણસો પશુની પેઠે ઉત્પન્ન થાય છે અને આખી ઉમ્મર અવિદ્યાન્ધકારમાં સડી મરણ પામે છે. તેમને મનુષ્યજીવન પ્રાપ્ત થવું અને ન થવું સમાન જ છે. આપણા દેશમાં જેઓ વિદ્યાભ્યાસ કરવાની અને ઉન્નતિ કરવાની આકાંક્ષા રાખે છે તેમને કોઇ ઉત્સાહ આપનાર હોતું નથી, તેમને માટે સામાન હોતો નથી, તેમને માટે એવું કોઇ સ્થાન હોતું નથી કે જ્યાં જઇને તેઓ પોતાની શક્તિઓનો યથાયોગ્ય ઉપયોગ કરી શકે.

ઉક્ત મોટા યંત્રથી સૂર્યની ઉપરનાં ધાબાં અમને દેખાડવાની પ્રોફેસરની ઇચ્છા હતી, પરંતુ વાદળ થયેલું હોવાથી અમે અમારી યાત્રાનો પૂર્ણ લાભ લઇ શક્યા નહિ. આથી તેણે કેવલ ભિન્ન ભિન્ન યંત્રોનો ઉપયોગજ જણાવ્યો. જે તારાગણો દૂરબીનની સાહાય્યથી પણ સારી રીતે જોઇ શકાતા નથી, તેના મંદ પ્રકાશની સામે ફોટોગ્રાફની પ્લેટ ઘણી વાર સુધી રાખવાથી તે પર જે છાયા પડે છે તે દ્વારા તે તારા-

ગણોનું ઘણું વૃત્તાંત જાણવામાં આવે છે. જ્યોતિર્વિદ્યા સંબંધી જે જે પ્રશ્નો વિદ્યાર્થીઓએ પૂછ્યા તે સર્વના સંતોષકારક ઉત્તર પ્રોફેસરે આપ્યા. આ નિરીક્ષણમાં અમારા ત્રણ કલાક વ્યતીત થઇ ગયા.

વાળુ કરવાનો સમય થઇ જવાથી સર્વ જણે ક્ષુધાની નિવૃત્તિ કરી. અમે પણ કેળાં અને રોટલીથી પેટ ભર્યું. ત્યાર પછી અમે અહીંનું જ્યોતિષ પુસ્તકાલય જોયું. તેમાં તારાગણોના અનેક નકશા છે, સૂર્યગ્રહણના મોટા મોટા ફોટોગ્રાફ છે. બીજા પણ અનેક પ્રકારના ફોટોગ્રાફ અહીં જોવામાં આવ્યા.

આગબોટે સીટી વગાડી અમને પાછા ફરવાની સૂચના કરી. સર્વ જણ યથાસમય આગબોટમાં આવી પહોંચ્યા. બરાબર સંધ્યાકાળ થતાં અમે રેલ્વેના સ્ટેશનપર આવી પહોંચ્યા. શિકાગોની ગાડી છૂટી અને રાતના દશ વાગે અમે શિકાગો પહોંચી ગયા. સ્ટેશનપર વિદ્યાર્થીઓએ પુનઃ "શિકાગો-ગો"નો ધ્વનિ કર્યો. માર્કસ અને હું વિશ્વવિદ્યાલયની તરફ ચાલ્યા.

માર્કસે પોતાના હાથમાં મારો હાથ દબાવી કહ્યું:–"કેમ, સહેલનો આનંદ કેવો આવ્યો ?

"આનંદ તો આવ્યો, પરંતુ એક ખામી રહી ગઇ."

"શી ખામી ?"

"પેલા મોટા દૂરબીનવતી સૂર્યનાં ધાબાં જોઇ શક્યા નહિ, વાદળે કામ બગાડી નાખ્યું."

"ખેર, કોઇ બીજીવાર જોઇ લઇશું. જીનોવા સરોવર કાંઇ દૂર તો જ નહિ."

"પછી શું રોજ રોજ આવવાનું તો થોડુંજ થવાનું છે ?"

"શા માટે નહિ ? ખર્ચ તો માત્ર બેજ ડોલરનો થાય છેને ? ડોલર ભોજનનો સમજી લો."

"પ્રત્યેક વખત પ્રોફેસર થોડાજ આ પ્રકારે બતાવવાને તૈયાર થશે."

" ગ્રીષ્મ ઋતુમાં પુનઃ એક વાર ઘણા વિદ્યાર્થીઓ આવશે. પ્રતિ ત્રણ માસે એક વાર પ્રોફેસર મોલ્ટન પોતાના વિદ્યાર્થીઓને અહીં મોકલે છે. "

" ઠીક, જો હું ગ્રીષ્મ ઋતુમાં શિકાગોમાં રહીશ તો અવસ્ય પુનઃ એકવાર જઇશ. "

" હું તો આ વખતે ગ્રીષ્મ ઋતુમાં બહાર ગામ સ્ટિરિયો સ્કોપનાં ચિત્રો વેચવાને ચાલ્યો જઇશિ. મિનોસોટા જઇશિ. "

" ખરેખર ? "

" અવસ્ય. "

" ત્રણ મહિનામાં કેટલા રૂપીઆ કમાવાની આશા રાખો છો ? "

" કહી શકતો નથી. નિદાન સાતસેં આઠસેં રૂપીઆથી ઓછા કમાઇશિ નહિ. "

" આપ અમેરિકન લોકો રૂપિઆ કમાવામાં અતિ ચતુર છો. "

" અમારાં માત પિતા પોતાના છોકરા છોકરીઓને સૌથી પ્રથમ એનુંજ શિક્ષણ આપે છે. અમેરિકન ગમે ત્યાં ચાલ્યો જાય તો તે ભૂખે મરશે નહિ. ગમે તે કામ શોધીજ કાઢશે. "

" અમારા દેશમાં તો ઘાંચીનો છોકરો ઘાંચી અને શેઠનો છોકરો શેઠ થવાનો પ્રયત્ન કરે છે. "

" તેથીજ ત્યાંના લોકો ભૂખે મરે છે. આ શિકાગોના એક કરોડપતિનો છોકરો પણ એક કારખાનામાં કામ કરે છે, અને દર મહિને ૧૫૦ રૂપીઆ કમાય છે. આ પ્રમાણે કામ કરવામાં તેનો હેતુ એટલોજ છે કે પિતાના રૂપિઆ ઉપર અવલંબન કરવું યોગ્ય નથી. પિતા કંગાલ બની જાય અથવા બીજી કોઇ આપત્તિ આવી પડે એવો સંભવ હોય છે. "

"એમાં કાંઇ શક નથી. હવે હું આ સ્વાવલંબન વૃત્તિનું મૂલ્ય સારી રીતે જાણી ગયો છું. અમારા દેશના લોકો દશ દશ વીસ વીસ હજાર રૂપિઆ ખર્ચીને સ્કૂલ તથા કૉલેજનું શિક્ષણ ગ્રહણ કરે છે, પરીક્ષા પસાર કરે છે, અને અંતે સ્થળે સ્થળે ખાસડાં ખાતા ફરે છે."

"અહીંઆં આપણાજ વિશ્વવિદ્યાલયના છોકરાઓને જુઓને, તેમના હાથ જોવાથી સ્પષ્ટ રીતે પ્રતીત થશે કે તેમણે મજુરી કરી છે, અને તેનું કારણ એટલુંજ છે કે પ્રત્યેક અમેરિકન છોકરાનો "To lead an indedepdent life" (સ્વતંત્ર જીવન વ્યતીત કરવું) એ સિદ્ધાંત છે. યદિ કોઇ બીજું કામ ન મળે તો તે મજુરી કરીને પણ ૯ રૂપિઆ રોજ કમાઇ લેશે."

"એક અમારો પણ દેશ છે કે જેમાં મજુરી કરનારને હલકી જાતિના ગણવામાં આવે છે, અને તેમની સાથે બેસવું, ઉઠવું, હળવું, મળવું ખરાબ માનવામાં આવે છે."

"આપ લોકોની નસેનસમાં Aristocracy (મહાપુરુષતા) ભરેલી છે."

હું ચૂપ થઇ ગયો. આપણા લોકોની નસેનસમાં Aristocracy (મહાપુરુષતા) ભરી છે એ શું સત્ય નથી? સત્ય છે. આપણે ઘાંચી, મોચી, લુહાર, ધોબી, ચમાર આદિ લોકો તરફ કેવી ઘૃણાની દ્રષ્ટિથી જોઈએ છીએ? કોઈના બાપદાદાએ કલાલનો ધંધો કર્યો હોય તો તેનો સમગ્ર વંશ નિન્દિત થઈ જાય છે અને તેની ભિન્ન નાત બની જાય છે! આ પ્રકારે સર્વના જુદા જુદા ધંધા થઈ ગયા છે. નીચ ઉંચની ભાવના આપણા દેશમાં પગથી માથા સુધી ભરેલી છે! અફસોસ!

વિજળીની ગાડીમાં બેસી અર્ધા કલાકમાં અમે વિશ્વવિદ્યાલયની

પાસે આવી પહોંચ્યા. માર્કસ 'ગુડનાઇટ' કહી પોતાને ઘેર ચાલ્યો ગયો અને હું મારા ઓરડામાં ગયો. કપડાં ઉતારી શય્યામાં સૂઈ ગયો અર્ધો કલાક સુધી પેલી Aristocracy (મહાપુરુષતા)ની ધૂનમાં નિમગ્ન રહ્યો. ત્યારપછી ઉંઘી ગયો.

## એલાસ્કા–યૂકન–પૅસિફિક પ્રદર્શન.

"લો, ઉદયરામજી, હું તો કાલે રાતે સ્ટીમરમાં બેસી સિયેટલ જઇશ."

"કેમ, એટલી બધી શી ઉતાવળ છે?"

"જઇશું, સિયેટલનું પ્રદર્શન જોઇશું."

"મારે પણ પ્રદર્શન તો જોવું છે."

"આપ કોણ જાણે ક્યારે જશો? જૂનની પહેલી તારીખથી પ્રદર્શન ખુલ્લું મૂકાયું છે, અને તે દિવસથી આપ "જઇએ છીએ, જઈએ છીએ," એમ કર્યા કરો છો. બરાબર ત્રણ મહિના તો આપે આ પ્રકારેજ કહાડી નાખ્યા. હવે દોઢ મહિનો બાકી રહ્યો છે તે પણ એમજ કહાડી નાખશો. આપને આપના કાર્યમાંથી નવરાશ મળશે પણ નહિ અને પ્રદર્શન જોવાનો વખત આવશે પણ નહિ."

મારી આ વાત સાંભળી ઉદયરામજી હસી પડ્યા અને બોલ્યાઃ– ભાઈ, વાત તો સર્વ સાચી કહો છો, પરંતુ કરીએ શું? સાંસારિક કાર્યો એવાં જ હોય છે. જો આપની સાથે મારૂં આવવું ન થયું તો હું પ્રદર્શન જોઇ શકીશ નહિ, એ વાત તો નક્કીજ છે. ઠીક, આપ બીજા ત્રણ દિવસ થોભો. સપ્ટેમ્બરની પાંચમીએ નીકળી છઠ્ઠીએ આપણે ત્યાં પહોંચીશું. છઠ્ઠી તારીખે પ્રદર્શનમાં ઘણો મોટો મેળો ભરાશે. કહે છે કે

એ દિવસે ‘ સિયેટલ ડે ’ (Seattle day) છે, અને તે દિવસે ઘણા માણસો આવશે.

“ઠીક તો, બીજા ત્રણ દિવસ થોભી જાઉં છું; પરંતુ ત્યાર પછી થોભીશ નહિ.”

“ બસ, આ વાયદો પાકો ગણજો. પાંચમી તારીખે આપણે સિયેટલ જવાને નીકળીશું. ”

બિચારા ઉદયરામ કામની ભીડને લીધે પાંચમી તારીખે પણ તૈયાર થઇ શક્યા નહિ. મેં પાંચમી તારીખે પ્રાતઃકાળમાં મારા મિત્ર બિહારીલાલને તારદ્વારા ખબર કરી દીધી કે હું રાતની સ્ટીમરમાં સિયેટલ આવું છું.

ઉદયરામજી લુધિયાના (પંજાબ) ના રહીશ છે. તેઓ જાતના બ્રાહ્મણ છે. કૅનેડા આવ્યે તેમને ચાર વર્ષ થયાં છે. તેમનો ધંધો ઘણો સારો ચાલે છે. તેમની એક દુકાન છે, કાંઈક ઇજારો લીધો છે, અને જમીન ખરીદી છે. ‘ **सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते** ’ એ તેમનો પરમ સિદ્ધાંત છે. ઇશ્વરની કૃપાથી તેમણે ઠીક રૂપિઆ પેદા કર્યા છે અને દિન પ્રતિદિન પેદા કરતા જાય છે. તેમને સર્વ કામપર જાતે જ દેખરેખ રાખવી પડે છે, તેથી અવકાશ થોડો રહે છે.

મારા એક બીજા મિત્ર મુન્શીરામજીને સાથે લઈ મેં સિયેટલ જવાની તૈયારી કરી. મુન્શીરામજી પણ પંજાબી છે અને અહીં વૅંકોવરમાંજ મારે તેમની મુલાકાત થઇ હતી. તેઓ સાધુપુરુષ અને શાંત સ્વભાવના હોવાથી સર્વપ્રિય છે. તેમની સાથે મારે થોડો પરિચય છે.

રાતના પ્રાયઃ સાડા નવ વાગે અમે કૅનેડિયન પૅસિફિક કંપનીના ડક્કાપર પહોંચ્યા. યુનાઇટેડસ્ટેટસ ઑફ અમેરિકાની પરદેશગમન સંબંધી જે ઑફિસ વૅંકોવરમાં છે તેમાંથી અમે અવશ્યક કાગળો લઈ લીધા હતા, તેથી સ્ટીમરપર ચઢવામાં અમને કાંઇ પણ હરકત નડી નહિ.

પ્રત્યેક જણને આવવા જવાના પંદર રૂપીઆ લાગ્યા. રિટર્ન ટીકીટ લેવાથી અમને ફાયદો થયો.

સ્ટીમરમાં અમે જ્યાં બેઠા હતા ત્યાં એક કેનેડિયન પોતાના એ નાના છોકરાને લઇને બેઠો હતો. વાતચીતમાં જણાયું કે તે પ્રદર્શન જોવા માટે સિયેટલજ જતો હતો. તેનો છોકરો આઠ નવ વર્ષનો હશે, પરંતુ હતો ઘણો હોશિયાર. પ્રદર્શન સંબંધી હરેક પ્રકારના પ્રશ્નો તે પોતાના પિતાને પૂછતો હતો.

છોકરો:—"બાપા, આ મેળાનું નામ 'એલાસ્કા–યૂકન–પૅસિફિક પ્રદર્શન' એવડું મોટું શામાટે રાખવામાં આવ્યું છે?

પિતા:—"બેટા, તું હવે સૂઇ જા. કાલે હું તે તને સર્વે બતાવીશ."

છોકરો:—મને હમણાં ઉંઘ આવતી નથી, માટે જ્યાં સુધી ઉંઘ ન આવે ત્યાં સુધી તમે મને તેની વાત કહો."

પિતા:—ઠીક ત્યારે સાંભળ. વૅંકોવરની ઉત્તર–પશ્ચિમે એલાસ્કા એક શીતપ્રધાન દેશ છે–"

છોકરો (વચ્ચેજ):—એલાસ્કા તો હું જાણું છું, તેમાં સોનાની પુષ્કળ ખાણો છે, ખરૂં કેની?"

પિતા:—હા, હવે હું તને જે કહું તે તું ધ્યાનપૂર્વક સાંભળ. એલાસ્કા યુનાઇટેડ સ્ટેટ્સની સરકારને તાબે છે. તેમાં વસ્તી ઘણી થોડી છે. તે દેશ ઘણો મોટો છે અને તે ઉત્તમ પ્રદેશ છે. તેમાં ખાણો પુષ્કળ છે. અમેરિકન સરકારની એવી ઇચ્છા છે કે લોકો ત્યાં જઇને વસે તો સારૂં. વળી જેમણે ત્યાં વ્યાપાર અને જમીનમાં પોતાના રૂપીઆ રોક્યા છે તેઓ પણ ત્યાં લોકોની ઝાઝી વસ્તી ઇચ્છે છે. પરંતુ લોકો એલાસ્કાની હકિકત જાણે ત્યારેજ તેઓ આવીને વસે, ને જ્યાં સુધી કોઇ તેનાં ગુણગાન કરે નહિ ત્યાં સુધી લોકો આવે નહિ.

આ પ્રદર્શન સભ્ય જગતમાં એલાસ્કાની ચર્ચા ફેલાવવાને માટે ખોલવામાં આવ્યું છે. લોકોના નિરીક્ષણ અને માહિતીને માટે એલાસ્કાની વસ્તુઓ એમાં રાખવામાં આવી છે, તેથી એને પ્રથમ એલાસ્કાનું નામ લાગુ પાડવામાં આવ્યું છે."

છોકરો:—"એલાસ્કા તો જાણે સમજાયું, હવે યૂકનની હકિકત કહો."

પિતા:—"બ્રિટિશ કોલંબિયાની દક્ષિણે યૂકન નામનો એક પ્રાંત છે. તે પણ અમેરિકનોને તાબે છે, અને તેનું ક્ષેત્રફળ પ્રાય: ૨૦૦૦૦૦ ચોરસ માઇલ છે. યૂરોપ તથા દક્ષિણ અમેરિકાના લોકો તેના સંબંધમાં ઘણું થોડું જ્ઞાન ધરાવે છે. એલાસ્કાની પેઠે તેમાં પણ વસ્તી ઘણી થોડી છે, પરંતુ સોનાની ખાણો પુષ્કળ છે. આ યૂકન પ્રાંતની જાહેરખબર સભ્ય દુનિયામાં ફેલાવવી એ પણ આ પ્રદર્શનનો એક ઉદ્દેશ છે."

ઉક્ત છોકરો ઉંઘવા લાગ્યો હતો, તેથી તેના પિતાએ તેને સુવાડી દીધો, પરંતુ અમે તેની વાત ધ્યાનપૂર્વક સાંભળતા હતા તેથી તે અમને સંબોધીને કહેવા લાગ્યો:—

"આપ લોકોને આ વાતચીતમાં રસ પડે છે ને?"

હું બોલ્યો:—"અવશ્ય; પૅસિફિકનું નામ આ પ્રદર્શનની સાથે શા માટે જોડવામાં આવ્યું છે તે આપ જણાવશો?"

કૅનેડિયન:—"પૅસિફિકનું નામ જોડવામાં ઘણો અર્થ રહેલો છે. પ્રથમ ઉદ્દેશ તો એ છે કે પૅસિફિક મહાસાગરમાં જે દ્વીપો આવેલા છે અને તેને કિનારે જે દેશો આવેલા છે તેમનામાં પરસ્પર વ્યાપાર વધારવાનો પ્રયત્ન કરવો; બીજો ઉદ્દેશ એ છે કે પૅસિફિકના કિનારાપર વૉશિંગ્ટન, કેલિફૉર્નિયા, ઑરેગન આદિ અમેરિકાનાં જે સંસ્થાનો આવેલાં છે તેની ઉપજ અને ધનધાન્યની જાહેરખબર અમેરિકાનાં

પૂર્વ તરફનાં સંસ્થાનોમાં ફેલાવવી, કે જેથી ત્યાંના સારા લોકો અહીંઆં આવીને વસે; ત્રીજો ઉદ્દેશ એ છે કે પૅસિફિક મહાસાગરની સાથે સંબંધ ધરાવતી જે જાતિઓ છે તેમનો પરસ્પર મેળાપ વધારવો. આ પ્રકારે પૅસિફિક શબ્દની વિસ્તૃત વ્યાખ્યા છે."

આ સાંભળી મેં કહ્યું:—"તો શું આ સર્વ ઉદ્દેશો આ પ્રદર્શનથી ફળીભૂત થશે?"

કૅનેડિયન:—"અવશ્ય, પ્રદર્શનમાં દૂર દૂરથી લોકો આવશે. તેઓ આવીને ખુદ પોતાની નજરે સર્વ ચીજો જોશે. તપાસ કરશે. એક બીજાને મળીને પોતાની ખાત્રી કરશે. આપ જાણો છો કે એથી ઘણી ભૂલો દૂર થઇ જશે. આ પ્રાંતના લોકો ઇતર પ્રાંતના લોકોને મળીને ઘણી વાતોનો અહીંઆંજ ફેંસલો કરી નાખશે. ચીન જાપાનથી લોકો આવશે. અમેરિકનોની સાથે તેમને થોડોક અણબનાવ છે તે દૂર થઇ જશે, કારણ કે તેમને એકબીજાની સાથે મિત્રતા રાખવાથી કેટલો લાભ છે તે પ્રદર્શનદ્વારા તેઓ સમજી શકશે. પરસ્પર પ્રેમ રાખવાથી કેટલો વ્યાપાર વધી શકશે તે તેમના જાણવામાં આવશે. અહીં વૅંકોવરમાંજ હાલમાં ત્રણ મહિનાથી જમીનની કિમ્મત કેટલી વધવા લાગી છે તે જુઓને! એનું કારણ શું? કારણ એ છે કે પ્રદર્શનમાંથી લોકો અહીંઆં ફરવા આવે છે, જમીન જુએ છે અને સારી જોઇને ખરીદે છે. આ પ્રદર્શનથી અમેરિકનોને તો લાભ થશેજ; પરંતુ કૅનેડિયનોને પણ ઘણો લાભ થશે. અમેરિકાની બરાબરીનો કૅનેડા દેશ છે. અમેરિકામાં આઠ કરોડની વસ્તી છે અને કૅનેડામાં હજી સાઠ લાખની પણ વસ્તી નથી. કૅનેડાની વસ્તી વધે અને લોકો આવીને તેમાં વસે એવી અમારી ઇચ્છા છે. આ પ્રદર્શનથી ઘણા લોકો કૅનેડામાં પણ આવશે. કૅનેડાની વસ્તી વધશે. જંગલ કપાશે અને શહેરો સ્થાપિત થશે. દેશનો વ્યાપાર વૃદ્ધિંગત થશે અને અમારે ઘી કેળાં થશે."

મુન્શીરામે મને કહ્યું કે એકવાત હું પણ પૂછી લઉં! મેં કહ્યું કે પૂછો. તેણે તે કૅનેડિયનને કહ્યું:—

"વારૂ સાહેબ, આ દેશની વસ્તી આટલી બધી ઉતાવળથી વધારવાની ફિકરમાં આપ શામાટે પડયા છો? એટલી બધી શી ઉતાવળ છે કે આપ બહારથી લોકોને બોલાવી બોલાવીને દેશને આબાદ કરવાની ચિંતા કર્યા કરો છો?"

આ પ્રશ્ન સાંભળી તે કૅનેડિયન સ્મિત કરીને બોલ્યો:—

"આપ લોકો હિંદુસ્તાનથી આવો છો ને? તેથીજ આવો પ્રશ્ન પૂછો છો. તે દેશમાં લોકો ભૂખે મરે છે. વસ્તી વિશેષ છે અને દેશ નાનો છે. વળી લોકો વૈજ્ઞાનિક પ્રણાલીથી ખેતી કરી જાણતા નથી. તે દેશમાં વિદ્યાહુન્નર નથી. લોકોને વિજ્ઞાનનો પૂણ અનુભવ નથી. જ્યારે અહીં તો ઉલટું અન્ન પુષ્કળ છે, ભૂમિ અત્યંત ફળદ્રૂપ છે, અને વસ્તી થોડી છે. આપ જાણો છો કે દેશની સંપત્તિ મહેનત કરનારા માણસો વિના વધી શકતી નથી. કરોડો એકર જમીન પડતર પડી છે તે દેશને કાંઈ પણ લાભ કરતી નથી. લોકો આવીને વસે તોજ આમદાનીના માર્ગ નીકળે. વસ્તી વધે તો અમે મોટાં મોટાં કારખાનાં ખોલી શકીએ; અમારી બનાવેલી વસ્તુઓ સમગ્ર જગતમાં વેચાવાને જાય; રૂપીઆ આવે, દેશ સંપત્તિવાન થાય અને અમે એક મહાન જાતિ બની જઇએ. જો હાલનો ઇંગ્લાંડની સાથેનો અમારો સંબંધ તૂટી જાય તો યૂનાઇટેડ સ્ટેટસ્ તરતજ કૅનેડાને પોતાની સાથે જોડી દે. અમે અમેરિકનોની સામે ટકી શકીએ નહિ. એક તો અમારી પાસે દ્રવ્ય ન હોવાથી લડાઈનાં વહાણો નથી, બીજું અમારી વસ્તી થોડી હોવાથી સૈનિકો પણ ક્યાંથી મેળવી શકીએ? એટલામાટે અમારે અમારા દેશની વસ્તી વધારી શ્રીમંત અને સુસંપન્ન બનવું જોઇએ, કે જેથી જગતમાં અમારી પણ એક મહાન જાતિ

બને અને ઇતર જાતિઓનો અમને ડર રહે નહિ. ”

આ વાર્તાલાપથી ઘણી વાતો અમારા જાણવામાં આવી. મનમાં તો વિશેષ પ્રશ્નો પૂછવાનો ભાવ હતો, પરંતુ રાત અધિક ગઈ હતી અને તે ભલા માણસને નિદ્રા લેવી હતી; એટલા માટે અમે તેને ધન્યવાદ આપીને સુવાની તૈયારી કરી અને અમારા શયનગૃહમાં જઇને સૂઇ ગયા.

આગબોટ નાચતી નાચતી ચાલતી હતી. પ્રાતઃકાળનો શીતળ સ્વચ્છ પવન શરીરને પુલકિત કરતો હતો. ભગવાન સૂર્યદેવનાં સુવર્ણમય કિરણો તુતકપર ઉભેલા પ્રવાસીઓને સિયેટલ નગર તરફ આહ્વાન કરતાં હતાં. પૅસિફિક મહાસાગર પણ આગબોટની સાથે ખેલતો મંદ મંદ સ્મિત કરતો હતો અને તે સ્મિતમાંની રંગબેરંગી ઇન્દ્રધનુષની આભા પ્રવાસીઓનાં મન હરણ કરી લેતી હતી.

અમે તે સુંદર દૃશ્યનો આનંદ લૂંટતા તથા પ્રાણાયામીય શ્વાસથી નિરોગી પવનનું સેવન કરતા સિયેટલ જઈ પહોંચ્યા. ડક્કા ઉપર ઘણા માણસો પોતાના ઇષ્ટમિત્રોની રાહ જોતા ઉભા હતા, અને આગબોટ તરફ પ્રેમભરી દ્રષ્ટિ નાખી રહ્યા હતા. ત્યાં મારા મિત્ર બિહારીલાલ પણ ઉભા હતા. સીડી મૂકાતાંજ લોકો નીચે ઉતરવા લાગ્યા. અમે પણ ઉતરી પડચા. બિહારીલાલ અમને જોતાંજ દોડી આવ્યા અને હસીને બોલ્યાઃ—

“ આહા કૃષ્ણ ! આપ આવી પહોંચ્યા ! હું એક કલાકથી ઉભો ઉભો રાહ જોઉં છું. ”

મેં સ્મિત કરી કહ્યુંઃ–“ હિંદુસ્તાનીઓની મૂળ રીતજ પકડીને ! ભલા, એક કલાકથી હેરાન થવાની શી જરૂર હતી ? સ્ટીમરનો સમય તમને માલૂમ ન હોય તો ટેલિફોન કરીને પૂછી શકત અને યથાર્થ સમયે આવત. ”

મુન્શીરામ ( હસીને ):-" ત્યારે બિહારીલાલનો પ્રેમ શી રીતે પ્રદર્શિત થાત ?"

મેં કહ્યું:-" ઠીક, ચાલો પ્રેમી, હવે પ્રદર્શન બતાવો." હાસ્ય ઠઠ્ઠા કરતા અમે ત્રણે જણ થઈ એવિન્યુપર આવ્યા. અહીંથી પ્રદર્શનમાં જવા માટે ગાડી મળતી હતી. માર્ગમાં સ્થળે સ્થળે અમે આ જાહેર-ખબર મોટા અક્ષરે લખેલી જોઇ:-

# Seattle day

*Sep. 6*

**I will be there 2,00,000 strong.**

મેં બિહારીલાલને પૂછ્યું:-" આનો અર્થ શો ?"

બિહારીલાલે સમજાવવા માંડ્યું:—

" જ્યારથી પ્રદર્શન ખુલ્લું મૂકાયું છે ત્યારથી તેના અધિકારીઓ જાતજાતના દિવસો રાખે છે. આપ જાણો છો કે પહેલી જૂનથી સોળમી અક્ટોબર સુધી અર્થાત્ સાડાચાર મહિના પ્રદર્શન રહેવાનું છે. આ સાડાચાર મહિના શી રીતે વ્યતીત કરવા ? આ સાડાચાર મહિના વ્યતીત કરવાને માટે એવી પ્રણાલી રાખવી જોઇએ કે સર્વ પ્રકારના માણસો આકર્ષિત થાય અને તેમનું મન કંટાળી જાય નહિ. એટલા-માટે આવા આવા દિવસો નિયત કરવામાં આવ્યા છે. Grocer's Day-ગાંધીઓનો દિવસ. તે દિવસે સમગ્ર શહેરના ગાંધીઓ આવશે. Japanese Day-જાપાનીઓનો દિવસ. તે દિવસે પૅસિફિક તટ-પરનાં સર્વ સંસ્થાનોમાં વસતા સમસ્ત જાપાનીઓ આવશે. Farmers' Day-ખેડુતોનો દિવસ. એ દિવસે સર્વ ખેડુતો એકત્ર થશે અને પ્રદર્શનનો આનંદ લૂંટશે. આજે સિયેટલનિવાસીઓનો દિવસ છે. આ વિજ્ઞાપન પ્રત્યેક સિયેટલનિવાસીને કહે છે કે મેળામાં આજે કોઈ

પણ પ્રકારે એ લાખથી ઓછાં માણસો થવાં જોઇએ નહિ. સર્વ માણસે આવવું જોઇએ. એમ કરવાથીજ સિયેટલનિવાસીની લજ્જા રહેશે. એટલા માટે જુઓ પાંચ પાંચ મિનિટના અંતરે વિજળીની ગાડીઓ ખીચોખીચ ભરાઇને પ્રદર્શન તરફ દોડી રહી છે."

મેં પ્રફુલ્લિત વદનથી કહ્યું:-"શાબાશ! હવે તો તમે હોશિયાર થતા જાઓ છો, બિહારીલાલ!"

બિહારીલાલ (હસીને):-"યુનિવર્સિટીમાં અભ્યાસ કરીને પણ હોશિયાર ન થઇશ તો કેવી રીતે થઇશ?"

મુન્શીરામ (બિહારીલાલની પીઠ ઠોકીને):-"શાબાશ! પરંતુ સાવધાન રહેજો, હજી પુષ્કળ સવાલ જવાબ થવાના છે. પ્રદર્શન આવવા દો."

બિહારીલાલ:—"હું તૈયારજ છું."

આ પ્રકારે વાતચીત કરતા અમે ગાડીપર ચઢી ગયા. અંતે અમે પ્રદર્શનની સમક્ષ આવી પહોંચ્યા. બે મોટા મોટા સ્તૂપોની વચ્ચે રંગબેરંગી ધ્વજાઓ સૌથી પ્રથમ જોવામાં આવી. અમેરિકા, જાપાન, ઇંગ્લાંડ આદિ સ્વતંત્ર દેશોની એ જાતીય પતાકા હતી. એ પતાકાની નીચે મોટા અક્ષરે (Seattle Day) 'સિયેટલનો દિવસ' ફરકી રહ્યો હતો.

ત્રણ અર્ધચંદ્રાકાર દરવાજામાં થઇને સ્ત્રી, પુરૂષ તથા બાલક અંદર જતાં હતાં. અમે પણ પહેલા દરવાજા બહાર જે ત્રણ દુકાનો હતી ત્યાંથી પચાસ પચાસ *સેંટનો એક એક શિક્કા લઇ લીધો અને અંદર પ્રવેશ કર્યો.

---

* પ્રત્યેક પ્રેક્ષક પોતપોતાનો શિક્કો લઈ દ્વારપર જતો અને ત્યાં રાખેલી એક પેટીમાં તે શિક્કો નાખી દેતો, ત્યારે દ્વારપાલ ચક્ર ફેરવી તેને અંદર જવાની આજ્ઞા કરતો. લેખક.

સૌથી પ્રથમ અમે ×પેસ્ટ્રીટ તરફ ગયા, કારણુ કે બહુ ભીડમાં ઇમારતો જોવાની મઝા પડતી નથી. ઇમારતોમાં સર્વે ચીજો શાંતિથી જોવાની હોય છે. પ્રેક્ષકો સૌથી પ્રથમ ઇમારતોપરજ તૂટાતૂટ કરશે એમ ધારી અમે પેસ્ટ્રીટ તરફ ચાલ્યા.

અહીં કેવું મનોહર દૃશ્ય હતું ! નાના નાના ક્યારાઓમાં વિજળીની રોશનીવાળા બલ્બ ( bulbs ) અતિ ચતુરતાપૂર્વક ગોઠવવામાં આવ્યા હતા. યદ્યપિ આ સમયે દિવસ હતો અને વિજળીની રોશની હતી નહિ, તોપણુ તેની સજાવટ મનોહર લાગતી હતી. નાનાં વૃક્ષોપર ફૂલોની પેઠે વિજળીના દીપક લટકી રહ્યા હતા. મેં મુન્શીરામને કહ્યું:–" રાત્રે આ દીપકો કેવો ચમત્કાર કરશે ! " બિચારા મુન્શીરામ આશ્ચર્યમુગ્ધ બની ગયા હતા. તેમણે કદિ પણ પ્રદર્શન જોયું નહોતું.

અસ્તુ. અમે પેસ્ટ્રીટમાં આવી પહોંચ્યા. લોકોનું ધન હરવાને માટે અહીં જાતજાતના તમાશા રચવામાં આવ્યા હતા. એક અતિ મોટું ચકડોળ જેવું ચક્ર હતું તેની સાથે પારણાં લટકતાં હતાં; તે પ્રેક્ષકોને ઉંચે લઇ જતું અને પ્રદર્શનનો દેખાવ દર્શાવતું હતું. તે પર આરૂઢ થવાના દશ આના આપવા પડતા હતા. જાપાનીઓ અને ચીનાઓની બજાર પણુ અમારા જોવામાં આવી. તેમાં ચીન અને જાપાનની જાત જાતની કારીગરીની ચીજો વેચવાને માટે તૈયાર હતી. વળી તેમણે પોતપોતાની નાટકશાળાઓ પણુ ઉભી કરી હતી અને તેમાં તેઓ ખેલ કરતા હતા.

અમેરિકન લોકોએ ધન કમાવાના હેતુથી જાતજાતના સ્વાંગ બનાવ્યા હતા. એક સ્થળે ( Scenic Alaska ) ' એલાસ્કા દર્શન '

× Pay street માં હરેક પ્રકારના ખેલ તમાશા થતા હતા. લેખક.

નામની ઇમારત હતી તેમાં ચાર પાંચ ચક્રાવાયુક્ત નહેરો આવેલી હતી. તેમાંનું પાણી એક ચક્રના જોરથી વહેતું હતું. એક નાનીશી નૌકામાં ચાર પાંચ પ્રેક્ષકો બેસી જતા હતા અને તે એ ચક્રાવામાં ફરતી હતી. નહેરની આસપાસ માટીવતી એલાસ્કાના હિમગિરિનાં દશ્યો બનાવવામાં આવ્યાં હતાં. બસ, આટલા દશ્યનાજ પાંચ આના લઇ લેતા હતા! એક સ્થળે રુશિયા, એલાસ્કા, ન્યુઝીલાંડ આદિ દેશોના એસ્કીમો લોકોને એકત્ર કરવામાં આવ્યા હતા. તેમની ઝુંપડીઓ તેમની જીવનપ્રણાલી દર્શાવતી હતી. બીજે સ્થળે ફિલિપ્પાઇન દ્વીપના ઇગ્રોટો લોકોને લાવીને રાખ્યા હતા. આ જંગલી લોકો નગ્નાવસ્થામાં રહે છે અને કુતરાનું માંસ ખાય છે. આ સર્વ માણુસોને અહીં તમાશાને માટે રાખવામાં આવ્યા હતા. નિઃસંદેહ અહીંના લોકોને એ અતિ આશ્ચર્યકારક પ્રાણી લાગે છે, પરંતુ અમને એ સર્વ જંગલી જાતિઓનું નાચવું કૂદવું સારૂં લાગ્યું નહિ.

પેસ્ટ્રીટમાં ઘણે સ્થળે લોકો પોતાના પૈસા ખર્ચી આનંદ મેળવત હતા, પરંતુ અમે તો દોઢ રૂપિઓ ખર્ચી એક સ્થળેથીજ સર્વ આનંદ લૂંટી લીધો. અમે આ સ્થળે માનીટર અને મેરીમેકનું જલયુદ્ધ જોયું. આ જલયુદ્ધનું વર્ણન આ પ્રમાણે છેઃ—

૧૮૬૦ માં જ્યારે યુનાઇટેડ સ્ટેટસના ઉત્તર અને દક્ષિણભાગની વચ્ચે હબસીઓની ગુલામગીરીના સંબંધમાં દારુણ યુદ્ધ શરૂ થયું ત્યારે ઉત્તર ભાગના લોકોએ દક્ષિણ ભાગના લોકોને યૂરોપથી કોઇ પણ પ્રકારની સાહાય્ય મળતી અટકાવવાને માટે તેમનો જળમાર્ગ બંધ કરી દીધો. તે યુદ્ધમાં દક્ષિણ ભાગનાં સંસ્થાનોની સરકારે મેરીમેક નામનું એક લોઢાનું લડાયક વહાણ બનાવ્યું હતું. તે વહાણે એકજ દિવસના યુદ્ધમાં પ્રતિપક્ષીઓનાં સારાં સારાં બે વહાણો નષ્ટ કરી દીધાં અને

તેમ બનવું સ્વાભાવિકજ હતું; કારણ કે મેરીમેક તે સમયમાં સૌથી નવીન પ્રકારનુંજ લોઢાનું વહાણ હતું. હજી સુધી લાકડાના વહાણથીજ જલયુદ્ધ કરવામાં આવતું હતું. આ મેરીમેક તૈયાર થયાની ખબર ઉત્તર ભાગના લોકોને પણ મળી ચૂકી હતી. આથી તેમણે માનીટર બાંધવા માંડયું હતું, પરંતુ તે બરાબર સમયે જઇ શક્યું નહોતું. બીજે દિવસે જ્યારે મેરીમેક પુનઃ યુદ્ધ કરવાને આવ્યું ત્યારે તેણે પોતાની સામે એક નાનું સરખું લડાયક વહાણ ઉભું રહેલું જોયું. એ માની-ટર હતું. હવે અત્યંત દારુણ યુદ્ધ થયું અને નાના માનીટરે પોતાના શત્રુને ખૂબ હંફાવ્યો.

આ યુદ્ધનીજ નકલ અમને દેખાડવામાં આવી હતી. નકલ શા માટે, અસલ યુદ્ધજ હતું! સમુદ્ર, તેમાં ફરતાં વહાણો, તોપોનું ફૂટવું, જહાજોમાં આગ લાગવી, તેમનું ડૂબી જવું, પ્રથમ દિવસે મેરીમેકનુ વિજય પ્રાપ્ત કરીને પાછા ફરવું, રાત્રિનો અંધકાર, સૂર્યોદય થઇ દિવસ ચઢવો, માનીટરનું આગમન, તેની અને માનીટરની વચ્ચે યુદ્ધ થવું, ધડાધડ તોપોનું છૂટવું, માનીટરનો વિજય, આ સર્વ દેખાવો આબેહુબ દેખાડવામાં આવ્યા હતા! હાલતાં ચાલતાં ચિત્રો ( Moving Pictures )ની પ્રણાલીપર આ યુદ્ધની રચના કરવામાં આવી હતી.

અમે ત્રણે જણ આ જલયુદ્ધ જોઇને અવાક્ બની ગયા. અમે આ દૃશ્ય આખી ઉમ્મર ભૂલીશું નહિ. અમે દોઢ રૂપીઓ આપ્યો, પરંતુ જીવને સંતોષ થયો અને ધાર્યા કરતાં પણ ઘણું અધિક મેળવ્યું હતું એવી અમારી ખાત્રી થઈ.

સાતમી સપ્ટેમ્બરને દિવસે પ્રાતઃકાલનાં કાર્યોથી નિવૃત્ત થઇ ખાઇ પી પરવારી પ્રાયઃ દશ વાગે હું અને મુન્શીરામ એ બન્ને પ્રદર્શન જોવાને ગયા. બિહારીલાલ કોઇ અન્ય કામને લીધે અમારી સાથે આવી શક્યા નહિ અને અમને તેમની કાંઇ ઝાઝી આવશ્યકતા પણ નહોતી.

આજે સર્વ મોટી મોટી ઇમારતો જોવાનો વિચાર હતો. અમે આરંભથી એક એક ઇમારત જોવાનો તથા આખો દિવસ અને રાતના દશ વાગ્યા સુધી પ્રદર્શનનો આનંદ લૂંટવાનો નિશ્ચય કર્યો. આજે અમે પ્રદર્શનનો પૂરેપૂરો લ્હાવો લેવાનોજ વિચાર કર્યો હતો.

મુખ્ય દ્વારમાં જતાં જમણી તરફ જે રસ્તો જતો હતો તે પેસ્ટ્રીટમાં જવાનો માર્ગ હતો. જરા આગળ જમણી અને ડાબી બાજુ તરફ બે વિશાળ ભવન હતાં; એક એડિટોરિયમનું અને બીજું ફાઇન આર્ટસનું. એ બે ભવનોની વચ્ચે 'યુગેતપ્લાઝા' નામનું એક રમ્ય સ્થાન હતું, ત્યાં લીલુછમ ઘાસ આંખોને આનંદિત કરતું હતું. તેની વચ્ચે મહાત્મા વૉશિંગ્ટનની દીર્ઘકાય મૂર્તિ ઉભી હતી. અમે પ્રથમ ફાઇન આર્ટસ ભવનની અંદર ગયા.

પ્રદર્શનની સમાપ્તિ થયા પછી સાત ભવનો વૉશિંગ્ટન સ્ટેટ યુનિવર્સિટીને મળનાર છે, અને ફાઇન આર્ટસભવન તેમાંનું એક છે. તેમાં એ યુનિવર્સિટીનો કેમિસ્ટ્રી હૉલ બનનાર છે. આ ઇમારતપર સરકારે ૭ લાખ રૂપીઆ ખર્ચ્યાં છે.

આ ભવનની અંદર ફ્રાન્સ, ઇટલી, જર્મની, ઇંગ્લાંડ આદિ દેશોના નિપુણ ચિત્રકારોનાં તૈલચિત્રો રાખવામાં આવ્યાં હતાં. આ સ્થાનમાં મહિનાના મહિના વ્યતીત કરીએ તોપણ આનંદ ખૂટે એમ નહોતું. અમે એક કલાકમાં તે શું જોઇ શકીએ ? અમારી દ્રષ્ટિ સન્મુખ એકથી એક ચઢતાં ચિત્રો આવી રહ્યાં હતાં ! પર્વતો અને જંગલોના દેખાવ, નદી અને સમુદ્રના કિનારા, ઘેટાં અને ગાયોના ગોવાળો, આ સર્વ જીવતાં જાગતાં હોય તેવી રીતે પ્રેક્ષકોનાં મન હરતાં હતાં ! કેટલેક સ્થળે સુંદર રમણીઓ પોતાની અલૌકિક પ્રાકૃતિક છટામાં ચિત્રકારના ઉજ્જવળ ગુણો દર્શાવતી હતી; કોઇક સ્થળે શૂરવીર સુભટો રણવીરોને વીરરસનું પાન કરાવતા હતા; કેટલેક સ્થળે પ્રિયતમો પોતાની પ્રિયાના

આપેલા પ્રેમરસનો આસ્વાદ લઇ રહ્યા હતા! સર્વ પ્રકારના ભાવો, સર્વ પ્રકારનાં જીવન અત્ર વિદ્યમાન હતાં. જે ચિત્ર જેને અધિક પ્રિય લાગતું હતું, જે દશ્ય જેને અધિક રૂચતું હતું, તેની સામે તે અનિમિષ નેત્રે જોતો પુતળાની પેઠે ઉભો રહેતો હતો અને મનમાં કહેતો હતો કે "આ ચિત્ર મને મળી જાય તો કેવું સારૂં!"

ફાઇન આર્ટસ ભવનમાંથી બહાર નીકળી અમે ઍડિટોરિયમમાં ગયા. આ ભવન પણ ઇંટોથી પાકું બાંધવામાં આવ્યું છે અને તેની ઉપર નવ લાખ રૂપીઆ ખર્ચ્યા છે. પ્રદર્શન પૂરૂં થયા પછી આ પણ વૉશિંગ્ટન યુનિવર્સિટીની મિલ્કત થઇ જશે. એમાં અઢી હજાર માણસો બેસી શકે એટલી જગ્યા છે. ઇતર પાકી બાંધણીની ઇમારતોની પેઠે એ પણ 'ફાયર પ્રુફ' (આગ્ન સંરક્ષક) બનાવવામાં આવી છે.

એડિટોરિયમમાંથી નીકળીને અમે પુનઃ મુખ્ય દરવાજાવાળી સડકે ચાલ્યા. તે માર્ગમાં 'યુગેતપ્લાઝા'ની આગળ ઓલિમ્પિક પ્લેસની ક્યારી હતી; એની જમણી બાજુએ 'એલાસ્કાભવન' અને ડાબી બાજુએ યુનાઇટેડ સ્ટેટ્સ ગવર્મેન્ટ ભવન હતું. પ્રેક્ષકો ગવર્મેન્ટ ભવન-વિષે પુષ્કળ ચર્ચા કરતા હતા, તેથી અમે પ્રથમ તેમાંજ પ્રવેશ કર્યો.

એ ભુવન ગુંબજના આકારનું હતું અને તેમાં ઝરૂખા પણ આવેલા હતા. પહેલા ઝરૂખાના બે ભાગ હતા. એક ભાગમાં અમેરિકન લોકોના શિક્ષણને માટે સરકારે લાઇટ હાઉસનું ભ્રમણ તથા જલભાગમાં શત્રુઓથી રક્ષા કરવાના ઉપાય દર્શાવ્યા હતા. વળી અહીં અમેરિકાના મોટા મોટા વિખ્યાત દેશભક્તોનાં ચિત્રો પણ લટકતાં જણાયાં. બીજી તરફ શિક્કા બનતા હતા અને છપાતા હતા. અહીં અમેરિકાનાં જંગલોની ઘણી મોટી મોટી તસ્વીરો હતી અને સરકારના જંગલ ખાતાની કાર્યવાહી સારી રીતે દર્શાવવામાં આવી હતી. એક તરફ પ્રાચીન પ્રણાલીનાં જહાજો રાખવામાં આવ્યાં હતાં અને તેનો

આધુનિક જહાજોની સાથે મુકાબલો કરવામાં આવ્યો હતો.

બીજા ઝરૂખાપર યુદ્ધ ખાતાનો સામાન હતો. ૧૭૮૫થી આજ-પર્યંતની અમેરિકન સરકારના આ ખાતાની સર્વ દર્શનીય સામગ્રી અહીં રાખવામાં આવી હતી. પ્રેક્ષકોના શિક્ષણને માટે ગત શતાબ્દીની તોપો, સૈનિકોના પોશાક, લડાયક જહાજો એ સર્વ રાખવામાં આવ્યાં હતાં અને તેમની સાથે સાથેજ આધુનિક પ્રણાલીના નમુના સંપૂર્ણરૂપમાં દર્શાવવામાં આવ્યા હતા. ભયંકર ડ્રેડનોટ પણ ત્યાં અમારા જોવામાં આવી. આ ડ્રેડનોટ જળની ઉપર તરતી હતી. આ સર્વ વસ્તુઓ અમેરિકન સરકારે પોતાની પ્રજાની આંખો ખોલવાને માટે અહીં રાખી હતી. આ દુર્દમનીય જળયાનોને જોઇને નાનાં નાનાં બાળકો પોતાની માતાઓને જાતજાતના પ્રશ્નો પૂછતા હતા અને માતાઓ પણ હસતી હસતી પોતાનાં સંતાનોને પોતાની જાતિનું ગૌરવ નિવેદન કરતી હતી. પરંતુ મારા મુખમાંથી તો એજ શબ્દો નીકળતા હતા કે, “ આ રુદ્રરૂપ યંત્રોનો અંત ક્યાં આવશે ? ”

ત્રીજા ઝરૂખાપર અમેરિકન સરકારના પોસ્ટ ખાતાનો સામાન, ન્યાય ખાતાનો સામાન તથા કેળવણી ખાતાનો સામાન રાખેલો હતો. તે સિવાય મન હરણ કરનારો એક બીજો વિભાગ હતો, તેને ‘મત્સ્ય-વિભાગ’ કહેવો અનુચિત થઇ પડશે નહિ. એમાં દરેક પ્રકારની માછ-લીઓ જોવામાં આવી. દિવાલની લગોલગ સ્વચ્છ જલના નાના નાના કુંડો હતા અને તેની ઉપર આરસા આવી રહેલા હતા. યંત્રદ્વારા કુંડોમાં પાણી આવતું જતું હતું, આ કુંડોમાં રંગબેરંગી માછલીઓ તરતી હતી. આ કુંડો એવી યુક્તિથી બનાવવામાં આવ્યા હતા કે આપણને બરાબર દરિયાનોજ બોધ થાય. ઉપરથી પ્રકાશ પડતો હોવાથી પ્રેક્ષકો માછલીઓનું એક એક અંગ સારી રીતે જોઇ શકતા હતા. હું આ સર્વ જોઇને અતિ પ્રસન્ન થયો. જે પ્રાણીઓને અમે કોઇ પણ પ્રકારે

જોઇ શકત નહિ તેને આજે અમે સહેલાઇથી સારી રીતે જોઇ શક્યા અને તે પણ આવી ઉત્તમ વ્યવસ્થામાં.

અહીંથી નીકળીને અમે ‘એલાસ્કાભવન’ માં ગયા. એલાસ્કાની ખાણો સુપ્રસિદ્ધ છે. ત્યાંની મોટી મોટી સુવર્ણની ઇંટો અમારા જોવામાં આવી; ખાણોમાંથી નીકળેલા અન્ય ધાતુમિશ્રિત સોનાના મોટા મોટા ટુકડા અમારા જોવામાં આવ્યા. નિકટમાંજ એક યંત્રવડે મિશ્રિત સુવર્ણને જુદું પાડવામાં આવતું હતું. બીજી તરફ એલાસ્કાનાં જાનવરોનાં ચામડાંના કિંમતી જથ્થા લટકી રહ્યા હતા. એ ચામડાં પહેરવામાં વીસમી શતાબ્દીના સભ્ય લોકો પોતાનું ગૌરવ માને છે. એક તરફ ‘એલાસ્કા દર્શન’ નામનો ઓરડો હતો, તેની અંદર અમે પ્રવેશ કર્યો.

ત્યાં શું શું અમારી દ્રષ્ટિએ પડયું ? ચંદ્રમા શોભી રહ્યો છે. હિમાવૃત્ત પર્વતશ્રેણીઓ ચંદ્રપ્રકાશમાં અવર્ણનીય શોભા આપી રહી છે. સામે ઘાટો અને જંગલો આવી રહ્યાં છે. અરે આ શું ? ચંદ્રમા ધીમે ધીમે અસ્તાચલમાં જઇ રહ્યો છે. આનો તો અસ્ત પણ થઇ ગયો. પ્હો ફાટવા લાગ્યો. ધીમે ધીમે પ્રકાશ થતો જાય છે, અને ઘાટોમાં શ્વેત હિમ ચળકવા લાગે છે. આ શું જાદુ છે ? આ શું ઇંદ્રજાળ છે ? હું આવા વિચાર કરી રહ્યો હતો એવામાં દ્વારપાલે અમને બીજા દ્વારથી બહાર કાઢી મૂકયા.

ઘડીયાળમાં જોયું તો ત્રણ વાગી ગયા હતા. “આવો ભાઇ મુન્શીરામ, જરા આરામ કરી લઇએ’ એમ કહી હું મુન્શીરામની સાથે એક બેંચપર બેસી ગયો. અમારી પાછળ ગવર્મેંટ ભવનની બરાબર સામે કારિન્થિયન સ્તૂપ ઉભો હતો તેજ લાઇનમાં જલપતન ( Caseades ) અને ઉત્તર વૃત્ત ( Aretic Circle ) હતાં. ત્રણ સ્થાનોમાં થોડી થોડી ઉંચાઇથી પાણી એક બીજા જલકુંડમાં પડીને ઉત્તર વૃત્તમાં જતું હતું અને તેની વચ્ચેથી એક મોટો ફુવારો ઉડી જલવર્ષા કરતો

હતો. અમે આ મનોહર દૃશ્ય અર્ધો કલાક સુધી જોતા રહ્યા. ત્યાર પછી અમે 'યુરોપિયન બિલ્ડીંગ' જોવાને ગયા.

જલપતન અને ઉત્તર વૃત્તની બન્ને બાજુએ ચાર મોટાં મકાન હતાં. જમણી બાજુએ યુરોપિયન અને એગ્રીકલ્ચરલ બિલ્ડીંગ તથા ડાબી બાજુએ ઓરિયન્ટલ અને મેન્યુફેક્ચરિંગ બિલ્ડીંગ હતી.

યુરોપિયન ભવનમાં જર્મની, ફ્રાન્સ, ઑસ્ટ્રિયા, ઇટલી, તુર્કસ્તાન આદિ દેશોની કારીગરીના નમૂના મોજુદ હતા. ખરીદી અને વેચાણનું કામ પણ ચાલતું હતું. જર્મનીમાં બનેલાં રમકડાં છોકરાંઓ અતિ પ્રેમથી ખરીદતાં હતાં. આ ભવન ઘણી સારી રીતે અમે જોયું અને ત્યાર પછી એગ્રીકલ્ચરલ ( ખેતીવાડી સંબંધી ) ભવનમાં પ્રવેશ કર્યો.

અહીં દરેક પ્રકારનાં ફળ જોવામાં આવ્યાં. સેબફળ, દાડમ, સંત્રાં, નારંગી, ખડબૂચાં, તરબુચ આદિ સર્વ ફળો જે જે પ્રાંતમાં થતાં હતાં તે તે પ્રાંતમાંથી મંગાવીને અત્ર રાખવામાં આવ્યાં હતાં. આથી કયા પ્રાંતમાં કયું ફળ થાય છે તે પ્રેક્ષક જાણી શકતો હતો, અને કયી ભૂમિ ફળદ્રૂપ છે તથા કયી ભૂમિ ફળદ્રૂપ નથી તેનો તેને બોધ થતો હતો. આજ પ્રકારે જુદી જુદી જાતના અનાજની પણ વ્યવસ્થા હતી. વૈજ્ઞાનિક પ્રણાલીથી ખેતી કરવાથી અનાજમાં કેવો સુધારો થઇ શકે છે તેનાં ઉદાહરણો અહીં હાજર હતાં.

મુન્શીરામે આ સર્વ જોઇ આશ્ચર્યચકિત થઈ મને કહ્યું:–" આ સર્વ વસ્તુઓ જોઇને આપણને કેટલું બધું શિક્ષણ મળે છે ? "

" બેશક ઘણું. આ સર્વ વસ્તુઓનું જ્ઞાન કૃષિકારોને કેટલું બધું ઉપયોગી છે ? અહીંઆંના કૃષિકારોએ આ ભવનમાં આવી કેટલો બધો લાભ મેળવ્યો હશે ? "

" અફસોસ ! આપણો પણ એક દેશ છે કે જેમાં લોકો અંધકારમાં પડીને જીંદગી વ્યતીત કરે છે. પુરાણા બળદ અને પ્રાચીન

હળથી જે કાંઈ થોડું ઘણું ઉત્પન્ન થાય તે પરજ સંતોષ માની તેઓ ભૂખે દિવસ વ્યતીત કરે છે. તેઓ બિચારા એમ ધારે છે કે તેમના ભાગ્યમાંજ એવું લખ્યું છે! ભાગ્યદોષથીજ ભૂમિ ઓછી ફળદ્રૂપ હોવાનું તેઓ માને છે; પરંતુ તેઓ જાણુતા નથી કે અવિદ્યાના કૂપમાં પડી રહેવાથી તેમની આવી દુર્ગતિ થયેલી છે. વૈજ્ઞાનિક પ્રણાલીથી તેમની જમીન ખેડવામાં આવે તો તેજ ભૂમિ અધિક ફળદ્રૂપ બની શકે એમ છે.

"પરંતુ તેમને વૈજ્ઞાનિક પ્રણાલી શીખવે કોણ ?"

"જેવી રીતે અહીંની સરકાર કરોડો રૂપિયા ખર્ચીને કૃષિકારોને શિક્ષણ આપે છે તેવી રીતે આપણી સરકારે પણ કરવું જોઇએ."

મેં મુખ મરોડયું. આ મુખમરોડનો અર્થ શું હતો તે મુન્શીરામ સમજી ગયા. તેઓ નિઃશ્વાસ નાખતા મારી સાથે ભવનની બહાર નીકળ્યા.

ઓરિયંટલ ભવનમાં અમને ઘણી વાર લાગી નહિ. તેમાં અધિકાંશે ઇટલીમાં બનેલી મૂર્તિઓ હતી. યૂનાની હુન્નર હજી સુધી ઇટલીમાં વિશેષ છે. ત્યાંના કારીગરો સમગ્ર યૂરોપ અને અમેરિકાની આ પ્રકારની માગણી પૂરી કરે છે. બેશક, તેમનું કામ અતિ ઉચ્ચ કોટિનું છે. પ્રેક્ષક તેને જોઇ તેની પ્રશંસા કર્યા વિના રહી શકતો નથી.

અમે ઓરિયંટલ નામ સાંભળીનેજ ચોંકી ગયા હતા, અમે ધારતા હતા કે કદાચ અમારી પુણ્ય ભૂમિની કોઇ વસ્તુને સ્પર્શ કરીને અમે કૃતાર્થ થઇશું, પરંતુ નિરાશા દેવીએ વિકટ હાસ્ય કરી નિરાદરસહિત અમને બહાર હાંકી કાઢ્યા !

હવે મેન્યુફેક્ચરિંગ ભવનનો વારો આવ્યો, યુનાઇટેડ સ્ટેટસમાં જે જે વસ્તુઓ યંત્રદ્વારા બને છે તે તે વસ્તુઓ અહીં રાખી હતી. ભિન્ન ભિન્ન કંપનીઓએ પોતપોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા.

તેઓ પોતપોતાનાં યંત્રો ચલાવી કેવી રીતે વસ્તુઓ તૈયાર થાય છે તે સર્વને દર્શાવતા હતા. એક પ્રકારે કંપનીવાળાઓની આ જાહેર ખબર હતી. પ્રદર્શન જોવા આવનાર લાખો માણસોને કંપનીવાળાઓનું ઠેકાણું વિદિત થઇ ગયું. એક સ્થળે યંત્રદ્વારા રેશમ વણાતું હતું. ત્યાં જો કોઇ પ્રેક્ષક રેશમી રૂમાલ વા બીજું કોઇ રેશમી કપડું ખરીદવા ઇચ્છતો તો તેની ઉપર પ્રદર્શન તથા ગ્રાહકનું નામ ભરી આપવામાં આવતું હતું. મોટા મોટા આરા તથા લાકડાં કાપવાનાં હથિયારો, હળો, ઘઉં કાપવાનાં હથિયારો ઇત્યાદિ ઘણી વસ્તુઓ ત્યાં રાખવામાં આવી હતી. એક દુકાનમાં જાતજાતના મુરબ્બા તથા અથાણાં રાખવામાં આવ્યાં હતાં અને તે વેચનારી કંપની પોતાનાં વિજ્ઞાપનો વહેંચતી હતી. ન્યૂયૉર્ક, ન્યૂઇંગ્લાંડની કપડાં વેચનારી કંપનીઓની મોટી મોટી દુકાનોનાં ચિત્રો પ્રેક્ષકોને બતાવવામાં આવતાં હતાં અને તેમને તે દુકાનોનાં કપડાં ખરીદવાની ભલામણ કરવામાં આવતી હતી.

સંધ્યા થઇ ગઇ. વિજળીના પ્રકાશથી પ્રદર્શનનાં ભવનો ઝગમગી રહ્યા. ગવર્નમેન્ટ ભવનનો ગુંબજ અત્યંત પ્રકાશમાન હતો. આમ તેમ ઉપર નીચે વિજળીના દીપકો સુંદર હારોમાં દેદીપ્યમાન થઇ રહ્યા હતા. આ વૃક્ષોને જુઓ, વિજળીના દીપકો તેના ઉપર કેવી શોભા આપી રહ્યા છે! પણે જાઓ, જલના ધોધની નીચે વિદ્યુતપ્રકાશ કેવો શોભી રહ્યો છે! ખરેખર, પ્રદર્શનનો મહિમા રાત્રેજ જોવા લાયક હોય છે. સડકોના કિનારે વિવિધ વૃક્ષનાં કુંજોમાં દિવસે જે દીપકો મુક્તાફલસમાન જણાતા હતા તેની છબી હવે એક ક્ષણભર તો જુઓ!

વિદ્યુતદેવીનો અકથનીય પ્રભાવ જોતા જોતા અમે 'રેનિયર વિસ્ટા' તરફ ચાલ્યા. હજી ઘણી ઇમારતો જોવાની બાકી હતી. કેલિફૉર્નિયા, વૉશિંગ્ટન, ઓરેગન, એ સર્વ ભવનો અમે પાછળ છોડી આવ્યા હતા અને અમારે નાની મોટી ઘણી ઇમારતો જોવાની હતી.

પરંતુ મનમાં વિચાર કર્યો કે બસ આટલું બહુ છે. અમારૂં મન ભરાઇ ગયેલું જણાયું.

'રેનિયર વિસ્ટા' તરફ ફરતા ફરતા અમે જે સ્થળે "Captive Balloon"—કેદી બલુન ઉડતું હતું તે સ્થળે જઇ પહોંચ્યા. અહીંઆં ઘણા લોકો ઉભા હતા, તેમની પાસે અમે પણ ઉભા રહી ગયા. આ બલુનપર ચઢવાને માટે એક એક ડોલર આપવો પડતો હતો અને એક વખતે બે માણસ બેસી શકતા હતા. બલુન પૃથ્વીથી પ્રાયઃ સાતસેં ગજ ઉંચે જતું હતું અને થોડી વાર થોભીને નીચે ઉતરી આવતું હતું. જણાવવાની જરૂર નથી કે આ બલુન મજબૂત તારોથી બાંધી લીધેલું હતું.

અમે બંને એક એક ડોલર આપીને તે બલુનમાં બેસી ગયા. તત્કાળ બલુન ઉંચે ચઢવા લાગ્યું. મેં જોરથી બલુનની અંદરનું દોરડું પકડયું. મુન્શીરામે પોતાની આંખ બંધ કરી બેસવાની ટોપલીમાં પોતાનું મુખ છૂપાવી દીધું અને કહેવા માંડયું કે, "હું મુઓ, મુઓ." મેં કહ્યું:—"ડરશો નહિ, મુન્શીરામ, તમે પડશો નહિ." જોતજોતામાં અમે આકાશમાં ટીંગાઇ ગયા. હું કોઇ વાર આંખો બંધ કરતો તો કોઇ વાર ખોલતો હતો. નીચે જોવાની હિમ્મત થતી નહોતી. કોઇ વાર મનને ભ્રમ થતો કે કાંઇક જોયું; પરંતુ વસ્તુતઃ પ્રકાશ વિના કાંઇ પણ જોવામાં આવતું નહોતું. આમતેમ પ્રકાશજ માત્ર જોવામાં આવતો હતો. હવે અમે નીચે ઉતરવા લાગ્યા. મેં પણ હૃદયપર હાથ મૂકયા અને ત્યારપછી હું મુન્શીરામને જોરથી વળગી પડયો.

બલુનવાળાએ અમારા હાથ પકડીને અમને ટોપલીમાંથી બહાર કાઢયા અને એક તરફ બેસાડી દીધા. હું હજી સુધી જાણે સ્વમાવસ્થામાંજ હતો. મુન્શીરામમાં પ્રથમ ચૈતન્ય આવ્યું અને તેઓ મને પકડીને બોલ્યાઃ—

"ચાલો રાધાકૃષ્ણ, હવે ઘેર જઇએ."

# કારનેગી શિલ્પવિદ્યાલય

It is really astonishing how many of the world's foremost men have begun as manual labourers. The greatest of all, Shakespeare, was a woolcarder; Burns a ploughman; Columbus, a sailor; Hannibal, a blacksmith; Lincoln, a railsplitter; Grant a tanner. I know of no better foundation which to ascend than manual labour in youth.

—*Andrew Carnegie.*

ભારતવર્ષનો શિક્ષિત સમાજ શિલ્પવિદ્યાલયની આવશ્યકતા અને મહિમા જાણવા લાગ્યો છે એ સૌભાગ્યની વાત છે. શિલ્પવિદ્યા એજ માત્ર દેશના યુવકોને આત્માવલંબનનો પાઠ શીખવવાનો એકલો ઉપાય છે. હિંદુ જાતિમાં જે ઉંચ નીચનો ભેદભાવ છે, હાથથી કામ કરનારા પ્રત્યે જે ઘૃણા છે તે દૂર કરવાનો સરલ ઉપાય એજ છે. દેશની સંપત્તિ વધારવાનો, દેશની ભાવી સંતતિને ઉદ્યોગે લગાડવાનો, તેને જાતિનું હિત સાધવાને લાયક બનાવવાનો, સર્વોત્તમ માર્ગ એજ છે કે, તેને કલાકૌશલ્ય અને યંત્રવિદ્યાનું શિક્ષણ આપવું. ભારતવર્ષ ધનધાન્યસંપન્ન દેશ છે, અહીં કોઇ પણ વસ્તુની ખોટ નથી, અહીં સર્વ માણસો આનંદપૂર્વક રહી શકે એમ છે, પરંતુ તે સ્થિતિ લાવવાને માટે આપણે આપણાં સંતાનોને આધુનિક જીવનયુદ્ધનાં શસ્ત્રોથી સુસજ્જિત કરવાં જોઇએ.

આપણે ભૌતિક શાસ્ત્રોમાં આગળ વધેલા દેશોની સામે ઉભું રહેવાનું છે, સસ્તી ચીજો બનાવી તેમને ભારતવર્ષમાં વેચનારા યૂરોપ અને અમેરિકાની સામે આપણે હરિફાઇમાં ઉતરવાનું છે. તેમાં જો આપણે આપણા પ્રતિદ્વંદ્વીઓના જેવા બુદ્ધિમાન તથા કાર્યપટુ હઇશું તોજ આપણને વિજય મળશે. સુસ્ત, કાયર, અશિક્ષિત તથા સામ, દામ, ભેદ અને દંડ ન જાણનાર જાતિને વિજય મળી શકનાર નથી. જેમની સાથે આપણે હરિફાઇમાં ઉતરવાનું છે તેમના ગુણદોષો આપણે જાણવા જોઇએ; તેના જેવી કાર્યપટુતા શીખવી જોઇએ; તેમની પેઠે સંઘબળ એકત્ર કરવું જોઇએ; તેમની પેઠે આપણા દેશમાં શિલ્પવિદ્યાલયો ખોલવાં જોઇએ; અને સૌથી વિશેષ અગત્યનું તો એ છે કે હાથથી કામ કરનારનો આદર કરવો જોઇએ, કારણ કે એ લોકો દેશની દોલત વધારે છે. તેમની ઉપરજ આખી જાતિનો આધાર છે. તેઓજ સર્વને રોટલો આપે છે. જો આપણે તેમ કરીશું તો દેશમાં આળસુઓ અને અભિમાનીઓનું માન ઘટી જશે અને જે લોકો અન્યની કમાઇપર ચેનબાજી ઉડાવે છે તેમનો હ્રાસ થઈ જશે.

આવો પાઠક, હું તમને અમેરિકાના સુપ્રસિદ્ધ કારનેગી શિલ્પ-વિદ્યાલયનું વૃત્તાંત સંભળાવું. તે વિદ્યાલય મેં મારી પોતાની નજરે જોયું છે. આ વૃત્તાંતદ્વારા અમેરિકાની ઉન્નતિનાં કારણો સંક્ષેપમાં આપના જાણવામાં આવી જશે.

અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનોમાંના પેન્સિલવેનિયા સંસ્થાનમાં પિટસબર્ગ નામનું એક અતિ મોટું શહેર છે. એમાં જગદ્વિખ્યાત શ્રીમંત મહાશય કારનેગીએ એક શિલ્પવિદ્યાલય સ્થાપિત કર્યું છે; અને તે દેશના સંખ્યાતીત યુવકોને કલાકૌશલ્ય તથા યંત્રવિદ્યા આદિનું શિક્ષણ આપે છે. કારનેગીનું વિશાળ કારખાનું પણ અહીંઆં છે. તેમાં લોહકામ થાય છે. આજ એ લોહનરેશ (Steel King) ની

રાજધાની છે. પોતાની આ રાજધાનીમાં શ્રીમાન કારનેગીને કરોડો રૂપીઆની આમદાની થાય છે, અને આવા સ્થળે તેમણે આવું વિદ્યાલય સ્થાપિત કર્યું તે ઘણું સારૂં કામ કર્યું છે. શિલ્પવિદ્યાને માટે તેમણે સિત્તેર લાખ ડૉલર આપ્યા છે ! એક ડૉલરની કિમ્મત ત્રણ રૂપિઆ એ આના છે. આ હિસાબે બે કરોડ અને દશ લાખથી અધિક રૂપિઆ ખર્ચીને તેમણે આ શિલ્પવિદ્યાલય સ્થાપિત કર્યું છે !

ભારતવર્ષનો કોઇ સપૂત આવું વિદ્યાલય ખોલી ભારતમાતાની શોભા વધારશે ?

કારનેગી શિલ્પવિદ્યાલય ત્રણ ભાગોમાં વિભક્ત છે. લલિતકલા, સંગ્રહસ્થાન અને કલાભવન. તેની ઇમારતે છ એકર ભૂમિ રોકી છે. વિદ્યાર્થીઓની આવશ્યકતા પૂરી કરનારી સર્વ વસ્તુઓ અહીં વિદ્યમાન છે.

ઇમારતની હકિકત સાંભળો:—

પ્રથમ કારનેગી પુસ્તકાલયજ લો. એ પુસ્તકાલય નહિ પરંતુ રાજમહાલય છે. એ ઇમારત જોઇને અમે આશ્ચર્યચકિત થઇ ગયા. વ્યસન હોય તો આવુંજ હોજો. આ સંગેમરમરના વિશાલ ભવનમાં વિદ્યાપ્રેમીઓને માટે ચૂંટી ચૂંટીને પુસ્તકો રાખવામાં આવ્યાં છે, તેની સંખ્યા પ્રાયઃ સાડાત્રણ લાખની છે. તેમાં ૩૫૦૦૦ પુસ્તકો વિજ્ઞાન તથા યંત્રવિદ્યા સંબંધી છે, જે એક એકથી ચઢીઆતાં છે. પ્રાયઃ ત્રણસેં પત્રિકાઓ ત્યાં આવે છે, જેને વાંચી વિદ્યાવ્યસની જનો અલૌકિક આનંદ પ્રાપ્ત કરે છે. એટલાંજ વર્તમાનપત્રો તથા સાપ્તાહિક પત્રો આ પુસ્તકાલયની શોભા વધારે છે. પુસ્તકાલયનો આ વિભાગ વિદ્વાન વિજ્ઞાનવેત્તાઓના હાથમાં સોંપેલો છે, તેમના તરફથી દરેક પ્રકારની સૂચના મફત મળે છે.

વળી બીજી ખૂબી જુઓ. આ પુસ્તકાલયની એકસો વીસ

શાખાઓ પિટસબર્ગ નગરમાં છે. નગરની હાઇસ્કૂલોના છાત્રો, કન્યાઓના સમાજો તથા મજુરોની સોસાઇટીઓ આ શાખાઓદ્વારા આ બૃહત્ પુસ્તકાલયનો સંપૂર્ણ લાભ લે છે. જે પુસ્તક જેને જોઇએ તેની સૂચના તે પોતાની શાખાના પુસ્તકાધ્યક્ષને આપે છે અને તે એ ખબર બૃહત્ પુસ્તકાલયમાં પહોંચાડે છે. બીજે દિવસે પુસ્તક તેના માગનારની પાસે પહોંચી જાય છે! સર્વ પુસ્તકો મફત વાંચવાને મળે છે.

જોયું ? આવા માર્ગથીજ વિદ્યાપ્રચાર થઈ શકે છે, માત્ર વાતોથી કામ થતું નથી. આપણે કાશી આદિ ક્ષેત્રોમાં લાખો રૂપીઆ વ્યર્થ લૂંટાવી દઇએ છીએ, આળસુઓની સંખ્યા વધારી રહ્યા છીએ, પરંતુ આપણે કાશી અને ગયામાં પુસ્તકાલયો કેટલાં સ્થાપિત કર્યાં છે? આપણા શિક્ષિત લોકો દાનનો ઉચિત પ્રબંધ કરી વિદ્યાલય, પુસ્તકાલય આદિ સ્થાપિત કરી દેશનાં બાલકોને વિદ્યાદાન પણ આપી શકતા નથી!

હવે સંગ્રહસ્થાનની વાત સાંભળો. આ સંગ્રહસ્થાન અમેરિકાનાં ચાર મોટાં સંગ્રહસ્થાનો પૈકી એક છે. તેમાં નાની મોટી પંદર લાખ દર્શનીય વસ્તુઓ રાખેલી છે. આ સંગ્રહ પુષ્કળ દ્રવ્ય ખર્ચી અત્યંત પરિશ્રમથી એકત્ર કરવામાં આવ્યો છે. એમાં ખનીજ પદાર્થો, જડીબુટ્ટી તથા જંતુવિદ્યા સંબંધી અતિ ઉપયોગી નમુના છે. અહીંનો પુરાતત્વ તથા નરવંશવિદ્યા સંબંધી સંગ્રહ પણ અદ્વિતીયજ છે.

લલિતકલાનો વિભાગ વળી તેથી પણ ઉત્તમ છે. શ્રીમાન કારનેગીએ કુશલ ચિત્રકારોનાં તૈલચિત્રો ચૂંટી ચૂંટીને અહીંઆં રાખ્યાં છે. અમેરિકા તથા યૂરોપના ચિત્રકારોનું સર્વોત્તમ કૌશલ્ય અહીં જોવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ આ કલામાં પ્રવીણ થવાને માટે વિદ્યાલયમાં પ્રવેશ કરે છે તેઓ કલાકોના કલાકો સુધી આ ચિત્રોની સામે બેસીને અભ્યાસ કરે છે.

આ વિભાગ તરફથી સાર્વભૌમિક (ભારતને બાદ કરીને !) પ્રદર્શનો ભરવામાં આવે છે, તેમાં સર્વોત્તમ ચિત્રકારને પુરસ્કાર આપવામાં આવે છે. આથી ચિત્રકારનો ઉત્સાહ વૃદ્ધિંગત થાય છે, અને તેઓ રાત્રિ દિવસ સખ્ત પરિશ્રમ કરીને પોતાનો અભ્યાસ વધારે છે.

વળી તેમાં ભવનનિર્માણકલા સંબંધી વસ્તુઓના પણ ઓરડા છે, તેમાં એ કલાઓના ઉસ્તાદોની કારીગરીના નમુના રાખવામાં આવ્યા છે. એમાં પણ વિદ્યાર્થીઓ આવીને અભ્યાસ કરે છે. એમાં મોટી મોટી ઇમારતોના નમુના છે. તેને જોઇને વિદ્યાર્થીઓ તેવું અથવા તેના કરતાં પણ ઉત્તમ કામ કરવાનો ઉદ્યોગ કરે છે.

તે શિવાય આ વિભાગમાં સંગીતનો પણ પ્રબંધ છે. તેને માટે એક વિશાળ ઓરડો રાખેલો છે. શનિવારે અને રવિવારે અહીંઆં ઉસ્તાદ ગવૈયાએ.ની ધામધુમ રહે છે. અહીંઆં વ્યાખ્યાન આદિ પણ થાય છે.

કલાભવનની ચાર સ્કૂલો છે, તેમાં દિવસે અને રાત્રે પણ અભ્યાસ કરાવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ દિવસે આવી શકે છે તેઓ દિવસે અભ્યાસ કરે છે, અને જેઓ રાત્રે આવે છે તેમને માટે રાત્રે અભ્યાસનો પ્રબંધ છે. વિદ્યાર્થી જે અભ્યાસ કરવા માગે તે માટે સમયાનુકૂલ સર્વ પ્રબંધ કરી આપવામાં આવે છે.

પહેલી સ્કૂલમાં વિદ્યુત્, રસાયન, વાણિજ્ય, ધાતુ, યંત્ર, ખનિજ પદાર્થો તથા આરોગ્ય સંબંધી વિદ્યાઓ શીખવવામાં આવે છે.

બીજી સ્કૂલમાં સર્વ કામ હાથવડે કરતાં શીખવવામાં આવે છે. ચક્રોને ખોલવાં, યદિ કાંઇ તૂટી જાય તો તેને તત્કાળ હાથથી બનાવવું, અંતર્બાહ્ય સર્વ વસ્તુઓ બનાવવી, ચક્રોને જોડવાં આદિ સર્વ કામો વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે. જેઓ વાણિજ્ય વિદ્યાલયમાં અધ્યાપકનું કામ કરવા માગતા હોય તેમને પણ અહીં દાખલ કરવામાં આવે છે.

ત્રીજી સ્કૂલમાં મકાન બાંધવાં તથા તેમને સજાવવાં આદિ કામો શીખવવામાં આવે છે. એ સ્કૂલને માટે એક અતિ મોટી ઇમારત તૈયાર કરવામાં આવે છે. તે તૈયાર થઇ રહેતાં બીજી ઘણી બાબતોની સગવડ થઇ જશે.

ચોથી સ્કૂલમાં સ્ત્રીઓની શિક્ષાનો પ્રબંધ છે. તેમને ગૃહ-કાર્યોની શિક્ષા આપવામાં આવે છે. સીવવું, ભરવું, રસોઇ કરવી, ગાવું, ગૃહ શણગારવું તથા સાહિત્ય, વિજ્ઞાન આદિ સર્વ આવશ્યક વિષયોની શિક્ષા અહીં આપવામાં આવે છે. આ ચોથી સ્કૂલ વિદ્યા-પ્રેમી કારનેગીએ પોતાની માતાના સ્મારકરૂપે સ્થાપિત કરી છે. પોતાની માતા પ્રત્યે કોને પ્રેમ હોતો નથી? પરંતુ એ પ્રેમને અમર બનાવ-વાને માટે કોઇ ચિરસ્થાયી સ્મારક સ્થાપિત કરનાર તો ઘણા જ થોડા માણસો હોય છે.

અમે અતિ સંક્ષેપમાં આ શિલ્પવિદ્યાલયનું વર્ણન કર્યું છે. મેં મારી પોતાની નજરે આ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરતા જોયા છે. તેમને સર્વ કામો પોતાના હાથથી કરતાં જોઇ મારૂં ચિત્ત બહુ પ્રસન્ન થયું. જેમણે આ વિદ્યાલયના સંબંધમાં અધિક માહિતી મેળ-વવી હોય તેમણે નીચેને સીરનામે પત્રવ્યવહાર કરવો:—

The Registrar,

Carnegie Technical Institute,

Pittsburg, Pa, U. S. A.

તેઓ ત્યાંથી આ વિદ્યાલયનું સૂચિપત્ર પણ મંગાવી શકશે.

આ સ્કૂલમાં દાખલ થનારની ઉમ્મર ઓછામાં ઓછી સોળ વર્ષની હોવી જોઇએ. રાત્રે વિદ્યાભ્યાસ કરવા માગતા હોય તેમની વય અઢાર વર્ષથી ઓછી હોવી જોઇએ નહિ. દિવસના વિદ્યાર્થીઓની વાર્ષિક ફી સાઠ રૂપિઆ છે, અને રાતના છાત્રોની વાર્ષિક ફી પંદર

રૂપિઆ છે. આ ફી પિટસબર્ગમાં રહેનારા વિદ્યાર્થીઓને માટે છે. ઇતર છાત્રો પૈકી દિવસના વિદ્યાર્થીઓની વાર્ષિક ફી નેવુ રૂપિઆ છે, અને રાતના વિદ્યાર્થીઓની વાર્ષિક ફી એકવીસ રૂપિઆ છે.

ભારતવર્ષની શાળાઓમાંથી મેટ્રીકમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ અહીં સહજ દાખલ થઇ શકશે. જે વિદ્યાર્થી એક વર્ષનો ખર્ચ એક હજાર રૂપિઆ લઇને અહીં આવે તે સરલતાથી બાકીનાં વર્ષમાં કામ કરી પેસા મેળવીને વિદ્યાભ્યાસ કરી શકશે; પરંતુ તે વિદ્યાર્થી ચતુર, તીવ્રબુદ્ધિનો અને મધુરભાષી હોવો જોઇએ. પિટસબર્ગમાં એક વેદાંત સોસાઇટી પણ છે, અને તે હિંદુ છાત્રોને સાહાય્ય કરવાને હરેક પ્રકારે ઉદ્યત રહે છે.

ઇશ્વર કરે ને ભારતવર્ષમાં પણ આવુંજ એક વિદ્યાલય સ્થાપિત થાય અને તેમાં ઉંચ નીચ સર્વે વર્ણનાં બાલકો વિદ્યાભ્યાસ કરે; હાનિકારક બંધનોની ગાંઠ કપાય અને દેશનાં બાલકો કલાકૌશલ્યમાં નિષ્ણાત થઇ ભારતની નિર્ધનતા દૂર કરે.

# મારી ડાયરીનાં કેટલાંક પૃષ્ઠો

ઈ. સ. ૧૯૦૯ ના મેની તા. ૨૬ મી અને બુધવારને દિવસે મારૂં વિશ્વવિદ્યાલયનું વર્ષ પૂરૂં થયું. પરીક્ષા આપી દીધી. હવે એવી ફિકર લાગી કે આગલા વર્ષના અભ્યાસને-માટે દ્રવ્ય કમાવાનો પ્રબંધ કરવો જોઇએ.

જ્યારથી હું અમેરિકા આવ્યો છું ત્યારથી મેં એવો પ્રબંધ

રાખ્યો છે કે વિશ્વવિદ્યાલયનું વર્ષ પૂરૂં થાય ત્યાં સુધી મારી પાસે થોડા ઘણા રૂપીઆ પણ અવશ્ય રાખી મૂકવા, કે જેથી મજુરી મળે ત્યાં સુધીમાં ખાવા પીવાને માટે કાંઇ કષ્ટ વેઠવું પડે નહિ. ગતવર્ષમાં આ સમયે મારી પાસે ૧૨૦ રૂપીઆ હતા. તે રકમ મેં ૭ અઠવાડીઆં સુધી નવરા બેસીને ખાધી હતી. બાકીનાં સાત અઠવાડીઆં મને કામ મળ્યું હતું. ગત વર્ષમાં અમેરિકામાં આર્થિક અસંતોષ હતો, તેથી કામની ઘણી તંગાશ રહી. આ સાલ જે સિયેટલ નગરમાં હું હતો તેમાં પ્રદર્શન હતું, તેથી ધારતો હતો કે કામ પુષ્કળ મળશે. પ્રદર્શનમાં નહિ તો અન્ય સ્થળે કામ મળવાની ઘણી આશા હતી. મનમાં ધાર્યું હતું કે યદિ થોડા દિવસ કામ નહિ મળશે તો બેસીને લેખ લખીશું, કારણ કે અવકાશ થોડો મળવાથી આ વર્ષ ઘણું થોડું લખી શક્યો હતો. પરંતુ ભાવીના ખેલ વિચિત્ર હોય છે; મારા ધારવા પ્રમાણે બન્યું નહિ.

મે માસના આરંભમાં મારી આંખો દુઃખવા લાગી. વાંચવું, લખવું કઠિન થઇ પડયું. પરીક્ષાના દિવસો નિકટ આવી પહોંચ્યા હતા. નિરુપાયે એક ડૉક્ટરની પાસે જવું પડયું. આ ખટપટમાં મારી પાસે જે રકમ હતી તે પૂરી થઇ ગઇ. મેની ૨૬ મી તારીખે પરીક્ષામાં પસાર થયા પછી મેં મારી બેંકની ચોપડી જોઇ તો તેમાં કેવળ બાર રૂપીઆ રહેલા જણાયા. મકાનનું એક સપ્તાહનું ભાડું ૬ રૂપીઆ અને મોદીના ૯ રૂપીઆ મારાપર નીકળતા હતા. હવે શું કરવું? ધાર્યું કે દિવસ ચઢતાંજ કામની શોધમાં નીકળીશું.

**૨૭ મી મે**—જલપાન કરી અને વસ્ત્ર પહેરી હું બેઠો હતો એવામાં વિષ્ણુદાસે મારૂં દ્વાર ખખડાવ્યું. મેં દ્વાર ખોલ્યું.

વિષ્ણુદાસઃ—"બોલો, ચાલવાને તૈયાર છો?"

મેં કહ્યુંઃ—"હાજી."

વિષ્ણુદાસ:—"આપની ઘડીઆળમાં કેટલા વાગ્યા છે ?"

હું બોલ્યો:—"સાડાઆઠ વાગ્યા છે."

વિષ્ણુદાસ:—"મેક્સિકો દેશનો રહેનારો પેલો મેક્સિકન ક્યાં છે ? તે આપણી સાથે આવશે કે નહિ ?"

હું બોલ્યો:—"અવશ્ય આવશે. તે હમણાં નીચેથી આવે છે."

થોડી વાર સુધી અમે વાત કરતા બેસી રહ્યા. જ્યારે મેક્સિકન આવી પહોંચ્યો ત્યારે અમે ત્રણે જણ નોકરીની તલાસ કરવાને બહાર નીકળ્યા.

મારા આ બન્ને સાથીઓનો પરિચય પાઠકોને કરાવવો આવશ્યક છે. વિષ્ણુદાસ વૉશિંગ્ટન વિદ્યાલયમાં ઇલેક્ટ્રીક એન્જીનિયરીંગનો અભ્યાસ કરતા હતા અને મારી પેઠે મજુરીપરજ નિર્વાહ કરતા હતા. વિદ્યાલયમાં તેમનું આ પ્રથમ વર્ષ હતું. આ વર્ષ તો તેમણે સારી રીતે વ્યતીત કર્યું, કારણ કે વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ કરતી વખત તેમની પાસે પૂરતા રૂપીઆ હતા. આ રૂપીઆ તેમણે વૅંકોવરમાંથી પેદા કર્યા હતા. પરંતુ હવે આગલા વર્ષના વિદ્યાભ્યાસને માટે તેઓ પણ દ્રવ્ય કમાવાની ફિકરમાં હતા. બીજા મહાશય સિસારિનો મધાર્ઇયાં, મેક્સિકન હતા અને તેઓ કેવળ દ્રવ્ય કમાવાને માટેજ અમેરિકામાં આવ્યા હતા. તેઓ ભલા અને મિલનસાર હોવાથી અમારા સાથી બની ગયા હતા. તેઓ અમારી પાસેનાજ ઓરડામાં રહેતા હતા અને અમારા જેવીજ ધુનના માણસ હતા, તેથી અમારૂં મન તેની સાથે મળી ગયું હતું, આથી અમે ત્રણે પરદેશી સાથેજ મજુરીની તલાશમાં નીકળ્યા.

અમેરિકામાં સર્વે કામો નિયમબદ્ધ થાય છે. મજુરી શોધી આપવી એ પણ એક નિયત ધંધો છે. મોટાં મોટાં શહેરોમાં અનેક એજન્સીઓ નોકરી શોધી આપવાનું કામ કરે છે. અંગ્રેજીમાં તેમને

એમ્પ્લૉયમેન્ટ એજન્સીઝ (Employment Agencies) કહે છે. અમે આવી એજન્સીઓમાંજ નોકરીની માહિતી મેળવવાને જતા હતા.

પ્રાયઃ સાડાનવ વાગે અમે સિયેટલના પરામાંથી શહેરમાં પહોંચ્યા. સિયેટલ શહેર પણ અમેરિકાનાં ઇતર શહેરોની પેઠે માઇલોના માઇલો-સુધી લાંબું પહોળું ચાલ્યું ગયું છે. વૉશિંગ્ટન વિશ્વવિદ્યાલય પણ અહીં-આંજ છે. વિજળીની ગાડીઓ અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં દોડતા ફરે છે. પ્રદર્શનને લીધે આજકાલ ગાડીઓમાં ઘણી ભીડ રહેતી હતી. ખાસ કરીને જે ગાડીઓ વિશ્વવિદ્યાલયથી શહેરમાં જતી હતી તેમાં વિશેષ ભીડ રહેતી હતી, કારણ કે પ્રદર્શન વિશ્વવિદ્યાલયની ભૂમિપર ભરવામાં આવ્યું હતું. અમે વિશ્વવિદ્યાલયની પાસે રહેતા હતા. આથી અમને શહેરમાં જતાં ઘણી વાર લાગી.

સિયેટલના મોટા મોટા મહોલ્લાઓમાં આ એજન્સીઓ આવેલી છે. ત્યાં આવીને અમે પૂછપરછ કરવા માંડી. એજન્સીઓની દિવાલ-પર ભિન્ન ભિન્ન પ્રકારનાં કામોની જાહેર ખબર ચોંટાડેલી જોવામાં આવી. નમુના તરીકે તેમાંની બે ચારનો અનુવાદ નીચે આપીએ છીએઃ—

૧. વીશ મજુરો સડકપર કામ કરવાને જોઇએ છે. મજુરી રોજના ૭ રૂપીઆ.

૨. ત્રણ મજુરો લાકડાંના કારખાનામાં કામ કરવાને જોઇએ છે. માસિક પગાર ૧૨૦ રૂપીઆ. રહેવાનું મકાન મફત.

૩. બે માણસો એક હોટેલમાં વાસણ ધોવાને જોઇએ છે. પગાર ૬૦ રૂપીઆ. ભોજન અને મકાન મફત.

૪. ૭ સુતાર સિયેટલના પશ્ચિમ ભાગમાં જોઇએ છે. પગાર રોજના ૯ રૂપીઆ.

આ પ્રકારની ઘણી જાહેર ખબરો ઘણી જગ્યાપર જોઈ. અમારો

ઇરાદો એલાસ્કા જવાનો હતો, તેથી અમે ત્યાંની હકીકત પૂછી; પરંતુ અમને એવી ખબર મળી કે હજી એલાસ્કામાં કામ શરૂ થયું નથી. એક સ્થળે અમે અમેરિકન સરકારની કામ સંબંધી જાહેરખબર જોઇ. તેમાં મજુરી રોજના સાડાસાત રૂપીઆ પ્રમાણે લખી હતી. તપાસ કરતાં અમને પ્રતીત થયું કે અમે કાળા હોવાથી ત્યાં અમને કામ મળી શકે એમ નથી ! એજન્સીના કર્મચારીએ મને એક સરકારી અમલદારનો પત્ર બતાવ્યો. તેમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે મજુરો અમેરિકા વા આયર્લાંડ આદિના ગોરા હોવા જોઇએ, કાળા હિંદુઓ હોવા ન જોઇએ. આ પત્ર વાંચવાથી જાતજાતના વિચારો મારા મનમાં ઉપસ્થિત થયા, જેમનો ઉલ્લેખ અત્ર કરવો ઉચિત નથી.

આ પ્રકારે ભ્રમણ કરતા કરતા અમે "પાયોનિયર" નામની એજન્સી પાસે ગયા. તેની દિવાલપર પણ કામની જાહેરખબર વાંચી. એચાર જાહેરખબર અમારા ઉપયોગની પણ હતી. પૂછપરછ કરવાને-માટે અમે એજન્સીની ઑફિસમાં ઘુસી ગયા. તેમાં ત્રણ માણસોને પોતાના કામમાં નિમગ્ન થયેલા જોયા. તેઓ મજુરોની સાથે વાત-ચીત કરી તેમને માટે કાગળ લખતા હતા. અમારો વારો આવતાં મેં એક જણને કહ્યું કે, "અમને કોઇ સારૂં કામ બતાવો, અમને એવા સ્થળે મોકલો કે જ્યાં અમે ત્રણ માસ પર્યંત સતત કામ કરી શકીએ અને અમારા વિદ્યાભ્યાસને માટે પૂરતા રૂપિઆ કમાઇ શકીએ." તેણે કહ્યું કે, "અહીંઆં સિયેટલમાંજ આપને સારૂં કામ મળી જશે. આપ એક એક ડૉલર ( ત્રણ ત્રણ રૂપિઆ ) આપો; ઘણું સારૂં ચાલુ કામ અપાવીશ." અમે તેની વાત માન્ય કરી અને ત્રણ આદમીને બદલે ચાર આદમીની ફીના ચાર ડૉલર ( બાર રૂપિઆ ) આપી દીધા. મારી પાસે તો પૈસા હતા નહિ. વિષ્ણુદાસની પાસે પાંચ ડૉલર હતા, તેમાંથી તેણે ચાર ડૉલર આપ્યા. એજન્સીવાળાએ અમને એક પત્ર આપી

તેમાં મારા હસ્તાક્ષર કરાવી લીધા.

આ પત્ર જેનીંગ્સ નામના એક માણસના નામનો હતો. આ એક પ્રકારનો પ્રપંચ હતો અને તેના દ્વારા અજાણ માણસોની પાસેથી દ્રવ્ય લૂંટી લેવામાં આવતું હતું. અમને એજંટે કહ્યું કે, " કાલે પ્રાતઃ-કાળમાં સાડાસાત વાગે ફલાણી જગ્યાપર જજો અને મિસ્ટર જેનીં-ગ્સને આ પત્ર આપજો. તેમને ચાર માણસોની આવશ્યકતા છે. ઘણું સહેલું કામ છે અને ચાલુ કામ છે."

અમે ત્રણે જણ અતિ રાજી રાજી થઇને એજન્સીની ઑફિસ-માંથી બહાર નીકળ્યા. મનમાં ધાર્યું કે કામ મળી ગયું. હવે કાંઈ ચિંતા નથી. બહાર નીકળીને અમે બેચાર કદમજ ગયા હતા એટલામાં એક માણસ અમારા પરિચયનો મળ્યો. તે બોલ્યો:—

"ઠીક, તમે ફી કેટલી આપી ?"

મેં કહ્યું:-" પ્રતિ માણસે એક ડૉલર."

તેણે હસીને કહ્યું:-" આપ લોકોને એજન્સીવાળાએ ઠગી લીધા છે. શહેરના કામને માટે કેવલ પચાસ સેન્ટ (અર્ધો ડૉલર) આપ-વાના હોય છે. તમે એક એક ડૉલર શામાટે આપ્યો ?"

હું બોલ્યો:-" અમને ઘણું સહેલું અને ચાલુ કામ મળ્યું છે, તેથી તેણે એક એક ડૉલર લીધો હશે."

તેણે સ્મિત કરીને કહ્યું:-" એ વાત કાલે પ્રાતઃકાળે જણાશે."

અમે તેની વાતપર કાંઈ પણ લક્ષ્ય આપ્યું નહિ. શહેરમાં ફરતા ફરતા અમે અમારા નિવાસસ્થાનપર પહોંચ્યા. રાતે લાંબી સોડ તાણીને સુઈ રહ્યા, કે જેથી પ્રાતઃકાળમાં નિયત સમયે કામપર જઇ પહોંચીએ અને સહેલાઇથી કામ કરી શકીએ.

**૨૮ મી મે**—પ્રાતઃકાળમાં ઉઠી મેં કાંઇક રસોઇ તૈયાર કરી. નિયત સમયે ત્રણે જણ ગાડીમાં બેસી મિસ્ટર જેનીંગ્સને મળવાને

ચાલ્યા. ચોથો માણસ સરદાર તેજાસિંહ અમને રસ્તામાંજ મળી ગયો. વાત કરતા કરતા અમે રિપબ્લીકન મહોલ્લામાં જઇ પહોંચ્યા. અહીં-આંજ જેનીંગ્સનું કામ હતું. ત્યાં પચાસ સાઠ માણસો સડક બનાવવાનું કામ કરી રહ્યા હતા. અમે પેલા મેક્સિકનને મિસ્ટર જેનીંગ્સની પાસે મોકલ્યો. તેણે કાગળ વાંચી અમને ચારે જણને ગાડાં ખેંચવાના કામપર વળગાડી દીધા. આ કામ અતિ મુસ્કેલ હતું. એક ઢોળાવવાળી જગ્યાપર એક યંત્ર હતું તેમાં ગારો તૈયાર થતો હતો. ગાડાં તેના મુખની નીચે ઉભાં રાખવામાં આવતાં હતાં અને તેમને ગારાથી ભરી દેવામાં આવતાં હતાં. એ માણસે એક ભરેલું ગાડું ઘોડાની પેઠે ખેંચી ત્રણસેં ગજ નીચે લઇ જઇ ત્યાં ઠાલવી દેવાનું હતું. પછી ખાલી ગાડું ઉપર ખેંચી લાવી યંત્રના મુખ નીચે ગોઠવવાનું હતું. આવું ખચ્ચરોનું કામ કરવાને માટે અમને અહીંઆં મોકલવામાં આવ્યા હતા. વિષ્ણુદાસ અને હું એક ગાડાને વળગ્યા અને અમારા બીજા બે સાથીઓ બીજા ગાડાને વળગ્યા. હું અને વિષ્ણુદાસ તો જેમ તેમ આ ચઢાવવા ઉતારવાના કામમાં લાગી રહ્યા, પરંતુ અમારા બીજા સાથીઓએ તો એકજવાર ગાડું ખેંચવામાં તોબા પોકારી અને અલગ જઇને ઉભા રહ્યા. મેક્સિકને બુમ પાડીને અમને કામ છોડી દેવાનું કહ્યું અને અમે પણ તે કામ છોડી દીધું.

મેક્સિકન (એજન્ટને ગાળ દઇને):—"જોયું તેનું કમજાતપણું! આ ખચ્ચરોનું કામ કરવાને માટે આપણને અહીંઆં મોકલ્યા અને એક એક ડૉલર ફી પણ લઇ લીધી. બદમાસ!"

મેં સ્મિત કરીને કહ્યું:—"ઠીક, તો હવે શી સલાહ છે? જઇને આપણા ચાર ડૉલર પાછા લઇશું."

મેં વિષ્ણુદાસને કહ્યું:—"તમે જઇને મિસ્ટર જેનીંગ્સની પાસે લખાવી લાવો કે અહીં સ્થાયી કામ નથી." વિષ્ણુદાસ ગયા ત્યારે

જેનીંગ્સે કાગળપર લખી આપ્યું કે " આ લોકો ગાડાં ખેંચવાનું પસંદ કરતા નથી. "

ત્યાંથી પાછા ફરી કબ્રસ્તાન જોઇ અમે તે એજન્સીની ઑફિસમાં ગયા અને ઉક્ત કાગળ બતાવી અમારી ફી પાછી માગી. હવે એ લૂંટારા ફી પાછી કેમ આપતા હતા ? ઉલટા તેમણે અમને બેવકુફ બનાવવા માંડયા. તેમણે કહ્યું કે, " તમે મહાશય જેનીંગ્સના કામમાં હરકત કરી છે. " મેં તેને કહ્યું કે, " તમે અમને સહેલું અને સ્થાયી કામ અપાવવાની સરત કરી હતી અને તેથીજ અમે એક એક ડૉલર ફી આપી હતી. " ઘણો ઝઘડો થયા પછી એમ નિશ્ચિત કરવામાં આવ્યું કે તેણે અમને બીજું કામ અપાવવું. તેણે અમને એક બીજો પત્ર આપી બીજી જગ્યાપર મોકલ્યા.

આ કામ વિશ્વવિદ્યાલયની પાસેજ માટી ખોદવાનું હતું. માટી ખોદી ખોદીને ગાડામાં ભરવાની હતી. એજન્સીવાળાએ અમને જણાવ્યું કે હમણાં ને હમણાં તમે ત્યાં જાઓ અને બપોરે એક વાગે કામ શરૂ કરો.

ચાર ડૉલર આપીને અમે ફસાઈ પડ્યા હતા, માટે હવે નાશી છૂટવાથી શો લાભ હતો ? મનમાં નિશ્ચય થઈ ગયો કે આ ડૉલર તો ગયા. યદિ એના દ્વારા એક સપ્તાહ સુધી પણ કામ મળે તો જાણે ગંગા નાહ્યા. જેવી પ્રસન્નતાથી અમે પહેલે દિવસે એજન્સીની ઑફિસમાંથી બહાર નીકળ્યા હતા તેવી પ્રસન્નતા આજે નહોતી. મારા સાથીઓના ચ્હેરાપર ઉદાસી છવાઇ હતી. આજ શબ્દો તેમના મુખમાંથી નીકળતા હતા કે "કામ નહિ મળશે તો શું થશે ? " વિષ્ણુદાસ મને વારંવાર પૂછતા હતા કે "કહો દેવ, કામ નહિ મળશે તો આગલા વર્ષમાં વિદ્યાભ્યાસ કેવી રીતે કરીશું ? " તેમને મેં સમજાવ્યા કે " ધીરજ ધરો. કામ મળી જશે. " પરંતુ તેમને વિદિત નહોતું કે

દેવને બેસવાનું પણ ઠેકાણું નથી. મકાનવાળી જો આજે ભાડું માગે તો અત્યંત શરમાવાનું થાય. મને વિષ્ણુદાસના ચાર ડૉલરની અત્યંત ચિંતા હતી, કારણ કે તે બિચારાએ મારેજ ખાતર ચાર ડૉલર કાઢીને સર્વની ફી ભરી હતી.

ખેર, આવી ચિંતા કરતા કરતા અમે ઘેર આવ્યા, અને ભોજન કરીને જ્યાં જવું હતું ત્યાં ગયા. જઇને કાર્યાધ્યક્ષને એજન્સીવાળાનો પત્ર દેખાડયો. તે બોલ્યો કે, "આજે અમારે ત્યાં કામ નથી. કાલે સવારે સાડાસાત વાગે તમે અહીં આવજો, તમને કામ મળશે." લો, આ દિવસ પણ નકામો ગયો. ઉલટા ટ્રામના પૈસા માથે પડયા; પરંતુ કરવું શું ? આટલું સરખું મુખ લઇને અમે પાછા આવ્યા અને ઓરડામાં પેઠા. કાલે કામ જરૂર મળી જશે, એમ ધારીને હું રાત્રે સૂઇ રહ્યો.

**૨૯ મી મે**—પ્રાતઃકાળનો નાસ્તો કરી હું બપોરનું ભોજન સાથે બાંધી લઇ મારા સાથીઓની સાથે કામપર જવા નીકળ્યો. ત્યાં બરાબર સાડા સાત વાગે અમે પહોંચી ગયા. કાર્યાધ્યક્ષે કહ્યું કે, "તમે કલાક દોઢ કલાક સુધી થોભો. મારૂં ગાડું આવે એટલે કામ શરૂ કરજો." "ઠીક" એમ કહીને અમે ગાડાની પ્રતીક્ષા કરવા લાગ્યા. પ્રાયઃ સવા નવવાગે ગાડું આવ્યું અને અમે કામ શરૂ કર્યું. અમે બાર વાગ્યા સુધી યંત્રવત્ કામ કરતા રહ્યા. અમારી સાથે દશ અમેરિકન મજુરો પણ કામ કરતા હતા. તેઓ અમને જોઇને અત્યંત કટુ વચન બોલતા હતા. અમે ગુપચુપ કામ કરતા રહ્યા. તેજાસિંહ અને મૅકિસ-કન મધાઇયાં તો આ કામના ઉસ્તાદ હતા, તેથી તેમને તો કાંઇ પણ જણાયું નહિ, પરંતુ મને અને વિષ્ણુદાસને તો પરમેશ્વર યાદ આવ્યા. સડકપર માટી તો હું કેટલીક વાર ખોદી ચૂકયો હતો, પરંતુ તેને ગાડામાં ભરવાનો અભ્યાસ મને નહોતો. જ્યારે જ્યારે હું માટી ખોદીને

ગાડામાં નાખતો ત્યારે ત્યારે ધૂળ ઉડીને મારાં નાક, કાન અને આંખને ભરી દેતી. આ પ્રકારે આખો દિવસ અમે ધૂળ ફાકતા રહ્યા. અમારાં સર્વ કપડાં માટીથી ભરાઈ ગયાં અને મસ્તકમાં પણ માટી જ માટી થઇ રહી.

ખેર, પાંચ વાગે છુટ્ટી થઇ. શનિવારનો દિવસ હતો. ધાર્યું કે આ પણ ઠીક જ થયું. રવિવારે આરામ લઇ સોમવારે પુનઃ કામપર આવીશું અને એક સપ્તાહનો અભ્યાસ થયા પછી કાંઇ પણ કષ્ટ થશે નહિ.

કાયદા પ્રમાણે આજે મજુરી લેવાનો દિવસ હતો, કારણ કે અહીંઆં અઠવાડીએ અઠવાડીએ મજુરી મળી જાય છે. અમે પણ મજુરોની પંક્તિમાં ઉભા થઇ ગયા. અમારો વારો આવ્યો ત્યારે કાર્યાધ્યક્ષે અમને દર માણસ દીઠ એક ડૉલર અને પંચાવન સેન્ટ આપ્યા. અમેરિકાના કાયદા પ્રમાણે અમે બે ડૉલરના અધિકારી હતા, કારણ કે અમે સાડાસાતવાગે ત્યાં પહોંચી ગયા હતા, ગાડું ચાહે નવ વાગે આવે અથવા દશ વાગે આવે તેમાં અમારે શું ? છતાં અમે ત્રણ તો હિંદુ અને ભારતવર્ષના સંસ્કારોવાળા એટલે એક ડૉલર અને પંચાવન સેંટ લઇને ચુપ રહ્યા; પરંતુ પેલો મૅક્સિકન કે જે સૌથી છેલ્લો હતો તે પોતાનો ચેક જોઇ બોલ્યોઃ—

"એ મિસ્ટર, તમે અમને બબ્બે ડૉલર શા માટે આપતા નથી ?"

કાર્યાધ્યક્ષે કહ્યુંઃ–"તમે સાડાનવ વાગે કામ શરૂ કર્યું હતું."

આ સાંભળી મૅક્સિકન બોલ્યોઃ–"અમે સાડાસાત વાગે અહીંઆં આવ્યા હતા. તમારૂં ગાડું દશ વાગે આવે વા બાર વાગે આવે તેમાં અમને શું ?"

કાર્યાધ્યક્ષ બોલ્યોઃ–"જો તમારે એટલા પૈસા લેવા હોય તો લઇ લો, નહિ તો રહ્યું. નહિ લો."

મૅક્સિકને પોતાનો ચેક તેને પાછો આપી દીધો. તે અન્યાયીએ અમને કહી દીધું કે સોમવારે તમે કામપર આવશો નહિ. વળી તેણે એજન્સી તરફના કાગળના પાછલા ભાગપર લખી આપ્યું કે "They are no good"–અર્થાત્ આ લોકો બરાબર કામ કરતા નથી. ચાર ડૉલર પાછા આવવાની જે થોડી ઘણી આશા હતી તેની ઉપર પણ આથી પાણી ફરી વળ્યું.

આ અન્યાયનો શો ઉપાય ? આખા વર્ષમાં ત્રણ માસને માટે કામ માગીએ છીએ, પરંતુ તે મળતું નથી. પોતાના ગજવામાંથી ફી આપીને નોકરી શોધીએ છીએ, પ્રમાણિકતાથી કામ કરીએ છીએ, પરંતુ એક દિવસ કામ કરાવીને રૂખસદ આપી દેવામાં આવે છે. મજુરી પણ પૂરી મળતી નથી. ચાર ડૉલર વ્યર્થ ગયા. એમ શા માટે? શું આ ભૂમિપર રહેવાનો અમને કાંઇ અધિકાર નથી? શું માતા વસુંધરાના આપેલા ભાગમાં અમારો હિસ્સો નથી ? એક માણસ લાખો રૂપિઆ પેદા કરીને બારે મહિના મોજ ઉડાવે અને બીજાને વિદ્યાધ્યયનને માટે પણ ધન કમાવાની સંધિ આપવામાં ન આવે, એ શું ન્યાય છે? એક માણસ મોટરમાં બેસીને નચિંતાઇથી દિવસ વ્યતીત કરે અને બીજો અન્નથી પણ વંચિત રહીને આમતેમ અથડાયા કરે, એ શું ઇન્સાફ છે ? હે મનુષ્યસમાજ ! આ બેઇન્સાફીનો અંત ક્યારે આવશે ?

આ પ્રકારના પ્રશ્નો મારા હૃદયમાં ઉપસ્થિત થઇ રહ્યા હતા અને હું ધીમે ધીમે મારા સાથીઓની સાથે ચાલતો હતો. ચાલતા ચાલતા અમે એક ચબુતરાની પાસે જઇ પહોંચ્યા અને ત્યાં થોડી વાર સુધી બેઠા. વિષ્ણુદાસને એક એક ડૉલર આપી દેવામાં આવ્યો. થોડી વાર સુધી આરામ લઇને વિષ્ણુદાસ અને તેજાસિંહ પોતપોતાના મુકામપર ચાલ્યા ગયા અને હું તથા મધાઇયાં અમારા નિવાસસ્થાન તરફ ચાલ્યા.

યદ્યપિ હું ઘણો થાકેલો હતો, તો પણ રાતે ઘણી વાર સુધી નેમ

નિદ્રા આવી નહિ. મનુષ્યસમાજના સ્વાર્થનું ભયંકર ચિત્ર મને કષ્ટ આપતું રહ્યું. મનુષ્ય અન્યની પીડા ત્યારેજ જાણે છે કે જ્યારે ખુદ તેની ઉપર વીતે છે. આજની એઈન્સાઈના દૃશ્યે મારી ઉપર ઘણી અસર કરી. કલાકોના કલાકો સુધી હું સમાજના અન્યાયપર વિચાર કરતો રહ્યો. અંતે મેં નિદ્રાદેવીના ભવનમાં પ્રવેશ કર્યો.

# અમેરિકામાં વિદ્યાર્થિજીવન

નવી દુનિયાના વિદ્યાર્થીઓ પોતાનાં વિશ્વવિદ્યાલયોમાં કેવી રીતે રહે છે અને કેવી રીતે વિદ્યાભ્યાસ કરે છે તે જાણવાને આપણા દેશની સ્કૂલો તથા કૉલેજોના વિદ્યાર્થીઓ અતિ ઉત્સુક હશે; એટલા માટે આ લેખ હું ઘણા પ્રેમથી ભારતીય છાત્રોને અર્પણ કરૂં છું.

અમેરિકન વિદ્યાર્થીઓ સ્વભાવથીજ હાસ્ય, ઠઠ્ઠા, મશ્કરી પસંદ કરે છે; એ એ લોકોનો જાતીય ગુણ છે. તેમના જીવનને તેમનીજ આંખોથી જોનાર પુરૂષ તેમની આદતો અને કામોને સારી રીતે જાણી શકે છે. સંભવ છે કે અમેરિકાના વિદ્યાર્થીઓની કેટલીક રીતિઓ અમારા પાઠકોને પસંદ આવશે નહિ; અને તેઓએ તેમને અવશ્ય પસંદ કરવીજ જોઇએ એવી અમારી પણ ઇચ્છા નથી. અમે લેખક છીએ; આકાશ પાતાલમાં કિલ્લા બાંધવા, મનુષ્યને દેવ બનાવવા, એ લેખકનું કાર્ય નથી; પરંતુ સત્ય હકિકત રજુ કરવી એ લેખકનું કાર્ય છે. અમે જો માત્ર ચૂંટી ચૂંટીને ખાસ ઘટનાઓનુંજ વર્ણન કરીએ અને પ્રશંસાની નદી વહેવરાવીએ તો

અમે પાઠકોને ભ્રમમાં નાખવાના અપરાધી બનીશું. અમે સ્પષ્ટ રીતે જણાવીએ છીએ કે ભારતને ઘણી બાબતો અમેરિકાની પાસેથી શીખવાની છે; અને તેમાં અમેરિકન વિદ્યાર્થીઓની જીવનચર્યા અતીવ શિક્ષાદાયક છે; કારણ કે આ વિશ્વવિદ્યાલયોમાંજ અમેરિકાનાં રત્નો ઉત્પન્ન થાય છે; એમાંજ સ્વાતંત્ર્યના વિચારનું બીજારોપણ થાય છે; એમાંથીજ દેશભક્તિ ઉત્પન્ન કરવામાં આવે છે; અને એમાંથીજ સાહિત્યાચાર્યોનો જન્મ થાય છે.

## અનઘડ વિદ્યાર્થી અને તેનો પ્રવેશસંસ્કાર.

હાઇસ્કૂલની પરીક્ષા પસાર કરીને જે વિદ્યાર્થી કૉલેજમાં દાખલ થાય છે તેને અમેરિકન વિશ્વવિદ્યાલયની પરિભાષામાં ‘ Fresh man’ અર્થાત્ અનઘડ વિદ્યાર્થી કહેવામાં આવે છે. એમ શા માટે કહેતા હશે ? આનું કારણ એ છે કે ઉચ્ચ પંક્તિના છાત્રોની દ્રષ્ટિમાં તે જંગલીજ ગણાય છે, કારણ કે હાઇસ્કૂલ પર્યંત બાલ્યાવસ્થાનો સમય છે, એટલા માટે જો અનઘડ વિદ્યાર્થીનો પ્રવેશસંસ્કાર થયેલો હોતો નથી તો જુના વિદ્યાર્થીઓ તેને પોતાનામાં હળવા મળવા દેતા નથી. આ કેવળ વિદ્યાર્થીઓએ પોતે બનાવેલો સામાજિક નિયમ છે. ભિન્ન ભિન્ન કૉલેજોમાં અને વિશ્વવિદ્યાલયોમાં પ્રવેશસંસ્કારની ભિન્ન ભિન્ન પ્રણાલીઓ છે. શિકાગોના સ્નેલ હૉલમાં પ્રવેશસંસ્કારની જે પ્રણાલી છે તે અમે અમારા પાઠકોના મનોરંજનાર્થે અત્ર નિર્દિષ્ટ કરીએ છીએ.

૧૯૦૬ માં પ્રાયઃ બાર વિદ્યાર્થીઓનો સંસ્કાર થવાનો હતો. તેમાં એક જાપાની પણ હતો. સ્નેલ હૉલની વિદ્યાર્થિમંડળીએ સભા ભરી ૩૧ મી અકટોબરની રાતે નવ વાગે તેનો પ્રવેશસસંકાર કરવાનો નિશ્ચય કર્યો. નિયત સમયે સર્વ જુના વિદ્યાર્થીઓ વાંસની એક એક લાકડી હાથમાં લઇ એક મોટા ઓરડામાં એકત્ર થયા. અનઘડ વિદ્યાર્થીઓની આંખે રૂમાલ બાંધીને તેમને તે ઓરડામાં આણવામાં

આવ્યા. સૌથી જુના ત્રણ વિદ્યાર્થીઓ એક પ્લૅટફૉર્મ ઉપર ખુરશી નાખી બેઠા હતા. તેમાંનો એક ન્યાયાધીશ બનેલો હતો. તેનો પોશાક પણ ન્યાયાધીશના જેવોજ હતો. અમે *સર્વ જુના વિદ્યાર્થીઓ ખુરશી-પર બેઠા હતા. ન્યાયાધીશની આજ્ઞા અનુસાર વિજળીના દીપક ઉડાવી લઇ મીણબત્તીઓ સળગાવવામાં આવી. તેનાથી ઝાંખો પ્રકાશ થયો. તે પ્રકાશમાં ન્યાયાધીશ કાંઇક મંત્રો ભણ્યો અને સર્વ જણે ઘુંટણમંડીએ પડી તેનો પુનરુચ્ચાર કર્યો. તત્પશ્ચાત્ ન્યાયાધીશે એક પ્રતિજ્ઞાપત્ર વાંચ્યો. આ પત્રની ઉપર અનઘડ વિદ્યાર્થીઓએ હસ્તાક્ષર કર્યા અને અમે લાકડીઓથી તેમને મારીને ઓરડામાંથી બહાર હાંકી કાઢયા. તેમને એક બીજા ઓરડામાં બંધ કરવામાં આવ્યા. આ તો એ સંસ્કારની ભૂમિકા માત્ર હતી.

જ્યારે એ અનઘડ વિદ્યાર્થીઓ ચાલ્યા ગયા ત્યારે ન્યાયાધીશે બીજા ત્રણ કર્મચારીઓ નિયત કર્યા. એક દરવાન, બીજો ચપરાશી અને ત્રીજો કારકુન. દરવાનને પહેરાપર નિયત કરવામાં આવ્યો; ચપરાશીને એક અનઘડ વિદ્યાર્થીને લઈ આવવાની આજ્ઞા ફરમાવવામાં આવી; અને કારકુનને ન્યાયાધીશની પાસે રહી તેની આજ્ઞા પ્રમાણે કામ કરવાનું સોંપવામાં આવ્યું. હવે કાર્યવાહી શરૂ થઇ. સૌથી પ્રથમ ચપરાશી પેલા નપાનીને હાથ પકડીને ખેંચી લાવ્યો. જ્યારે તે દ્વારપર આવ્યો ત્યારે દરવાને પૂછ્યું: "કોણ છે?" ઉત્તર મળ્યો: "એક મિત્ર." દરવાન તેને ન્યાયાધીશની તરફ લાવવા લાગ્યો. અમે તે મિત્રના આગમનને માટે આનંદપ્રદર્શક ગાયનો ગાવા લાગ્યા. દરવાને તેને કારકુનને હવાલે કર્યો. કારકુને તેને ન્યાયાધીશની આગળ રજુ કર્યો.

* હું પણ જુના વિદ્યાર્થીઓ પૈકી એક હતો, કારણ કે મેં ભારતવર્ષમાં હાઇસ્કૂલની પરીક્ષા પસાર કરી બે વર્ષ કૉલેજમાં અભ્યાસ કર્યો હતો.

ન્યાયાધીશઃ—" તમે કોણ છો ? "

જાપાનીઃ—" મિત્ર છું. "

ન્યાયાધીશઃ—" ઠીક, હાથ આપો તો, જોઉં તો ખરો કે તમે મિત્ર છો કે શત્રુ ? "

જ્યાં જાપાનીએ હાથ આપ્યો કે તરતજ ન્યાયાધીશ બોલી ઉઠયોઃ—" શત્રુ, શત્રુ, દૂર કરો, દૂર કરો. " અમે તત્કાળ લાકડીઓથી તેની પૂજા કરવા લાગ્યા. પછી ન્યાયાધીશના એક સાથીની ભલામણથી તે અનઘડની હિમ્મતની પરીક્ષા કરવામાં આવી. તેને કારકુને કહ્યું કે, " એક સ્ટૂલપર ઉભા થાઓ. " અનઘડ તે પ્રમાણે ઉભો થઇ ગયો. તેની આંખો રૂમાલથી બાંધેલી હતી. તેને આજ્ઞા ફરમાવવામાં આવી કે " આ સ્ટૂલપરથી પેલી ખુરશીપર કૂદો. " તે કૂદ્યો એટલે એક વિદ્યાર્થીએ ખુરશી ખેંચી લીધી. આ પ્રકારે પેલા અનઘડને બેવકૂફ બનાવવામાં આવ્યો અને વિદ્યાર્થીઓએ લાકડીથી તેનો આદરસત્કાર કર્યો. તત્પશ્ચાત્ તેની બુદ્ધિની પરીક્ષા કરવામાં આવી. તેમાં પણ તે બિચારાની દુર્ગતિ થઇ. તે પછી ન્યાયાધીશે તેને આજ્ઞા કરી કે " તમે એક વ્યાખ્યાન આપો. " જાપાનીએ વ્યાખ્યાન આપતાં જણાવ્યું કેઃ—

" હું આજથી સ્નેલ હૉલનો સ્થાયી સભાસદ બનું છું, અને જંગલીમાંથી સભ્ય બનું છું. હું પણ કરૂં છું કે હું આ હૉલના અન્ય વિદ્યાર્થીઓની આજ્ઞા શિરસાવંદ્ય કરીશ. તેમના સુખમાં સુખ અને તેમના દુઃખમાં દુઃખ માનીશ. સદા સભાના નિયમોનું પાલન કરીશ અને સ્નેલ હૉલના ગુણ ગાઇશ. "

પાઠકોને જણાવવાની આવશ્યકતા નથી કે વ્યાખ્યાન આપતી વખતે પણ જાપાનીની પીઠપર તડાતડ લાકડીના સપાટા પડતા હતા.*

* હું મારા મિત્રોની જાણને માટે લખવું આવશ્યક માનું છું કે મેં કોઇને માર્યો નથી. હું કેવળ પ્રેક્ષક તરિકે બેસી રહ્યો હતો, કારણ કે મારે માત્ર કાર્યવાહી જોવી હતી.

વ્યાખ્યાન થઈ રહ્યા પછી તેને ચાલીસ ગજના અંતરપર લઇ જઇને ઉભો રાખવામાં આવ્યો, ત્યાંથી તે ઘુંટણીએ ટેકતો ટેકતો ન્યાયાધીશના પ્લેટ ફૉર્મની પાસે આવી પહોંચ્યો. ત્યાં એક કાગળ અને એક પેન્સિલ રાખવામાં આવી હતી; આ પેન્સિલવતી તેણે પોતાનું નામ કાગળપર લખ્યું. આ કામ જરા મુશ્કેલ હતું. આંખો બંધ હતી, ઘુંટણીએ ચાલી ચાલીને કાગળ શોધવાનો હતો અને ઉપરથી લાકડીનો માર પડતો હતો. આ એક અજબ પ્રકારનો તમાશો હતો. અસ્તુ. તત્પશ્ચાત્ તેની આંખ ખોલી નાખવામાં આવી; તેનું મુખ ધોવામાં આવ્યું. પછી સર્વ જુના વિદ્યાર્થીઓએ પ્રેમપૂર્વક તેની સાથે હાથ મેળવ્યા અને તેને પોતાનો કરી લીધો. આજ દશા ઇતર અનઘડ વિદ્યાર્થીઓની પણ થઇ. જ્યારે સર્વનો પ્રવેશસંસ્કાર થઇ ચૂક્યો ત્યારે મિઠાઇપર ખૂબ મારો ચાલ્યો.

આવાજ પ્રકારના સંસ્કારો કોલંબિયા, હાર્વર્ડ આદિ વિશ્વવિદ્યાલયોમાં પણ પ્રચલિત છે. કોઇ સ્થળે સંસ્કારની રીતિ સખ્ત છે અને કોઇ સ્થળે નરમ છે. ઑરેગન સંસ્થાનના વિશ્વવિદ્યાલયમાં અનઘડ વિદ્યાર્થીઓપર પુષ્કળ કામોની જોખમદારી નાખવામાં આવે છે. યદિ કોઇ વિદ્યાર્થી આજ્ઞા માનવામાં આઘું પાછું કરે તો તેને વસ્ત્રસહિત નદીમાં હડસેલી મૂકવામાં આવે છે, અથવા તો પકડીને નહાવાના ટબમાં નાખી દેવામાં આવે છે, અને ઉપરથી ઠંડા પાણીનો નળ છોડી મૂકવામાં આવે છે. આ પ્રમાણે હરપ્રકારે તેને સીધો કરવામાં આવે છે.

## વિદ્યાર્થીઓના સાહિત્ય સમાજ

ઉપર અમે જે કાંઈ લખ્યું છે તે માત્ર પાઠકોની જાણને માટેજ લખ્યું છે. હવે અમે અધિકાંશ તેજ બાબતો લખીશું કે જે આપણે અમેરિકાના વિદ્યાર્થીઓની પાસેથી શીખવાની છે. તેમાંની પહેલી બાબત સાહિત્ય સંબંધી છે.

અહીંનાં સર્વ વિશ્વવિદ્યાલયોમાં સાહિત્યસમાજ હોય છે. તેમાં પ્રવેશ કરીને વિદ્યાર્થી વ્યાખ્યાન આપતાં, વાદવિવાદ કરતાં તથા રાજનૈતિક, ધાર્મિક આદિ વિષયોપર પ્રવચન કરતાં શીખે છે. આપણા દેશમાં વિદ્યાર્થીઓને રાજકીય વિષયની ચર્ચા કરવાની મના કરવામાં આવે છે, કૉલેજમાં ધાર્મિક વાદવિવાદ થતા નથી, કારણ કે તે થવાથી કોઇનું દિલ દુઃખાવાનો સંભવ હોય છે. વિદ્યાર્થીઓને કેવલ ફોનોગ્રાફની પેઠે ગોખણપટ્ટી શીખવવામાં આવે છે. આ ગોખણપટ્ટીને તેઓ પરીક્ષાના સમયે ગોખી કાઢે છે. અસ્તુ. પરંતુ અમેરિકાના સાહિત્યસમાજોમાં પ્રત્યેક રાજકીય ઘટના ઉપર વાદવિવાદ કરાવવામાં આવે છે. કેટલાક વિદ્યાર્થીઓ એક પક્ષ ગ્રહણ કરે છે; અને શેષ બીજો પક્ષ ગ્રહણ કરે છે. પછી વાદવિવાદનો આનંદ લૂટે છે. હમણાં જાપાનીઓને કાઢી મૂકવાનો જે પ્રશ્ન અમેરિકામાં ઉપસ્થિત થયો હતો તેની ઉપર વૉશિંગ્ટન, ઇડાહો અને ઑરેગન સંસ્થાનનાં વિશ્વવિદ્યાલયોની તરફથી ત્રણ મોટા દારુણ વાદવિવાદ થયા હતા. પ્રત્યેક વિશ્વવિદ્યાલયમાં બે પક્ષ હતા; એક જાપાનીઓની તરફેણ કરનારો અને બીજો તેમનો વિરોધ કરનારો. ઉભય પક્ષે જબરી તૈયારી કરી હતી. નિષ્પક્ષપાત માણસોને ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે કેવલ યુક્તિઓ અને પ્રમાણો સાંભળીનેજ ચૂકાદો આપ્યો. વૉશિંગ્ટન વિશ્વવિદ્યાલયનો જાપાનીઓને કાઢી મૂકવાની વાતને પુષ્ટિ આપનારો પક્ષ હારી ગયો. ઑરેગનનો પણ તે પક્ષ હારી ગયો. આ પ્રકારના વાદવિવાદથી ઉભય પક્ષની યુક્તિઓનું જ્ઞાન શ્રોતાઓને થાય છે અને તેમને જાતે વિચાર કરવા માટે પૂરતી સામગ્રી મળે છે, એટલું જ નહિ પરંતુ આમ થવાથી વિદ્યાર્થીઓ નિબંધ લખતાં, શોધખોળ કરતાં તથા પોતાના દેશના હિતની સાધક બાધક વાતોપર વિચાર કરતાં શીખે છે.

આપને હું એક બીજું દ્રષ્ટાંત આપું છું. વિશ્વવિદ્યાલયની એક

સભાનો હું પણ મેમ્બર હતો. મારા પ્રસ્તાવથી એકવાર નીચલો વિષય વાદવિવાદને માટે નિશ્ચિત કરવામાં આવ્યોઃ—

"Resolved that the Christian Missionaries should not be sent to India."

અર્થાત્ "ખ્રિસ્તી પાદરીઓને ભારત વર્ષમાં મોકલવા નહિ."

મેં તથા બે અમેરિકન વિદ્યાર્થીઓએ 'નહિ મોકલવા' એ પક્ષ ગ્રહણ કર્યો, અને બીજા ત્રણ વિદ્યાર્થીઓએ 'મોકલવા' એ પક્ષ ગ્રહણ કર્યો. ત્રણ જણને ન્યાયાધીશ નિયત કરવામાં આવ્યા. અમે યુક્તિઓ તથા પ્રમાણોદ્વારા સિદ્ધ કર્યું કે ભારતવર્ષમાં ખ્રિસ્તી પાદરીઓ વ્યર્થ ધાર્મિક ઝઘડો ઉપસ્થિત કરે છે. હિંદુ અને મુસલમાન એ બે વર્ગ તો અલગ છેજ, અને હવે વળી ખ્રિસ્તીઓ એક ત્રીજો વર્ગ ઉત્પન્ન કરવા માગે છે. મેં સિદ્ધ કરી બતાવ્યું કે પાદરીઓને લીધે જ હિંદુઓ આખી દુનિયામાં કાફર Heathens તરીકે ઓળખાય છે, અને એ લોકોજ પ્રજાઓમાં ઘૃણાનું બીજારોપણ કરી રહ્યા છે. અંતે મેં અને એક અમેરિકન વિદ્યાર્થીએ સિદ્ધ કર્યું કે પાદરીઓએ સ્વદેશમાં રહીનેજ ખ્રિસ્તીધર્મનો પ્રચાર કરવો જોઇએ; અહીંઆંજ તેમની ઘણી જરુર છે. પ્રતિપક્ષીઓએ પ્રબલતાપૂર્વક જણાવ્યું કે, બાઇબિલમાં એવી આજ્ઞા છે કે "ખ્રિસ્તીધર્મનો પ્રચાર કરો" એટલા માટે ઇતર દેશોમાં જઇને ખ્રિસ્તીધર્મનો પ્રચાર કરવો એ અમારૂં કર્તવ્ય છે. ન્યાયાધીશોએ અમારા પક્ષમાં ચુકાદો આપ્યો.

આ સાહિત્યસમાજોમાં સર્વ વિષયોની ઉપર ચર્ચા કરવામાં આવે છે. ભારતવર્ષના વિદ્યાર્થીઓએ સંકુચિતપણું છોડી દઈ આવી આવી સભાઓ સ્થાપિત કરવી જોઇએ, અને રાજકીય, ધાર્મિક, સામાજિક વગેરે સર્વ પ્રકારના વિષયો પર ચર્ચા કરવી જોઇએ.

## વિદ્યાર્થીઓનાં વર્તમાનપત્રો તથા માસિકો.

પ્રત્યેક વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓદ્વારા દૈનિક, સાપ્તાહિક તથા માસિકપત્રો સંપાદિત થઇને પ્રકટ થાય છે. સર્વ વિદ્યાર્થીઓને લેખ લખવાની તથા કવિતા રચવાની સંધિ આપવામાં આવે છે, અને તેમનો ઉત્સાહ વધારવાને માટે પદકો આપવામાં આવે છે. સારી સારી કથાઓ તથા સંશોધનપૂર્ણ લેખોને માટે તેમને પારિતોષિક આપવામાં આવે છે. કેવલ પ્રતિષ્ઠા અને માનવૃદ્ધિને માટે પણ વિદ્યાર્થીઓ લેખ લખે છે. અમેરિકામાં આજે જે મોટા મોટા ધુરંધર લેખકો છે તેઓ આવાં આવાં પત્રોદ્વારાજ પ્રથમ લખતાં શીખ્યા હતા. પછી તેઓ ધીમે ધીમે ઉન્નતિ કરતા કરતા પ્રસિદ્ધ લેખક થઇ ગયા.

ભારતવર્ષમાં હિન્દીના સારા લેખકો નથી. પરંતુ સારા લેખકો ઉત્પન્નજ શી રીતે થાય? આપણે ત્યાંની દશા તો જુઓ! બનારસની હિંદુ કૉલેજ પોતાને હિંદુઓની પ્રતિનિધિ કૉલેજ કહેવરાવે છે અને હિંદુઓને જાતીય શિક્ષણ આપવાની ડીંગ મારે છે, તેના દ્વારા "સેંટ્રલ હિંદુ કૉલેજ મૅગેઝીન" નામનું માસિક પ્રકટ થાય છે, નનું નામ હિંદુ કૉલેજ છે; ડીંગ જાતીય શિક્ષણની છે; પરંતુ માસિક અંગ્રેજી ભાષામાં પ્રકટ થાય છે! આ તમાશો તો જુઓ!! આવી જાતીય કૉલેજમાં જ્યારે અંગ્રેજીનું આવું સામ્રાજ્ય હોય ત્યારે હિંદી લેખકો શી રીતે ઉત્પન્ન થઇ શકે? હિંદુ કૉલેજ તરફથી હિંદીમાં પત્ર નીકળવું જોઇતું હતું અને તેનું સંપાદનકાર્ય કૉલેજના વિદ્યાર્થીઓનાજ હાથમાં સોંપવામાં આવવું જોઇતું હતું. જે વિદ્યાર્થીઓ ચાર વર્ષ સુધી કૉલેજમાં અભ્યાસ કરી હિંદી પત્રિકાનું સંપાદનકાર્ય કરત તેઓ પોતાના જીવનમાં હિંદીના પ્રસિદ્ધ લેખક બની શકત. પરંતુ અહીં તો અંગ્રેજી ભાષાજ મંજુર છે; બિચારી હિન્દીનો ભાવ કોણ પૂછે? હા, કૉલેજના અગ્રેસરો કોઇ કોઇ વાર હિન્દીના પક્ષમાં

પોતાની સમ્મતિ પ્રકટ કરીને હિન્દીના હિમાયતી હોવાનો પ્રયત્ન કરે છે ! હિંદીના મૂળમાં ઘાસતેલ પણ રેડતા જવું અને સાથે સાથે તેના પ્રત્યે પોતાની સહાનુભૂતિ પણ પ્રકટ કરતા જવું ! વાહ, બલિહારી !

## વિદ્યાર્થીઓની કસરતો

અમેરિકન વિશ્વવિદ્યાલયોમાં શારીરિક ઉન્નતિ પ્રત્યે ખાસ ધ્યાન આપવામાં આવે છે. પ્રત્યેક વિશ્વવિદ્યાલયમાં કસરતને માટે ખાસ મકાન હોય છે, અને શિક્ષકો પણ હોય છે. વિદ્યાર્થીઓ અતિ આનંદપૂર્વક કસરત કરે છે. તેમના હાથ પગ મજબૂત અને શરીર બળવાન હોય છે. 'ફુટ બોલ' અને 'બેસ બોલ' અહીંના મુખ્ય ખેલ છે. અમેરિકન ફુટબોલની રમત અંગ્રેજી ફુટબોલની રમત પ્રમાણે રમાતી નથી. અમેરિકન ફુટબોલમાં ચોટ ઝપટ વાગવાનો વિશેષ ભય છે. એ રમતમાં કેટલાક વિદ્યાર્થીઓના પગ ભાગી ગયા છે. અંગ્રેજી ફુટબોલમાં પગવતી દડાને લક્ષ્યની પાસે લઇ જવાનો રિવાજ છે, પરંતુ અમેરિકન ફુટબોલમાં હાથવતી દડાને પકડી જેમ બને તેમ જલદી દોડીને લઇ જવાનો નિયમ છે. તેને રોકવો એ સામા પક્ષનું કામ છે. બસ આજ લડાઇ છે. આ રમતમાં ખાસ કરીને વિદ્યાર્થીઓ બાઝાબાઝીમાં આવી જાય છે. આ રમતમાં કેટલો ભય છે તે પાઠકો પોતેજ સમજી શકશે.

'બેસબોલ' એ અંગ્રેજી ક્રિકેટના જેવોજ ખેલ છે. એ સર્વ સ્થળે રમવામાં આવે છે. અંગ્રેજી ક્રિકેટના નિયમમાં ફેરફાર કરીને આ અમેરિકન ખેલ બનાવવામાં આવ્યો છે. તાત્પર્ય એ છે કે અમેરિકન લોકોએ આ બન્ને ખેલોને સ્વદેશી બનાવી લીધા છે.

## વિદ્યાર્થીઓનું ધાર્મિક જીવન

ભારતવર્ષના વિદ્યાર્થીઓ ધારતા હશે કે અમેરિકન વિશ્વવિદ્યાલયોમાં સર્વે છોકરાઓ ખ્રિસ્તીધર્મના અનુયાયી હશે, પરંતુ એમ

નથી. ખ્રિસ્તીધર્મનો અમેરિકામાં દિન પ્રતિદિન હ્રાસ થતો ચાલ્યો છે. યદ્યપિ સર્વ વિશ્વવિદ્યાલયોમાં યંગ મેન્સ ક્રિશ્ચિયન એસોસિએશન છે અને કેટલાક બાઇબલ કલાસો પણ છે, પરંતુ તેમાં આવનારા ઘણા થોડા હોય છે. શિકાગોમાં ભાગ્યેજ ત્રીસ ચાલીસ વિદ્યાર્થીઓ સભાઓમાં આવતા હશે. ઓરેગનમાં તો પંદર વીસજ આવતા હશે. બાઇબલ કલાસોમાં આઠ દશ વિદ્યાર્થીઓથી અધિક હોતા નથી. આ પ્રકારની જેટલી એસોસિએશનો ચાલે છે તે સર્વ ધનવાનોના દ્રવ્યથી ચાલે છે. આ સમાજોમાં લોકોને પરસ્પર મળવાની સંધિ મળે છે. એસોસિએશનના સભાસદ થવાથી બીજા પણ ઘણા લાભો થાય છે. હું પોતે પણ એક એસોસિએશનનો સભ્ય હતો.

વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થીઓ અતિ ઉદાર વિચારના હોય છે. અલબત્ત, જેમણે જીવન પર્યન્ત પાદરી બનવાનો નિશ્ચય કર્યો હોય તેઓ અવશ્ય સંકુચિત હૃદયના હોય છે. જે વિદ્યાર્થીઓ દેવળમાં જાય છે તેઓ કાં તો સુંદર ગાયન સાંભળવાને જાય છે, અથવા તો પોતાના પરિચયની કોઇ સ્ત્રીને મળવાને અથવા એવાજ કોઈ બીજા કારણથી જાય છે. આપણા લોકોની પેઠે " **हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैनमंदिरम्** " એ નિયમે તેઓ ચાલતા નથી. આપણા દેશમાં ઇર્ષા અને દ્વેષનું સામ્રાજ્ય છે. વિદ્યાની સુલભતાને લીધે અમેરિકન વિદ્યાર્થીઓમાં સહનશીલતાનો ગુણ વિશેષ છે. તમે તેમના મતનું ગમે તેટલું ખંડન કરશો તો તેઓ ખોટું માનશે નહિ. તમારા વિચારો તેઓ ખુશીથી સાંભળશે. સર્વ ધર્મોમાં સત્ય રહેલું છે એવી તેમની ધાર્મિક શ્રદ્ધા થતી જાય છે. જેઓ સત્યના જિજ્ઞાસુ હોય તેમણે કોઈ પણ ખાસ પંથમાં બંધાઈ રહેવું ન જોઇએ. સત્ય જ્યાંથી મળે ત્યાંથી તેમણે ગ્રહણ કરવું જોઇએ. અમેરિકામાં ઘણા લોકો નાસ્તિક પણ છે, પરંતુ મને લાગે છે કે અમેરિકાનો ભાવી ધર્મ વ્યાવહારિક વેદાંત થશે.

## વિદ્યાર્થીઓનું સામાજિક જીવન

અમેરિકાના વિદ્યાર્થીઓનું સામાજિક જીવન આપણે માટે સર્વથા નવીનજ છે. અહીંઆં છોકરા છોકરી સર્વ સાથે ભણે છે. પ્રાયઃ પ્રત્યેક છોકરાને એક એક છોકરીની સાથે મિત્રતા હોય છે, તેની સાથે અવકાશના સમયમાં તે સહેલ કરીને અથવા નૌકાવિહાર કરીને આનંદ મેળવે છે. ગ્રીષ્મ ઋતુમાં છોકરાઓ પોતપોતાના પરિચયની છોકરી સાથે નૌકા ખેલતા જણાય છે. કોઇ કોઈ વાર બે ચાર મિત્રો મળીને જાય છે અને બહાર જંગલમાં જ રાંધી ખાય છે. છોકરીઓની આગળ તેઓ અતિ મર્યાદાથી બોલે ચાલે છે; તેઓ પોતાના સંભાષણમાં કદિ પણ અસભ્ય શબ્દોનો ઉપયોગ કરતા નથી. નૃત્યમાં પ્રત્યેક વિદ્યાર્થી પોતાના પરિચયની છોકરીને પોતાની સાથે લાવે છે.

છોકરા છોકરીઓમાં મુલાકાત કરાવવાને માટે ઘણી વાર ઘણા લોકો એક સ્થળે એકત્ર થાય છે. આવા એક સમારોહમાં મને પણ આમંત્રણ કરવામાં આવ્યું હતું. રાતના આઠ વાગે અમે સર્વ મુકરર કરેલા સ્થાનમાં એકત્ર થયા. અમને મોટા મોટા કાગળો આપવામાં આવ્યા અને તેની સાથે નાની નાની પેન્સિલો પણ આપવામાં આવી. પ્રત્યેક છોકરો તે કાગળ લઇ ભિન્ન ભિન્ન છોકરીઓની પાસે હસ્તાક્ષર કરાવતો અને પોતે પણ તેના કાગળોપર હસ્તાક્ષર કરતો. મેં પણ સંકોચનો ત્યાગ કરી દશ છોકરીઓની પાસે મારા કાગળપર હસ્તાક્ષર કરાવ્યા. આનો અર્થ એ હતો કે જે દશ છોકરીઓ મારી સાથે વાર્તાલાપ કરવાની હતી તેમણે પ્રથમથી જ માંહો માંહે તે બાબતનો નિશ્ચય કરી લીધો હતો. મારી સાથે જે છોકરીઓએ વાર્તાલાપ કર્યો તેમણે મૂળ વિષય છોડી મને હિંદુસ્તાનનીજ વાતો પૂછી. અસ્તુઃ જ્યારે વાર્તાલાપ સમાપ્ત થયો ત્યારે પ્રત્યેકને તે વાર્તાલાપનો સાર લખી કાઢવાને માટે એક એક કાગળ આપવામાં આવ્યો. ત્યાર પછી

પેટપૂજાનો આરંભ થયો અને હાસ્યવિનોદ સહિત સમારોહની સમાપ્તિ થઇ.

હું પ્રથમ જણાવી ગયો તેમ અમેરિકાના વિદ્યાર્થીઓ હાસ્ય-વિનોદના ઘણાજ શોખીન છે. જે મશ્કરો હોય તેની તો જાણે પાંચે આંગળીઓ ઘીમાંજ બોળેલી રહેવાની. આ વિદ્યાર્થીને બહુ તડાકો પડે છે; અને જો તે અભ્યાસ કરવામાં હોશિયાર હોય તો પછી પૂછવું જ શું ? તે છોકરીઓનો પ્રિયતમ અને સભા-સમાજોનો અગ્રેસર થઇ પડે છે. પ્રત્યેક સ્થળે તેને માન મળે છે.

એક બીજી વાત પણ લખવા યોગ્ય છે. અમેરિકન વિશ્વવિદ્યા-લયોમાં બે શબ્દો ઘણાજ પ્રસિદ્ધ છે; Rough House (રફ હાઉસ) અને Bath-Tub (બાથ ટબ). પ્રથમ શબ્દનો શો અર્થ છે તે આપ જાણીજ ગયા હશો. જ્યારે કોઇ તોફાની છોકરો કોઇ બીજા વિદ્યાર્થીનો ઓરડો સૂનો જુએ છે ત્યારે તે તેનાં સર્વ પુસ્તકો આમથી તેમ ફેંકી, તેનાં કપડાંનો એક ઢગલો કરી ટેબલ ઉંધું વાળી, તેની ઉપર ખુરશીઓ ઉભી કરી, દ્વાર બંધ કરી ગુપચુપ ચાલ્યો જાય છે. જ્યારે તે વિદ્યાર્થી પોતાના ઓરડામાં આવે છે અને આવી દશા જુએ છે ત્યારે તે મુગો મુગો પોતાની વસ્તુઓ યથાસ્થિત ગોઠવવા મંડી જાય છે. તે બિચારો ગુસ્સે પણ થતો નથી અને ગાળ પણ દેતો નથી. બીજે દિવસે તે પોતાના મિત્રોને માત્ર એટલું જ કહેશે કે " ગઇ કાલે કોણ જાણે કોણે મારા ઓરડામાં Rough House ( રફ હાઉસ ) કર્યું હતું. રફ હાઉસનો શાબ્દિક અર્થ અવ્યવસ્થિત ઘર થાય છે.

બાથટબ એ વિદ્યાર્થીઓને માટે એક પ્રકારનો દંડ છે. જે તોફાની છોકરો તોફાન કરતાં પકડાય છે તેને નહાવાના ટબમાં ફેંકી દઇને શીતલ જલથી કપડાં સહિત ભીંજવી દેવામાં આવે છે. જ્યારે તોફાનનો ભૂત ઘણા વિદ્યાર્થીઓને વળગે છે ત્યારે તેમની ઉપર

બાલટીઓ ભરી ભરીને પાણી નાખવામાં આવે છે. હું પણ ત્રણ વાર તેમના પંજામાં ફસાયો હતો. જે સ્થળે જે માણસ રહે છે ત્યાંની સર્વ વસ્તુઓ થોડે ઘણે અંશે તેના હિસ્સામાં આવે છે. હું અમેરિકામાં અમેરિકન છાત્રોની વચ્ચેજ રહ્યો હતો, ઇતર હિંદુ છાત્રોની પેઠે અલિપ્ત મકાનમાં રહ્યો નહોતો. વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થીઓના નિવાસને માટે જે ઓરડા હોય છે તેમાંના એકમાંજ હું રહેતો હતો.

અમેરિકન વિદ્યાર્થીઓને કૉલેજમાંજ સાચી દેશભક્તિ અને પ્રતિનિધિસત્તાક રાજ્યનો મહિમા શીખવવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતપોતાનાં વિદ્યાલયો પ્રત્યે ગાઢ પ્રેમ રાખે છે. પ્રત્યેક વિશ્વવિદ્યાયનાં પ્રભાવોત્પાદક ભજનો અને ગાયનો જુદાં જુદાં હોય છે. આ ભજનો તથા ગાયનો વિદ્યાર્થીઓ તહેવારોપર ગાય છે. વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થીઓને માટે જેટલા હોદ્દા હોય છે તેના અધિકારીની ચૂંટણી પ્રત્યેક વર્ષે વિદ્યાર્થીઓના ‘ વોટ ’થીજ થાય છે. ધારો કે કોઇ પત્રનેમાટે નવીન સંપાદકની ચૂંટણી કરવાની છે અને ત્રણ યોગ્ય વિદ્યાર્થીઓ તે પદના અભિલાષી છે; તો તેનો ફેસલો સર્વ વિદ્યાર્થીઓના વોટથીજ થશે. ફુટબોલનો કૅપ્ટન, વિદ્યાર્થિસભાનો મંત્રી તથા ઇતર કાર્યાધ્યક્ષોની ચૂંટણી છોકરાઓ પોતેજ કરે છે; ને મોટા થયા પછી એજ લોકો દેશનાં મોટાં મોટાં કામો કરવાની યોગ્યતા દર્શાવે છે. ભારતવર્ષમાં પણ એમજ થવું જોઇએ.

આપણે ઘણી વાતો અમેરિકાની પાસેથી શીખવાની છે. લોકો ફરિયાદ કરે છે કે આપણા દેશમાં નવીન શોધખોળ કરનાર ઉત્પન્ન થતા નથી; પરંતુ આપ વિદ્યાર્થીઓને ઉચિત શિક્ષા નહિ આપો ત્યાંસુધી નવીન શોધખોળ કરનાર ઉત્પન્ન શી રીતે થઇ શકે ? ભારતની કૉલેજોમાં અભ્યાસ કરનાર એવો કયો વિદ્યાર્થી હશે કે જેના મનમાં પોતાના દેશની અધોગતિનું કારણ જાણવાની અભિલાષા ઉત્પન્ન ન

થતી હોય ? વિદ્યાર્થીઓના હૃદયમાં ઉછળતી લહરીઓને દબાવી દેવાનો યત્ન કરવો એ મહા પાપ છે. આવો, આપણા વિદ્યાર્થીઓની દશા સુધારો; તેમને પોતાના દેશના અને પોતાની માતૃભાષાના સેવક બનાવો; તેમની શારીરિક સ્થિતિ સુધારો; અને જે વાતોનું જ્ઞાન દેશોન્નતિનું પ્રધાન સાધન છે તે વાતો શીખવવામાં કદિ પણ આઘું પાછું ન જુઓ.

# સિયેટલનો એક દુકાનદાર

અમેરિકામાં પ્રત્યેક ધંધાને શાસ્ત્રીય સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. કોઇ પણ પ્રકારનું કામ હો, પરંતુ તેને માટે શાળાઓ ખોલવામાં આવી છે, અને તેમાં તે કામને માટે લોકોને તૈયાર કરવામાં આવે છે. અમેરિકા એ વાણિજ્યપ્રધાન દેશ છે. યંત્રોદ્વારા તૈયાર થયેલી વસ્તુઓને બજારમાં લાવ્યા પછી તેમને વિશેષ ત્વરાથી અને સહેલાઇથી કેમ વેચવી તેની નવીન નવીન પ્રણાલીઓ શોધી કાઢવામાં આવી છે. આ પ્રણાલીઓથી જે માહિતગાર હોય છે તે પોતાનો માલ વિશેષ વેચી શકે છે. દુકાન, બજાર, મહોલ્લા તથા નગરોમાં ફરી ફરીને માલ વેચનારા માણસોને મોટી મોટી વખારો તરફથી નિયત કરેલા છે. તેમને અંગ્રેજીમાં સેલ્સમેન (salesmen) કહેવામાં આવે છે. જેઓ દુકાનમાં રહીને માલ વેચે છે તેમને આપણી ભાષામાં ગુમાસ્તા અને જેઓ ફરીને વેચે છે તેમને ફેરીઆ કહેવા યોગ્ય થઇ પડશે. અસ્તુ. અત્ર મારે ગુમાસ્તાની હકિકત લખવાની છે. ગુમાસ્તાઓ ગ્રાહકોને સોદો

આપવામાં મહા ઉસ્તાદ હોય છે. કોઇ પણ ગ્રાહકને ખાલી હાથે ન જવા દેવો એ તેમનો સિદ્ધાંત હોય છે.

એક વાર કામ પ્રસંગે હું વિશ્વવિદ્યાલયમાંથી સિયેટલ શહેરમાં ગયો. દિવસના બે વાગ્યાનો સમય હતો. કામ કરી રહ્યા પછી મેં વિચાર કર્યો કે આજે ફુરસદ છે, માટે ચાલ જીવ, કોઇ દુકાનમાં ફરી સૂટનો ભાવતાલ પૂછીએ. મારી પાસે એક સૂટ હતો, પરંતુ ત્રણ વર્ષપર્યંત સતત પહેર્યાથી તે પહેરવા લાયક રહ્યો નહોતો. ખરીદવાના પૈસા તો પાસે હતાજ નહિ, પરંતુ મેં ધાર્યું કે ઉપયોગમાં આવે એવા એક સૂટની કિમ્મત જાણી લીધા પછી પૈસાનો પ્રબંધ કરી લઇશ. આવો વિચાર કરી હું એક મોટી દુકાનમાં પેઠો. આ દુકાનમાં અમેરિકન દુકાનદારોના નિયમ પ્રમાણે સારા સારા સૂટ ઓછી કિમ્મતની ટીકીટો લગાડી બહારના માણસોને ફસાવવાને માટે કાચની બારીઓમાં રાખ્યા હતા. આથી ઓછી કિમ્મત જોઇ હું ખાલી ગજવે જ દુકાનમાં ઘુસી ગયો. એક ફાંકડા ગુમાસ્તાએ મને અને મારાં કપડાંને જોયાં એટલે તે ચેતી ગયો કે આને કપડાંની જરૂર છે. તેણે મારી પાસે આવીને મને બહુ નમ્રતાથી પૂછ્યું:—

"આપને સૂટની જરૂર છે?"

મેં કહ્યું:—"હા."

ફાંકડો:—"આપને કેવો સૂટ જોઇએ છે?"

હું બોલ્યો:—"સાધારણ કામ લાયક."

"ઠીક, આવો," એમ કહીને તે મને જ્યાં સૂટ રાખ્યા હતા ત્યાં લઇ ગયો અને એક રદ્દી સૂટ કાઢીને મને પહેરાવવા લાગ્યો."

આ જોઇ મેં કહ્યું:—"મારે એ સૂટ જોઇતો નથી."

ફાંકડો:—"આપ પહેરી જુઓ તો ખરા; એ ઘણો સારો બંધબેસતો સૂટ છે."

મેં કહ્યું:—"નહિ, મારે એ નહિ જોઇએ."

પછી તેણે મને એક સારો સૂટ કાઢીને બતાવ્યો અને કહ્યું:—"આ તો આપને જરૂરજ પસંદ પડશે. એ પચ્ચાસ ડૉલરનો સૂટ છે, પરંતુ આપને વીસ ડૉલરમાંજ આપી દઇશું."

મેં આવા સૂટની કિમ્મત બહારથી દશ ડૉલર લખેલી જોઇ હતી. જ્યારે તે ધૂર્તે દશ ડૉલરના સૂટના વીસ ડૉલર જણાવ્યા ત્યારે મેં મન સાથે કહ્યું કે, "શામાટે વખત ખુએ છે? મારી પાસે પૈસા નથી અને હોય તો પણ આની સાથે ભાવ અનુકૂળ થઇ પડે એમ નથી. કોઇ જાણકારની સાથે આવવુંજ બહેતર થઇ પડશે." આવો વિચાર કરી મેં બહાર નીકળવાની પેરવી કરવા માંડી. પરંતુ પેલો ફાંકડો જવાન જવા દે એવો ક્યાં હતો? તે બોલ્યો: "આવો મહાશય, આપને આ સૂટ પસંદ ન પડતો હોય તો બીજો બતાવું છું. અહીં દરેક પ્રકારના સૂટ મોજુદ છે."

તે એવી નમ્રતાથી બોલ્યો કે હું તેની સાથે સૂટ જોવા લાગ્યો. જ્યારે કોઇ પણ સૂટ મને પસંદ ન પડ્યો અને મેં તેને કહ્યું કે, "મને જવા દો, પુનઃ કોઇવાર આવીને જોઇશ." ત્યારે તે એક અજબ રીતથી મને પોતાની સાથે લઇ ગયો અને મારી સાથે મીઠી મીઠી વાતો કરવા લાગ્યો. મેં ધાર્યું કે આજે અમેરિકાના ફેરીઆ તથા દુકાનદારોની ચતુરાઇ પણ જોઇ લઇએ; પૈસા તો બંદાની પાસે છેજ નહિ. આવો વિચાર કરતો અને વાતો કરતો હું તેની સાથે ચાલ્યો.

તે દુકાનની બીજી બાજુએ ઘણો સામાન રાખેલો હતો અને ત્યાં પણ ચાલાક ગુમાસ્તાઓ ગ્રાહકોનાં શિર મુંડવામાં નિમગ્ન થયેલા હતા. તે ફાંકડા વીરે મને એક અત્યંત નિપુણ વેચનારના હાથમાં સોંપ્યો અને મારો પરિચય કરાવીને કહ્યું કે, "એમને સૂટ બતાવો." મેં પણ મનમાં કહ્યું:—"ઠીક ધૂર્તો! તમે તમારો પણ સમય ખોશો

અને મારો પણ ખોશો." અસ્તુ. તે સૂટ દેખાડવા લાગ્યો.

તેણે મને જાતજાતના સૂટ દેખાડવા માંડ્યા અને વાતોથી મને રિઝવવા માંડ્યો, પરંતુ અહીં તો ગજવુંજ ખાલી હતું; રીઝીએ તે શી રીતે? ગજવું ખાલી હોવાથી સૂટમાં કોઇ ને કોઇ ખામી દેખાડીજ દેતો. જ્યારે તે સૂટ દેખાડતો દેખાડતો કાયર થઇ ગયો, ત્યારે પછી ખિજવાઇને બોલ્યો:—

"તમને કેવો સૂટ જોઇએ છે? કાંઇ મુખથી બોલશો ખરા?"

મેં સ્મિત કરી કહ્યું:—"ગુસ્સો કરશો નહિ, મહેરબાન! મને હવે જવા દો. મારી ઇચ્છા પ્રમાણે વસ્તુ મળશે તો દામ આપીને લઇ લઇશ."

ગુમાસ્તો:—"તમે મારી નોકરી છોડાવવાને તો અહીં આવ્યા નથી?"

મેં જરા આશ્ચર્ય પામીને કહ્યું:—"તે કેવી રીતે?"

ગુમાસ્તો:—"કેમ નહિ? યદિ હું આપને સૂટ વેચી શકીશ નહિ તો મારો શેઠ સમજશે કે હું આ કામને લાયક નથી અને તેથી તે મને કાઢી મૂકશે. (નમ્રતાથી) આવો, આવો, બીજો સૂટ જુઓ." તે પુનઃ સૂટ બતાવવા લાગ્યો.

મેં તેને કહ્યું:—"જે પ્રકારનો સૂટ મને પસંદ હતો તે પ્રકારનો સૂટ દશ ડૉલરની કિમ્મતનો આગલી બારીમાં છે, પરંતુ તેવા સૂટના તમે અહીંઆં પંદર અને વીસ ડૉલર માગો છો."

તે બોલ્યો:—"તે કપડામાં અને આ કપડામાં ફરક છે."

હવે ફરકના ઝઘડામાં કોણ ઉતરે? જ્યારે તેણે જોયું કે તે મને કોઈ પણ સૂટ વેચી શકતો નથી અને મને કોઇ પણ સૂટ પસંદ આવતો નથી ત્યારે બીજા દ્વારની પાસે લઈ જઇને મને ગુસ્સાપૂર્વક

કહ્યું:-"ઠીક પધારો! જો તમારા જેવા બે ચાર ગ્રાહક આવે તો અમારો ધંધો ધૂળમાંજ મળી જાય."

આ સાંભળી મેં કહ્યું:-"હું તો પ્રથમથીજ જતો હતો. તમે લોકોએ મારો પણ સમય ગુમાવ્યો અને તમારો પોતાનો પણ ગુમાવ્યો."

# 'સિયેટલ' કે 'સેટલ'?

નિયમપૂર્વક બાર વાગ્યા પછી હું પોસ્ટ ઑફિસમાં પત્રો લેવા ગયો હતો. તે દિવસે કેટલાક પત્રો આવ્યા હતા. સિયેટલથી પણ એક પત્ર આવ્યો હતો. આ પત્રની હું અતિ આતુરતાપૂર્વક રાહ જોતો હતો. તે પત્ર વાંચી મેં સિયેટલ જવાનો નિશ્ચય કર્યો, કારણ કે ત્યાં એક જરૂરી કામ હતું

જે ઓરડામાં હું રહેતો હતો તેનું ભાડું દર અઠવાડીએ મારે ૭ રૂપિઆ આપવું પડતું હતું. આજે શનિવાર હતો અને આજેજ મારૂં અઠવાડીઉં પૂરૂં થતું હતું. મેં મારા ઓરડામાં આવી બારણું ઢાંકી મહત્ત્વના પત્રોના ઉત્તર લખવા માંડ્યા, કારણ કે મારે કામમાંથી શીઘ્ર મુક્ત થઇ સિયેટલ જવાની તૈયારી કરવાની હતી. હું બેઠો બેઠો લખી રહ્યો હતો એવામાં કોઇએ મારૂં બારણું ખખડાવ્યું. મેં કહ્યું:—

"અંદર આવો."

બારણું ઉઘડ્યું અને ઘરની સ્વામિની અંદર આવી બોલી:—

"આપ આવતા અઠવાડીઆને માટે ઓરડો રાખવા માગો છો?"

મેં નમ્રતાથી ઉત્તર આપ્યો:-"હું આજે સાંજે સિયેટલ જવાનો

છું ( I am going to Seattle (સેટલ) this evening )."

"બહુ સારૂ" એમ કહી તે સ્ત્રી ધીમેથી દ્વાર બંધ કરી નીચે ચાલી ગઇ અને હું પુનઃ મારા કામમાં નિમગ્ન થઇ ગયો.

*    *    *    *    *

સંધ્યાનો સમય થઇ ગયો હતો. ગાડી ઉપડવાને એક કલાકની વાર હતી. મારાં કપડાં બૅગમાં નાખી, મારી સર્વ ચીજો સંભાળી લઇ મેં ચાલવા માંડયું. હાથમાં બૅગ અને છત્રી લઇ હું નીચે ઉતર્યો. ઘરની સ્વામિની નીચે દરવાજામાં ઉભી હતી. જ્યારે તેણે મને જતો જોયો ત્યારે તે આશ્ચર્યચકિત થઇ બોલી:—

"આપ ક્યાં જાઓ છો ? ( Where are you going ? )"

મેં ટોપી ઉતારી અતિ અદબથી ઉત્તર આપ્યો:—"હું સિયેટલ જાઉં છું ( I am going to Seattle )." આ સાંભળી તે સ્ત્રી ક્રુદ્ધ થઇ બોલી "આપે આજે સાંજે નિકાલ કરવાનું કહ્યું હતું ને ? ( You said you were going to settle this evening)."

હવે આશ્ચર્ય પામવાનો મારો વારો હતો. મેં જરા ઉચ્ચ સ્વરે ઉત્તર આપ્યો:—

"ના, મેં તો કહ્યું હતું કે હું આજે સાંજે સિયેટલ જવાનો છું (No, I said, I was going to Seattle this evening)."

તે રમણી મારો રસ્તો ઘેરીને ઉભી રહી અને બોલી:—"તમે પોતાને અતિ ચાલાક માનો છો, પરંતુ તમે મને બેવકૂફ બનાવી શકશો નહિ ( You think you are very smart, but you can't fool me )." મેં નમ્રતાથી ઉત્તર આપ્યો:—

"ક્ષમા કરજો દેવિ ! આપને ભ્રમમાં નાખવાનો મારો કાંઇ પણ ઇરાદો હતોજ નહિ. આ ભૂલ કેવલ મારા વિદેશી ઉચ્ચારથી થયેલી જણાય છે ( Pardon me, Lady ! I did not mean

to deceive you. I think it is my foreign accent which gave you wrong impression )." તે રમણીનો ક્રોધ કાંઇક શાંત થયો અને હઠી જઇને બોલીઃ—

" તમારી પાસેથી મારે દોઢ રૂપિઓ વસૂલ કરવાનો હતો, પરંતુ હવે તમને જવા દઉં છું, કારણ કે આપ એક અજબ પુરૂષ છો, આપ ' સિયેટલ 'ને ' સેટલ ' કહી શકો છો ! "

તે સ્ત્રીના પંજામાંથી છૂટીને હું બહાર આવ્યો અને આખે રસ્તે ' સિયેટલ ' અને ' સેટલ 'ની રમુજી વાતપર હસતો રહ્યો.

# ન્યૂયૉર્ક નગરીમાં વીર ગૅરિબાલ્ડી

" There is around the name of Garivaldi a halo which nothing can extinguish. A whole life devoted to one object...his country ; consecrated by deeds of honour first abroad, and then at home; valor and constancy more than admirable; simplicity of life and manners which recalls the man of antiquity ; all the most mournful trials and losses manfully endured ; glory and poverty ! Every particular relating to such a man is precious. "

—*Mazzini.*

જે પુરુષને પોતાની જાતિ અને પોતાના દેશની ઉન્નતિ કરવાનીજ લગની લાગી રહી હોય તે પુરુષને આ જગતમાં ધન્ય છે ! એવો કયો માણસ છે કે જે મૃત્યુના મુખમાંથી બચી શકનાર છે ? એવો કયો માણસ છે કે જેને સમગ્ર સાંસારિક ઐશ્વર્ય છોડી જવું નથી ? એવો કયો માણસ છે કે જે અહીંઆં સદાસર્વદા બેસી રહેનાર છે ? કોઇ ને કોઈ દિવસ આપણે બધાએ એકજ માર્ગે જવાનું છે. આ ક્ષણભંગુર જગતમાં તે માણસને ધન્ય છે કે જેણે પોતાનું સર્વસ્વ જાતિની ઉન્નતિ અર્થે ખર્ચી નાખ્યું હોય. આવો પુરુષ પોતાના જીવનનો યથાર્થ ઉપયોગ કરે છે, એટલુંજ નહિ પરંતુ તે અન્યોને પણ પોતાના પથનું અનુસરણ કરવાને આહ્વાન કરે છે. તેના જીવનમાં એક અદ્ભુત શક્તિ આવી જાય છે. તેના મુખમાંથી નીકળેલા શબ્દો મુરદામાં પણ ચૈતન્યનો સંચાર કરી દે છે. તેનું નામ સર્વને પાવન કરનારૂં બની જાય છે. તેના જીવનની ઘટનાઓ શિક્ષાપ્રદ હોય છે. તેનો યશ પોતાના દેશમાં ફેલાય છે, એટલુંજ નહિ પરંતુ દેશદેશાંતરોમાં પણ ફેલાઇ જાય છે. તે મનુષ્યમાત્રના આદરને પાત્ર બને છે. સમગ્ર જગત આવા પુરુષને હૃદયપૂર્વક અભિનંદન આપે છે. તે જ્યાં જ્યાં જાય છે, જ્યાં જ્યાં રહે છે, તે સર્વ સ્થાનો તેના સ્પર્શથી પવિત્ર બની જાય છે. જે માણસોની સાથે તે જરા પણ વાર્તાલાપ કરે છે તેઓ તેના સંગથી તરી જાય છે.

અહો ! દેશસેવાનો મહિમા અતિ અદ્ભુત છે. તો પછી જે દેશ અને જે જાતિ કોઇ કાળમાં ગૌરવાન્વિત હોય, જે દેશમાં પ્રકૃતિએ પોતાનું સંપૂર્ણ સૌંદર્ય દર્શાવ્યું હોય, જે દેશના પર્વતો, નદીઓ, વહે-

ળાઓ અને વૃક્ષો તેની પ્રતિષ્ઠાનાં પ્રમાણુ હોય, તે દેશની સેવા અને તે જાતિના ઉદ્ધારનો પ્રયત્ન શામાટે પુણ્યકારક ન હોય ? જે દેશની રતી રતીભાર જમીન મહાત્માઓના રક્તપાતથી સિંચિત થઈ હોય તે દેશની સેવા શામાટે પુણ્યકારક ન હોય ? આવા પુણ્યશાળી દેશમાં ઉત્પન્ન થઇને જે મનુષ્ય તેની અધઃપતિત અવસ્થા સુધારવામાં પોતાનું તન, મન અને ધન સમર્પણ કરી દેતો નથી તેનું જીવન વ્યર્થ બોજા સમાન સમજવું.

અમારા પાઠકો પૈકી ઘણાએ, પ્રસિદ્ધ પંજાબી અગ્રેસર લાલા લજપતરાયજી રચિત મહાત્મા ગૅરિબાલ્ડીનું જીવનચરિત્ર વાંચ્યું હશે. જેમણે ન વાંચ્યું હોય તેમને અમે નિવેદન કરીએ છીએ કે તે જરૂર વાંચવું. તે જીવનચરિત્રમાં તેના વિદ્વાન લેખકે રોચક અને સુલલિત ભાષામાં મહાત્મા ગૅરિબાલ્ડીની દેશસેવાનું વર્ણન કર્યું છે. માતૃભૂમિની સેવા કરતાં તે વીરે કેવાં કેવાં સંકટો સહન કર્યાં અને કેવી રીતે તેનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કર્યો તેનું સાવસ્તર વર્ણન તેમાં છે. આજે અમે અમારા પાઠકોને વીર ગૅરિબાલ્ડીના જીવનના તે અંશની હકિકત સંભળાવીએ છીએ કે જે તેમણે અમેરિકામાં વ્યતીત કર્યો હતો. સ્વદેશપ્રેમનો માહમા કેવો અદ્‌ભુત હોય છે તેની આપને આ હકિકતથી પ્રતીતિ થશે.

અમેરિકાના પ્રધાન નગર ન્યૂયૉર્કમાં કલીફ્ટન સ્ટેટન આઇલૅંડ (Clifton Staten Island) નામના એક મહોલ્લાની એક સાંકડી ગલીમાં એક ઘર છે. તેમાં હાલમાં કોઈ પણ રહેતું નથી. તેના દ્વારપર સંગેમરમરના તખતાપર આ શબ્દો કોતરેલા છેઃ—

Qui Visse Esule Dal 1851 Al 1853
Ginseppe Garivaldi
L' Erœ Due Mondi
8 Marzo 1884 Alcuni Amici Posero.

આ મકાનની બાંધણી અતિ સાદી છે, પરંતુ તેમાં એક અદ્ભુત આકર્ષણ શક્તિ છે. પ્રાયઃ પચાસ સાઠ વર્ષથી ઇટલી અને યૂરોપના ભિન્ન ભિન્ન ભાગોના પ્રવાસીઓ આ મકાન જોવાને આવે છે. એમાં મહાત્મા ગૅરિબાલ્ડીએ પોતાના જીવનના કેટલાક દિવસો વ્યતીત કર્યા હતા. તે પવિત્રાત્માના સ્પર્શથી એ ઘર દેવાલય રૂપ બની ગયું છે. ન્યૂયૉર્કના આકાશની સાથે વાત કરતા મહાલયો, ભવ્ય ભવનો, અને વિદ્યુતની આશ્ચર્યજનક શોધો પ્રવાસીઓનું ધ્યાન ખેંચતી નથી, પરંતુ આ ખેડોળ જેવું ઘર તેમને મુગ્ધ કરી દે છે.

ગૅરિબાલ્ડીનો આદર યૂરોપવાસીઓ કરે છે, એટલુંજ નહિ પરંતુ અમેરિકનો પણ તેને પૂજ્ય માને છે. તે " Hero of the Two worlds " અર્થાત્ " નવી અને જુની એ ઉભય દુનિયાનો વીર " કહેવાય છે. ૧૮૮૮ ના ઑગસ્ટની ૨૩મી તારિખે અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનમાં ગૅરિબાલ્ડીનું બાવલું ખુલ્લું મૂકવાને માટે જે સમારંભ થયો હતો તેમાં સંયુક્ત સંસ્થાનોની સેનેટના સભ્ય એવેર્ટસે કહ્યું હતું કેઃ—

" ગૅરિબાલ્ડી ન્યૂયૉર્કમાં બે વર્ષ સુધી રહ્યા હતા. ત્યાંજ અમેરિકન લોકોની સાથે તેમને પરિચય થયો હતો. તેઓ પોતાના શુદ્ધ આચરણને લીધે તે સમયે પણ સર્વના આદરપાત્ર બની ગયા હતા. યદ્યપિ તે સમયે તેમણે કોઇ પણ વિશિષ્ટ કાર્ય કર્યું નહોતું, તોપણ ઘણા લોકોને પૂર્ણ આશા હતી કે તેઓ ઇટલીના ઉદ્ધારને માટે અવશ્ય જીવતોડ મહેનત કરશે. આજે તે આશા સત્ય ઠરી છે. આજે ગૅરિબાલ્ડીનું નામ, તેમનો પવિત્ર યશ, જગતમાં સર્વત્ર પ્રસરી ગયો છે. જ્યાંસુધી દેશસેવા અને સ્વતંત્રતાના ઉચ્ચ આદર્શો મનુષ્યોનાં હૃદયમાં અંકિત રહેશે ત્યાં સુધી ગૅરિબાલ્ડીનું નામ જગતમાં અમર રહેશે."

૧૮૫૦ નું વર્ષ *ગૅરિબાલ્ડીના જીવનમાં અત્યંત શોકદાયક હતું. તેઓ ઇટલીના નિવાસી હતા. ૧૮૪૮ માં ઇટલીની રક્ષાને માટે તેમણે જે યુદ્ધ કર્યું તેમાં તેમને વિજય મળ્યો નહિ. બાર વર્ષ પર્યંત દક્ષિણ અમેરિકાના પારસ્પરિક યુદ્ધમાં યશોલાભ કર્યા પછી પોતાના દેશના શત્રુઓના હાથથી પરાસ્ત થવું તેમને માટે અત્યંત અસહ્ય હતું.

---

* ગૅરિબાલ્ડી ૧૮૦૭ ના જુલાઈની ૪ થી તારિખે ઇટલીના નાઇસ ( Nice ) નગરમાં જન્મ્યા હતા. પ્રથમ તેમણે ઇટલીનાં લડાયક વહાણોપર કામ કર્યું. ૧૮૩૪ માં દેશભક્ત મેઝિનીની Young Italy નામની ગુપ્ત સભાના તેઓ મેમ્બર થયા. ઇટલીની સરકારે જ્યારે દેશહિતૈષીઓને કેદ કરવા માંડયા ત્યારે ગૅરિબાલ્ડી દક્ષિણ અમેરિકામાં નાસી ગયા. ત્યાં તેઓ રિઓ ગ્રાંડે ડોસૂલ (Rio Grande do sul) નામક પ્રજાસત્તાક રાજ્યની સેવા કરતા રહ્યા. ૧૮૪૮ માં તેઓ પુનઃ ઇટલી ગયા અને રોમના અસ્થિર પ્રજાસત્તાક રાજ્યની રક્ષા માટે લડવા લાગ્યા. ૧૮૫૦ માં તેઓ પુનઃ હદપાર થઇને ન્યૂયાર્કમાં આવ્યા. ૧૮૫૪ માં તેઓ પુનઃ ઇટલી ગયા અને સપ્રેરા દ્વીપમાં રહેવા લાગ્યા. ૧૮૫૯ માં સાર્ડિનિયા અને ફ્રાન્સે ઑસ્ટ્રિયાની સાથે જે યુદ્ધ કર્યું હતું તેમાં તેમણે સેનાપતિનું પદ ગ્રહણ કરી પોતાના શત્રુઓ સામે લડાઈ કરી હતી. ૧૮૬૦ માં તેમણે સિસિલીપર આક્રમણ કરી નેપલ્સ નગર હસ્તગત કર્યું. ૧૮૬૧ માં તેઓ પુનઃ સપ્રેરા ચાલ્યા ગયા. ૧૮૬૨ માં તેમણે રોમપર આક્રમણ કર્યું, પરંતુ તેમનો પરાજય થયો. ૧૮૬૬ માં તેમણે પુનઃ ઑસ્ટ્રિયા વિરુદ્ધ યુદ્ધ કર્યું. ૧૮૬૭ માં તેમણે પોપ (રોમન કૅથોલિક ખ્રિસ્તીઓના ગુરુ)ના અન્યાયો દૂર કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમને સફલતા પ્રાપ્ત થઈ નહિ. ૧૮૭૦માં તેઓ ફ્રાન્સના હાથ નીચે રહી પ્રશિયાની સાથે લડયા. ૧૮૭૧ માં તેમને ફ્રાન્સના 'ડેપ્યુટિ ચેમ્બર'ના પદપર નિયુક્ત કરવામાં આવ્યા. ૧૮૭૪ માં તેઓ ઇટલીની પાર્લામેંટમાં પ્રવિષ્ટ થયા અને સુધારાનાં ઘણાં કાર્યો કર્યાં. ૧૮૮૨ ના જૂનની ૨ જી તારીખે સપ્રેરામાં તેમનો દેહાંત થયો—લેખક.

છતાં આ વીર હિમ્મત હાર્યો નહિ. તેણે નાનાં નાનાં યુદ્ધો કરી ઑસ્ટ્રિયાની વિજયી સેનાના નાકમાં દમ આણી દીધો. તેમની ધર્મપત્ની અનીતા (Anita) પ્રત્યેક યુદ્ધમાં તેમની સાથે રહેતી હતી. અંતે રેવેનાના કીચડમાં તે વીરાંગનાનો દેહાંત થયો.

ગૅરિબાલ્ડી ઇટલીથી નાશી ૧૮૫૦ના જૂન માસમાં ન્યૂયૉર્ક જઇ પહોંચ્યા. ન્યૂયૉર્કમાં તે સમયે ઑસ્ટ્રિયા, નેપલ્સ, રોમ વગેરે સ્થાનોથી ઘણા માણસો નાસી આવ્યા હતા. તે સ્થાનોમાં સ્વતંત્રતાનો અગ્નિ પ્રજ્વલિત થઈ રહ્યો હતો. સ્વાર્થી રાજાઓ તેને શાંત કરવાને માટે પોતાનું સર્વ બળ વાપરી રહ્યા હતા, પરંતુ સ્વતંત્રતાના સાચા સેવકો પોતાનાં તન, મન, ધન અર્પણ કરી તેની રક્ષામાં નિમગ્ન થયેલા હતા. આથી ન્યૂયૉર્કમાં ગૅરિબાલ્ડીને પોતાના ઘણા મિત્રો મળ્યા. તેમાંના એકનું નામ મિકલ પેસકાલ્ડી હતું. ગૅરિબાલ્ડી તેને ત્યાંજ ઉતર્યા હતા.

તેને ત્યાંજ તેમને થિયોડોર ડ્વાઇટની સાથે મુલાકાત થઇ. તેમણે તેને પોતાના જીવનની સર્વ હકિકત કહી અને તત્સંબંધી કાગળ પત્રો પણ આપ્યા. ગૅરિબાલ્ડીની વય આ સમયે ૪૩ વર્ષની હતી. તેમનું શરીર અતિ મજબૂત હતું. દક્ષિણ અમેરિકામાં તેઓ શારીરિક પરિશ્રમ ઘણો કરતા હતા અને તેમને કષ્ટો પણ ઘણાં સહન કરવાં પડયાં હતાં, તોપણ તેમનું આરોગ્ય નવયુવક સમાન હતું. થિયોડોર ડ્વાઇટને તેમણે કહી દીધું કે, "મારા જીવનનું જે વૃત્તાંત મેં આપને કહ્યું છે તેની સહાયતાથી તમે હમણાં મારૂં ચરિત્ર બહાર પાડશો નહિ, પરંતુ કોઈ સુઅવસરની વાટ જોજો." તે સુઅવસર નવ વર્ષ પછી પ્રાપ્ત થયો, કે જે સમયે ગૅરિબાલ્ડીએ આલ્પીના યુદ્ધમાં પોતાનું વીરત્વ, સ્વદેશપ્રેમ તથા યુદ્ધકૌશલ્ય દર્શાવીને જગતને ચકિત કરી દીધું.

થોડા દિવસ પછી ગૅરિબાલ્ડીએ ક્લિફ્ટન મહોલ્લામાં રહેવાનો પ્રબંધ કર્યો. નિવાસસ્થાન નિશ્ચિત થયા પછી એક દિવસ તેમની પાસે

ઘણા મિત્રો બેઠા હતા, તે સમયે તેમણે તેમને આ પ્રમાણે કહ્યું:—

"Here we are a colony of Italian exiles, with nothing to do but talk. Now, our talk is never going to free Italy. It is this (Striking out a herculean blow from the shoulder). We must await our opportunity, and, in the meantime, get to work"

અર્થાત્ "અહીં આપણે કેટલાક હદ પાર થયેલા ઇટાલિયનો બેઠા છીએ, આપણે વાતો સિવાય કાંઇ પણ કરતા નથી; અને માત્ર વાતોથી કાંઇ ઇટલી સ્વતંત્ર થનાર નથી. (પોતાનો ભીમસેની મુક્કો બતાવી) માત્ર આજ તેને સ્વતંત્ર કરશે. આપણે તક મળવાની વાટ જોવી જોઇએ, પરંતુ ત્યાં સુધી કાંઈ કામ પણ કરતા રહેવું જોઇએ."

ગમે તે પ્રકારનું કામ હોય તોપણ ગરિબાલ્ડી તે કરવાને હમ્મેશાં તત્પર રહેતા હતા. આળસ અને સુસ્તી પ્રત્યે તેમને ઘૃણા હતી. પોતાના મિત્ર મિઓર્કીની સલાહથી તેમણે એક નાનું સરખું કારખાનું કાઢયું. આ કારખાનામાં ઉક્ત દેશહિતૈષી સજ્જનો મજુરની પેઠે કામ કરતા હતા, અને દુઃખી તથા નિર્ધન લોકોને પોતાના વ્યવસાયથી સાહાય્ય કરતા હતા.

આ કારખાનામાંથી પૂરતી આમદાની થતી નહોતી, તેથી ગૅરિબાલ્ડીએ મીણબત્તી બનાવવાનું એક કારખાનું કાઢયું. તેમાં ગૅરિબાલ્ડી સાધારણ મજુરની પેઠે કામ કરતા હતા. તેમને આ પ્રમાણે કામ કરવાની કાંઇ જરૂર નહોતી, પરંતુ ઉત્તમ દાખલો બેસાડવાને માટે તેઓ આ પ્રમાણે કરતા હતા. બીજા માણસો જ્યારે પોતાના આગેવાનને કામ કરતો જોતા ત્યારે તેઓ પણ અતિ ઉત્સાહથી કામ કરતા અને કઠિનમાં કઠિન કામથી પણ ગભરાતા નહિ. આ ગુણને-

લીધેજ ગૅરિબાલ્ડી સર્વપ્રિય બની ગયા હતા.

યદ્યપિ ગૅરિબાલ્ડી અત્યંત અપ્રસિદ્ધ અને ઉજ્જડ સ્થાનમાં રહેતા હતા, તથાપિ તેમના સંચિત પુણ્યની સુગંધ ન્યૂયૉર્કમાં ચોતરફ ફેલાઇ ગઇ. શહેરના મોટા મોટા ધનાઢ્ય અને પ્રસિદ્ધ પુરૂષોએ તેમના સન્માનાર્થે એક મોટો સમારંભ કરવાનો નિશ્ચય કર્યો અને તેમને આમંત્રણ કર્યું. મહાત્મા ગૅરિબાલ્ડીએ અતિ નમ્રતાપૂર્વક તેનો ઉત્તર આપ્યો. પ્રથમ તેમની આ ઉદારતાને માટે તેમને ધન્યવાદ આપી અંતે તેમણે જણાવ્યું કેઃ—

"યદ્યપિ આવા જાહેર જનસમાજ સમક્ષ આપ મારા પ્રત્યે પ્રેમ પ્રકટ કરશો તેથી મારા ઉત્સાહમાં અતિ વૃદ્ધિ થશે, કારણકે હું મારા દેશથી હદપાર થયેલો છું, મારાં બાલબચ્ચાંથી છૂટો પડેલો છું, અને મારા દેશ ઇટલીના સ્વાતંત્ર્યનાશના દુઃખથી દુઃખિત છું, તોપણ આપ ખાત્રીપૂર્વક માનજો કે હું આ સાર્વજનિક માન વિના પણ પ્રસન્ન છું. મહેનત મજુરીથી પેટ ભરી આ આટલા મોટા પ્રજાસત્તાક રાજ્ય (અમેરિકા)-ના નિવાસી બનવું એ શું મારે માટે ઓછા ગૌરવની વાત છે? હું અમેરિકાના ઝુંડા નીચે રહી તેની સેવા કરતો કરતો ઉદરનિર્વાહ કરીશ અને મારા પ્રિય દેશને તેના બાહ્યાંતર શત્રુઓથી મુક્ત કરવાને-માટે યોગ્ય તકની વાટ જોતો રહીશ."

ક્લિફ્ટન મહોલ્લાવાળા ઘરમાં ગૅરિબાલ્ડી પોતાનો સર્વ સમય મીણબત્તી બનાવવાના કામમાંજ વ્યતીત કરતા નહોતા, પરંતુ અવ-કાશ મળતાં તેઓ પોતાના જીવનની ઘટનાઓ ઇતિહાસના રૂપમાં લખતા જતા હતા. પોતાની સ્ત્રીના સંબંધમાં તેઓ લખે છે કેઃ—

"She was my constant companion in good and evil fortune, sharing my greatest perils, and surpassing the bravest of the brave".

અર્થાત્ " મારી સ્ત્રી સારા કે માઠા સમયમાં નિરંતર મારી સાથે રહેતી હતી. મારાં મોટાં મોટાં દુઃખોમાં તેણે ભાગ લીધો હતો અને મહાનમાં મહાન વીર કરતાં પણ વિશેષ શૌર્ય દાખવ્યું હતું."

તેમણે પોતાના ઘણા વીર મિત્રોનાં ચરિત્રો પોતાના હાથથી લખ્યાં છે. દક્ષિણ અમેરિકામાં જેની જેની સાથે કામ કરવાનો તેમને પ્રસંગ મળ્યો હતો અને જેણે જેણે સ્વતંત્રતાના છોડને જલસિંચન કરવાનો પ્રયત્ન કર્યો હતો તે સર્વની કથા ગૅરિબાલ્ડીએ પોતાના પવિત્ર હાથથી લખી છે.

ન્યુયૉર્કમાં તેમણે પોતાનો સમય કેવી રીતે વ્યતીત કર્યો હતો તે તેમણે પોતાના લેખોમાં સ્પષ્ટ રીતે વર્ણવ્યું છે. તેમનું તે વર્ણન વાંચવાથી મહા પુરૂષ બનવાને અને સફળતા પ્રાપ્ત કરવાને માટે કયા કયા ગુણોની જરૂર છે તે આપણને પ્રતીત થાય છે. તેમને ન્યૂયૉર્કમાં આવવાને ઘણાજ થોડા દિવસ થયા હતા અને તેઓ અંગ્રેજીના માત્ર થોડાકજ શબ્દો શીખ્યા હતા એવામાં એકવાર છેક નિર્ધન અવસ્થામાં આવી પડવાથી તેઓ નોકરીની તલાસ કરવા માટે સ્ટેટન દ્વીપના બંદરે ગયા અને કેટલાંક જહાજોપર નોકરીની તલાસ કરી. તેઓ અંગ્રેજી તો જાણતાજ નહોતા, તેથી કેવળ "Help! Help!" ( મદદ કરો ! મદદ કરો ! ) એમ બોલીને પોતાનો ઉદ્દેશ પ્રકટ કરતા હતા. ઉચ્છૃંખલ ખલાસીઓએ તેમને ભીખારી ધારી તેમનો ઘણો ઉપહાસ કર્યો. અંતે આખો દિવસ હેરાન થઇ ગૅરિબાલ્ડી નિરાશ બની ઘેર પાછા ફર્યા. અહીં સ્મરણમાં રાખવાનું છે કે આ અગાઉ બ્રાઝિલના પ્રજાસત્તાક રાજ્યનાં મોટાં વહાણોપર તેઓ કૅપ્ટનનું કામ પણ કરી ચૂક્યા હતા !

એકવાર તેઓ ડૉંગનના પહાડોમાં શિકાર ખેલવા ગયા હતા, તે વખતે અજાણતાં તેમણે કોઇ ગામના કાયદાનો ભંગ કર્યો; આથી

પોલિસે તેમને પકડી અટકાવમાં રાખ્યા. જ્યારે તેમને મૅજીસ્ટ્રેટની સન્મુખ લઇ જવામાં આવ્યા અને મૅજીસ્ટ્રેટને વિદિત થયું કે આ તો વીર ગૅરિબાલ્ડી છે, ત્યારે તેણે તેમને તત્કાલ છોડી દીધા. તેમને અટકાવમાં રાખેલા હોવાથી તેમના મિત્રો પોલિસના માણસોપર અત્યંત ગુસ્સે થયા; પરંતુ તેમણે તેમને શાંતિપૂર્વક કહ્યું કે:—

" No, fiends, the officers of the law have done nothing more than their duty, and I deserved the correction. The Americans make and enforce the laws proper to the regulation of their own communities, just as we hope, some day, to do with ours in Italy. "

" નહિ, મિત્રો, આ અમલદારોએ માત્ર પોતાના કર્તવ્યનુંજ પાલન કર્યું છે. મારી ભૂલ સુધારવાની જરૂર હતી. અમેરિકાનિવાસીઓ પોતાના સમાજની રક્ષાને માટે ઉચિત નિયમો રચે છે અને તેનું પાલન કરાવે છે, અને આપણે પણ બરાબર એજ પ્રમાણે ઇટલીમાં કરવાની આશા રાખીએ છીએ." તેમની આ આશા સફળ થઇ. પરતંત્ર ઇટલી દેશ તેમની સહાયતા, સાહસ, સ્વદેશપ્રેમ અને સતત ઉદ્યોગથી સ્વતંત્ર થઇ ગયો.

ગૅરિબાલ્ડી ઇટલીમાં ફ્રીમેશન સોસાઇટીના મેમ્બર હતા, અને જ્યારે તેઓ ન્યૂયૉર્કમાં આવ્યા ત્યારે તેઓ ત્યાં પણ તે સભાના મેમ્બર બન્યા. આજે તે સભા ગૅરિબાલ્ડી તેના સભ્ય હતા તે માટે પોતાને ગૌરવાન્વિત માને છે. તે સભાની પાસે ગૅરિબાલ્ડીનાં ઘણાં સ્મારક ચિહ્નો છે, તેમાં એક "લાલ ખમીસ" પણ છે. તે ખમીસ પહેરીને ગૅરિબાલ્ડીએ ૧૮૪૯ માં રોમપર આક્રમણ કર્યું હતું. તે ખમીસની કથા આ પ્રમાણે છે:—

ગૅરિબાલ્ડીને યાચના કરવા પ્રત્યે સદા ઘૃણા હતી. તેઓ સદા નિર્ધનજ રહ્યા હતા; કારણ કે તેઓ જેમને દુઃખી જોતા તેમની સેવા પોતાનાં કપડાં લત્તાં સુદ્ધાં વેચીને પણ કરતા હતા. એક દિવસ એક દેશપાર થયેલા ઇટાલિયનને તેઓ પોતાને ઘેર તેડી લાવ્યા. તે ઇટાલિયન અતિ નિર્ધન હતો. તેને જોઇને ગૅરિબાલ્ડીએ કહ્યું:–" મારી પાસે બે ખમીસ છે અને આપની પાસે એક પણ નથી, એટલા માટે હું આપને એક ખમીસ આપવા માગું છું." પરંતુ ગૅરિબાલ્ડીનાં બે ખમીસો પૈકી એક ધોબીને ત્યાં ગયું હતું, તેથી જો તેઓ પોતાના અંગપરનું ખમીસ ઉતારીને ઉક્ત નિર્ધન ઇટાલિયનને આપી દેત તો તેમને ઉઘાડાજ રહેવું પડત. અંતે તેઓ વિચાર કરી કરીને બોલ્યા:–" કામ થઇ ગયું, મારી ટ્રંકમાં એક લાલ ખમીસ છે, રોમના આક્રમણ પછી એ ખમીસ મેં કદિ પણ પહેર્યું નથી." તેમનો મિત્ર મિયોકી ત્યાં ઉભો હતો તે આ સાંભળી બોલ્યો:–" હું મારૂં ખમીસ એમને આપું છું, આપ તે લાલ ખમીસ મને આપો." મિયોકીએ તે ખમીસ પોતાના મિત્રની વીરતાની નિશાની તરિકે સંભાળી રાખ્યું અને જીવતાં સુધી તેને પ્રાણથી પણ અધિક પ્રિય ગણ્યું. જ્યારે મિયોકી મરણ પામ્યો ત્યારે તે ખમીસ અને ગૅરિબાલ્ડીની ઇતર ચીજો ફ્રીમેશન સભાના હાથમાં આવી અને હજી સુધી તે ઉક્ત સભાની પાસે છે.

ન્યૂયૉર્કના બ્રૉડવે મહોલ્લાની ફલટન નામની ગલીમાં એક જૂની શૈલીના મકાનના દ્વારપર હજી પણ લોરેંજો વેન્ચુરાના નામનું એક અતિ જૂનું પાટીઉં લાગેલું છે. તે મકાનમાં પુરાણી ચીજો અને પ્રાચીન પુસ્તકોનો સંગ્રહ છે. તેમાં એક સંગેમરમરનું ગોળ મેજ પણ છે. એમ કહેવાય છે કે એ મેજપર બેસીને ગૅરિબાલ્ડી પોતાના મિત્રોની સાથે વાર્તાલાપ કરતા હતા. વેન્ચુરા પરમ ઉદારચરિત હતો. પરાધીન દેશોને સ્વાધીન બનાવવાના કામમાં તે યથાશક્તિ સાહાય્ય કર્યા

કરતો. એને ત્યાંજ ગૅરિબાલ્ડીને એન્ડર્સન તંબાકુવાળાની સાથે મુલાકાત થઇ હતી. આ એન્ડર્સને ઇટલીને સ્વાધીન બનાવવામાં દ્રવ્યની મદદ કરી હતી.

આ સમયે ક્યૂબા દ્વીપનો ઝઘડો ચાલુ હતો. ઍન્ડર્સન અને મિયોકી હવાના ગયા. ત્યાં જઇને તેમણે ક્યૂબાની રાજકીય સ્થિતિનું સારી રીતે અવલોકન કર્યું. આ મિત્રોની સાહાય્યથીજ ગૅરિબાલ્ડીને ક્યૂબાની સ્વતંત્રતા સંબંધે વિચાર કરવાની તક પ્રાપ્ત થઇ. ગૅરિબાલ્ડી ક્યૂબાવાસીઓ પ્રત્યે ઘણી સહાનુભૂતિ ધરાવતા હતા. જ્યારે તેમના મિત્રોએ જણાવ્યું કે, "ક્યૂબાવાસીઓ એવી હીન અવસ્થામાં પડેલા છે કે તેમની પાસે અસ્ત્રશસ્ત્ર પણ નથી, હથિયાર વિના તેઓ બિચારા શું કરી શકે ?" ત્યારે મહાત્મા ગૅરિબાલ્ડી બોલ્યાઃ—

"In valoroso sa sempre trovare un arme."

અર્થાત્ "વીરપુરૂષને સદૈવ હથિયાર મળી શકે છે."

૧૮૫૧ માં ગૅરિબાલ્ડી પોતાના મિત્ર કારપનિતોની સાથે સન જ્યૉર્જીઓ નામના એક નાના વ્યાપારી વહાણુપર નોકરી સ્વીકારી મધ્ય અમેરિકામાં ગયા. ક્યૂબા જઇને તેમણે પોતાનું નામ બદલી નાખ્યું અને તે દ્વીપની સ્વતંત્રતાને માટે પ્રયત્ન કરતા રહ્યા. ત્યાંથી તેઓ ચીન તરફ ગયા અને ૧૮૫૩ ના મેની ૧૦ મી તારિખે ઇટલીના જીનોવા નગરમાં જઈ પહોંચ્યા. તેમણે માતૃભૂમિની સેવામાં અને સ્વતંત્રતાના પવિત્ર સિદ્ધાંતની રક્ષામાં પોતાની સમગ્ર ઉમ્મર ગાળી. અંતે તેઓ ઇટલીને સ્વાધીન બનાવવાનો યથાશક્તિ ઉદ્યોગ કરી ૧૮૮૨ ના જૂનની ૨ જી તારિખે પરમ પિતાના ધામમાં પધાર્યા.

આહા ! આવા આત્માઓનું જીવન કેટલું ઉત્તમ છે ! ! તેમના જીવનમાંથી આપણને કેવી ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત થાય છે ! ! દેશહિતને માટે સંસારનાં સુખો તુચ્છ સમજવાં, ધન, માન અને ઐશ્વર્યપર લાત મારી

નિષ્કામ બુદ્ધિથી માતૃભૂમિની સેવા કરવી, તેના ઉદ્ધારને માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવું, એવો ઉદ્દેશ જે પુરૂષનો હોય તેને અમે નીચા વળીને નમસ્કાર કરીએ છીએ. ઋષિઓએ જણાવેલો સાચો વૈરાગ્ય આજ છે. એનોજ મહિમા ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં ગાયો છે. આજે આપણે સ્વાર્થમાં ડૂબેલા છીએ અને નાની નાની વસ્તુઓના લોભમાં પડીને વિશ્વાસઘાત કરીએ છીએ! માતૃભૂમિની સેવા કરવાની વાત તો દૂર રહી, પરંતુ તેની હત્યા કરવાને માટે કટિબદ્ધ થઇ જઇએ છીએ! નાના નાના વિરોધોમાં ફસાઇ, તુચ્છ લાભના ભૂખ્યા, એક બીજાનાં ગળાં કાપવાને તત્પર થઇ જઇએ છીએ! શું અમારા આવા જીવનને ખરૂં જીવન કહી શકાશે ? આપણે મહાત્મા ગૅરિબાલ્ડીનો સ્વદેશ-પ્રેમ શીખવો જોઇએ, અને યથાશક્તિ આપણા દેશને ઉન્નત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

## મીસ પાર્કરની શાળા

આજે વાદળ થયેલું હતું. ઠંડી બહુ નહોતી. ગઇ રાત્રે મેં મીસ પાર્કરને તેની કિન્ડરગાર્ટન શાળા જોવાનું વચન આપ્યું હતું, પરંતુ અન્ય કાર્યોમાં ગુંચવાયેલો રહેવાથી હું મારૂં વચન ભૂલી ગયો. હું મારા ઓરડામાં બેસી 'India and her people' એ નામનું પુસ્તક વાંચતો હતો, એવામાં સ્વામી બોધાનંદજીએ આવીને મને કહ્યું:—

"કેમ, કિન્ડરગાર્ટન શાળા જોવાને નહિ આવશો ?"

"ખરેખર, હું તો ત્યાં જવાનું ભૂલી ગયો હતો. કેટલો વખત થયો છે?"

"દશ તો ક્યારના વાગી ગયા."

મેં નવ વાગે જવાનું વચન આપ્યું હતું, તેથી હું ઝટપટ કપડાં પહેરી મીસ પાર્કરની શાળા જોવાને જવા લાગ્યો.

મીસ પાર્કર એક પરમ સુશિક્ષિત સ્ત્રી છે. તેની વય પ્રાયઃ છત્રીસ વર્ષની હશે. તે શરીરે ઉંચી છે અને તેનો ચ્હેરો જોતાં વેંતજ પ્રતીત થાય છે કે તે વિશેષ વિદ્યારસિક છે. અધિક વિદ્યાભ્યાસથી તેના શરીરમાં કૃશતા આવી ગઈ છે, પરંતુ બુદ્ધિનું ઝવેરાત વાર્તાલાપની સાથેજ ખુલે છે. ભારતના પ્રાચીન ધર્મપર તે ઘણી આસ્થા રાખે છે, અને જ્યારે જ્યારે કોઇ ભારતીય સજ્જનો શહેરમાં આવે છે ત્યારે તે અવશ્ય તેમની સાથે પરિચય કરી તેમને ધાર્મિક વિષયોપર પ્રશ્નો કરે છે.

આ ધર્મશ્રદ્ધાને લીધેજ તેમનો મારી સાથે પરિચય થયો અને તેમણે મને તેમની શાળાની મુલાકાત લેવાની પ્રાર્થના કરી, જે મેં સહર્ષ સ્વીકારી; અને તેથીજ હું આજે તેમની શાળા જોવાને માટે ઘેરથી નીકળ્યો.

સ્કૂલદ્વારપર જઇને મેં બટન દાબીને અંદરનાં માણસોને મારા આગમનની સૂચના આપી. એક યુવાન રમણીએ દ્વાર ખોલ્યું. મેં મારો પરિચય આપ્યો. તે રમણીએ સપ્રેમ મને અંદર લઇ જઇ બેસવાને ખુરશી આપી અને પછી તે મીસ પાર્કરને બોલાવવાને ચાલી ગઇ.

મીસ પાર્કરે આવી સ્મિત સહિત મને કહ્યું:—"ઠીક, આપ આવી પહોંચ્યા?"

"આવતાં વિલંબ થયો તે માટે ક્ષમા માગું છું." મેં કાંઇક લજ્જિત થઈ ઉત્તર આપ્યો.

"તેની કાંઈ હરકત નહિ, પરંતુ આપ અધિક જોઇ શકશો

નહિ, કારણ કે મનોરંજક વિષયોના કલાક પૂરા થઇ ગયા છે. ઠીક, આવો અને કાંઇક તો જુઓ."

હું અધિષ્ઠાત્રી મીસ પાર્કરની સાથે સાથે ચાલ્યો.

પાસેના ઓરડામાં જઇ એક બાજુએ હું અને મીસ પાર્કર ખુરશીપર બેઠાં. એક અધ્યાપિકા નાના સ્ટૂલપર બેઠી હતી અને પ્રાયઃ વીસ બાલક બાલિકાઓ તેની સામે જમીનપર ઘેરો ઘાલીને બેઠાં હતાં. ઓરડાની પડાર લાકડાની હતી અને તેનીપર ધૂળ કે માટીનું નામ નહોતું. અધ્યાપિકા આ નાનાં નાનાં બાળકોને શું ભણાવતી હતી? ધૈર્ય ધરો, પાઠકો, તે હું આપને જણાવું છું.

આ કિંડરગાર્ટનના વિદ્યાર્થીઓની સામેની દિવાલપર એક મોટું રંગીન ચિત્ર લટકાવેલું હતું. આ ચિત્ર એક દેશહિતૈષી નવયુવાન સિપાઇનું હતું. તે અશ્વારૂઢ થઇ પોતાના હાથમાં અમેરિકા (યુનાઇટેડ સ્ટેટસ) નો ઝુંડો લઇ પોતાના પ્રાણપ્રિય દેશને માટે સ્વાહા થઈ જવાને યુદ્ધભૂમિમાં જઈ રહ્યો હતો, અને દેશની સ્ત્રીઓ–માતાઓ રૂમાલ હલાવી તેનો ઉત્સાહ વૃદ્ધિંગત કરી રહી હતી.

આ ચિત્રને જોઈ મારી આંખમાંથી અશ્રુપાત થવા લાગ્યો. રાજપુતાનાની પવિત્ર ભૂમિનાં દૃશ્યો એક પછી એક મારી આંખોની સામે આવ્યાં. ભારતસંતાનોની પ્રાચીન શિક્ષાપ્રણાલીનું ગૌરવ મારી સામે ખડું થયું; પછી આધુનિક શિક્ષાપ્રણાલીનું દૃસ્ય મારી સામે આવ્યું. હૃદય નદીના પૂરની પેઠે ઉછળ્યું, પરંતુ મેં તેને અંકુશમાં રાખ્યું. રૂમાલવતી આંખ લૂછી નાખી. મારાં ચસ્માએ મને સાહાય્ય કરી અને મનના ભાવો મનમાંજ લય પામી ગયા.

"આ સામેની ભીંતપર કોનું ચિત્ર છે?" અધ્યાપિકાએ એક બાલકને પૂછ્યું.

"એ એક સવારની છબી છે."

અધ્યાપિકા (બીજા બાલકને):—"સવારના હાથમાં શું છે?"

બાલક:—"ઝુંડો છે."

અધ્યાપિકા (એક બાલિકાને):—"કોનો ઝુંડો છે?"

બાલિકા:—"આપણા દેશનો."

અધ્યાપિકા:—"એ સવાર કોણ છે?"

બાલિકા કેટલીક વાર સુધી ચૂપ રહી. ઝટ એક બીજો બાલક બોલી ઉઠયો:—"એ સૈનિક છે, અને યુદ્ધ કરવાને જાય છે."

અધ્યાપિકા (બીજી બાલિકાને):—"ચિત્રમાં બીજું પણ કાંઇ છે?"

બાલિકા:—"ઘણાં સ્ત્રી પુરૂષો છે."

અધ્યાપિકા;—"તેઓ શું કરે છે?"

બાલિકા:—"રૂમાલ હલાવે છે."

અધ્યાપિકા (અન્ય બાલકને):—"રૂમાલ શામાટે હલાવે છે?"

બાલક ચૂપ રહ્યો. અધ્યાપિકાએ પુનઃ સર્વ બાલકોને પૂછયું:—"એ નરનારી રૂમાલ શામાટે હલાવે છે તે કોઇ જણાવશો?"

તે અધ્યાપિકાએ જ્યારે પોતાના નાના વિદ્યાર્થીઓને ચૂપ દીઠા ત્યારે તેણે તેમને એક દેશહિતોત્તેજક ઉપદેશ આપ્યો. તે બોલી:—

"પ્રિય બાલકો! આ સૈનિક દેશહિતૈષી નવયુવક છે, અને તે પોતાની માતૃભૂમિને સર્વથી શ્રેષ્ઠ માને છે. તેને માટે તે સર્વસ્વ સમર્પણ કરવાને તૈયાર છે. માતૃભૂમિની રક્ષા કરવાના હેતુથી તે પોતાના દેશના શત્રુઓની સામે યુદ્ધ કરવાને રણભૂમિમાં જાય છે. તેના હાથમાં પોતાના દેશનો પરમપૂજ્ય ઝુંડો છે. એ ઝુંડો સમગ્ર અમેરિકન જાતિનો કીર્તિસ્તંભ છે. જ્યાં સુધી એ ઉભો રહીને ફરકે છે ત્યાં સુધી અમેરિકન જાતિ સ્વતંત્ર છે. તે પડી જવાથી દેશનું પતન થાય છે. એટલા માટે એ ઝુંડાની રક્ષા કરવી એ દેશના પ્રત્યેક સાચા પુત્રનો ધર્મ છે. આ નવયુવાન સિપાઇએ પ્રાણાંત પર્યંત આ ઝુંડાની રક્ષા

કરવાના શપથ લીધા છે. દેશની રમણીઓ, માતાઓ અને ભગિનીઓ તેને આશીર્વાદ આપે છે અને રૂમાલ હલાવી હલાવી તેનો ઉત્સાહ વધારે છે."

તે બાલક બાલિકાઓએ પોતાની અધ્યાપિકાનો ઉપદેશ અતિ ધ્યાનથી સાંભળ્યો. થોડીવાર સુધી સર્વ ચૂપ રહ્યાં. પછી અધ્યાપિકાએ વિદ્યાર્થીઓને સંબોધન કરીને કહ્યું :—

"આવો, આપણે સર્વ યુદ્ધનાટક કરીએ."

આ એક જોવા લાયક દૃશ્ય હતું. હું જે દૃશ્યોનું ટૉડ રાજસ્થાનમાં વર્ણન વાંચીને સ્વપ્ન જોયા કરતો હતો તે આજે પ્રત્યક્ષ જોવામાં આવ્યાં.

સર્વ બાલક બાલિકાઓ એક ઘેરાના રૂપમાં ઉભાં રહી ગયાં. એક બાલકને તેના વરિષ્ઠ અમલદાર તરિકે ચૂંટી કાઢવામાં આવ્યો. તે ઘેરાના મધ્ય ભાગમાં ઉભો. તેના હાથમાં ઘણા ઝુંડાઓ હતા. તે પોતાની ઇચ્છા અનુસાર ઘેરામાંથી એક બાલક કે બાલિકાને બોલાવતો. આવનાર પ્રથમ તે અમલદારને પ્રણામ કરતો અને ત્યાર પછી તે અમલદાર તેને એક ઝુંડો આપી પોતાની રેજીમેંટનો સિપાઈ બનાવતો હતો. આ પ્રકારે રેજીમેંટ તૈયાર થઈ. તેમાં દશ સિપાઈ હતા અને અગીઆરમો અમલદાર હતો. શેષ સર્વ વિદ્યાર્થીઓ પ્રેક્ષક તરિકે તેમને ઘેરીને ઉભા રહ્યા. હવે રેજીમેંટ યુદ્ધ કરવાને ચાલી.

પ્રેક્ષકો અધ્યાપિકાની સાથે રૂમાલ હલાવી આ ગીત ગાવા લાગ્યાઃ—

**પ્રશ્ન**

Soldier boy! Soldier boy!
Where are you going?
Bearing so proudly,
The red, white and blue:

ક્યાં ચાલ્યા એ સુભટ બાલગણુ, વીર હ્રદય ગરવીલા;
ઝુંડા લઇને નિજ હસ્તમાં, શ્વેત લાલ ને નીલા.*

**ઉત્તર–**

I go where my country,
My duty is calling;
If you would be a soldier boy,
You may come too.

જઇએ છીએ અમે સમરભૂમિમાં દેશહિતાર્થે ભાઇ;
ચાલો સર્વે તમે પણ જો બનતા હો સિપાઈ.

આહા ! આ કેવું સુંદર દશ્ય હતું !

... ... ... ... ... ... ...

થોડીવાર પછી રમત પૂરી થઇ એટલે મીસ પાર્કરની રજા લઇ હું મારા સ્થાનપર ચાલ્યો ગયો.

## અબ્રાહમ લિંકનની શતવર્ષી

૧૯૦૯ ના ફેબ્રુઆરીની ૧૨ મી તારિખ અને શુક્રવારને દિવસે અમેરિકાનિવાસીઓએ પોતાના પૂજ્ય પુરૂષ અબ્રાહમ લિંકનનો શતાબ્દિક જન્મોત્સવ ઉજવ્યો હતો. સમસ્ત સંયુક્ત સંસ્થાનોમાં તે દિવસે ધર્માત્મા લિંકનનો યશ ગાવામાં આવ્યો, એટલુંજ નહિ પરંતુ જગતના જે જે ભાગોમાં અમેરિકન લોકો કાર્યવશાત

* યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના રાષ્ટ્રીય ઝુંડાનો રંગ સફેદ, લાલ અને નીલ છે.—**લેખક.**

ગયા છે તે તે ભાગોમાં તેમણે પોતાના આ દેશભૂષણનો જન્મોત્સવ ઉજવ્યો અને તેના જીવનને પોતાનો આદર્શ ગણી તેનાથી લાભ ગ્રહણ કરવાનું પણ કર્યું. અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આ મહાત્મામાં એવા તે કયા ગુણો હતા કે જેથી તેના દેશવાસીઓ તેને આટલી પૂજ્ય દ્રષ્ટિથી જુએ છે? એવાં તે કયાં કારણો છે કે જે આ ધર્માત્માની ખ્યાતિ દિન પ્રતિદિન વધારતાં જાય છે? આ પ્રશ્નનો સંક્ષિપ્ત ઉત્તર આપવાને અમે પ્રવૃત્ત થઇએ છીએ.

ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, જ્યારે જ્યારે મનુષ્યસમાજમાં ધર્મની ગ્લાનિ થાય છે અને જનસમુદાય પોતાની શક્તિથી પોતાનાં દુઃખો દૂર કરી શકતો નથી, ત્યારે ત્યારે સમાજનાં દુઃખો દૂર કરવાને અને ઉન્નતિનો માર્ગ સાફ કરવાને માટે મહાત્માઓ જન્મ ગ્રહણ કરે છે. સર્વ જાતિઓપર આવી વિપત્તિ આવી પડે છે અને આવ્યાજ કરશે. અમેરિકાવાસીઓપર આવી વિપત્તિ ૧૮૫૯ માં આવી પડી હતી. આ વિપત્તિ શી હતી તેનું સંક્ષિપ્ત વર્ણન અત્ર આપું છું.

સત્તરમી શતાબ્દીના આરંભમાં યૂરોપિયન લોકો પોતપોતાના દેશથી આવીને ઉત્તર અમેરિકામાં વસ્તી કરવા લાગ્યા. અમેરિકા એક જંગલી દેશ હતો, તેથી તેમને જંગલ સાફ કરવાને તથા ઇતર કામોનેમાટે મજુરોની ઘણી જરૂર પડી; પરંતુ મજુરો ત્યાં શી રીતે મળી શકે? ત્યાં તો સર્વ જમીનદાર હતા; આથી તેમની આ આવશ્યકતા પૂર્ણ કરી દ્રવ્ય કમાવાને માટે પોર્ટુગાલવાસીઓએ આફ્રિકાના હબસીઓ લાવીને વેચવાનો ઇજારો લીધો. ધીમે ધીમે આ વ્યાપાર અંગ્રેજ લોકોના હાથમાં આવ્યો. હજારો નિરપરાધી હબસીઓ પ્રતિવર્ષ ઘેટાં બકરાંની પેઠે વેચાવા લાગ્યા. નવી દુનિયાના મનુષ્યસમાજની ભાવી વિપત્તિનું બીજારોપણ આજ સમયથી થયું.

૧૭૭૬ માં જ્યારે અમેરિકાનાં તેર સંસ્થાનોએ સ્વતંત્રતાનો

ઝુંડો ચઢાવ્યો અને "મનુષ્ય માત્ર ઇશ્વરની દ્રષ્ટિમાં સમાન છે" એ સિદ્ધાંતની સમગ્ર જગતમાં ઘોષણા કરી ત્યારે યુરોપની સભ્યતામાં એક નવીન પરિવર્તન થયું. યદ્યપિ ફ્રાન્સના નરરત્ન રૂસોએ આ સિદ્ધાંતનો પ્રચાર તે પૂર્વે કર્યો હતો તથાપિ તે કેવલ મોઢાની વાત હતી; અમેરિકાવાસીઓએ પોતાનું રક્ત વહેવરાવી તેનું સાક્ષાત્ પ્રમાણ આપ્યું. પરંતુ એક વાતમાં તેમણે પણ ખામી રાખી. આ સત્ય સિદ્ધાંતની મર્યાદા તેમણે માત્ર ગૌરવર્ણના લોકો સુધીજ રાખી, બિચારા હબસીઓને "મનુષ્ય"ની વ્યાખ્યામાં લાવવામાં આવ્યા નહિ. અસ્તુ. અમેરિકાવાસીઓ ઇંગ્લાંડથી સ્વતંત્ર થયા. યદ્યપિ અમેરિકાવાસીઓએ પોતાના દેશમાંના હબસી ગુલામોને સ્વતંત્રતા ન આપી, તોપણ તેમણે ગુલામોનો વ્યાપાર બંધ કરવાનો પ્રયત્ન અવશ્ય કર્યો. ઈંગ્લાંડવાસીઓએ પોતાની ઉદારતાનું પ્રમાણ આપી તથા પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરી આ ક્રૂર કર્મ સર્વથા બંધ કરી દીધું; અને ઇતર જાતિઓને પણ ગુલામોનો વ્યાપાર છોડી દેવાનો આગ્રહ કર્યો.

વારૂ, અમેરિકાવાસીઓએ ગુલામીની પ્રથા સર્વથા બંધ કેમ ન કરી દીધી? 'સ્વાર્થને લીધે,' એજ એનો ઉત્તર છે. ઉક્ત તેર સંસ્થાનો પૈકી દક્ષિણ ભાગમાં આવેલાં સંસ્થાનોનું અધિક કામ ગુલામોના આધારેજ થતું હતું. ત્યાંનાં ખેતરોમાં ગુલામો સખ્ત તાપમાં કામ કરતા અને માલિકો મોજ ઉડાવતા. ધીમે ધીમે "મનુષ્ય માત્ર ઇશ્વરની દ્રષ્ટિમાં સમાન છે" એ ૧૭૭૬ ની ઘોષણા સફલ થઇ. ઉત્તર ભાગનાં સંસ્થાનોએ ગુલામોને સ્વતંત્ર કરવાનું બીડું ઝડપ્યું. ધીમે ધીમે આ વિષય પરત્વે દેશમાં બે પક્ષો સ્થાપિત થયા. એક પક્ષ ગુલામોને સ્વતંત્ર કરવા માગતો હતો અને બીજો તેમને પરતંત્ર રાખવા માગતો હતો. આ ઉભય પક્ષોની વચ્ચે મોટા મોટા ઝઘડા થયા. ૧૮૫૯ માં દેશની સ્થિતિ ઘણી બારિક થઇ ગઇ. દેશહિતૈષીઓ કહેવા લાગ્યા કે

યૂનાઇટેડ સ્ટેટસને તો ઇશ્વિર બચાવે તોજ તે બચી શકે એમ છે.

વમળમાં પડેલી યુનાઇટેડ સ્ટેટસની નૌકાને પાર ઉતારવી એ કાંઇ સાધારણ વ્યક્તિનું કામ નહોતું. તેને માટે એક અસાધારણ નાખુદાની જરૂર હતી. જેનામાં દૈવી શક્તિ હોય, ઇર્ષા અને દ્વેષનો તો જેને સ્પર્શ સુદ્ધાં ન હોય, ખ્યાતિની જેને લાલસા ન હોય, ગોરા અને કાળા લોકો પ્રત્યે જેને સમાન ભાવ હોય, નીતિમાં જે કુશળ હોય, અને જેની બુદ્ધિ તીક્ષ્ણ હોય, એવા મહાત્માની આ સમયે આવસ્યકતા હતી. અન્યના દુઃખમાં દુઃખ અને અન્યના સુખમાં સુખ માનનાર તથા પોતાના દેશની રક્ષાને માટે સર્વસ્વ સમર્પણ કરનાર પુરુષની આ સમયે આવશ્યકતા હતી. આવો પુરુષ અનાથ હબસી ગુલામોનાં દુઃખ દૂર કરવાને તથા પોતાના દેશને બે ભાગોમાં વિભક્ત થતો બચાવવાને માટે ઉત્પન્ન થઇ ચૂકયો હતો. ૧૮૫૯ માં તેની વય પચાસ વર્ષની હતી, રંક માતપિતાને ઘેર જન્મ ગ્રહણ કરી પોતાના શ્રેષ્ઠ ગુણોથી ધીમે ધીમે ઉન્નતિ કરી એ મહાપુરુષ ૧૮૫૯ માં પોતાનો જીવનોદ્દેશ પૂર્ણ કરવા માટે બહાર પડયો. આ સમયે તેને યુનાઇટેડ સ્ટેટસના પ્રેસિડેન્ટ તરિકે ચૂંટી કાઢવામાં આવ્યો.

પૂર્વસંચિત પાપોનું પ્રાયશ્ચિત્ત અમેરિકન લોકોને અવશ્ય કરવાનું હતું. ૧૮૬૦ માં હબસી ગુલામોને માટે ઉત્તર તથા દક્ષિણ ભાગનાં સંસ્થાનોની વચ્ચે દારુણ યુદ્ધનો આરંભ થયો. આ યુદ્ધની હકિકત વાંચવા જેવી છે. પ્રેસિડેન્ટ લિંકને સૌથી પ્રથમ, યુદ્ધ કર્યા વિનાજ સર્વ ઝઘડાનો અંત આણવાને માટે જીવતોડ મહેનત કરી. પરંતુ એમ બનવું શક્ય નહોતું. જ્યારે યુદ્ધનો પ્રારંભ થયો અને પ્રેસિડેન્ટે માણસોને માટે માગણી કરી ત્યારે તેના દેશબંધુઓએ ઉત્તર આપ્યો:–" Father Abraham, we are coming (પિતા અબ્રાહમ, અમે આવીએ છીએ.)" અમેરિકા એક સ્વતંત્ર શા છે;

ત્યાં કોઈ પણ માણુસને બળાત્કારે સેનામાં દાખલ કરવામાં આવતો નથી; ત્યાં અન્ય દેશોની પેઠે standing army (સ્થાયી લશ્કર) રાખવામાં આવતું નથી. અહીં તો જ્યારે જરૂર પડે છે ત્યારે લોકો પોતાનાં ઘરબાર છોડી દેશના ઝુંડા નીચે આવીને ઉભા થાય છે. પ્રેસિડેંટ લિંકને બાર વાર માણુસોની માગણી કરી. તેમણે માગ્યા ૨૭૬૩૬૭૦ માણુસો અને આવ્યા ૨૭૭૨૪૦૮ માણુસો ! પાંચ વર્ષ પર્યંત યુદ્ધ ચાલ્યું. ઉભય પક્ષ તરફથી પ્રાયઃ સાત લાખ માણુસોનું બલિદાન અપાયું અને અબજો રૂપિઆની મિલ્કત નષ્ટ થઇ ગઇ. છેલ્લે ગુલામીની પ્રથાનો અંત આવ્યો. ત્રીસ લાખ હબસીઓ ગુલામગીરી-માંથી મુક્ત થયા અને પિતા અબ્રાહમના ગુણ ગાવા લાગ્યા. મહાત્મા લિંકનનો જીવનોદ્દેશ પરિપૂર્ણ થયો અને તેઓ પણ પોતાના દેશનો રોગ દૂર કરી ખપ્પરમાં ખપી ગયા.

હવે અમે એકાદ ઉદાહરણ આપી આ મહાપુરુષનું મહત્વ દર્શાવીએ છીએ. યુદ્ધસમયે જ્યારે સૈનિકોને કોઇ અપરાધને લીધે કોર્ટ માર્શ્યલ દ્વારા શિક્ષા થતી ત્યારે અમલદારો નિયમાનુસાર તે નિર્ણયો પ્રેસિડેન્ટની પાસે હસ્તાક્ષરને માટે મોકલતા. પ્રેસિડેન્ટ લિંકન હમ્મેશાં કોઇ ને કોઇ યુક્તિથી અપરાધીને બચાવી લેવાનો પ્રયત્ન કરતા. તેમનામાં ક્ષમા અને દયા બેહદ હતી. સેનાના અમલદારો પ્રેસિડેન્ટની આ દયાલુતા વિષે સદા સર્વદા ફરિયાદ કરતા રહેતા હતા; પરંતુ મહાત્મા લિંકન તે પ્રત્યે કાંઇ પણ લક્ષ્ય આપતા નહોતા. એકવાર એક છોકરાને (સેનામાં વીસ પચ્ચીસ વર્ષના છોકરાઓજ અધિક હતા) મૃત્યુદંડ કરવામાં આવ્યો; તેનો મુકદ્દમો પ્રેસિડેન્ટની પાસે આવ્યો. તે છોકરાનો અપરાધ એ હતો કે તે પહેરાપર સુઇ ગયો હતો. પ્રેસિડેન્ટ લિંકને તેને ક્ષમા આપી. અમલદારોએ કારણ પૂછતાં તેમણે જવાબ આપ્યો:–“ હું આ ગરીબ છોકરાની હત્યા મારા શિરપર લઇ

સદાને માટે અપરાધી બનવા માગતો નથી. એ છોકરો ખેતરમાં ઉછરીને મોટો થયો છે; જેને સમીસાંજથી સૂઇ જવાની આદત હોય તે રાત્રે પહેરો ભરતાં ભુલથી ઉંઘી જાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી; એ અપ-રાધને માટે હું એને ગોળી મારી શકતો નથી." ત્યાર પછી ફ્રેડરિક્સ-બર્ગની લડાઇમાં તે છોકરો માર્યો ગયો. જ્યારે તેના મૃત શરીરપરથી કપડાં ઉતારી લેવામાં આવ્યાં ત્યારે તેના હૃદયપરથી પ્રેસિડેન્ટ લિંકનની છબી નીકળી હતી. તે છબીપર "God bless President Abraham Lincoln (પરમેશ્વર અબ્રાહમ લિંકનનું કલ્યાણ કરો.)" એ શબ્દો લખેલા હતા.

એક બીજું ઉદાહરણ સાંભળો. વિક્ષબી નામની બોસ્ટનમાં રહે-નારી એક મડમને પાંચ છોકરા હતા. તે પાંચે યુદ્ધમાં માર્યા ગયા. આથી પ્રેસિડેન્ટ લિંકને તે દુઃખી માતાનું સાંત્વન કરવાને આ પ્રમાણે પત્ર લખ્યો:–

"પ્રિય બાઇ સાહેબ, યુદ્ધખાતાના કાગળોની તપાસ કરતાં મને પ્રતીત થયું કે આપના પાંચ પુત્રો દેશને માટે વીરતાથી લડતાં માર્યા ગયા. તેમના મૃત્યુથી આપને જે કષ્ટ થયું છે તે દૂર કરવાનો પ્રયત્ન કરવાની શક્તિ તો મારામાં ક્યાંથીજ હોય? પરંતુ જે પ્રજાસત્તાક રાજ્યની રક્ષાને માટે આપના પુત્રોએ પ્રાણાર્પણ કર્યું છે તેના તરફથી હું આપને ધન્યવાદ આપ્યા વિના રહી શકતો નથી. હું ઇશ્વિરને પ્રાર્થના કરૂં છું કે તેઓ આપને શાંતિપ્રદાન કરો અને આપના મૃત પુત્રોનું પવિત્ર સ્મરણ આપને સદાને માટે શાંતિદાયક થાઓ.

સ્વતંત્રતારૂપી યજ્ઞમાં જે શુદ્ધ બલિ આપે આપ્યો છે તેનું ગૌરવ આપને સાંત્વન આપો.

આપનો

"અબ્રાહમ લિંકન."

આ પત્રથી તે પુણ્યશીલા માતાને ઘણી શાંતિ પ્રાપ્ત થઇ અને તેનું નામ સદાને માટે અમર થઇ ગયું. જ્યાં સુધી અમેરિકન જાતિ વિદ્યમાન રહેશે અને તેનો ઇતિહાસ કાયમ રહેશે ત્યાં સુધી વિક્ષ્બીનું નામ ટકી રહેશે. આ પત્ર લિંકનની મહત્તાનો ઘણો સારો પરિચય આપે છે. તે યુનાઇટેડ સ્ટેટસનો પ્રેસિડેન્ટ હતો, ભયંકર યુદ્ધનો સમય હતો, તેના હાથમાં ભારે જોખમદારીનું કામ હતું, તે કામ કરવા છતાં જે માતાઓ, ભગિનીઓ અને સ્ત્રીઓના પુત્ર, બંધુ તથા પતિ યુદ્ધમાં માર્યા ગયા હોય તેમને આશ્વાસન આપવાને માટે પત્ર લખવા. એતો તેજ કરી શકે કે જેનો પ્રેમનો વારસો ઘણો મોટો હોય અને જે અન્યોનાં દુઃખોને પોતાનાં દુઃખ ગણતો હોય.

આ મહાત્માના ચરિત્રનું બીજું અંગ જુઓ. જે સંસ્થાનોએ ૧૮૬૦ માં પ્રેસિડેન્ટ લિંકનની વિરૂદ્ધ યુદ્ધ કર્યું હતું તેઓ આજે તેનો જન્મોત્સવ ઉજવે છે! એમ કેમ? એનું કારણ એ છે કે પ્રેસિડેન્ટ લિંકનને બંડખોરો પ્રત્યે દ્વેષ નહોતો. જ્યાં લડાઇ સમાપ્ત થઇ અને લિંકનના પક્ષનો જય થયો કે તરતજ તે મહાપુરૂષે હારેલા પક્ષને પોતાના આશ્રયમાં લીધો, ઘણી નરમ સરતો કરી તેની સાથે સંધિ કરી લીધી અને ઝઘડાનો અંત આણી નાખ્યો.

અબ્રાહમ લિંકનના આ ગુણોને લીધેજ તેમનો શતાબ્દિક જન્મોત્સવ આવી ધામધુમથી ઉજવવામાં આવ્યો છે. કેન્ટકી અને ઇલિનૉઇ સંસ્થાનોમાં ઉત્સવની તૈયારી અનેક મહિના અગાઉથી કરવામાં આવી અને લાખો રૂપિઆ ખર્ચવામાં આવ્યા. જે લાકડાના ઘરમાં લિંકનનો જન્મ થયો હતો તેને સુરક્ષિત રાખવાને અને તે સ્થાનપર સ્મારક બનાવવાને માટે સભાઓ ભરવામાં આવી. તાત્પર્ય એ છે કે અમેરિકાવાસીઓએ પોતાની જાતિના ભૂષણને દરેક પ્રકારે માન આપ્યું.

અમેરિકાનું જાતીય ગીત કે જે લિંકનના જન્મોત્સવને દિવસે

સર્વ સ્થળે ગાવામાં આવ્યું હતું તેની નકલ અમે અત્ર આપીએ છીએઃ–

1.

My country! 'tis of thee,
Sweet land of liberty,
of thee I sing:
Land, where my fathers died,
Land of the pilgrims' pride,
From every mountain side,
Let freedom ring!

2.

My native country, thee,
Land of the noble free,
Thy name I love:
I love thy rocks and rills,
Thy woods and templed hills;
My heart with rapture thrills
Light that above.

3.

Let music sweet the breeze,
And ring from all the trees,
Sweet freedom's song:
Let mortal tongue awake,
Let all that breathe partake,
Let rocks their silence break,
The sound prolong.

4.
Our father's God! to thee,
Author of liberty,
To thee we sing:
Long may our land be bright,
With freedom's holy light;
Protect us with thy might;
Great God, our King.

## અમેરિકાની સ્ત્રીઓ

**यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ॥**
**यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राऽफलाः क्रियाः ॥**

मनु.

પાઠક, આપણા દેશની સ્ત્રીઓની દશા તો તમે જાણો છોજ. આપ તે બિચારીઓને કેટલું શિક્ષણ આપો છો? આપ તેમની શારીરિક અવસ્થાપર કેટલું ધ્યાન આપો છો? આપ તેમના અધિકારોનું કેટલું રક્ષણ કરો છો? એ સર્વ આપણાથી ગુપ્ત નથી. 'અમે પણ એક સમયે ઘણા સભ્ય હતા, બલ્કે સભ્યતાના સ્તંભ રૂપ હતા,' એમ બહારના લોકોને કહીને ભલે આપણે આપણી જવાબદારીમાંથી છૂટી જઇએ, પરંતુ એથી શું આપણે સુધરી ચકીશું? કદાપિ નહિ. આપણે અત્યંત દીન અવસ્થામાં છીએ. અમે

એક વખતે આવા હતા અને તેવા હતા એવું આપણું અભિમાન વૃથા છે. આપણે હાલમાં કેવા છીએ તે જુઓ. જરા આંખ ખોલો. દુનિયા આપણી વર્તમાન દશા ઉપરથીજ આપણી કિમ્મત કરે છે; આપણા પૂર્વજોની દશા ઉપરથી નહિ.

એક વિદ્વાનનું કથન છે, કે જો તમે કોઇ દેશની ઉન્નતિનું કારણ જાણવા માગતા હો તો ત્યાંની સ્ત્રીઓની દશાની તપાસ કરો. જે દેશમાં સ્ત્રીઓ મૂર્ખ હોય છે, જે દેશમાં સ્ત્રીઓની પ્રતિષ્ઠા નથી, જે દેશમાં સ્ત્રીઓના અધિકારની રક્ષા થતી નથી, તે દેશના લોકો જાતીય સુધારણાને માટે લાખો પ્રયત્નો કરે તો પણ તેમને કદિ સફ-લતા પ્રાપ્ત થઇ શકશે નહિ. આ કથનમાં કેટલું સત્ય રહેલું છે તે દર્શાવવાને માટે હું આજે એક એવા દેશની લલનાઓની જીવનચર્યા આપની સન્મુખ મૂકું છું કે જે દેશ પોતાની ઉન્નતિને માટે જગતમાં વિખ્યાત છે. આપ કૃપા કરીને તેમનાં કામોની, આપની માતાઓનાં અને ભગિનીઓનાં કામો સાથે તુલના કરો. આપને મારૂં વૃત્તાંત સારૂં અને લાભદાયક જણાય, તો જ્યારે જ્યારે સંધિ મળે ત્યારે ત્યારે લોકોને તે જણાવશો. આથી હું સમજીશ કે મારો પરિશ્રમ વ્યર્થ ગયો નથી.

સૌથી પ્રથમ જણાવી દેવું ઉચિત માનું છું કે હું પાશ્ચાત્ય સભ્યતાનો અંધ ભક્ત નથી. જેમણે મારા લેખો લક્ષ્યપૂર્વક વાંચ્યા છે તેઓ આ વાત અવશ્ય જાણી ચૂક્યા હશે. અલબત્ત, હું સત્યપ્રિય છું. આપણા હિતની વાત ગમે ત્યાં હોય પણ તેને ગ્રહણ કરવી એ હું મારો ધર્મ સમજું છું. કોઇ પણ જાતિ નિર્દોષ તો છેજ નહિ. હું આપને અમેરિકાની સ્ત્રીઓના દોષો—નિદાન હું જેને દોષ ગણું છે, તે પણ બતાવીશ.

જ્યારે હું ભારતવર્ષથી અમેરિકા જવાને નીકળ્યો ત્યારે અમે-રિકાની સ્ત્રીઓ પોતાના પતિની સાથે કેવી રીતે વર્તે છે, ઘરમાં તે કેવી

રીતે રહે છે, તથા તેમનો પરસ્પરનો વ્યવહાર કેવા પ્રકારનો છે, તે જાણવાની મને તીવ્ર ઉત્કંઠા હતી; પરંતુ માત્ર એક દિવસની મુલાકાતથી આ સર્વ હકિકત કોઇ પણ પ્રકારે જાણી લેવાતી નથી.

કારણવશ મારે કેટલાક મહિના સુધી મનીલામાં રહેવું પડયું. મનીલા એ ફિલિપાઇનદ્વીપનું એક અતિ મોટું શહેર છે; અને ફિલિપાઇનદ્વીપ અમેરિકનોને આધીન છે; તેથી એમાં અમેરિકન લોકો ઘણા વસે છે. તેઓ ભિન્ન ભિન્ન ધંધા કરે છે. સૌભાગ્યવશાત્ ત્યાં મને એક અમેરિકનની સાથે રહેવાની ઘણી સારી સંધિ મળી ગઇ. મહાશય સ્કૉટ મનીલાના શિક્ષણ ખાતામાં હેડકલાર્ક હતા. વેદાંત-પર તેઓ પરમ શ્રદ્ધા રાખતા હતા. તેમણે મને કહ્યું કે, “આપ મારાજ ઘરમાં રહો અને મને સંસ્કૃત શીખવો.” મેં આ માગણી સ્વીકારી લીધી. મારે “એક પંથ ઔર દો કાજ” જેવું થયું. તેમની સ્ત્રી ઘણી સુશિક્ષિત હતી અને એક શાળામાં અધ્યાપિકાનું કામ કરતી હતી. મેં આ પતિ પત્નીમાં કેવો પ્રેમ જોયો! અવકાશના સમયમાં તે ઉભય કોઇ સારા લેખકનું પુસ્તક લઇ વાંચતાં અને જીવ-નનો આનંદ લૂંટતાં હતાં. મારે માટે આ સર્વ નવીન વાત હતી. આપણા દેશમાં તો જે છોકરાનો વિવાહ થવાનો હોય તે એટલું પણ જાણતો નથી કે જેની સાથે મારે આખી ઉમ્મર વ્યતીત કરવાની છે. તે કેવી છે? મૂર્ખ છે કે શિક્ષિત છે? કેટલાક તો એટલું પણ જાણતા નથી કે જેની સાથે તેનું લગ્ન થવાનું છે તે સ્ત્રી છે કે પુરૂષ? રૂપીઆ આપીને વિવાહ કરનાર કેટલાક બિચારા આ પ્રકારે છેતરાઇને રૂપીઆ ખોઇ બેઠા છે! વાહ રે! ભારત! તારો મહિમા અદ્ભુત છે!

મહાશય સ્કૉટની સાથે થોડાજ દિવસોમાં મારે ગાઢો સંબંધ થઇ ગયો. જ્યારે તેની સ્ત્રી ગરમીની રજામાં મનીલાથી અમેરિકા જવાને નીકળી ત્યા તેણે મને હસીને કહ્યું:—“દેવ! ઘરની અને મહા-

શય સ્કૉટની સંભાળ આપને સોંપું છું.” મેં સ્મિત સહિત તેનો સ્વીકાર કર્યો. પછી તેણે પંદર વીસ પરબીડાં મને આપ્યાં. તેમની ઉપર જુદી જુદી તારીખો લખેલી હતી અને મહાશય સ્કૉટનું સીરનામું લખેલું હતું.” તે આપીને સ્કૉટની પત્નીએ મને કહ્યું:—“ કૃપા કરી આ પત્રો આ તારિખો અનુસાર મારા પતિને આપજો.” મેં તે પત્રો લીધા અને તેની ઇચ્છા પ્રમાણે કામ કર્યું. પત્રો આપવાનું કારણ હતું; મનીલાથી અમેરિકા જતાં એક મહિનો લાગે છે અને આવતાં પણ એક મહિનો થાય છે; તેથી પત્ર આવતાં ઓછામાં ઓછા બે મહિના લાગત; આ બે મહિનામાં પતિને વિયોગદુઃખ અધિક સહન કરવું ન પડે એટલા માટે સ્કૉટની પત્નીએ આ પત્રો આપ્યા હતા.

પતિપ્રેમનું આ કેવલ એકજ ઉદાહરણ નથી. મને મારા મિત્રદ્વારા ત્યાં અનેક અમેરિકન ગૃહસ્થોની સાથે પરિચય થયો હતો. તેમનાં કુટુંબોમાં પણ પતિપત્ની વચ્ચે અપૂર્વ પ્રેમ જોઇ મને અત્યંત આનંદ થયો. આનું કારણ એ છે કે અમેરિકન સ્ત્રીઓ સુશિક્ષિત અને સુયોગ્ય છે.

શિકાગો ગયા પછી મને અવલોકન કરવાની ઘણી તકો મળી. સ્ત્રીઓની દશાનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઘણી તકો ત્યાં મારે હાથ આવી. વિદ્યાલયમાં જે છોકરીઓ મારી સહાધ્યાયિની હતી તેમની સાથે કોઇ વિષયપર વાતચીત કરવાનો જ્યારે જ્યારે મને પ્રસંગ મળતો ત્યારે ત્યારે મારી તબિયત ખુશ થઇ જતી. ગંભીરમાં ગંભીર વિષય પણ તેઓ સમજે છે. વિદ્યાલયમાં ઘણી છોકરીઓ તો એવી હતી કે જેમને શિક્ષણને માટે છોકરાઓની પેઠે દ્રવ્ય કમાવું પડતું હતું. વિદ્યાપ્રાપ્તિની ધૂનમાં તેઓ સર્વ પ્રકારનાં કષ્ટ સહન કરી પદ્વીઓ પ્રાપ્ત કરે છે.

એક દિવસ હું એક છોકરીની સાથે મિશિગન સરોવરપર સહેલ

કરવાને ગયો. માર્ગમાં અનેક વિષયોપર વાતચીત થઇ. અમે ઉભય સરોવરના તટપર જઇને બેસી ગયાં. છોકરીનું નામ કુમારી એડી હતું. તેણે મને પૂછ્યું:—

"કહો વારુ, આ વિદ્યાલય આપને પસંદ પડ્યું કે નહિ?"

મેં કહ્યું:—"હું ઇશ્વરને એવી પ્રાર્થના કરૂં છું કે મારા દેશમાં પણ આવાંજ વિદ્યાલયો થઇ જાય."

એડી હસીને બોલી:—

"આપ લોકો યત્ન કરો તો સર્વ બની શકે એમ છે." હું ચૂપ રહ્યો. એડીએ પુનઃ પૂછ્યું:—

"આપના દેશમાં છોકરીઓને માટે શિક્ષણનો શું પ્રબંધ છે?"

મેં કહ્યું:—"હમણાં ક્યાંક ક્યાંક નામમાત્રની શાળાઓ ખુલી છે."

એડી દીર્ઘ નિઃશ્વાસ નાખી બોલી:—

"જ્યારે હું વિચાર કરૂં છું કે જગતમાં એવા પણ દેશો છે કે જ્યાં અબલાઓ સંપૂર્ણ અવિદ્યાન્ધકારમાં પડેલી છે ત્યારે મને મહા શોક થાય છે. આપના જેવા માણસો જે દેશમાં હોય ત્યાં આવી દશા!"

હું ઉત્તર આપી શક્યો નહિ. મનમાં ને મનમાંજ અફસોસ કરીને બેસી રહ્યો.

મને મારા દેશની દુર્દશાની વાત સાંભળી દુઃખ થતું જોઇ કુમારી એડીએ વિષય બદલી નાખ્યો અને કહ્યું:—

"કાલે શનિવાર છે, આપ મારી સાથે કસરતશાલામાં આવજો. ત્યાં છોકરીઓ કેવી સારી રીતે કસરત કરે છે તે આપ જોશો."

મેં અતિ પ્રસન્ન થઇ કહ્યું:—"ઘણું સારૂં."

બીજે દિવસે અમે ઉભય કસરતશાલા જોવાને ગયાં. સમય બપોરનો હતો. આ વ્યાયામશાલા વિદ્યાલયથી પંદરેક માઇલ દક્ષિણે આવેલી

છે. એ શાલામાં જે અધ્યાપિકા હતી તેની સાથે મારે ઘણો સારો પરિચય હતો; તેથી તે મને આવેલો જોઇ અતિ પ્રસન્ન થઇ. તેણે મને સારી રીતે વ્યાયામશાલા દેખાડી. છોકરીઓને માટે પણ અધિકાંશ છોકરાઓના જેવાજ વ્યાયામનાં સાધનો હતાં. યદ્યપિ છોકરીઓ જ્યારે વ્યાયામ કરતી હોય ત્યારે પુરુષોને ત્યાં જવાનો નિષેધ છે, તો પણ મને અધ્યાપિકાએ થોડે દૂર ઉભા રહીને જોવાની રજા આપી. તેર ચૌદ વર્ષની એક છોકરી બરાબર મારી સામે લોઢાની સીકપર કસરત કરતી હતી. તેને કસરત કરતી જોઇને મારા મનમાં જે જે ભાવો ઉત્પન્ન થયા તેનું વર્ણન મારાથી થઇ શકે એમ નથી. જે દેશમાં કન્યાઓના આરોગ્ય અને શારીરિક સુધારાને માટે આવો સારો પ્રબંધ હોય તે દેશ ઉન્નતિના શિખરપર આરૂઢ થાય તેમાં શું આશ્ચર્ય ?

છોકરીઓની વાત જવા દો, હવે અમેરકાની સ્ત્રીઓનું કાંઇક વર્ણન સાંભળો.

અમેરિકાની સ્ત્રીઓનો અવકાશનો સમય બહુધા કલબોમાં વ્યતીત થાય છે. તે સભાઓમાં જનારી સ્ત્રીઓ અવશ્ય વિવાહિતાજ હોવી જોઇએ એવું કાંઇ નથી, કુંવારી સ્ત્રીઓ પણ તેમાં જાય છે. પ્રત્યેક શહેરમાં સ્ત્રીઓની કલબો છે. કલબોનો અર્થ સભાઓ અથવા સમાજો છે. આ કલબો ભિન્ન ભિન્ન ઉદ્દેશોની સિદ્ધિને માટે સ્થાપિત કરવામાં આવે છે. ઉદાહરણાર્થ, શેકસપીઅર કલબ; આ કલબમાં કેવળ શેકસપીઅરના ગ્રંથોજ વાંચવામાં આવે છે, અને તેનો અર્થ બરાબર રીતે સમજવામાં આવે છે. બ્રાઉનિંગ કલબમાં મહાકવિ બ્રાઉનિંગના ગ્રંથોનું અધ્યયન કરવામાં આવે છે. સ્મરણમાં રાખજો કે આ સર્વ સ્ત્રીઓની કલબોની વાત ચાલે છે. વ્યાયામકલબમાં સ્ત્રીઓ આવીને વ્યાયામ કરે છે. માતૃકલબ ( Mothers' club ) માં માતાઓ પોતાના લાભનેમાટે

વખતોવખત અમેરિકાના સુપ્રસિદ્ધ ડૉકટરોને બોલાવીને તેમનાં વ્યાખ્યાનો સાંભળે છે. આ વ્યાખ્યાનોમાં રોગોના ઇલાજ, બાળકોના સંગોપનની રીતિ, ખાવાપીવાની વિધિ આદિ ઉપયોગી વિષયો ચર્ચવામાં આવે છે.

એકવાર મને એક સ્ત્રીસમાજમાં વ્યાખ્યાન આપવાને નિમંત્રણ થયું. એ સમાજ વિશેષતઃ શ્રીમંત સ્ત્રીઓનો હતો. વ્યાખ્યાન સાંભળવાને બસેંથી અધિક સ્ત્રીઓ આવી હતી. વ્યાખ્યાન થઇ રહ્યા પછી હું કોઇ કામને માટે થોડી વાર થોભ્યો. જે દિવાનખાનામાં મેં વ્યાખ્યાન આપ્યું હતું તેની બહારના ઓરડામાં મેં હૉટેલના જેવો સામાન જોયો. મેં ત્યાંની પ્રધાન સ્ત્રીને પૂછ્યું:-" શું અહીંઆં હોટેલ પણ છે ?" ઉત્તરમાં તે સ્ત્રી બોલી:-' હા, આ સ્ત્રીસમાજ તરફથી અહીં હોટેલ પણ ચલાવવામાં આવે છે. એ હૉટેલમાં નિર્ધન સ્ત્રીઓને થોડા ખર્ચથી ભોજન મળે છે." અમારા કેટલાક સાધુ પાઠકો કદાચ કહેશે કે ત્યારે સદાવ્રતજ કેમ ખોલ્યું નહિ કે જેથી સ્વર્ગે જવાનો રસ્તો વિશેષ સુગમ થાત ? ઉત્તરમાં અમે નિવેદન કરીશું કે અમેરિકાવાસીઓ આપણા જેવા મૂર્ખ નથી. આપ જો સમ્પત્તિશાસ્ત્ર વાંચશો તો આપને પ્રતીત થશે કે આપ જે લાખો કરોડો રૂપિઆ પ્રતિવર્ષ પુણ્યક્ષેત્રોમાં આવેલાં સદાવ્રતોમાં ઉડાવો છો તે વ્યર્થ જાય છે, તેથી દેશમાં આળસુ હૃષ્ટપુષ્ટ મૂર્ખોની સંખ્યા વૃદ્ધિંગત થાય છે. એજ રૂપીઆવડે કારખાનાં ખોલવામાં આવે તો તેથી હજારો માણસોનું પોષણ થાય અને પુણ્યની સાથે દેશસેવા પણ થાય. અમેરિકાવાસીઓ સંપત્તિશાસ્ત્રના જ્ઞાતા છે. તેઓ આળસુ ભિખારીઓની વૃદ્ધિ કરવામાં મહાપાપ માને છે.

ઇલિનોઇ ( Illinois ) સંસ્થાનમાં જેટલા સ્ત્રીસમાજો છે તે સર્વેની એક પ્રધાન સભા છે. સભામાં તે પ્રત્યેક સમાજના પ્રતિનિધિઓ

હોય છે. ૧૯૦૬ ના નવેમ્બરમાં તેનું વાર્ષિક અધિવેશન શિકાગો વિશ્વવિદ્યાલયમાં થયું હતું. એ સભાના ઉદ્દેશ આદિનું સંક્ષિપ્ત વર્ણન સાંભળો :—

(૧) એ સભાનો પ્રથમ ઉદ્દેશ શિક્ષણનો પ્રચાર કરવાનો છે. સંસ્થાન તરફથી જે શાળાઓ ગામેગામ સ્થાપન કરવામાં આવી છે તેને આ સભા સાહાય્ય કરે છે. તેમાંની પઠનપાઠન વિધિની ઉન્નતિ કરવા પ્રત્યે લક્ષ્ય આપે છે. જે લોકો નિર્ધનતાને લીધે પોતાનાં સંતાનોના શિક્ષણને માટે થોડો ખર્ચ પણ કરી શકતા નથી તેમને આ સભા સાહાય્ય કરે છે. જે ગામમાં સ્કૂલ હોય પણ સારૂં પુસ્તકાલય ન હોય, તેમાં પુસ્તકાલય સ્થાપન કરવાનો આ સભા પ્રયત્ન કરે છે. ૧૯૦૫ ના નવેમ્બરથી ૧૯૦૬ ના નવેમ્બર સુધીના એક વર્ષમાં આ સભાએ ૫૮ પુસ્તકાલયો સ્થાપન કર્યાં હતાં. કસબાઓમાં આ સભા એવા સમાજો સ્થાપન કરે છે કે જેના દ્વારા પ્રત્યેક માતાપિતા પોતાનાં બાળકોના હિતનો વિચાર કરી શકે.

( ૨ ) બીજો ઉદ્દેશ દાન કરવાનો છે. દાનપાત્ર કોણ છે? તેની તપાસ આ સભા કરે છે. જે કોઇ દાન કરવા માગતું હોય તે આ સભા પર રૂપીઆ મોકલી આપે છે અને આ સભા ઉચિત અને ઉપયોગી કામમાં તેનો વ્યય કરે છે. તે લોકો ભારતવાસીઓની પેઠે લાખો રૂપીઆ મંદિરો અને મસ્જીદોમાં ફેંકી દેતા નથી અથવા કોઇ પંડા પૂજારીને, કે ધર્માચાર્યને આપી દઇને **वृथा वृष्टिः समुद्रेषु** જેવું કરતા નથી. પાઠક, આપજ કહો કે કાશી, પ્રયાગ અને ગયાના પંડાઓને (ગુજરાતમાં છેલછબીલા છટેલાઓને) જે ધન આપવામાં આવે છે તે શું દેશોપકારમાં ખર્ચાય છે?

સભાના પ્રતિનિધિઓ વખતોવખત સંસ્થાનનાં કેદખાનાં, અનાથાલયો અને હવાલાતોમાં જાય છે અને ત્યાંની સ્થિતિ જુએ છે. તેઓ

કેદીઓની સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરે છે. જો કેદીઓને માટે શાળાની જરૂર જણાય તો તેઓ શાળા ખોલવાનો પ્રબંધ કરે છે. કેદીઓનાં સગાંવહાલાં દાનપાત્ર જણાય તો આ સભા તેમને પણ સાહાય્ય કરે છે.

કોઇને નોકરી વા ધંધા રોજગારની જરૂર હોય તો સભા તે તેને શોધી આપે છે, અને જ્યાં સુધી ધંધો ન મળે ત્યાં સુધી તેને રહેવાનો અને ખાવાપીવાનો પ્રબંધ કરી આપે છે.

(૩) સભાનો ત્રીજો ઉદ્દેશ ગાંડા, આંધળા, બહેરા તથા નિર્ધન લોકોને માટે શાળા સ્થાપન કરવાનો છે. તેમના નિવાસને માટે સારાં હવાવાળાં મકાનો શહેરેશહેર બાંધવામાં આવેલાં છે. આ મકાનોમાં રહેનારાના સુખ માટે ઘણું ધ્યાન આપવામાં આવેલું હોય છે. ધારો કે કોઇ લંગડો હોય અને તે હાલીચાલી શકતો ન હોય, તો તેને માટે નાની નાની ગાડીઓ રાખેલી હોય છે.*

(૪) આ સભાનો ચોથો ઉદ્દેશ સાહિત્યનો પ્રચાર કરવાનો છે. સભાની તરફથી વહેંચવાને માટે નાનાં નાનાં સચિત્ર પુસ્તકો છપાઇને બહાર પડે છે. આ પુસ્તકો મફત વહેંચવામાં આવે છે. સભાને આધીન જે જે સમાજો છે તે આ પુસ્તકો પ્રત્યેક બાળકના હાથમાં પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. આવાં પુસ્તકોમાં વિશેષ કરીને રોચક પરંતુ શિક્ષાપ્રદ કથાઓ હોય છે.

(૫) આ સભાનો પાંચમો ઉદ્દેશ કળાકૌશલ્યની ઉન્નતિ કરવાનો છે. સંસ્થાનમાં જ્યાં જ્યાં શિલ્પકળાની શાળાની જરૂર જણાય ત્યાં

* શિકાગો વિશ્વવિદ્યાલયની પાસે આવું એક મોટું મકાન છે, તેમાં લંગડા અને લૂલા માણસો રહે છે. તેમને માટે ગાડીઓ તૈયાર હોય છે. તે ગાડીઓ હાથવતી ચક્ર ફેરવવાથી ચાલે છે આ પ્રકારે અમેરિકામાં લંગડા માણસોની જીંદગી સારી રીતે વ્યતીત થાય છે. લેખક.

ત્યાં તે સ્થાપન કરવાને આ સભા યત્ન કરે છે. જે બાળક વા બાલિકાની પ્રવૃત્તિ કળાકૌશલ્ય તરફ હોય તેને ધનની સાહાય્ય કરી સભા તેનો ઉત્સાહ વૃદ્ધિંગત કરે છે.

અમેરિકાની સ્ત્રીઓ આવાં આવાં કામ કરે છે. મેં કેવળ ઉદાહરણ તરિકે આ હકિકત આપી છે. જો આપ ત્યાંની સ્ત્રીઓનાં સર્વે કામો જુઓ તો ભારતની સ્ત્રીજાતિની અધોગતિનું સારી રીતે અનુમાન કરી શકો.

હવે જરા ગામડાંની સ્ત્રીઓની હકિકત સાંભળો. શહેરોની સ્ત્રીઓ તો પોતાનો સમય દેશ અને જાતિના હિતને માટે ખર્ચે છે, પરંતુ ગામડાંની સ્ત્રીઓ શું કરે છે? તે જાણવાની આપને અવશ્ય ઇચ્છા થશે. મને પોતાને તે જાણવાનો ભારે શોખ હતો. કેટલાંક વર્ષ ગ્રીષ્મ ઋતુમાં મને શિકાગોથી બહાર બીજાં સંસ્થાનોમાં ભ્રમણ કરવાની સંધિ મળી હતી. ત્યાં જોઇને મને બહુ આશ્ચર્ય થયું કે ચારસેં પાંચસેં માણસો સુધીની વસ્તીવાળાં ગામોમાં સ્ત્રીઓની સભાઓ છે. આ સભાઓ પોતાના ગામની જરૂરીઆતો પૂરી પાડવાના ઇરાદાથી ખોલવામાં આવી છે. ગાયનવાદનનો સામાન સર્વ સ્થળે હોય છે. આ નાદ એટલો તો પ્રસરેલો છે કે ગામનાં પ્રાયઃ સર્વ ઘરોમાં પિયાનો (Piano) નામનું વાજું હોય છે. પુસ્તકાલયોની તો વાતજ શી કરવી? ગરીબમાં ગરીબ માણસને ઘેર પણ પચાસ સાઠ ઉત્તમોત્તમ ગ્રંથો હશે. શેક્સપીઅર જ્યૉર્જ ઇલિયટ, ઇમર્સન આદિ સાહિત્યાચાર્યોનાં નામ આપ એ દેશની ઝુંપડીઓમાં સુદ્ધાં સાંભળશો.

અંતે હું અહીંઆંની સ્ત્રીઓના કેટલાક દોષો પણ બતાવી દેવા આવશ્યક માનું છું. અમેરિકન સ્ત્રીઓનો સૌથી મોટો દોષ એ છે કે તેઓ હદબહાર સ્વતંત્ર છે. એનું પરિણામ એ આવ્યું છે કે મોટાં મોટાં શહેરોમાં વ્યભિચાર વધતો જાય છે. અમેરિકામાં એક અતિ

મોટો સામાજિક દોષ નાચવા ( Dancing Ball ) નો છે. જ્યાં જ્યાં સ્ત્રી પુરુષો એકત્ર થઇને નાચે છે ત્યાં ત્યાં કોઇ ને કોઈ તાર અવશ્ય ઢીલો થઇ જાય છે. આ પ્રકારે એકત્ર થઇને નાચવું એ પ્રકૃતિના નિયમવિરૂદ્ધ કામ કરવા સમાન છે. ભારતવર્ષમાં તો અંગ્રેજ લોકો આપણા લોકોને પોતાના નાચમાં આવવા દેતાજ નથી, તેથી આપણે તેમના દોષો ઓછા જાણી શકીએ છીએ, પરંતુ શિકાગોમાં મારે બે ચાર વાર આવા નાચોમાં જવું પડ્યું હતું. ત્યાં હું નાચ્યો તો નહોતો, પરંતુ માત્ર જઇને બેઠો બેઠો તમાશો જોતો હતો. એક વાર એક છોકરીએ મને પોતાની સાથે નાચવાનો ઘણો આગ્રહ કર્યો. મેં તેને કહ્યું:—

"નાચવું એ સ્ત્રીનું કામ છે, પુરુષનું નથી."

તે છોકરી ખડખડ હસી ને બોલી:—

"તો આ સર્વ છોકરાઓ આપના મત પ્રમાણે સ્ત્રીઓ છે!"

મેં સ્મિત કરીને કહ્યું:—

"ખેર, એ બીજી વાત છે."

તે છોકરી બે વાર નિષ્ફળ થઇ તો પણ તેણે પુનઃ મને પોતાની સાથે નાચવાનો આગ્રહ કર્યો.

મેં કહ્યું:—"અજાણ્યો માણસ કેવી રીતે નાચી શકે?"

છોકરી:—"હું આપને શીખવીશ."

મેં હસીને કહ્યું:—"હું અતિ બોથડ માણસ છું. કોઇ કામ જલ્દી શીખી શકતો નથી. આપને વ્યર્થ કષ્ટ પડશે."

બસ, પાઠક, આપને મારે જે કહેવાનું હતું તે મેં સંક્ષેપમાં

કર્યું છે. હવે આપ અમેરિકાની સ્ત્રીઓનાં કામોની આપણા દેશની સ્ત્રીઓનાં કામો સાથે તુલના કરો. આપણાં ઘરોની અમેરિકાનાં ઘરોની સાથે તુલના કરો. આપણાં ઘર એ ખરાં ઘર નથી. આપણી સ્ત્રીઓ આપણા હૃદયના ભાવો સમજી શકતી નથી. જે વિષયો આપણે શાળા પાઠશાળામાં ભણ્યા હોઇએ તેનાં નામસુદ્ધાં તેમણે સાંભળેલાં હોતાં નથી. પતિ બી. એ. હોય અને પત્ની નિરક્ષર હોય છે! આપ સ્વયં વિચાર કરો કે અજ્ઞાનમાં પડેલી આપણી માતાઓ અને ભગિનીઓ શું આપણી ઉચ્ચ અભિલાષાઓમાં આપણી સહાયક થઇ શકશે?' આપણું અર્ધું અંગ સર્વથા નિરુપયોગી છે. જો આપ આપનું, આપનાં સંતાનોનું, અને આપના દેશનું કાંઈ પણ હિત કરવા માગતા હો તો સ્ત્રીઓની શિક્ષા આદિનો પ્રબંધ કરો. પ્રત્યેક કાર્ય કરવાની પ્રણાલી હોય છે, આપણે પ્રણાલી જાણતા નથી, માટે આપણે તે પ્રણાલી શીખવી જોઇએ; અને જેમ બને તેમ દેશમાં વિદ્યાનો પ્રચાર કરવો જોઇએ.

અમેરિકાની સ્ત્રીઓના દોષ નહિ, પરંતુ ગુણ આપણે ગ્રહણ કરવા જોઇએ. શું કોઇ વાર એવો સમય આવશે કે જ્યારે આપણા દેશની સ્ત્રીઓ પણ અમેરિકાની સ્ત્રીઓની પેઠે પરોપકારમાં રત રહેશે, પોતાના સમયને મૂલ્યવાન ગણશે અને પોતાનો ઉદ્દેશ સાધ્ય કરવામાં દત્તચિત્ત રહેશે? ફળનો આપનાર તો વિશ્વનાથ છે, પરંતુ આનંદ અને ધૈર્યપૂર્વક કામ કરવું એ આપણો ધર્મ છે.

# અમેરિકાની પ્રસિદ્ધ રાજધાની વૉશિંગ્ટન નગરી.

આવો, નવી દુનિયાના નકશામાં યૂનાઇટેડ સ્ટેટસ ઑફ્ અમેરિકાને શોધી કાઢો. આપને તે દેશ જડયો? બસ, એજ મેદાનનો ટુકડો, નવી દુનિયાનો શિરોમણિ, જગતનો સૌથી વિશેષ ધનાઢ્ય અને સંપત્તિવાન દેશ યુનાઇટેડ સ્ટેટસ ઑફ્ અમેરિકાના નામથી પ્રસિદ્ધ છે. આજે આપણે કેવળ તેની રાજધાનીની સહેલ કરવી છે. તે એની રાજધાની કયાં છે? ન્યૂયૉર્ક શહેરથી ૨૨૮ માઇલ દક્ષિણ પશ્ચિમ તરફ છે. ન્યૂયૉર્ક શહેર તો આપને સહેલાલાઇથી જડી આવશે. તેની દક્ષિણ પશ્ચિમ તરફ જુઓ. પ્રથમ ફિલાડેલ્ફીઆ, પછી બાલ્ટીમોર અને ત્યાર પછી વૉશિંગ્ટન દ્રષ્ટિગોચર થશે. એ વૉશિંગ્ટન જ યુનાઇટેડ સ્ટેટસ ઑફ્ અમેરિકાની પ્રસિદ્ધ રાજધાની છે; એમાંજ તેનો પ્રેસિડેન્ટ રહે છે; અમેરિકન જાતિના પ્રજાસત્તાક રાજ્યનો ગઢ અહીંજ છે. આવો, પ્રથમ એના નામની તથા ઇતિહાસની કથા જાણી લઇએ, એટલે પછી સહેલ કરવામાં વિશેષ આનંદ આવશે.

૧૭૭૬ માં નવી દુનિયાનાં તેર સંસ્થાનોને ઇંગ્લાંડની સાથે ઝઘડો શરૂ થયો. આ ઝઘડાનું મુખ્ય કારણ ઇંગ્લાંડનિવાસીઓ હતા. ઉક્ત તેર સંસ્થાનોના નેતાઓએ પ્રથમ અરજીઓ, પત્રો, સભાઓ, કોંગ્રેસો, વગેરે દ્વારા ઇંગ્લાંડવાસીઓની પાસેથી પોતાના હક્કો મેળવવાના ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ અંતે નિરૂપાયે તેમને લડાઇમાં ઉતરવું પડયું. ઉક્ત તેર સંસ્થાનોને અંગ્રેજોની સાથે દારૂણ યુદ્ધ શરૂ થયું. આ યુદ્ધ પાંચ વર્ષ પર્યંત રહ્યું અને અંતે—

" All governments derive their just powers from the consent of the governed."

( રાજશાસકોને શાસનાધિકાર પ્રજાની સમ્મતિથીજ પ્રાપ્ત થાય છે ) એ સત્ય સિદ્ધાંતનો અક્ષરશઃ વિજય થયો. તેર સંસ્થાનો સ્વતંત્ર થઇ ગયાં. ત્યારથી યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાનું નામ જગતની જાતિઓના પત્રકમાં દાખલ થયું.

આ નવા સ્વતંત્ર દેશની રાજધાની ક્યાં હોવી જોઇએ ? એ પ્રશ્ન તે જાતિને માટે અતિ મહત્વનો હતો. સર્વ કોઇ પોતપોતાના સંસ્થાનમાં રાજધાની સ્થાપિત કરવાની સલાહ આપતા હતા. અંતે આ ઝઘડાનો ફૈંસલો દેશભક્ત શ્રીમાન જ્યૉર્જ વૉશિંગ્ટનની ઉપર છોડી મૂકવામાં આવ્યો. એ વીરે પોતાની માતૃભૂમિની નિષ્કામ સેવા બજાવી હતી, તેમણે પોતાનું તન, મન અને ધન પોતાના પ્રિય દેશની સ્વતંત્રતાને માટે સમર્પણ કર્યું હતું, પોતાના રણકૌશલ્યથી પોતાના શત્રુઓના દાંત ખાટા કરી નાખ્યા હતા, અને વિશેષતઃ પોતાના નિષ્કલંક ચારિત્ર્ય તથા ઉત્કટ દેશપ્રેમથી પોતાના દેશવાસીઓની તરફથી " Father of his country " ( સ્વદેશના પિતા ) ની પૂજ્ય ઉપાધિ પ્રાપ્ત કરી હતી. આવા સર્વપ્રિય પુરુષનો નિર્ણય સર્વને માન્ય હતો. તે સર્વને માન્ય હોય તેમાં નવાઇ પણ શું ?

પોતાના દેશબંધુઓની આજ્ઞા પ્રાપ્ત થયા પછી દેશભક્ત જ્યૉર્જ વૉશિંગ્ટને આ કાર્યને માટે પોટોમેક નદીની ઉત્તરપૂર્વ તરફ આવેલી જમીન પસંદ કરી. મેરી લૅન્ડ તથા વર્જીનિયા એ સંસ્થાનોએ હવે પોતાની કેટલીક ભૂમિ રાજકાર્યને માટે આપી અને આ ૬૯⅞ ચોરસ માઇલ ભૂમિનું નામ " District of Columbia " રાખવામાં આવ્યું. એનો શાસનપ્રબંધ કૉંગ્રેસના હાથમાં આવ્યો. આ કોલંબિયા જીલ્લામાં રાજધાની ' વૉશિંગ્ટન નગરી ' નો પાયો નાખવામાં આવ્યો.

અને એ અમેરિકનોની વીરપૂજા ( Hero worship ) નું જીવંત પ્રમાણ છે. પોતાની રાજધાનીનું આવું નામ પાડી તેમણે પોતાના પરમપૂજ્ય દેશહિતૈષી વૉશિંગ્ટનને અમર બનાવી દીધો. આજે આપણે તેજ વૉશિંગ્ટનના કીર્તિસ્તંભરૂપ રાજધાનીની સહેલ કરવાને અને તેમાં શું થઇ રહ્યું છે તે જોવાને જઇએ છીએ.

ન્યૂયૉર્કથી કલાક કલાકને અંતરે વૉશિંગ્ટન તરફ આગગાડી છૂટે છે. સાધારણ રીતે અનેક કંપનીઓની ગાડીઓ જાય છે પરંતુ પેન્સિલ્વેનિયા કંપનીનો પ્રબંધ જગત્પ્રસિદ્ધ છે; તેનું નૂર પણ બીજી કંપનીઓ કરતાં વિશેષ છે. આજે આપણે બપોરની એક વાગાની ગાડીમાં બેસીને નીકળીએ છીએ. પાંચ કલાક આનંદપૂર્વક વ્યતીત થઇ ગયા. સંધ્યાકાળે ગાડી વૉશિંગ્ટન શહેરમાં પહોંચી ગઇ. જુઓ, હું થોડાજ સમયમાં આપને અહીંઆં લઇ આવ્યો.

યૂનિયન રેલ્વે સ્ટેશનની* ઇમારત જોઇને આપ ચકિત થાઓ છો કે શું? શું આપે કદિ લાહોરનું સ્ટેશન જોયું નથી? હા, એટલું ખરૂં કે અહીં લાહોરના જેવા અન્યાયો થતા નથી. અહીં મુસાફરોને ધક્કા ખાવા પડતા નથી, તેમની સાથે પશુઓના જેવું વર્તન કરવામાં આવતું નથી. ત્રીજા વર્ગના પ્રવાસીઓનું હૃદયવિદારક દૃશ્ય અહીં નથી. ખેર, મહાશય, તે દૃશ્ય થોડી વાર સુધી ભૂલી જાઓ. અહીં જુઓ, આ રસ્તો બહાર જાય છે.

આ વિજળીની ગાડી આપણને શહેરમાં લઇ જશે અને (Iowa Centre) આયોવા સેન્ટરની નિકટ પહોંચાડી દેશે. એમાંજ બેસીને જવું ઠીક થઇ પડશે.

આપ અંદર આવીને ગાડીમાં બેસો, હું સર્વનું ભાડું ચૂકવી આપું છું.

---

* યૂનિયન રેલ્વે સ્ટેશન બંધાવતાં ત્રણ કરોડ નેવુ લાખ રૂપિયાથી અધિક ખર્ચ થયો છે. લેખક.

માણસ દીઠ અઢી આના !

હાજી, પરંતુ ભાડું આપને વિશેષ લાગે છે તેનું કારણ એ છે કે આપ ભારતવાસી છો, અને ભારતવર્ષના પ્રત્યેક માણસની ઉપજ રોજના પ્રાયઃ ત્રણ પૈસા છે.

હવે આપ અમેરિકામાં આવ્યા છો. અહીંઆંની રીતભાત જુઓ.

આ શહેરના મહોલ્લા કેવા પહોળા છે !

અરે આપ ધારોછો શું ? અહીં કાંઇ કાશી નથી કે કુંજગલીઓથી નિભાવ થશે ! આપ જાણો છો કે ? અહીંઆંના મહોલ્લાઓની પહોળાઈ ૮૦ ફીટથી ૧૫૦ ફીટ સુધી છે.

અહા ! કેવી સ્વચ્છતા છે !

કેમ ન હોય ? આ કાંઇ કલકત્તા નથી કે જરાક વર્ષાદ પડવાથી કાદવ કીચડથી ભરાઇ જાય ! શ્રીમાન, આ વૉશિંગ્ટન શહેર છે. એ અમેરિકાની રાજધાની છે, એ કાંઇ ભારતવર્ષની રાજધાની દિલ્લી નથી

જુઓ, મહાશય, આ પ્રકાશ ! જાણે દિવસજ છે.

બેશક, શા માટે ન હોય ? અંધકારનો નાશ કરવો એ મનુષ્યનો પરમ ધર્મ છે. આ પ્રકાશ આપણને ઘણો બોધ આપે છે. જ્યાં જેટલો અધિક અંધકાર છે, ત્યાં તેટલોજ અધિક અન્યાય છે. **અન્યાયને દૂર કરવાનો સીધો અને સાદો ઉપાય પ્રકાશને ફેલાવવો એજ છે.** ભલા, આ વિદ્યુતપ્રકાશિત મહોલ્લાઓમાં ચોર લોકો નિર્ભયતાપૂર્વક ફરી શકશે ?

આપણાં શહેરો અને આ શહેરમાં આટલો બધો ભેદ શા માટે છે ?

શું એનો ઉત્તર પણ હુંજ આપું ? આપ કાંઇક તો બુદ્ધિ ખર્ચો. આવો, આપણે અહીંઆં ઉતરીશું. પેલો પૃષ્ઠભાગ Asphalt* નો

---

* એક પ્રકારનો પત્થર.

છે અને આ સીમેંટનો છે. પેલાની ઉપર ગાડી ઘોડા ચાલે છે અને આની ઉપર માણસો ચાલે છે. આવો પ્રબંધ સર્વ શહેરોમાં હોય છે. આ આયોવા સેન્ટર છે. અહીંઆં વેદાંત સોસાઇટીની અધિષ્ઠાત્રી 'વેદ-માતા' નામની અમેરિકન સન્નારી રહે છે. રાત્રે એજ મકાનના એક ઓરડામાં સૂઈ રહીશું અને પ્રાતઃકાળ થતાંજ રાજધાનીમાં ફરવા નીકળીશું. દર માણસે પ્રાયઃ અઢી રૂપિયાનું ભાડું એક રાતનું પડશે અને ભોજન તો આપણી પાસે તૈયાર છેજ; બસ પંચાત મટી.

ઉઠો, મહાશય, ઉતાવળ કરો. સંધ્યાવંદનથી પરવારી લો. આજે આપણે ઘણું જોવાનું છે. સુસ્તીથી કામ ચાલશે નહિ. ઘડીઆળમાં પોણા સાત વાગ્યા છે, અને આપણે અહીંઆંથી સાડા આઠ વાગે અવશ્ય નીકળવું જોઇએ. સૌથી પ્રથમ આપણે Washington Monument. (વૉશિંગ્ટન કીર્તિસ્તંભ) જોવાને જઇશું. તેનો દરવાજો નવ વાગ્યાથી ઉઘડે છે.

તો શું એ વૉશિંગ્ટનનો કીર્તિસ્તંભ છે? હા જી, એ સર્વથી ઉંચો મિનારો જગતને તે મહાન પુરુષની કીર્તિનો પરિચય આપી રહ્યો છે. તે કહી રહ્યો છે કેઃ—

"જગતમાં તે માણસને ધન્ય છે કે જેણે પોતાનું આયુષ્ય પોતાના દેશ અને પોતાની જાતિની સેવામાં ખર્ચ્યું હોય. જગતમાં અમર કોણ છે? મૃત્યુ સર્વની પાછળ લાગેલું છે, પરંતુ તે જીવનને ધન્ય છે કે જે માનવ જાતિનાં દુઃખો દૂર કરવામાં ખર્ચાયું હોય. જગતના વિષયોથી પર થાઓ; લોભ લાલચને લાત મારો; સમાન હક્કની દુંદુંભિ વગાડો અને મનુષ્યજાતિને ન્યાયની શિક્ષા આપો. સ્મરણમાં રાખો કે અંતે સત્યનોજ વિજય થશે. સત્યનું પાલન કરતાં ગભરાશો નહિ. પરમાત્માપર દૃઢ વિશ્વાસ રાખો. જે માણસ ન્યાયના પથપર ચાલે છે તેને પરમાત્મા સહાય કરે છે. અમેરિકન જાતિએ ૧૭૭૬ માં

ન્યાયને માટે યુદ્ધ કર્યું હતું અને પરમાત્માએ તેને સહાય કરી હતી. જો અમેરિકન લોકો ન્યાયથી વિમુખ થશે તો પરમાત્મા તેમને તે માટે દંડ આપશે."

બેશક, આપનું કહેવું યથાર્થ છે. આ કીર્તિસ્તંભ તેજ સત્ય સિદ્ધાંતની શિક્ષા આપે છે.

હવે તો આપણે ઘણા નિકટ આવી પહોંચ્યા. જુઓ દરવાજાની બહાર બીજા પ્રેક્ષકો પણ ઉભા છે. તેઓ મિનારાપર જવા માગે છે.

અહા! અહીં પણ ઇલિવેટર છે. એ ઘણું સારૂં થયું, નહિ તો ઘણી ઉંચાઇ ચઢવી પડત. આ અમેરિકા છે, શ્રીમાન! અહીંના લોકો વ્યર્થ દુઃખ સહન કરતા નથી; તેને નિવારવાની કોઇ ને કોઇ યુક્તિ શોધીજ કાઢે છે. તેઓ આપણા દેશના લોકોની પેઠે કિસ્મતના ભરોસાપર બેસી રહેતા નથી.

ચાલો ઇલિવેટરની અંદર.

સર–ર–ર–ર–ર–ર–ર કરતો ઇલિવેટર ઉપર ચાલ્યો અને થોડી વારમાં આપણે ઉપર પહોંચી ગયા.

આપના ધારવા પ્રમાણે એની ઉંચાઇ કેટલી હશે? આવો, આ માણસને પૂછીએ. એ અહીંનો નોકર જણાય છે.

તે કહે છે કે આ મિનારાની ઉંચાઇ ૫૫૫ ફીટ અને ૬ ઇંચ છે. જગતના સર્વ મિનારાઓ કરતાં એ ઉંચો છે. બહારનો ભાગ મેરીલડના સંગેમરમરથી બાંધવામાં આવ્યો છે, અને શેષ સર્વ ભાગ ન્યૂ ઇંગ્લાંડના ગ્રેનાઇટ (Granite) પત્થરથી બાંધવામાં આવ્યો છે. આ કીર્તિસ્તંભપર ઓગણચાલીસ લાખ રૂપીઆથી અધિક ખર્ચ થયો છે.

તે વળી કહે છે કે "તમે જો પ્રત્યેક માળની પઠારપર ઉતરીને જોશો તો તમને ઘણા સારી સારી જાતના પત્થરો જણાશે. આ

પત્થરો ભિન્ન ભિન્ન દેશોમાંથી લાવીને અહીં જડવામાં આવ્યા છે. ચીન, શિયામ, જાપાન આદિ દેશોનાં ચિહ્નો તો અહીં છે, પરંતુ ભારતવર્ષનું એક પણ ચિહ્ન નથી ! તેની પાસે દેશહિતૈષી જ્યૉર્જ વૉશિંગ્ટનને ભેટ કરવા લાયક કોઇ પણ વસ્તુ નહોતી, અને હોય પણ કેવી રીતે ?

આવો, આ બારીઓમાંથી નગરની શોભા જોઇએ.

આ જુઓ, પ્રત્યેક ભાગમાં બબ્બે બારીઓ છે અને બધી મળીને આઠ છે.

આ તરફ દ્રષ્ટિપાત કરો. આ સામે ઉત્તર તરફ જે શ્વેત ભવન દ્રષ્ટિગોચર થાય છે તેજ શ્રીમાન પ્રેસિડેન્ટ મહોદયનું વિશાળ ગૃહ છે. હાલમાં એમાં પ્રેસિડેન્ટ ટૅફ્ટ વિરાજમાન છે.

પેલું પૂર્વ તરફ જે ગુંબજવાળું મોટું ભવન જણાય છે તે રાજધાનીની પ્રધાન ઇમારત છે. આપણે ત્યાં જઇને તે જોઇશું.

એ બે ભવનોની વચ્ચે દૂર સુધી દ્રષ્ટિ ફેંકો. કેવું અપૂર્વ દસ્ય છે ! ઉદ્યાનોનો દેખાવ કેવો મનોહર છે ! જરાક અધિક દ્રષ્ટિ દોડાવીને પેલા સુંદર પહાડોનું દસ્ય પણ જુઓ ! આ તરફ નજર ફેંકો. પૉટૉમેક નદી કેવી ચક્કર ખાઇને ચાલી જાય છે ! માઇલો સુધી તેના પ્રવાહની શોભા જુઓ.

જરા આ પશ્ચિમ તરફનો રંગ જુઓ. પેલા દૂર આવેલા વર્જીનિયાના નીલ પર્વતોની શ્રેણીઓ કેવું સૌંદર્ય દર્શાવી રહી છે ! પ્રકૃતિની શોભાનું શું વર્ણન કરીએ ? અહા ! પ્રભુની લીલા અપરંપાર છે.

સત્ય છે કે જગતના વિષયોથી પર થઇ તેમને નીચે છોડી દેવાથીજ—બંધન તોડી નાખવાથીજ સારો આનંદ મળી શકે છે. ઉંચે ચઢવાથી આપણી દ્રષ્ટિનો (scope) લાવો વધે છે, અને સંકુચિતપણું નષ્ટ થઇ જાય છે. કૂપમંડૂકના ક્ષુદ્ર વિચારો દૂર થઇ જાય છે.

મહાત્માઓના કીર્તિસ્તંભ એટલા માટેજ બંધાવવામાં આવે છે. જ્યૉર્જ વૉશિંગ્ટનનો મહાન આત્મા આપણને એજ શિક્ષા આપે છે. તેના કીર્તિસ્તંભપર ચઢવાથી તે મહા પુરૂષનાં મહાન કાર્યોનો અનુભવ થાય છે.

જુઓ, દશ તો અહીંજ વાગી ગયા. ચાલો જલદી, હજી ઘણું જોવાનું છે.

× × × × ×

ઠીક, ચાલો આપણે અમેરિકાના પ્રેસિડેન્ટનું શ્વેત ભવન (White House) જોવા જઇએ. રસ્તામાં સ્મિથસોનિયન શાળા (Institute) પણ જોતા જઇશું, તેમજ જાતીય સંગ્રહસ્થાન પણ નિકટમાંજ છે, તેનાં પણ દર્શન કરતા જઇશું.

કદાચ આપ સ્મિથસોનિયન શાળાની હકિકત જાણવાને ઉત્સુક હશો; લો હું તેનુંજ વર્ણન પ્રથમ કરૂં છું.

સ્મિથસન નામનો એક ભદ્ર અંગ્રેજ વિજ્ઞાનનો પ્રચાર કરવાનો ઘણો શોખ ધરાવતો હતો. તેણે પોતાની સર્વ સંપત્તિ કે જે પ્રાયઃ પંદર લાખ રૂપીઆની હતી તે એવી સરતે સરકારને સ્વાધીન કરી કે તેનાવડે વૉશિંગ્ટન નગરમાં એક વૈજ્ઞાનિક શાળા ખોલવી. આ શાળાદ્વારા વિજ્ઞાનનો પ્રચાર સર્વ સાધારણ સુધી કરવાનો તે ઉદાર અંગ્રેજનો ઉદ્દેશ હતો. આ ઘટના ૧૮૨૯ ની છે. અમેરિકન સરકારે તે રકમમાં બીજી થોડીક રકમ ઉમેરી ૧૮૪૬ માં આ વૈજ્ઞાનિક શાળાની સ્થાપના કરી અને તેનું નામ ઉક્ત દાનવીરના નામપરથી 'સ્મિથસોનિયન શાળા' રાખવામાં આવ્યું.

આ તો આ શાળાનો ઇતિહાસ થયો, હવે તેની અંદર શું છે, તે આપણે જોઇએ.

આ જુઓ, અમેરિકાના મૂળ નિવાસીઓનાં નામનિશાન! આ

આખો ઓરડો આવીજ પ્રાચીન વસ્તુઓથી ભરેલો છે. અમેરિકાના શતા ઇન્ડીઅનોનાં ઘરોના નમૂના જુઓ. ચાર પાંચ લાકડાં ઉભાં કરી તેમને તેઓ કપડાંવતી ઢાંકી લેતા હતા. બસ એજ તેમનું ઘર ! તેમનાં ધનુષ્ય બાણ, તેમની દેવી, તેમના દેવતા, તેમનાં ઉપાસના-સ્થાન, એ સર્વ બાળકોની રમત સમાન છે. સભ્યતાની આ આરંભા-વસ્થા છે. બસ, આવીજ પ્રાચીન વસ્તુઓ અત્ર દેખાડવામાં આવી છે.

જાતીય સંગ્રહસ્થાન પણ સાધારણ સંગ્રહસ્થાનના જેવુંજ છે. તેમાં જાત જાતનાં પક્ષીઓ, જાનવરો, પશુઓ, કીડાઓ વગેરેના નમૂના દર્શાવવામાં આવ્યા છે.

આવો, આપણે આવશ્યક અને મૂળ વસ્તુઓ જોવા જઇએ.

× × × × ×

આ સફેદ સ્તંભોવાળું મકાન ‘શ્વેત ભવન’ (White House) કહેવાય છે. અમેરિકન જાતિના પ્રેસિડેન્ટ શ્રીમાન ટ્રૅફ્ટ અહીંઆંજ વિરાજે છે. એજ પ્રેસિડેન્ટનું નિવાસસ્થાન છે. ચાર ચાર વર્ષને અંતરે અમેરિકન લોકો પોતાના પ્રેસિડેન્ટની ચૂંટણી કરે છે. આજ માણસ તેમનો પ્રધાન, રાજા, મહારાજા જે કહો તે છે. ચાર વર્ષ પછી પુનઃ ચૂંટણી થાય છે, અને સર્વપ્રિય પુરૂષને પ્રેસિડેન્ટ બનાવ-વામાં આવે છે.

આ શ્વેત ભવનનો પાયો ૧૭૯૨ ના ઑક્ટોબર માસમાં પૂજ્ય-વર જ્યૉર્જ વૉશિંગ્ટને નાખ્યો હતો. ૧૭૯૯ માં એ ભવન બંધાઇને તૈયાર થયું. એ ઇમારત વર્જીનિયા પત્થરની છે. તેની લંબાઈ ૧૭૦ ફીટ અને પહોળાઈ ૮૬ ફીટ છે.

ઠીક, ચાલો, હવે જરા અંદર જઇને જોઇએ.

દ્વારપાળની આજ્ઞા લેવી આવશ્યક છે. આ છોડ કેવા સુંદર

જણાય છે! ગ્રીષ્મ ઋતુમાં એ કેવો આનંદ આપતા હશે! આ બીજા દ્વારપાળને પૂછીને અંદર જઇએ છીએ.

આ પ્રેસિડેન્ટના ભવનનાં ચીનાઈ વાસણો છે. એ અતિ કિંમતી છે. વખતોવખત એ સાફ કરવામાં આવતાં હોવા જોઇએ. દિવાલો-પર આ દેવીઓનાં જીવતાં જાગતાં ચિત્રો જુઓ. આ તૈલચિત્ર છે, કારીગરોના હસ્તકૌશલ્યના નમૂના છે. આ દેવી ટાયલરનું ચિત્ર છે, અને પેલું શ્રીમતી રૂઝવેલ્ટનું છે.

ઉત્સવના સમયમાં પ્રેસિડેન્ટ આ ભવનમાં પોતાના મિત્રોનું સ્વાગત કરે છે.

આ હૉલની સજાવટ અપૂર્વ છે. આ મેજોની ઉપરનું સોનેરી કામ તો જુઓ. પેલી સામેની દિવાલપર જે આરસાઓ ટાંગેલા છે તેની કિમ્મત અતિ વિશેષ જણાય છે. બારીઓના પડદાની શોભા તો ઓરજ છે. છતમાંનું સુવર્ણ કામ અતિ ઉત્તમ છે.

ગમે તેમ હો, પરંતુ આપણા રાજા મહારાજાઓને આ લોકો પહોંચી શકે એમ નથી. તેમનાં ભવનોનું સૌંદર્ય આના કરતાં અનેક-પટ વિશેષ હોય છે.

× × × × ×

ઘડીઆળમાં હમણાં એક વાગી ગયો છે. ભોજન કરીને આપણે રાજધાનીનું બૃહત્ ભવન જોવાને જઇશું.

× × × × ×

રાજધાનીના આ બૃહત્ ભવનની શોભા ખરેખર દર્શનીય છે. આ ઇમારતની બનાવટ અતિ ઉત્તમ પ્રકારની છે. એનો મોટો ગુંબજ શું કહે છે? આ ગુંબજ ઉપર ફાનસ છે અને ફાનસની ઉપર! આહા! સાક્ષાત્ સ્વતંત્રતા દેવીની મૂર્તિ છે! આજ દેવી સર્વ સિદ્ધિ-દાયિની છે. એજ મોક્ષદા ત્રીભગવતી છે. દેવીના જમણા હાથમાં

તલવાર છે અને ડાબા હાથમાં પુષ્પમાળા છે. આ મૂર્તિનાં દર્શન કરવાથી મનમાં કેવા પવિત્ર અને ઉચ્ચ ભાવોનો ઉદય થાય છે? અરે તેનું વર્ણન કરવાની શક્તિ આ લેખિનીમાં ક્યાંથી હોય?

દેવીના મસ્તક ઉપર અમેરિકન પતાકાની ચાદર છે. ખેર, એ તો સૌ સૌની શ્રદ્ધાની વાત છે. સૂર્યવંશીઓએ સૂર્યચિત્રિત ચાદર ભેટ કરી, ચંદ્રવંશીઓએ ચંદ્રચિત્રિત ચાદર ભેટ કરી અને જેમની પાસે ભેટ કરવાને કાંઇ નહોતું તેમણે પોતાના હૃદયથીજ દેવીના ચરણને ચુંબન કર્યું.

દેવીને નમસ્કાર કરીને અંદર જઇએ છીએ.

આ દરવાનની સાથે જઇને જોઇશું તો ઠીક થઇ પડશે, કારણ કે એની સાથે રહેવાથી કેટલીક નવી વાતો જાણવામાં આવશે. મધ્યના ચક્કરથી આરંભ કરીશું.

ગુંબજવાળા આ મોટા ચક્કરને રાજધાનીના બૃહત્ ભવનનું કેન્દ્ર સમજો; બાકીના સર્વ ઓરડાઓ એની આસપાસ આવેલા છે. આ ગોળ ગૃહના ગુંબજ ઉપર "અમેરિકા દેવી"ની મૂર્તિ છે. એ શું કહી રહી છે? વિચાર કરી જુઓ. એના પગની ઉપર ગરૂડ પોતાની પાંખ પ્રસારીને બેઠો છે; એ મૂર્તિની ઢાલ "યુનાઇટેડ સ્ટેટ્સ" એ નામથી અંકિત છે, અને એ ઢાલ એક વેદીની ઉપર આશ્રિત છે. એ વેદીની ઉપર આ શબ્દો કોતરેલા છેઃ—

"July 4, 1776."

ઇ. સ. ૧૭૭૬ ના જુલાઇની ૪ થી તારિખ. આ દિવસે અમેરિકા (યુનાઇટેડ સ્ટેટ્સ) નો જન્મ થયો. એ દિવસે અમેરિકાના સાચા પુત્રોએ સ્વતંત્રતાની ઘોષણા (Declaration of Independence) કરી. એ દિવસ અમેરિકાનો પવિત્ર દિવસ છે અને પ્રતિવર્ષ એ દિવસે મોટો ઉત્સવ પાળવામાં આવે છે.

અમેરિકા દેવીનું ધ્યાન કયી તરફ છે? દેવી આશાપૂર્ણ ધ્યાનથી ૧૭૮૭ ના સપ્ટેમ્બરની ૭ મી તારીખનો ન્યાયાશ્રિત નિયમબદ્ધ વ્યવસ્થાપત્ર (Constitution) સાંભળી રહી છે!

આ મૂર્તિ મહાન પવિત્ર ભાવ ઉત્પન્ન કરે છે. શું અમે તેનું યથાસ્થિત વર્ણન અત્ર કરી શકીએ એમ છે?

એનો ઉત્તર અમે આપતા નથી. ચાલો, આગળ ચાલો, ઘડીઆળમાં તો ત્રણ ઉપર થઇ ગયા છે.

ગોળગૃહની દીવાલો પરનાં ચિત્રોપર દ્રષ્ટિપાત કરો. એ પણ તૈલચિત્રો છે. પ્રથમ ચિત્ર ભૂગોલવેત્તા કોલમ્બસના આગમનનું છે. જ્યારે તે ૧૪૯૨ ના ઑક્ટોબરની ૧૨ મી તારિખે સેનસાલ્વેડોરમાં ઉતર્યો તે પ્રસંગનું એ ચિત્ર છે. બીજું અને ત્રીજું, એ ચિત્રો કોણ જાણે કોનાં છે? હવે ચોથું જુઓ. જે યાત્રાળુઓ (Pilgrims) ઇંગ્લાંડના અન્યાયથી બચવાને અમેરિકામાં નાશી આવીને વસ્યા હતા તેમનું એ ચિત્ર છે. પાંચમું ચિત્ર ઘોષણાપત્ર સંબંધી છે. અમેરિકન સંસ્થાનોના નેતાઓએ ઇંગ્લાંડથી જુદા પડી પોતાને સ્વતંત્ર જાહેર કર્યા હતા તે પ્રસંગનું એ ચિત્ર છે. છઠ્ઠું ચિત્ર જનરલવર ગાયનીના પરાભવનું છે. યુદ્ધમાં અંગ્રેજ સેનાપતિએ પરાસ્ત થઇને પોતાનાં હાથયાર અમેરિકનોને સોંપ્યાં તે દેખાવ એમાં આપેલો છે. સાતમું ચિત્ર કૉર્નવૉલિસના પરાભવનું છે. જનરલ કૉર્નવૉલિસ અંગ્રેજી સેનાનો મુખ્ય સેનાધિપતિ હતો. તેનો પરાભવ થયા પછીજ અમેરિકન યુદ્ધનો અંત આવ્યો હતો. આઠમું ચિત્ર તે પ્રસંગનું છે કે જ્યારે જનરલ વૉશિંગ્ટન માતૃભૂમિની સેવા કરી, તેનાં બંધનો કાપી, તેને સ્વતંત્ર કરી, પોતાની માતાનો એક સાધારણ પુત્ર બન્યો હતો. આ ચિત્ર અતિ મહત્વનું છે. એ આત્મસમર્પણનું સાચું ઉદાહરણ છે. સેનાની સર્વ સત્તા જનરલ વૉશિંગ્ટનના હાથમાં હતી, જો તેઓ ઇચ્છા

કરત તો નેપોલિયનની પેઠે દેશને પોતાને આધીન કરી લેત; પરંતુ નહિ, તે વીરને પોતાની માતાપર સાચો પ્રેમ હતો.

*  *  *  *  *

આજે કૉંગ્રેસનું કામકાજ ચાલી રહ્યું છે. ચાલો જરા તે તરફ પણ દ્રષ્ટિપાત કરતા જઇએ. અહીંઆં તો ઘણીજ ભીડ છે. વારાફરતી લોકોને ગૅલેરીમાં જવા દે છે. આપણો વારો આવશે ત્યારે આપણે પણ અંદર ઘુસી જઇશું.

હેં! આ શું? નીચલા હૉલમાં તો થોડાકજ મેમ્બરો છે. ખુરશીઓ ખાલી છે. એક સેનેટર વ્યાખ્યાન આપી રહ્યો છે. શ્રોતાઓ આઠદશજ છે. અલબત્ત, ગૅલેરીઓમાં સ્ત્રી પુરૂષ ભરાયેલાં છે. એમ કેમ? એનું રહસ્ય થોડીવાર પછી સમજાશે. અહીંનું વૃત્તાંત કોઇને પૂછી લઇશું.

સેનેટનો આ હૉલ ખાસ્સો મોટો છે. એની દિવાલોની સજાવટમાં સોનાનું કામ પુષ્કળ છે, અને ચિત્ર વિચિત્રતાની તો વાતજ શી કરવી? છત, દીવાલ, આરસા આદિ સર્વ કલાકૌશલ્યના નમૂના છે. દેશના મહાન પુરૂષોને સર્વ સ્થળે જગ્યા આપવામાં આવી છે, તેમની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. પ્રત્યેક ખુરશીની સામે એક એક ઢળતું ટેબલ છે. પ્રેસિડેન્ટનું ટેબલ પ્લૅટફૉર્મની ઉપર વચમાં છે.

હવે અધિક શું જોવું છે? ચાલો, હવે જઇએ. આખો દિવસ ભ્રમણ કરવાથી થાકી ગયા છીએ. પુનઃ કોઇ વાર આવીશું. આજે આટલી સહેલ બહુ છે. બીજા કોઇ દિવસે છૂટી મળશે તો બાકીના ભાગની સહેલ પણ કરાવીશ. આથી અધિક જોઇશું તો હવે મઝા નહિ પડે, કારણ કે મસ્તિષ્ક શ્રમિત થઇ ગયું હોવાથી તે અધિક ગ્રહણ કરશે નહિ.

# શિકાગો વિશ્વવિદ્યાલય

આ લેખમાં મારો આશય કેવલ શિકાગો વિશ્વવિદ્યાલયની મોટી મોટી ઇમારતોનું વર્ણન કરવાનોજ નથી, પરંતુ ભારતવર્ષના વિદ્યાપ્રચારના મહત્વપૂર્ણ પ્રશ્નપર વિચાર કરવાનો પણ છે. મારે અમેરિકાના શિકાગો વિશ્વવિદ્યાલયના ઉદાહરણદ્વારા ભારતવર્ષની પાઠશાળાઓને વિશ્વવિદ્યાલયોમાં પરિવર્તિત કરી નાખવામાં આવે તો તે દેશને કેવી રીતે લાભકારક થઇ શકે એમ છે, તે દર્શાવી આપવાનું છે. વળી અમેરિકામાં નવયુવકોને કેવી રીતે સ્વાશ્રયની શિક્ષા આપવામાં આવે છે, અમેરિકાના ધનાઢ્ય લોકો દેશહિતાર્થે અનેક પ્રકારની વિજ્ઞાન સંબંધી શાળા પાઠશાળાઓમાં પોતાની સંપત્તિ કેવી રીતે ખર્ચે છે, તે પણ ઉક્ત ઉદાહરણ દ્વારા મારે બતાવી આપવાનું છે. આ લેખ વાંચવાથી આપને એ પણ પ્રતીત થશે કે અમેરિકાનાં બાલકોની શિક્ષાનો સર્વ પ્રબંધ તેમનાં માબાપોનાજ હાથમાં છે. શું ખ્રિસ્તી કે શું મુસલમાન, શું યાહુદી, શું મૉર્મન કે શું થિયેસોફિસ્ટ, સર્વ જાતિના વિદ્યાર્થીઓના પઠન પાઠનનો એક સરખોજ પ્રબંધ છે.

તે દેશમાં કાંઇ લોકો પોતાની અઢી ચોખાની ખીચડી જુદી રાંધતા નથી; ત્યાં તો સર્વત્ર પ્રેમ અને એકતાનું અખંડ સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે. તેઓ એક બીજાના અધિકારો પ્રત્યે એક સરખું ધ્યાન રાખે છે. આજ કારણથી પૅસિફિક મહાસાગરથી લઇને આટલાંટિક મહાસાગર સુધીના સર્વ અમેરિકાવાસીઓ પોતાની જાતિની

ઉન્નતિમાં દત્તચિત્ત રહેલા છે, અને જગતની સમૃદ્ધિ તેમની આગળ હાથ જોડીને ઉભી રહેલી છે.

સૌથી પ્રથમ હું આપને તે ધર્માત્મા, સદાચારી અને પંડિત-શિરોમણિ પુરુષનો પરિચય કરાવું છું કે જેના પુરુષાર્થથી શિકાગો વિશ્વવિદ્યાલય આટલી પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું છે. તે મહાપુરુષનું નામ વિલિયમ રેને હાર્પર છે. તેમણે ન્યૂકૉન્કર્ડ ( New Concord, Ohio ) નગરની હાઇસ્કૂલમાં વિદ્યાભ્યાસનો પ્રારંભ કર્યો હતો અને મસ્કિંગ્હામ કૉલેજમાંથી ચૌદ વર્ષની વયે બી. એ. ની પદવી પ્રાપ્ત કરી હતી. તત્પશ્ચાત્ તેઓ ત્રણ વર્ષપર્યંત ભાષાઓનું અધ્યયન કરતા રહ્યા હતા. ૧૮૭૩ માં તેમણે અમેરિકાની પ્રસિદ્ધ યુનિવર્સિટી યેલ ( Yale ) માં વિદ્યાભ્યાસ કરી Ph. D. (દર્શન શાસ્ત્રના આચાર્ય)ની પદવી પ્રાપ્ત કરી.

ત્યાર પછી તેમણે કેટલાંક વિશ્વવિદ્યાલયોમાં અધ્યાપક તથા અધિષ્ઠાતા તરિકે કામ કર્યું. ૧૮૯૧ માં તેમને શિકાગોના જૂના વિદ્યાલયના પ્રેસિડેન્ટ તરિકે નિયત કરવામાં આવ્યા; અને ૧૮૯૧ થી ૧૯૦૬ ના જાન્યુઆરી માસ પર્યંત તનમનથી તેની સેવા કરતા કરતા તેઓ પરલોકગામી થયા.

આજ મહાશયના પરિશ્રમ, નિઃસ્વાર્થભાવ અને વિશાલ બુદ્ધિને-લીધે શિકાગો વિદ્યાલય એક સાધારણ કૉલેજમાંથી ૧૪ વર્ષની અંદર જગતનાં મોટાં મોટાં વિશ્વવિદ્યાલયોની પંક્તિમાં વિરાજમાન થયું. એમનાજ પ્રભાવથી અમેરિકાના પ્રસિદ્ધ ધનાઢ્ય જૉન. ડી. રૉકફેલરે આ વિદ્યાલયને ૩ કરોડ ૩૦ લાખ રૂપિઆ પ્રદાન કર્યા. તેમના વચનને કોઇ ઉથાપતું નહોતું. તેઓ જેની પાસે જઇને કહેતા કે વિશ્વ-વિદ્યાલયને માટે અમુક વસ્તુની આવશ્યકતા છે, તે તેમની ઇચ્છા પૂર્ણ કરતું.

એકવાર તેમને પોતાના વિદ્યાલયને માટે એક દૂરબીનની જરૂર પડી. આથી તેમણે તે વાત શિકાગોના ધનાઢ્ય પુરૂષ મહાશય યરકસને કહી. તેમણે તત્કાલ તેમની વાત માન્ય કરી અને એક મોટું દૂરબીન મગાવી આપ્યું. આ દૂરબીન જગતમાં સર્વ દૂરબીનોથી મોટું છે.

યદ્યપિ આપણા દેશમાં પણ એવા એવા મહાપુરૂષો છે કે જેમની ઇચ્છામાત્રથી વિદ્યાલયો સ્થાપિત થઇ શકે એમ છે; પરંતુ તેઓ હજી ઉચિત સ્થાને દાન કરતાં કરાવતાં શીખ્યા નથી. જ્યારે આપણા દેશના સત્પુરૂષો જાતિની ઉન્નતિનું રહસ્ય સમજશે ત્યારે કલાકૌશલ્ય અને વિજ્ઞાનની શિક્ષાનો પ્રબંધ થવામાં વિલંબ થનાર નથી.

ઇ. સ. ૧૮૮૯ માં શિકાગો નગરીના બૅપટિસ્ટ સમ્પ્રદાયના ધનાઢ્ય પુરૂષોએ એક સાધારણ કૉલેજની સ્થાપના કરી. ઇ. સ. ૧૮૯૧-માં મહાશય હાર્પર એ કૉલેજના પ્રેસિડેન્ટ તરિકે નિયુક્ત થયા. ધીમે ધીમે તેમણે એ વિદ્યાલયને કોઇ વિશિષ્ટ સમ્પ્રદાય વા જનસમુદાયની સાથે સંબંધ રાખતું બંધ પાડવાનો પ્રયત્ન કર્યો. તેમણે એમાં સર્વ પ્રકારના સ્વતંત્ર વિચારવાળા અધ્યાપકો નિમવાનો ઉદ્યોગ કર્યો. આમ કરવામાં તેમનો હેતુ કોઇની પણ વિચારસ્વતંત્રતામાં બાધા ઉપસ્થિત ન થાય તેમ કરવાનો હતો. પ્રેસિડેન્ટ હાર્પર સ્વયં મહા સ્વતંત્ર પ્રકૃતિના મનુષ્ય હતા. તેઓ જાણતા હતા કે જે શાળા પાઠશાળામાં વિચારસ્વતંત્રતા હોતી નથી અને જેના પ્રબંધકર્તાઓ સંકીર્ણ વિચારના હોય છે તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કદિ પણ ઉદાર હૃદયના બની શકતા નથી. તેઓ જાણતા હતા કે સામ્પ્રદાયિક પાઠશાળાઓના વિદ્યાર્થીઓના વિચાર અવશ્ય સંકીર્ણ બની જાય છે અને તેથી તેઓ ભવિષ્યમાં જનસમાજને પૂર્ણ લાભ કરી શકતા નથી. તેમની આ માન્યતાની યથાર્થતા આપણે આપણા દેશમાં પ્રત્યક્ષ જોઇએ છીએ. ભારતવર્ષમાં પૃથક્ પૃથક્ મતો અને સમ્પ્રદાયોની અનેક કૉલેજો અને પાઠશાળાઓ છે. ભારત-

વર્ષના લોકો હમ્મેશાં પોતપોતાની ઝુંપડી અલગ બાંધવાનો ઉદ્યોગ કરે છે. આજ કારણથી એક કૉલેજના વિદ્યાર્થીઓ બીજી કૉલેજના છાત્રો-પ્રત્યે દ્વેષ રાખે છે. એક મત બીજા મતને જોઇ શકતો નથી. જો હિંદુ, મુસલમાન, શીખ, બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી, એ સર્વે ધર્મના વિદ્યાર્થીઓ એક સરખી રીતે જેમાં અભ્યાસ કરી શકે અને પ્રત્યેક વિદ્યાર્થીને એક બીજાની સાથે બેસવા, ઉઠવા, મળવા તથા વાર્તાલાપ કરવાની સંધિ મળી શકે એવી પાઠશાળાઓ સ્થાપિત કરવામાં આવે તો તેમનામાં સહનશીલતા અવશ્ય ઉત્પન્ન થાય, તેઓ બીજાઓના વિચાર પ્રેમપૂર્વક સાંભળવાને તત્પર થાય, અને વિચારભિન્નતા હોવા છતાં પણ દ્વેષ કરવો છોડી દે. વિચારભિન્નતા વિના ઉન્નતિ થઇ શકતી નથી. આ સંબંધે મહાશય મિલે પોતાના "સ્વાધીનતા" નામક પુસ્તકમાં વિસ્તૃત વિચાર કર્યો છે.

પ્રેસિડેન્ટ હાર્પર પોતાની ઇચ્છા અને ઉદ્યોગમાં સફળ થયા. માર્સ્યલ ફિલ્ડે ૧૦ એકર ભૂમિ આપી. વિશ્વવિદ્યાલયની ઇમારતો બંધાવા માંડી. ૧૮૯૨ માં કામપૂરતી ઇમારતો તૈયાર થઈ ગઇ. તે સમયે કેવળ ૬૦૦ વિદ્યાર્થીઓ હતા, તેમને માટે ૪ ઇમારતો પૂરતી હતી. આજ સુધીમાં ૨૮ ઇમારતો તૈયાર થઇ ગઇ છે, અને ૧૦ એકરથી લઇને ૧૪૦ એકર જમીન યૂનિવર્સિટીના અધિકારમાં આવી ગઈ છે. હાલમાં શિકાગો વિશ્વવિદ્યાલયની મિલ્કત ૫ કરોડ ૪૦ લાખ રૂપીઆની છે.

વિશ્વવિદ્યાલયના નિયમ અનુસાર કૉલેજના વિદ્યાર્થીઓ બે ભાગોમાં વિભક્ત છે: Senior College Students (ઉત્કૃષ્ટ પંક્તિના વિદ્યાર્થીઓ) અને Junior College Students (નિકૃષ્ટ પંક્તિના વિદ્યાર્થીઓ). નિકૃષ્ટ પંક્તિના વિદ્યાર્થીઓના પણ બે ભાગ છે: Freshmen (નવીન) અને Associates (સહચર

અથવા જૂના). હાઇસ્કૂલની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી જેઓ કૉલેજમાં જોડાય છે તેઓ નવીન વિદ્યાર્થી કહેવાય છે. તેમને કૉલેજમાં પ્રવેશ કરવાને માટે ૧૫ 'યુનિટ' (એક 'યૂનિટ' ૧૫૦ કલાકનો થાય છે) નું કામ દર્શાવવું પડે છે. તેમાં ૩ યૂનિટ અંગ્રેજીના, ૨½ યૂનિટ ગણિત (જેમાં રેખાગણિત અને બીજગણિતનો પણ સમાવેશ થાય છે) ના, ત્રણ યૂનિટ ગ્રીક, લૅટિન વા જર્મન ભાષાના, અને બે યૂનિટ અમેરિકા તથા યૂરોપના ઇતિહાસના હોય છે; બાકીના ૪½ યૂનિટ ભિન્ન ભિન્ન વિષયોના હોય છે. જેવા કે Botany (વનસ્પતિ વિદ્યા), Zoology (પ્રાણિ વિદ્યા), Physiology (શારીરિક વિદ્યા), Chemistry (રસાયન વિદ્યા), Physics (ભૌતિક વિદ્યા), Astronomy (ખગોળ વિદ્યા), Mechanics (યંત્રવિદ્યા), Political Economy (સંપત્તિશાસ્ત્ર), Drawing (ચિત્રાલેખન) ઇત્યાદિ.

જે વિદ્યાર્થીએ કોઇ સારી હાઇસ્કૂલમાં ૧૫ યુનિટનું કામ ન કર્યું હોય, તે કૉલેજમાં પ્રવેશ કરી શકતો નથી. કૉલેજમાં દાખલ થયા પછી વિદ્યાર્થી જ્યારે નવ યૂનિટનું કામ પૂર્ણ કરે છે ત્યારે તેને એસોસિયેટની પદ્વી મળે છે. ત્યારપછી તે Senior College (ઉત્કૃષ્ટ પંક્તિની કૉલેજ)માં પ્રવેશ કરવાનો અધિકારી થાય છે.

વિશ્વવિદ્યાલયમાં A. B. (એ. બી.), Ph. D. (પી એચ. ડી.), B. Lt (બી. એલ ટી.) B. S. (બી. એસ.), Ed. B. (ઇડી. બી.), A. M. (એ. એમ.), Ph, B. (પી એચ. બી.), D. D. (ડી. ડી.), L. L. D. (ઍલ. ઍલ. ડી.) આદિ પદ્વીઓ આપવામાં આવે છે.

વિશ્વવિદ્યાલયનું વર્ષ શીત, ગ્રીષ્મ, વસંત અને પાનખર એ ત્રણ ત્રણ મહિનાની ચાર ઋતુઓમાં વિભક્ત થયેલું છે. આમાંના

એક એક ભાગને ક્વૉર્ટર કહેવામાં આવે છે. વળી પ્રત્યેક ક્વૉર્ટર બાર વિભાગોમાં વિભક્ત થયેલો હોય છે. પ્રત્યેક વિભાગમાં ચાર અથવા પાંચ દિવસ વિદ્યાભ્યાસ ચાલે છે. પ્રત્યેક વિદ્યાર્થી ચાર કે પાંચ વિષયોથી અધિક લઇ શકતો નથી. ઉદાહરણાર્થ, મેં એક શીત ઋતુના ક્વૉર્ટરમાં અંગ્રેજી, Sociology (સમાજશાસ્ત્ર) અને Political Science (રાજનીતિ વિજ્ઞાન) એટલા વિષયો લીધા હતા. દરરોજ ત્રણ કલાક વિદ્યાભ્યાસ ચાલે છે, અને તે માટે માસિક ૪૦ રૂપીઆ ફી આપવી પડે છે. જો બીજો એક વધુ વિષય લેવામાં આવે તો ૨૦ રૂપીઆ અધિક આપવા પડે છે; અર્થાત્ ચાર વિષય લેનાર વિદ્યાર્થીને માસિક ૬૦ રૂપીઆ ફી આપવી પડે છે.

એક ક્વૉર્ટરના વિદ્યાધ્યયનને એક મેઝર કહેવામાં આવે છે. જે વિદ્યાર્થીને બી. એ. ની પદ્વી લેવી હોય તેને આવાં આવાં છત્રીસ મેઝર પૂરાં કરવાં પડે છે. બીજી પદ્વીઓને માટે ભેદ કેવળ વિષયોમાં છે. સાયન્સ (વિજ્ઞાન) ની પદ્વીને માટે કેટલાક વિષયો જુદા છે; અને સાહિત્યના સંબંધમાં પણ તેમજ છે. બાકી ૩૬ મેઝર સર્વને માટે એક સમાન છે. વિદ્યાર્થીઓને વ્યાયામ અને વક્તૃતાનો પણ અભ્યાસ કરવો પડે છે; તેને માટે જુદા પ્રૉફેસર છે.

વિદ્યાર્થીને સતત વિદ્યાભ્યાસ કરવાથીજ પદ્વી પ્રાપ્ત થઇ શકે એવો કાંઇ નિયમ નથી. કેટલાંક વર્ષોના અંતર પછી પણ વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂરો કરે છે અને પદ્વી પ્રાપ્ત કરે છે. કારણ કે દ્રવ્યના અભાવથી કેટલાક વિદ્યાર્થીઓ એક વર્ષ પૈસા કમાય છે અને બીજે વર્ષે અભ્યાસ કરે છે. ત્યાંની પરીક્ષાઓ આપણા દેશની પરીક્ષા જેવી નથી. ત્યાં માત્ર વિદ્યાર્થીએ નિયત અભ્યાસ પૂરો કરવો જોઇએ. જે વિદ્યાર્થી કૉલેજમાં પ્રૉફેસરનું બતાવેલું કાર્ય કરે છે તેને અવશ્ય પદ્વી મળી જાય છે. ત્યાં વિદ્યાભ્યાસનો હેતુ પુસ્તકોના કીડા બનાવવાનો

નથી, પરંતુ વ્યાવહારિક જ્ઞાન પ્રાપ્ત કરાવવાનો છે.

યૂનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના નિવાસને માટે મોટા મોટા ત્રણ હૉલ બાંધવામાં આવેલા છે. તેમાં હિચકૉક હૉલ સર્વોત્તમ છે. બીજો સ્નેલ હૉલ છે, અને ત્રીજો ડિવિનિટિ હૉલ છે. હિચકૉક હૉલમાં માસિક ચાલીસ પચાસ રૂપિઆ સુધીના ભાડાના ઓરડા છે, તેમાં પ્રાયઃ ધનાઢ્ય વિદ્યાર્થીઓ રહે છે. સ્નેલ હૉલમાં માસિક ૨૨ રૂપિઆના ભાડાના ઓરડા છે. જે વિદ્યાર્થીઓ બાઇબલ તથા ઇતર ધર્મ-સંબંધી ગ્રંથોનો અભ્યાસ કરે છે અર્થાત્ જેમનો ઉદ્દેશ પોતાના જીવનમાં ધર્મસંબંધી કામ કરવાનો છે તેઓ ડિવિનિટિ હૉલમાં રહે છે. તેમાં માસિક ૧૫ રૂપિઆના ભાડા સુધીના ઓરડા છે. એમ નહિ ધારશો કે ઓરડાઓની રચના, સ્વચ્છતા આદિમાં ન્યૂનાધિકતા હોવાથી ભાડામાં ભેદ છે. ના, ના, તેમ નથી. સામાન અને લંબાઇ પહોળાઇમાં ન્યૂનાધિકતા હોવાથી આ ભેદ છે.

કૉબ લેક્ચર હૉલમાં Information Bureau છે. ત્યાંથી સર્વ પ્રકારની માહિતી મળે છે. વિદ્યાર્થીઓ અધ્યાપક અથવા વિશ્વવિદ્યાલયના સંબંધમાં જે કાંઇ પૂછવા માગે તે ત્યાં પૂછી શકે છે. અહીંઆંજ પોસ્ટ ઑફિસ અને ઇતર કાર્યાલયો છે. અહીંઆં (Correspondence Bureau) પત્રવ્યવહાર વિભાગનું કાર્યાલય પણ છે. અન્ય દેશોના વિદ્યાર્થીઓ આ ઑફિસમાં પત્ર મોકલી શિકાગો વિશ્વવિદ્યાલયની પદ્વીઓ પ્રાપ્ત કરે છે. જેમને આ સંબંધે વિશેષ માહિતી મેળવવાની ઇચ્છા હોય તેમણે આ ઑફિસની સાથે પત્રવ્યવહાર કરી સર્વ હકિકત મેળવવી.

કૉબહૉલમાં ભાષા શાસ્ત્રસંબંધી અંગ્રેજી પુસ્તકોનો સંગ્રહ પણ છે. શિકાગો વિશ્વવિદ્યાલયના સર્વ વિભાગો પોતપોતાનું પુસ્તકાલય ધરાવે છે. ઇતિહાસ વિભાગનું પુસ્તકાલય પણ પૃથક્ છે. વિજ્ઞાનસંબંધી

પુસ્તકાલય પણ પૃથક્ છે, અહીંઆં વિદ્યાર્થીઓને માટે એક બક પણ છે. કોઇ સ્થળેથી કોઇ વિદ્યાર્થીના નામનો ચૅક, રસીદ અથવા હુંડી આવે તો તેને રૂપિઆ વિશ્વવિદ્યાલયમાંજ મળી જાય છે. કોઇ બીજી બૅંકમાં જવાની જરૂર પડતી નથી.

જેમને ભવિષ્યમાં અધ્યાપક બનવાની ઇચ્છા હોય તેઓ એજ્યુકેશન સ્કૂલમાં અભ્યાસ કરે છે. તેમને માટે સર્વ પ્રકારની સામગ્રી ત્યાં તૈયાર હોય છે. કિન્ડરગાર્ટનથી લઇને (Ph. D.) પી એચ. ડી. સુધીની શિક્ષા અહીં આપવામાં આવે છે. એની સાથે એક હાઇસ્કૂલ પણ છે. જેમને કોઇ ખાસ વિષયમાં સંપૂર્ણતા મેળવી પદ્વી પ્રાપ્ત કરવી હોય તેઓ આ હાઇસ્કૂલમાં અભ્યાસ કરે છે. ધારો કે એક વિદ્યાર્થી ભારતવર્ષમાંથી ત્યાં વિદ્યાભ્યાસ કરવા ગયો છે અને તેને (A. B.) એ. બી. ની પદ્વી પ્રાપ્ત કરવી છે; પરંતુ જો તેણે હાઇસ્કૂલમાં ગ્રીક લૅટિન વા જર્મન એ પૈકી કોઇ ભાષાની શિક્ષા ૧૫ યુનિટ સુધી પ્રાપ્ત કરેલી નથી હોતી તો તે એક અવર્ગીકૃત વિદ્યાર્થી (Unclassified Student) તરિકે વિશ્વવિદ્યાલયમાં દાખલ થઇ એ. બી.નાં પાઠય પુસ્તકો આદિનો અભ્યાસ કરતો રહેશે. તે ઉક્ત હાઇસ્કૂલમાં પોતાની ન્યુનતા પૂર્ણ કરશે. જ્યારે કોઇ ભાષામાં તેનાં ત્રણ યુનિટ પૂરાં થઇ જશે ત્યારે એ. બી. નો કોર્સ પૂર્ણ થતાં તેને તે પદ્વી મળી જશે.

હેસ્કલ ઑરિયંટલ મ્યુઝિયમ ( સંગ્રહસ્થાન ) માં પ્રેસિડેન્ટ હેન્રી પ્રાટ જડસનનું કાર્યાલય છે. તેઓજ હાલમાં આ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ છે. તેમનું કાર્યાલય પહેલા માળપર છે. બીજા માળપર ડાબી બાજુએ પુસ્તકાલય છે, તેમાં ધર્મ સંબંધી પુસ્તકોનો સંગ્રહ છે. જમણી તરફ દેશદેશાંતરોના વિચિત્ર પદાર્થો છે. ત્રીજા માળપર ડાબી બાજુએ ભારતવર્ષનાં દેવદેવીઓ વિરાજમાન છે. ત્યાં જૈનો અને બૌદ્ધોની તસ્વીરો તથા પીતળની મૂર્તિઓ પણ છે. તે સિવાય અન્ય

પણ છે. તે સિવાય અન્ય મતાવલંબીઓના દેવો પણ અહીં છે. જમણી તરફ એશિયાના અન્યાન્ય દેશોનાં ચિત્ર આદિ છે. અહીં ધર્મોપદેશકો ( Missionaries ) તૈયાર કરવામાં આવે છે, કે જેઓ જગતમાં ખ્રિસ્તીધર્મનો પ્રચાર કરે છે.

અહીં વનસ્પતિવિદ્યાની ઉચ્ચ પંક્તિની શિક્ષા આપવામાં આવે છે. તેને માટે પણ એક વિશાલ મકાન અલગ છે. સર્વથી ઉંચા માળપર એક ૨૧૦૦ વર્ગફીટનું લીલું ઘર ( Green house ) છે, તેપર ચઢવાને માટે એક ઇલિવેટરનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રત્યેક શ્રેણીના વિદ્યાર્થીઓને આ લીલા ઘરમાં જાતજાતના છોડવા અને વનસ્પતિનું પ્રત્યક્ષ જ્ઞાન આપવામાં આવે છે, અને તેની રચના, વૃદ્ધિ આદિના નિયમો સમજાવવામાં આવે છે. આ મકાનમાં એક સૌથી મોટી પ્રયોગશાળા નવા વિદ્યાર્થીઓ માટે છે. બીજા વિદ્યાર્થીઓને માટે કેટલીક નાની નાની પ્રયોગશાળાઓ છે. તેમાં ભિન્ન ભિન્ન પ્રકારની શોધખોળ અને નિરીક્ષણનું કામ થાય છે.

અહીંની રાસાયનિક પ્રયોગશાળા વક્તાઓ તથા રસાયનવિદ્યાના છાત્રોને માટે છે. એ ઇમારત ૧૮૯૨ માં મહાશય સિડની.એ. કૅન્ટે યુનિવર્સિટીને પ્રદાન કરી હતી; અને તેમનાજ નામથી એ પ્રસિદ્ધ છે. ૧૮૯૪ ના જાન્યુઆરીની ૧ લી તારિખે ૭ લાખ ૧૧ હજાર રૂપિઆ, એને પ્રસ્તુત સ્થિતિમાં લાવવાને માટે ખર્ચાયા પછી, આ ભવન છાત્રોના ઉપયોગને માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. એમાં ત્રણ માળ છે અને તેપર રસાયન સંબંધી સર્વ કામ કરવાને માટે ભિન્ન ભિન્ન ઓરડાઓ છે. જે વિદ્યાર્થીઓ પોતાની સમગ્ર ઉમ્મર રસાયન વિદ્યામાંજ વ્યતીત કરવા માગતા હોય તેમને માટે સર્વ પ્રકારની સામગ્રી આ મકાનમાં છે. આ કૅન્ટભવનમાં એક નાટકશાળા પણ છે, તેમાં નાટકસંબંધી સર્વ પ્રકારની શિક્ષા આપવામાં આવે છે, અને વક્તૃત્વ પણ

શીખવવામાં આવે છે. વ્યાખ્યાતાઓ પ્રાયઃ આ નાટકશાળામાંજ વ્યાખ્યાન આપે છે. સમર ક્વૉર્ટર ( Summer quarter ) માં ટીકીટ વિનાનાં જે વ્યાખ્યાનો કૉલેજના છાત્રોના લાભને માટે અપાવવામાં આવે છે તે પણ અહીંજ અપાય છે. અમેરિકાનાં મોટાં મોટાં વિશ્વવિદ્યાલયોના વિદ્વાન અધ્યાપકો શિકાગોમાં આવી આ વિશ્વવિદ્યાલય તરફથી વ્યાખ્યાન આપે છે.

અહીં જે ક્લબ છે તેનું નામ રેનલ્ડ ક્લબ છે. આ ક્લબ વિશ્વવિદ્યાલયના છાત્રોનું બેસવું, ઉઠવું, મળવું, વાર્તાલાપ કરવો ઈત્યાદિને માટે છે. અહીં બે ત્રણ મોટા મોટા ઓરડાઓમાં પિયાનો નામનાં વાજાં રાખવામાં આવેલાં છે. આ ઓરડાઓમાં છાત્રો ફુરસદના વખતમાં હસે છે, ખેલે છે, તથા ગાયન વાદન કરે છે. અહીં સર્વ પ્રકારનાં સામયિક પુસ્તકો તથા દૈનિક, સાપ્તાહિક આદિ પત્રો આવે છે. રમત ગમત માટે જુદા જુદા ઓરડાઓ છે. આ ક્લબ વિદ્યાર્થીઓમાં પ્રેમભાવ અને મિત્રતા ઉત્પન્ન કરવાનું ઉત્તમ સાધન છે. આ ક્લબની જમણી બાજુએ વિશ્વવિદ્યાલયનો સૌથી મોટો હૉલ છે, તે મેન્ડલ હૉલ કહેવાય છે. એમાં રવિવારે તથા બીજા અવસરોપર પણ વ્યાખ્યાન અપાય છે, અને ધર્મશિક્ષણ આપવામાં આવે છે. આ હૉલ અતિ વિશાળ તથા દર્શનીય છે.

ડાબી તરફ ભોજનશાળા અને પાકશાળા છે. સવારે, બપોરે અને સાંજે વિદ્યાર્થીઓ અહીં ભોજન કરે છે. વિદ્યાર્થીઓજ રાંધે છે અને વિદ્યાર્થીઓજ પીરસે છે. ભોજનના સમયે અહીં બહુ આનંદ આવે છે. સર્વ જણ પ્રેમપૂર્વક એક બીજાની સાથે વાતચીત કરતા કરતા ભોજન કરે છે. કોઇ કોઇ પ્રત્યે ઘૃણા બતાવતો નથી. જે વિદ્યાર્થીઓ પીરસે છે અને પાણી આપે છે તેમને કોઇ હલકા ગણતા નથી. જે છાત્રો નિર્ધન હોવાથી પોતાના શ્રમથી દ્રવ્ય કમાઇ વિદ્યા-

ભ્યાસ કરે છે તેમને અહીં કોઇ ઘૃણાની દ્રષ્ટિથી જોતા નથી. જનસમાજમાં ઉલટી તેની અધિક પ્રતિષ્ઠા થાય છે. આજ કારણથી અમેરિકામાં નિર્ધન માતપિતાનો પુત્ર સંયુક્તરાજ્યોનો પ્રેસિડેન્ટ બની શકે છે. ઉલટ પક્ષે ભારતવર્ષના ધનસમ્પન્ન લોકો પોતાના નિર્ધન દેશી ભાઇઓની ઘૃણા કરે છે. તેમના હિતને માટે તેઓ ઘણોજ થોડો પ્રયાસ કરે છે. લોકો જ્યારે પોતાનાજ દેશવાસીઓ પ્રત્યે પ્રેમ ન રાખે અને તેમને હલકા ગણે ત્યારે ઉન્નતિ શી રીતે થાય ?

મહાશય રિયરસનની બંધાવેલી ભૌતિક પ્રયોગશાળા (Physical Laboratory) પણ અહીં જોવા યોગ્ય છે. વિદ્યાપ્રેમીઓ વિજ્ઞાનની પ્રગતિને માટે દ્રવ્યનો કેટલો વ્યય કરે છે તે આ પ્રયોગશાળા જોવાથી પ્રતીત થાય છે. આ પ્રયોગશાળામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રયોગ કરતાં પણ કાંઇ હરકત નડતી નથી. દિવાલો અને માળોમાં આવશ્યકતાનુસાર નળીઓ લઇ જવાને માટે બાકાં રાખવામાં આવેલાં છે. બીજા માળ ઉપર નિરીક્ષણ અને પ્રયોગ કરનારને માટે સર્વ પ્રકારની સામગ્રી પ્રસ્તુત છે. અહીં વિદ્યાર્થીઓને માટે ઓજાર બનાવવાનું એક કારખાનું પણ છે. જે યંત્રની આવશ્યકતા પડે છે તે અહીં તત્કાળ બનાવી લેવામાં આવે છે. સૌથી નીચેના માળપર ત્રણ Dynamos (ડાઇનેમો એ એક વિશિષ્ટ પ્રકારનું યંત્ર છે) અને એક એન્જીન ગરમી પહોંચાડવાને માટે છે.

કાયદાનું શિક્ષણ આપનારી શાળા કૅમ્બ્રીજ (ઇંગ્લાંડ)ની પ્રસિદ્ધ કિંગ્સ કૉલેજ (King's College)ના જેવી છે. જેણે ઉક્ત કૉલેજ જોઇ હોય તે આ શાળા કેટલી રમણીય અને વિશાળ હોવી જોઇએ તે સમજી શકશે. તેની સાથે એક અતિ મોટું પુસ્તકાલય છે. એક મોટો હૉલ વિદ્યાર્થીઓના અભ્યાસને માટે છે. જુદા જુદા આસનપર પ્રાયઃ ચુપચુપ બેઠેલા વિદ્યાર્થીઓ પોતપોતાના પાઠમાં નિમગ્ન જણાય છે.

સામેની ભીંત સાથે જડેલી અભરાઈઓ ઉપર પુસ્તકો હોય છે. જે પુસ્તકની આવશ્યકતા હોય તે તત્કાળ ત્યાંથી મળી શકે છે. અહીં એવો ઉત્તમ પ્રબંધ છે કે પઠનપાઠનમાં લેશ પણ વિઘ્ન આવતું નથી.

અમેરિકા અને યૂરોપમાં સ્ત્રીઓની ઘણી પ્રતિષ્ઠા છે. તેમના વિદ્યાભ્યાસ તથા શારીરિક અને માનસિક ઉન્નતિને માટે પુરૂષોના જેવોજ ઉત્તમ પ્રબંધ છે. સ્ત્રી એ પુરૂષનું અર્ધું અંગ છે, એ વાત વિશેષતઃ એ દેશોમાં પ્રત્યક્ષ થાય છે. શિકાગો વિશ્વવિદ્યાલયમાં શું સ્ત્રી કે શું પુરૂષ સર્વ વિદ્યાભ્યાસ કરે છે. કૉલેજમાં સ્ત્રી અધ્યાપિકા પણ છે. પુરૂષોને રહેવાને માટે કેટલાંક મોટાં મોટાં મકાનો છે, અને સ્ત્રીઓને માટે પણ એક વિશાલ ભવન છે. સ્ત્રીઓની કલબ પણ જુદી છે, ભોજનશાલા પણ જુદી છે, અને વ્યાયામશાલા પણ જુદી છે. વ્યાયામશાલામાં તેમને સર્વ પ્રકારની કસરત શીખવવામાં આવે છે. તેમને તરવાને માટે એક સુંદર સ્વચ્છ જલભરિત તલાવ છે. જ્યારે આપણી માતાઓ, આપણી ભગિનીઓ અને આપણી કન્યાઓ પણ સર્વ બાબતોમાં ઉન્નતિ કરે ત્યારેજ સમાજની શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ થઈ શકે તેમ છે. ભારતવર્ષમાં સ્ત્રીકેળવણીનો અભાવ જોઈને આપણને દુઃખ ઉત્પન્ન થાય છે. જે દેશની સ્ત્રીઓ અધોગતિમાં પડેલી હોય તે દેશના લોકો કદિ પણ ઉન્નતિના શિખરે ચઢી શકે એમ છે ? સત્ય માનજો કે માત્ર એકલા પુરૂષોથીજ દેશોદ્ધાર થઈ શકે તેમ નથી.

આ વિશ્વવિદ્યાલયની બીજી પણ ઘણી ઇમારતો છે. રમતગમત અને વ્યાયામને માટે એક અતિ મોટું જીમ્નેશિયમ ( Gymnasium ) છે. ફૂટબૉલની રમત રમવાને માટે એક વિશાળ મેદાન છે, તેમાં પ્રત્યેક શનિવારને દિવસે રમત જોવાને માટે સેંકડો સ્ત્રીપુરૂષોની ભીડ જામે છે. અહીંઆં એક સાર્વજનિક પુસ્તકાલય છે તે સવારના સાડા-

આઠ વાગાથી સાંજના સાડાપાંચ વાગા સુધી ખુલ્લું રહે છે. ત્રણ લાખ રૂપિઆ ખર્ચી વિશ્વવિદ્યાલયના અધિકારીઓએ એક અતિ મોટું પુસ્તકાલય બનાવ્યું છે. તે પુસ્તકાલયની પાસે એક ભૌતિક શક્તિગૃહ (Power House) છે, ત્યાંથી વરાળ મોટા મોટા નળોમાં થઇને વિશ્વવિદ્યાલયની સર્વ ઇમારતોના ઓરડાઓમાં જાય છે. વળી એક વિદ્યુદ્યંત્રાલય (Electric Plant) છે તે દ્વારા સર્વ ઓરડાઓમાં વિજળીનો પ્રકાશ થાય છે. પોષ મહિનામાં મહોલ્લાઓ અને મકાનો-પર કેટલાક ફીટ બરફ જામી રહે છે, તોપણ ઓરડામાં બેઠેલા માણ-સોને ઠંડી લાગતી નથી. ઉષ્ણ વરાળનું યંત્ર ઓરડાને ગરમ રાખે છે. બહાર શૂન્યથી દશ અથવા પંદર ડીગ્રી નીચે તાપમાન (Temperature) હોય, પરંતુ ઓરડામાં ૭૦ ડીગ્રીની ઉષ્ણતા હોય છે. વિશ્વ-વિદ્યાલયની સડકોની નીચે વરાળના મોટા મોટા નળા ગોઠવેલા હોય છે, તે સડકપરના બરફને પીગળાવી દે છે, તેથી વિદ્યાર્થીઓને આરામ રહે છે.

હવે શિકાગો વિશ્વવિદ્યાલય વિદ્યાર્થીઓને માટે અધિક લાભ-કારક કેમ છે તેનાં કારણો જણાવવાને હું પ્રવૃત્ત થઇશ. શિકાગો એ વ્યાપારનું અતિ મોટું કેન્દ્ર છે. એમાં હજારો કારખાનાં, વખારો, અને મોટા મોટા વ્યાપારીઓની ધમાલ છે. અહીં એવાં કારખાનાં છે કે જેમાં માણસોની સદા આવશ્યકતા હોય છે, એટલે દ્રવ્યના અભાવથી બીજે કોઇ સ્થળે અભ્યાસ ન કરી શકે એવા ઘણા વિદ્યા-ર્થીઓ અહીં આવે છે. આ વિશ્વવિદ્યાલયમાં નોકરી અપાવનારૂં પણ એક ખાતું છે, તે મોટાં મોટાં કારખાનાંની સાથે સંબંધ રાખે છે. વિદ્યાર્થી જે કામ કરી શકતો હોય તે કામ ત્રણચાર કલાક કરી તે પોતાના ખર્ચને માટે પૈસા પેદા કરી શકે છે. આ પ્રકારે ઉદ્યોગ કરી સેંકડો વિદ્યાર્થીઓ અહીં વિદ્યાભ્યાસ કરે છે. વિશ્વવિદ્યાલયે એક

ખાતું એવું ખોલ્યું છે કે જે નિર્ધન વિદ્યાર્થીને એક વર્ષમાં ૧૦૦૦ રૂપીઆ સુધી ધીરે છે, અને તેની પાસેથી ત્રણચાર વર્ષમાં વ્યાજ વિના મૂડી અદા કરવાનું વચન લે છે. વળી અહીં એક બીજું પણ ખાતું છે, જે દ્વારા પ્રાયઃ ૧૭૫ વિદ્યાર્થીઓ વિશ્વવિદ્યાલયની વ્યવસ્થા સંબંધી કામ કરીને પોતાની ફીના પૈસા કમાઇ લે છે. ૪૦ વા ૫૦ છાત્રો ભોજનશાલામાં દરરોજ બે કલાક કામ કરી પોતાના ભોજનનો ખર્ચ મેળવે છે. આ વિશ્વવિદ્યાલયના અધ્યાપકો અતિ સુયોગ્ય, ઉદાર અને સુશીલ છે; તેથી અમેરિકાના પ્રત્યેક પ્રાંતના વિદ્યાર્થીઓ અહીં વિદ્યાભ્યાસ કરવાને આવે છે.

આ વિશ્વવિદ્યાલયની ઇમારતો શહેરથી બહાર મિશિગન નામના સરોવરની બીજી બાજુએ છે. તેની આસપાસ સુંદર સુંદર બગીચા અને પુષ્પવાટિકાઓ છે. આથી ઇમારતોની શોભા બમણી વધી જાય છે. આજ કારણથી શિકાગો વિશ્વવિદ્યાલય દૂર દૂરના વિદ્યાર્થીઓને આકર્ષિત કરે છે. અહીં વિદ્યાર્થીઓને સર્વ પ્રકારની સ્વતંત્રતા છે. તેઓ જ્યાં ફાવે ત્યાં જાય છે અને ફાવે ત્યાં ફરે છે.

પ્રિય પાઠક ! મેં આપને સંક્ષેપમાં અમેરિકાના એક અતિ મોટા વિશ્વવિદ્યાલયનું વૃત્તાંત સંભળાવ્યું અને તેની શિક્ષાપ્રણાલીનું પણ કાંઇક વર્ણન કર્યું. હવે આપ વિચાર કરો કે શું ભારતવર્ષની જુદી જુદી કૉલેજોને વિશ્વવિદ્યાલયના રૂપમાં પરિવર્તિત કરી શકાય એમ નથી ? હું તો તેમાં કાંઇ પણ બાધા જોતો નથી. જો હિંદુ કૉલેજ, અલીગઢ કૉલેજ, ખાલસા કૉલેજ, ડી. એ. વી. કૉલેજ, એ બધી અમેરિકાની યુનિવર્સિટીઓ જેવી બની જાય અને તેઓ પોતાના વિદ્યાર્થીઓને સરકારી પરીક્ષાઓની શૃંખલામાંથી કાઢીને નિયમાનુસાર વિદ્યાભ્યાસ થયા પછી તેમને પદવીઓ આપે તો વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે જીવન ગાળવાની યોગ્યતા મેળવી શકે. વિદ્યા પ્રાપ્ત કરવામાં પરાવલંબી

બનવાની કાંઇ જરૂર નથી. વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકોના કીડા ન બનાવતાં તેમને ઉપયોગી અને હિતકારક વિદ્યા તથા કલાકૌશલ્યની શિક્ષા આપવી જોઇએ. વળી આ વાત પણ સ્મરણમાં રાખજો કે જે પ્રકારે અમેરિકાના ધનાઢ્ય પુરુષો પોતાની સંપત્તિ જાતિના હિતને માટે અર્પણ કરે છે તે પ્રમાણે આપણે પણ આપણા ધનનો સદુપયોગ કરવો જોઇએ. આ પ્રમાણે કર્યા વિના ભારતનું કલ્યાણ થઇ શકશે નહિ.

આપણને અમેરિકનોની તરફથી બીજી જે એક અતિ મોટી શિક્ષા મળે છે તે પરસ્પર પ્રેમ રાખવાની છે. જે પ્રકારે અમેરિકામાં ભિન્ન ભિન્ન મતોના વિદ્યાર્થીઓ એકજ કૉલેજમાં લખે છે, વાંચે છે, બેસે છે, ઉઠે છે અને હળેમળે છે, તે પ્રમાણે આપણા દેશમાં પણ થવું જોઇએ. પ્રત્યેક માણસના હૃદયમાં બીજાના વિચારોને માટે સન્માન હોવું જોઇએ. કોઈ માણસ કોઇ વાતમાં આપણાથી ભિન્ન મત ધરાવતો હોય તો તેના પ્રત્યે ઘૃણા ન કરતાં જે બાબતમાં તે આપણી સાથે એકમત હોય તે બાબતમાં તેની સાથે મળીને કામ કરવું જોઇએ.

# અમેરિકાના નિર્ધન વિદ્યાર્થીઓનો પરિશ્રમ

## ભૂમિકા

પિછલી કઈ એક શતાબ્દિયોં સે ભારતવર્ષ કે લોગોં કા અન્ય દેશવાસિયોં કે સાથ સ્વતંત્ર સમ્બન્ધ છૂટ ગયા હૈ. યહાં કે લોગોં ને અજ્ઞાનવશ યહ સમઝ લિયા કિ જો કુછ હૈ હમારા હી દેશ હૈ. વિદેશયાત્રાકી પ્રથા ઉઠ જાને સે ભારતવાસિયોં-મેં એકદેશીયતા કે વિચારોં ને ઘર કર લિયા ઔર જબ સર્વ સાધારણ મેં વિદ્યાપ્રચાર કા અભાવ સા હો ગયા તો પ્રાન્તીય તથા બિરાદિયોં કે સંકુચિત વિચાર દેશ કે ભિન્ન ભિન્ન ભાગોંમેં ફૈલ ગયે. એક પ્રાન્ત કે લોગ દૂસરે પ્રાન્ત કે લોગોં કો વિદેશી સમઝને લગે. પંજાબ, સંયુક્ત પ્રાન્ત, બિહાર, બંગાલ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજપુતાના, મદ્રાસ આદિ પ્રાન્ત જુદા જુદા દેશ બન ગયે ઔર ઇન મેં બસને વાલે લોગ અપને આપ કો પૃથક્ પૃથક્ જાતિયાં માનને લગે. પરિણામ યહ હુઆ કિ હમ કો સંસાર કી દૂસરી જાતિયોં કે ઇતિહાસ કા કુછ ભી પતા ન મિલા, હમારે દેશ કે બાહિર જો કુછ અદલ બદલ હુએ ઉનકી ખબર તક ભી હમકો ન લગી. કિસ કિસ પ્રકાર કે આન્દોલન યોરપ મેં હુએ, કૈસે કૈસે ભયંકર યુદ્ધ વહાં કી જાતિયોં મેં આપસ મેં હુએ, કૌન ગિરા ? કિસ કારણ ગિરા ? ઇન બાતોં કા કુછ ભી બ્યોરા હમકો નહીં મિલા. હમ સમઝતે રહે કિ જો કુછ હૈ હમી હૈં. 'હમારે જૈસા સભ્ય દેશ સંસાર મેં નહીં હૈ' યહી પાઠ હમકો હમારે ગુરુ લોગ પઢાતે રહે. ઇસ આત્મશ્લાઘા કે ઉપદેશ ને હમકો ભારી હાનિ પહુંચાઇ ઔર હમારે દમાગ મેં ગુરુડમ કા ભૂત ઘુસ ગયા.

'હમકો કિસી સે કુછ નહીં સીખના હૈ; હમ સબ કુછ જાનતે હૈં.' યહ ગુરુડમ કી બિમારી હમારે દેશ મેં ફૈલ ગઈ. ઇસ બિમારીને હમારી સબ શક્તિયોં કો ઘુન લગાના આરમ્ભ કિયા. ધર્મ કિ જિસકા હમેં બડા ઘમંડ થા ઉસકી બુનિયાદ ખોખલી પડ ગઇ. બાહર કે ઝૂઠે આડમ્બરોં કો હમને ધર્મ સમઝ લિયા ઔર અપની વિદ્વત્તા ઇસી મેં જાની કિ ઝૂઠી ઔર નિકમ્મી બાતોં કે કારણ આપસ મેં સિરફ્રોઅલ કિયા કરેં. જહાં ચાર વિદ્વાન મિલકર બૈઠેં વે બાલ કી ખાલ ઉતારનેકે સિવાય દૂસરા કામ હી ન કરેં.

પ્રકૃતિ, આગમન ઔર નિષ્ક્રમણ કે સિદ્ધાન્ત કો માનતી હૈ. જો મકાન બંદ રહે, વહાં કી હવા ખરાબ હો બિમારી પૈદા કરને-વાલી હો જાતી હૈ. જો એક જગહ ખડા રહે, વહ સડ જાતા હૈ; ઉસમેં કીડે પડ જાતે હૈં. ભારતવર્ષ કે લોગોં કા વિદેશ જાના આના બન્દ હો જાને સે યહાં કે લોગોં કે વિચાર એક સ્થાનીય હો ગયે. એક સ્થાનીય હો જાને સે વે સડને શુરુ હુએ; ઉન કે અન્દર કીડે પડ ગયે. નૌબત યહાં તક આ ગઈ કિ પાપ કો પુણ્ય સમઝા જાને લગા ઔર અધર્મ કો ધર્મ. યદિ ઐસા ન હોતા તો ભીષ્મ કે બ્રહ્મચર્યકી પ્રશંસા કરને વાલી ભારતસન્તાન બાલવિવાહ કો ધર્મ ન માન લેતી! 'એકો બ્રહ્મ દ્વિતીયો નાસ્તિ' કી ઘોષણા કરને વાલે ભારતવાસી અપને હી દેશ કે લોગોં સે શત્રુવત્ વ્યવહાર ન કરતે! સૈકડોં વર્ષો કી એક-સ્થાનીયતાને બડે બડે ભયંકર રોગ હમારી ભૂમિ મેં ફૈલાએ હૈં.

ભારત કી કભી ભી ઐસી દશા ન હોતી યદિ હમારા સ્વતંત્ર સમ્બન્ધ બાહિર કી જાતિયોં સે રહતા. યદિ હમકો અન્ય દેશોં કી ઉન્નતિ તથા અવનતિકા બ્યોરા માલૂમ હોતા રહતા, તો હમ ભી કાલ કી ગતિકે અનુસાર ઉન્નતિ કરતે જાતે ઔર આજ હમ અપની અસી હીન દશા ન દેખતે. હમારી સભા તથા સમાજોં મેં વર્તમાન સ્થિતિ કો સુધારનેકા

યત્ન તો કમ હોતા હૈ, હાં ગુરુડમ કા રાગ બહુધા સુનને મેં આતા હૈ. ‘ રસ્સી જલ ગઇ પર ઐંઠન ન ગઇ ’ વાલી દશા હમારી હૈ. ઇસ સમય આવશ્યકતા હૈ કિ હમ આત્મશ્લાઘા કી બિમારી કો દૂર કર અપની વર્તમાન સ્થિતિ કે સુધારને પર કટિબદ્ધ હોં. હમ કિસી કાલ મેં ઉચ્ચ થે—બડે થે—ઋષિ થે—ધનવાન થે—યહ સબ રાગ હમારી બિમારી કો બઢ઼ાને વાલા હૈ. હમારે યહાં સબ વિદ્યાએં થીં–સબ પ્રકાર કે આવિષ્કાર હમારે પૂર્વજ જાનતે થે—એસે ઐસે ગીત ગાકર અપના મન પ્રસન્ન કર લેના ભારી મૂર્ખતા હૈ. હમારા સમ્બન્ધ ઇસ સમય વર્તમાન સે હૈ. હમ કો કેવલ યહ સોચના હૈ કિ હમારી વર્તમાન સ્થિતિ કૈસે સુધર સકતી હૈ. ઉંચે સે નીચે ગિર જાના કોઇ ગૌરવ કી બાત નહીં હૈ. ઇસ કા અભિમાન કરને વાલે અપના મુંહ આપ કાલા કરતે હૈં. યોરપ કી જાતિયાં પહિલે અસભ્ય થીં ઔર વે ઉસ અસભ્યતા સે નિકલ સભ્ય દશામેં આઇ—ઉન કે લિયે યહ બાત બડે ગૌરવ કી હૈ; ક્યોંકિ ઉંચે સે નીચે ગિરના બડા સહજ હૈ; લેકિન નીચે સે ઉપર જાને મેં બડે ઉદ્યોગ, સહિષ્ણુતા, ધૈર્ય આદિ ગુણોં કી આવશ્યકતા હૈ. યોરપ કી જાતિયાં નીચે સે ઉપર કૈસે ઉઠીં ? અમરીકા કૈસે ઉન્નતિશીલ દેશ હો ગયા ? ઇન સબ બાતોં કે જાનને કી હમેં બડી ભારી જરૂરત હૈ. બાપ-દાદાઓં કી કમાઇ કે ભરોસે ન રહ કર અબ હમકો આપ કમાના સીખના ચાહિયે ઔર જીન બાતોં સે અમરીકા તથા યોરપ મેં વ્યવસાય, વિદ્યા, કલા, કૌશલ કી ઉન્નતિ હુઇ હૈ ઉન સબ કો સીખનેકા યત્ન કરના ઉચિત હૈ. હમકો પાશ્ચાત્ય સભ્યતા કે કારણોં કો જાનને કી સખ્ત જરૂરત હૈ; ક્યોંકિ હમારા ઘનિષ્ટ સમ્બન્ધ ઇસ સમય ઉસ સભ્યતા કે સાથ હૈ. યદિ હમને ઐસા ન કિયા ઔર અપને ગુરુડમ કી શેખી મેં ચૂર રહે તો હમારી ભી વહી દશા હોગી

જો અન્ય જાતિયોં કી હુઇ હૈ. હમ બુદ્ધિ તથા બલ મેં કિસી ભી જાતિ સે કમ નહીં હૈં, પરન્તુ ત્રુટિ કેવલ ઇતની હી હૈ કિ હમ ઉનકા યથા યોગ્ય ઉપયોગ કરના નહીં જાનતે. હમ અપને આપ કો સબ કે ગુરૂ સમઝે બૈઠે હૈં; ઇસ ઘમણ્ડ ને હમારા સર્વસ્વ નષ્ટ કર દિયા હૈ.

ઇસ લિયે અપને દેશવાસિયોં કે હિતાર્થ મૈંને યહ ઉચિત સમઝા હૈ કિ ઉન કો અમરીકા જૈસે ઉન્નત દેશ કે નિર્ધન વિદ્યાર્થિયોં કા કુછ હાલ બતલાઉં. ઇસ હાલ કો પઢ કર ઉન કો પતા લગેગા કિ હમારે ભીખ માંગ કર પઢને વાલે વિદ્યાર્થી ભારત કી વર્તમાન સ્થિતિ કો કિસી પ્રકાર ભી સુધાર નહીં સકતે; ઉલટે વે દેશ કો ભારી હાનિ પહુંચા રહે હૈં. ઇસ સમય આવશ્યકતા હૈ કિ હમારે નવયુવક મજ-દૂરી કી મહત્તા કો સમઝેં, તાકિ ઉન કે અન્દર ઉદ્યોગ, પરિશ્રમ, વ્યવસાય આદિ અચ્છે ગુણોં કી વૃદ્ધિ હો.

પરમાત્મા સે પ્રાર્થના હૈ કિ હમ દૂસરી જાતિયોં કે સદ્‌ગુણોંસે લાભ ઉઠાના સીખેં ઔર અપની નિર્બલતાઓં કો દૂર કર દેશ કે વ્યવસાય કો બઢાવેં.

**કાશી**
૨૬ જનવરી ૧૯૧૨

વિનીત
**સત્યદેવ.**

# અમેરિકાના નિર્ધન વિદ્યાર્થીઓનો પરિશ્રમ

## (૧)

ભારતવર્ષમાં હાલમાં શિક્ષાનો પોકાર ઉઠી રહ્યો છે. જ્યાં જુઓ ત્યાંથી એજ અવાજ આવે છે કે શિક્ષા વિના આ દેશનું કલ્યાણ થઇ શકશે નહિ. એવા સમયમાં અન્ય દેશોની શિક્ષાપ્રણાલીની સ્થિતિ જાણવી અને ખાસ કરીને અમેરિકાના નિર્ધન વિદ્યાર્થીઓ કેવી રીતે વિદ્યાભ્યાસ કરે છે તે જાણવું આપણે માટે આવશ્યક જણાય છે: કારણ કે ભારતવર્ષ એક નિર્ધન દેશ છે, અહીંના લોકોને અમેરિકાના નિર્ધન વિદ્યાર્થીઓની દશા જાણવી અતિ ઉપયોગી થઇ પડશે. આપણા દેશમાં પ્રાચીન પ્રથા અનુસાર વિદ્યાર્થીઓ ભીખ માગીને ભણે છે. કાશીમાં હજારો વિદ્યાર્થીઓ ક્ષેત્રોમાં ભોજન કરી અથવા ભૂખ્યા રહી સંસ્કૃત વિદ્યાના અધ્યયનમાં નિમગ્ન રહે છે. આથી તેમની શારીરિક તથા માનસિક સ્થિતિ એવી રહેતી નથી કે જેથી તેઓ વિદ્યાધ્યયન કર્યા પછી દેશસેવા કરી શકે. જે વિદ્યાર્થીઓ બીજાની ઉપર આધાર રાખી ભિક્ષાવૃત્તિથી વિદ્યાભ્યાસ કરે છે તેમના તરફથી દેશોપકારની કાંઇ પણ આશા રાખી શકાય એમ છે કે ? જેઓ પોતાની જાતને સાહાય્ય કરી શકતા નથી, જેઓ પોતે પોતાના પગપર ઉભા રહી શકતા નથી, જેમને પોતાનાં કામ પોતાની જાતે કરતાં શીખવવામાં આવતું નથી, તેમના તરફથી દેશોન્નતિના મહાન કાર્યની સિદ્ધિની આશા રાખવી એ રેતી ઉપર દીવાલ ચણવા સમાન છે. માનવજીવન એ એક ઘોર સંગ્રામ છે. આ જગતમાં આપણે આપણી લડાઇઓ જાતેજ લડતાં

શીખવું જોઇએ. એમ કરવાથીજ શારીરિક, માનસિક અને આત્મિક બળ વધે છે. જે માણસો પોતાની લડાઇઓ બીજાની પાસે લડાવે છે, જેઓ પોતાનાં કામ અન્યના આધારે સિદ્ધ કરવા માગે છે, તેમના આત્મા ભીરૂ અને માનસિક વ્યાધિઓથી ગ્રસિત થઈ જાય છે. આપણા વિદ્યાર્થીઓને આત્માવલંબનનો સિદ્ધાંત શીખવવામાં આવતો નથી. આ કારણથી આજે આપણી સમગ્ર જાતિ પોતાના પગ ઉપર ઉભી રહેવાને અશક્ત છે. આપણી દૈનિક આવશ્યકતાઓ પૂર્ણ કરવાને માટે સામાન બહારથી આવે છે ! આપણે આપણાં કામ કરવાને માટે બીજાનાં મુખ તરફ જોઇએ છીએ ! આપણામાં મનુષ્યત્વ રહ્યું નથી ! સાધારણ કામ કરવાને માટે પણ આપણને બીજાઓની આજીજી કરવી પડે છે ! આ સર્વ નિર્બલતાઓ આપણામાં આવી છે તેનું કારણ એજ છે કે આપણને પ્રારંભમાં આત્માવલંબનની શિક્ષા આપવામાં આવતી નથી. આથી જ્યારે કોઈ મુશ્કેલી આપણી સામે આવી પડે છે ત્યારે આપણને કાંઇ પણ સૂઝ પડતી નથી.

ગયા ઉનાળામાં હું મારા એક મિત્રને મળવાને માટે (બિજનોર જીલ્લામાં આવેલા) ધામપુરમાં ગયો હતો. ત્યાં અમે હાથી ઉપર બેસીને રામગંગા તરફ ફરવા ગયા. તે સમયે વર્ષાદ થયો નહતો. રામગંગાના તટપરની ખેતી ઘણી સુકાઇ ગઈ હતી. નદીમાં ઘણું જલ હતું. કૃષિકારો બિચારા નાની નાની ડોલોમાં પાણી ભરી લઈ જલસિંચન કરતા હતા. તેમની આવી દશા જોઇ મને અત્યંત દયા ઉત્પન્ન થઈ. અમેરિકામાં આવી દશા ક્યાંય પણ જોવામાં આવતી નથી. સામે આવડી મોટી નદી વહે અને કિનારાપરની ખેતી સૂકાઇ જાય એ કેટલા આશ્ચર્યની વાત છે ! એનું કારણ સ્પષ્ટજ છે. આપણા દેશના લોકો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતાં શીખ્યા નથી. જ્યારે પોતાની ઉપર કોઈ મુશીબત આવી પડે છે ત્યારે આપણા લોકો માથે હાથ દઇને

બેસી રહે છે. આજ કારણથી દેશમાં આટલા બધા પહાડો અને નદી નાળાં હોવા છતાં ખેતીની આવી દશા છે ! આપણા દેશના લોકો યંત્રોનો ઉપયોગ કરી જાણતા નથી. અમેરિકામાં એક પંપ લગાડી દઈ હજારો વીઘાં જમીનમાં જલસિંચન કરી દેવામાં આવે છે. ત્યાંના લોકો ઉદ્યોગી, સાહસિક અને આત્માવલંબી હોય છે; પરંતુ ઉલટપક્ષે આપણા લોકો પોતાની બુદ્ધિનો લેશ પણ ઉપયોગ કરતા નથી. જે કાંઈ બાવા આદમના સમયથી ચાલ્યું આવે છે તેનીજ સાથે તેઓ માથાકૂટ કર્યા કરે છે. તેઓ ઉન્નતિનું તો નામ પણ લેતા નથી.

શાળામાં ભણાવનાર અધ્યાપકો સારી રીતે જાણે છે કે જે વિદ્યાર્થી પોતાના પ્રશ્નનો પોતે નિર્ણય કરતો નથી અને ઈતર વિદ્યાર્થીઓની નકલ માત્ર કરે છે તે અંતે કાંઈ પણ કામનો રહેતો નથી. તેની બુદ્ધિ વિકાસ પામતી નથી, તેના આચાર સુધરતા નથી અને તેનામાં મનુષ્યત્વ પણ આવતું નથી. આજે આપણે આજ પ્રકારની શિક્ષા આપણાં સંતાનોને આપી રહ્યા છીએ, કારણ કે આપણી શિક્ષાનો સર્વ આધાર ભિક્ષાવૃત્તિપર છે. અત્ર અમે સૌથી પ્રથમ અમેરિકાના એક બાલકનું ઉદાહરણ આપી અમારી વાત સ્પષ્ટ કરીએ છીએ. એકવાર સિયેટલમાં હું પોસ્ટઑફિસમાં મારા કાગળો લેવાને ગયો. હું પાછો ફરતો હતો ત્યારે સડક પર છ વર્ષનો એક બાલક વર્તમાનપત્ર વેચતો મારા જોવામાં આવ્યો. જ્યારે હું તેની આગળ થઈને જતો હતો ત્યારે તેણે મને કહ્યું:—

" મહાશય, આપ વર્તમાનપત્ર ખરીદશો ? "

" ના, મારે વર્તમાન પત્ર જોઈતું નથી." મેં ધીમેથી ઉત્તર આપ્યો.

" કેવલ એક પૈસો, અધિક નહિ. " તે બાળકે મિષ્ટ સ્વરે કહ્યું.

મેં કહ્યું:–" નહિ, મને વર્તમાન પત્રની જરૂર નથી. "

બાલક:–" કૃપા કરીને અવસ્ય ખરીદો; એક પૈસો એ કાંઇ મોટી રકમ નથી."

તે બાલકના આગ્રહથી મેં ગજવામાંથી એક પૈસો કાઢી વર્તમાન-પત્ર ખરીદી લીધું અને તેને પૂછ્યું:—

"શું તારો બાપ ગરીબ છે?"

આ સાંભળી તે છોકરો અતિ વિસ્મિત થયો. તે મારી તરફ જોઇને બોલ્યો:–"આપે આવો પ્રશ્ન શામાટે કર્યો?"

મેં કહ્યું:–"તું વર્તમાન પત્ર વેચે છે તેથી."

બાલક:–"શું વર્તમાનપત્ર વેચનારા ગરીબ હોય છે?"

હું ખશીયાણો પડી જઇને બોલ્યો:–"ના, ના, મારો આશય એ છે કે તારી ઉમ્મર આટલી નાની છે, અને અત્યારથી તું વર્તમાનપત્ર વેચીને દ્રવ્ય કમાવા લાગી ગયો છું!"

તેણે આશ્ચર્યચકિત થઇને મારી તરફ જોયું અને પછી અતિ જુસ્સાથી બોલ્યો:—

"જુઓ, મહાશય! મારો બાપ ગરીબ નથી, પરંતુ હું મારા બાપને આશરે રહેવા માગતો નથી. આ જે કપડાં મેં પહેર્યાં છે તે મેં મારી પોતાની મહેનતથી ખરીદ્યાં છે; અને મારા પોતાના ખર્ચને માટે મારે જે રકમ જોઇએ છે તે હું મારા પોતાના ઉદ્યોગથી કમાઉ છું. મારા પચાસ ડૉલર બૅંકમાં જમા છે."

તે બાલકના આ શબ્દોએ મારી ઉપર ઘણી ભારે અસર કરી. હું મારા મનમાં બોલ્યો:–'અમેરિકાનો છ વર્ષનો બાલક પોતાનું જીવન સ્વતંત્રતાપૂર્વક વ્યતીત કરે છે. તેને કોઇની પરવા નથી. તે જાણે છે કે હું મનુષ્ય છું. પરમાત્માએ તેને હાથપગ આપ્યા છે તેનો યથાર્થ ઉપયોગ તે કરી જાણે છે. એક અમારો પણ દેશ છે, કે જ્યાંના છ વર્ષના છોકરાને મુખ ધોવાની શુદ્ધિ પણ હોતી નથી! છ વર્ષના બાલકો તો શું, પરંતુ શાળા પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓ પણ માબાપની ઉપર નિર્ભર રહીને વિદ્યાભ્યાસ કરે છે! જો કોઈ મહિનામાં તેમને

ખર્ચના પૈસા ન મળી શકે તો તેમનો વિદ્યાભ્યાસ બંધ પડી જાય છે. જેમનાં માબાપ ભણાવી શકતાં નથી, તેઓ વિદ્યાપ્રાપ્તિથી વંચિત રહે છે. બહુ બહુ તો છોકરાઓ ભીખ માગીને ભણે છે. આનું પરિણામ એ આવે છે કે તેમને પોતાના જીવનસંગ્રામની તૈયારી કરી રાખવાની સંધિ મળતી નથી. તેમને પોતાની જાત ઉપર શ્રદ્ધા રહેતી નથી. તેઓ એમ સમજે છે કે અમે કાંઇ પણ કરી શકીએ એમ નથી, કારણ કે તેઓ પોતાનાં કાર્યો પોતે કરવાની ટેવ પાડતા નથી.

(૨)

જ્યારે હું શિકાગો યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો ત્યારે ત્યાં ડોરાન નામનો એક છોકરો વિદ્યાભ્યાસ કરવાને આવ્યો. તેની પાસે કેવલ બાર આનાના પૈસા હતા. શિકાગો એક એવું શહેર છે કે જ્યાં પગલે પગલે ખર્ચવાને રૂપિઆ જોઇએ છે. એક પાઉં ખરીદવાને માટે અઢી આના જોઇએ છે. આઠ આના વિના હજામત થતી નથી. જો બાલ કપાવવા હોય તો દોઢ રૂપિઆ વિના ચાલતું નથી. આવા શહેરમાં એક છોકરો બાર આનાના પૈસા લઇને યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાને આવ્યો. અમેરિકાની યુનિવર્સિટીઓમાં નોકરી અપાવનારૂં એક ખાતું હોય છે, તેને અંગ્રેજીમાં Employment Bureau કહે છે. ડોરાને ત્યાં જઇને કામની તપાસ કરી. ત્યાંના અધ્યક્ષે ડોરાનને પૂછ્યું:–

"તમે હોટેલમાં વાસણ માંજવાનું કામ કરશો?"

ડોરાન ઉત્સાહી છોકરો હતો. તેણે ઝટ કહ્યું:–

"હા સાહેબ, હું દરેક પ્રકારનું કામ કરવાને તૈયાર છું." આ સાંભળી અધ્યક્ષ અતિ પ્રસન્ન થયો અને તેણે ડોરાનની પીઠ થાબડી. તે દિવસથી ડોરાન માસિક સાઠ રૂપિઆંનો પગાર અને ભોજન એ સરતે હોટેલમાં વાસણ માંજવાનું કામ કરવા લાગ્યો. ચાર વર્ષ પર્યંત

તે વીર છોકરો શિકાગો વિશ્વવિદ્યાલયમાં રહ્યો. તેણે ઘેરથી એક પૈસો પણ મંગાવ્યો નહિ. તે પોતાના હાથે મજુરી કરી હરેક પ્રકારનાં કષ્ટ સહન કરી વિદ્યાભ્યાસ પૂર્ણ કરી બી. એ. ની પદવી મેળવી પોતાને ઘેર ગયો.

વિચાર કરો કે આ યુવક અને આપણા નવયુવકોમાં કેટલો અંતર છે! ચાર વર્ષની મુશ્કેલીએ ડોરાનને મનુષ્ય બનાવી દીધો. પોતાનો નિર્વાહ કરવાની વિધિ તે જાણી ગયો. મહેનત મજુરીએ તેનું શરીર હૃષ્ટપુષ્ટ બનાવી દીધું. સુંદર ફૂટડું શરીર અને મજબૂત હાથ પગ ધરાવનાર તથા પોતાની જાત ઉપરજ આધાર રાખનાર તે યુવક જગતની મુશ્કેલીઓને કાંઇ વિસાતમાં ગણતો નથી. તે કોઇ પણ કષ્ટથી ભય પામતો નથી. તે એક કસરતી મલ્લની પેઠે સર્વે પ્રકારનાં દુઃખોની સાથે કુસ્તી કરવાને તૈયાર હોય છે. આપણા નવયુવકો શાળા અથવા પાઠશાળામાંથી અભ્યાસ કરીને બહાર પડે છે તે પછી પણ તેમને પોતાનાં માબાપનું શરણ ગ્રહણ કરવું પડે છે. તેઓ પોતે પોતાની આજીવિકા ચલાવી શકતા નથી. તેઓ નોકરીની તપાસમાં આમ તેમ જોડા ફાડયા કરે છે. તેઓ કોઇ વાર કોઇની ખુશામત, કોઇ વાર કોઇની આજીજી અને કોઇ વાર કોઇના Most Obedient Servant બની નોકરીની તપાસ કરે છે. એમ કર્યા છતાં પણ કેટલાકોને તો સફલતા પ્રાપ્ત થતી નથી. પ્રથમ કેટલાક હજાર રૂપીઆ ખર્ચી પોતાનાં માબાપના શિરપર ઋણ ચઢાવી તેઓ વિદ્યા પ્રાપ્ત કરે છે અને પછી જ્યારે પાઠશાળામાંથી બહાર પડે છે ત્યારે પણ તેઓ સ્વતંત્રતાપૂર્વક આજીવિકા નિભાવવાની શક્તિ ધરાવતા નથી! તેમનાં શરીર નિર્બલ, આંખો કમજોર, અને અવયવો રોગિષ્ટ થઇ જાય છે. આપણા દેશના નવયુવકો અને અમેરિકાના નવયુવાનોમાં કેટલો બધો ભેદ છે!

૧૯૦૬ ના જૂન મહિનામાં જ્યારે હું શિકાગોમાં જઈ પહોંચ્યો

ત્યારે મારી પાસે ૧૫૦ રૂપીઆ હતા. જતાંવેંતજ મેં યુનિવર્સિટીમાં પ્રવિષ્ટ થઇ વિદ્યાધ્યયન કરવા માંડ્યું. શિકાગો વિશ્વવિદ્યાલયમાં Quarter System પ્રચલિત છે. પ્રતિ ત્રણ માસે ટાઇમટેબલ બદલાય છે. પ્રથમ ત્રણ માસને માટે મારી પાસે પૂરતો ખર્ચ હતો, તેથી હું નિશ્ચિંતતાપૂર્વક મારા કામમાં નિમગ્ન થઇ ગયો. વિશ્વવિદ્યાલયની ફી વાર્ષિક ૪૫૦ રૂપીઆ છે, પરંતુ મારી ફી પ્રેસિડેન્ટ મહોદયે માફ કરી હતી. દોઢસો રૂપીઆથી મેં મારૂં કામ શરૂ કરી દીધું. પરંતુ મેં એટલો વિચાર ન કર્યો કે આ રકમ ખલાસ થઈ ગયા પછી હું શી રીતે નિર્વાહ કરીશ? મારામાં હિંદુસ્થાની સંસ્કાર ભરેલા હતા, તેથી હું ભાગ્યને ભરોસે રહ્યો. મેં મનમાં ધાર્યું કે આ રૂપીઆ પૂરા થયા પછી ઇશ્વર કાર્યસિદ્ધિને માટે કોઇ ને કોઈ માર્ગ બતાવશેજ. મેં ઉદ્યોગ તો સર્વથા છોડીજ દીધો. જ્યારે ત્રણ મહિના પૂરા થવા આવ્યા અને રૂપીઆ ખૂટી પડવાની અણીપર આવ્યા ત્યારે મને અત્યંત ચિંતા થવા લાગી. હું આમ તેમ ભ્રમણ કરી લોકોને નોકરીના સંબંધમાં પૂછપરછ કરવા લાગ્યો; પરંતુ તેથી કાંઇ પણ વળ્યું નહિ. એક દિવસ મારા એક મિત્રે મને સલાહ આપી કે Employment Bureau (નોકરી અપાવનારા ખાતા)માં જઇને તપાસ કરો. તેના કહેવાથી હું તે ખાતાના અધ્યક્ષની પાસે ગયો. મને જોઈને તે અધ્યક્ષ બોલ્યો:-

"તમે હોટેલમાં વાસણ માંજવાનું કામ કરશો?" તેના શબ્દો મને વજ્રપાત સમાન લાગ્યા. હું માથું ખંજવાળવા લાગ્યો, કારણ કે મારા કુલમાં કોઇએ કદિ પણ આવું કામ કર્યું નહોતું. અધ્યક્ષે જ્યારે મને ચૂપ દીઠો ત્યારે તે સ્મિત કરીને બોલ્યો:-"તમારા દેશમાં તો વાસણ માંજનારાની જુદી જાતિ છે કેમ?"

"હા, સાહેબ." મેં ધીમેથી ઉત્તર આપ્યો.

અધ્યક્ષઃ-"હવે અહીંઆં અમેરિકામાં તો તમારે સર્વે પ્રકારની મજુરીને પ્રેમની દ્રષ્ટિથી જોવી જોઇએ."

મેં કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ. હું ગુપચુપ મારા ઓરડામાં ચાલ્યો આવ્યો. જ્યારે એ દિવસ વ્યતીત થઇ ગયા અને કોઇએ પણ મારી ખબર ન લીધી તેમજ પેટમાં કુરકુરીઆં બોલવા લાગ્યાં ત્યારે હું પુનઃ તે અધ્યક્ષની પાસે ગયો. મને જોઇને તેણે જરાક સ્મિત કર્યું. જ્યારે મેં નોકરીના સંબંધમાં પૂછ્યુ ત્યારે તેણે અતિ સ્નેહથી મને મજુરીની મહત્તા સમજાવી અને હોટેલમાં કામ કરવાને મોકલી દીધો.

(૩)

સાંજનો સમય હતો. લોકો હૉટેલમાં આવજાવ કરી રહ્યા હતા. હોટેલની સ્વામિની સર્વે કામ ઉપર જાતે દેખરેખ રાખતી હતી. રસોડાની પાસેના ઓરડામાં એક નાનો સરખો હોજ હતો. તેમાં બે નળ લાગેલા હતા; એક ગરમ પાણીનો અને બીજો ઠંડા પાણીનો. તેની પાસેજ એક ઉંચું સ્થાન વાસણ ધોવાને માટે બનાવવામાં આવ્યું હતું. તેની પાસે ઉભો ઉભો હું વાસણ ધોઇ રહ્યો હતો. નોકરો વાસણ લાવી લાવીને તે સ્થાનપર મૂક્યા કરતા હતા. એક મોટા વાસણમાં ગરમ પાણી અને સાબુ નાખેલો હતો. તેમાં હું સર્વે વાસણો નાખી દેતો અને તે ધોઇને બહાર મૂકી દેતો. પાસેજ એક બીજા વાસણમાં ગરમ પાણી અને સાબુ નાખેલો હતો, તેમાં બીજી વાર વાસણ ધોવામાં આવતાં અને પછી તેને ટુવાલથી લૂછી નાખી અભરાઇપર મૂકી દેવામાં આવતાં.

આ સાયંકાળ હું કદિ પણ વિસરીશ નહિ. તે દિવસેજ મેં અમેરિકાની વ્યાવહારિક ધર્મની શાળામાં પ્રવેશ કર્યો. મારી આંખો ખુલી ગઇ. મને પ્રતીત થવા લાગ્યું કે કોઇ મનુષ્ય માત્ર 'ધર્મ, ધર્મ' એવી બૂમ પાડવાથી ધાર્મિક બનતો નથી, પરંતુ ધાર્મિકતાનો સંબંધ

મનુષ્યના વ્યાવહારિક જીવનની સાથે છે. મજુરી કોઇ પણ પ્રકારની હોય, પરંતુ જો તે પ્રમાણિક રીતે કરવામાં આવે તો તેનો કરનારો નીચ બની જતો નથી; ખરેખર નીચ તો તે લોકોજ છે કે જે બીજાઓએ પેદા કરેલું ધન ઉડાવે છે, અને પોતાને ઉચ્ચ વર્ણના માને છે. તે લોકો નિર્લજ્જ છે કે જેઓ વાસણ માંજનાર મજુરને ઘૃણાની દ્રષ્ટિથી જુએ છે. કામ–મજુરી મનુષ્યને નીચ બનાવી શકતી નથી; નીચ તેજ છે કે જેનું અંતઃકરણ મલિન છે, જેને મોટા હોવાનો ઘમંડ છે, અને જે ઇશ્વરનાં પુત્ર પુત્રીઓથી અભડાઇ જાય છે.

તે સાયંકાળને હું કદિ પણ ભૂલી શકું એમ નથી. તે સાયંકાળે મેં મજુરીની મહત્તા જાણી. મને ઉચ્ચ વર્ણનું જે જૂઠું અભિમાન હતું તે દૂર થઇ ગયું. હું મારા દેશના મજુરીનો ધંધો કરનારા લોકો-પ્રત્યે પ્રેમ કરવા લાગ્યો અને મેં પ્રભુની સમક્ષ પ્રતિજ્ઞા કરી કે હું તેમના ઉદ્ધારને માટે યથાશક્તિ પ્રયત્ન કરીશ.

× × × × × ×

ચાર પાંચ દિવસ પછી મારા એક અધ્યાપકે મને પુસ્તકાલયમાં કામ આપ્યું. ત્યાં મારે કબાટમાંથી પુસ્તકો કાઢી, તે ઉપરની ધૂળ ખખેરી નાખી, તેને ટુવાલવડે લૂછી પાછાં કબાટમાં મૂકી દેવાં પડતાં હતાં. આ કામને માટે મને દરરોજના સાડા સાત રૂપીઆ મળતા હતા. દશ દિવસ સુધી મેં આ કામ કર્યું અને ત્યાર પછી મારો નિર્વાહ થવા લાગ્યો.

યાદ રાખજો કે જો હું પ્રથમ કામ ન કરત તો અધ્યાપકો મને કદિ પણ બીજું કામ સોંપત નહિ. અમેરિકાના લોકો મજુરીની મહત્તા જાણે છે. જે માણસ મજુરી પ્રત્યે ઘૃણા ધરાવે છે તેને તેઓ અત્યંત પતિત માને છે. તેમની આ માન્યતા સત્ય છે, કારણ કે જેટલું ધન પેદા થાય છે તે સર્વ મજુરીથી જ પેદા થાય છે. જે દેશમાં મજુરી

પ્રત્યે ઘૃણા ધરાવવામાં આવે છે તે દેશના લોકો કદિ પણ વ્યવસાયી, ઉદ્યોગી અને સાહસિક બની શકતા નથી. અમેરિકાની ઉન્નતિનું એક મહાન કારણ એ છે કે તે દેશમાં મજુરી પ્રત્યે ઘૃણા ધરાવવામાં આવતી નથી. ઇશ્વરે આપણને કામ કરવાને માટે હાથ આપ્યા છે, કામ કરવાથી તે કાંઇ ઘસાઈ જતા નથી, પરંતુ ઉલટા મજબૂત અને સુંદર બને છે, પરન્તુ આપણા દેશમાં મજુરી કરનાર પ્રત્યે ઘૃણા ધરાવવામાં આવે છે. આપણા દેશની અધોગતિનું એજ કારણ છે.

અમેરિકાની યુનિવર્સિટીમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ અનેક પ્રકારનાં કામો કરીને દ્રવ્ય પેદા કરે છે. ઘણા જણ તો ઘરોને ગરમ રાખવાનું કામ કરે છે. અમેરિકા એક હિમમય અને શીતપ્રધાન દેશ છે; શિયાળામાં ત્યાં પુષ્કળ બરફ પડે છે. તે દેશનાં મકાનોનાં ભોંયરાંમાં મોટી મોટી ભઠ્ઠીઓ સળગાવવામાં આવે છે અને તે દ્વારા મકાનોને ગરમ રાખવામાં આવે છે. એક વખત મારે પણ આ કામ કરવું પડ્યું હતું. મકાનની નીચે એક મોટી ભઠ્ઠી રહે છે, તેમાં કોયલા બાળવામાં આવે છે. પ્રાતઃકાળમાં પાંચ વાગે ઉઠી તેમાં અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવે છે. ભઠ્ઠીમાં મોટા મોટા નળ રાખવામાં આવેલા હોય છે, તે ત્યાંથી નીકળીને મકાનના જુદા જુદા ઓરડાઓમાં ચાલ્યા જાય છે. હવા આવવાને માટે એક મોટું બાકોરૂં રાખવામાં આવેલું હોય છે. બહારની શીતલ હવા ભઠ્ઠીમાં જઇ ઉષ્ણ બનીને એ નળો દ્વારા ઓરડાઓમાં જાય છે અને સર્વ ઓરડાઓમાં નિયમિત ગરમી પહોંચાડે છે. બહાર ગમે તેટલું બરફ જામેલું હોય તો પણ ઓરડામાં મનુષ્ય કપડાં ખોલીને બેસી શકે છે.

વિદ્યાર્થીઓ બે ત્રણ કલાક કામ કરી પોતાનાં ખાન પાન અને નિવાસનો ખર્ચ કાઢી લે છે. તેમને બીજે ત્રીજે દિવસે ઘર પણ વાળવું પડે છે.

વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા કરતા આ સિવાય બીજાં પણ ઘણાં કામો કરે છે. ઘણા વિદ્યાર્થીઓ પ્રત્યેક શનિવારને દિવસે મોટી મોટી દુકાનોમાં જઈ ગુમાસ્તાનું કામ કરે છે. શનિવારના દિવસે દુકાનોમાં ઘણી ભીડ રહે છે. તે દિવસે મજુરીનો ધંધો કરનાર લોકોનો પગાર વહેંચાય છે. આથી તે દિવસે દુકાનદારોને અધિક કાર્યકર્તાઓની આવશ્યકતા પડે છે. વિદ્યાર્થીઓ એક દિવસ કામ કરી નવ દશ રૂપીઆ કમાઇ લે છે. આ પ્રકારે તેઓ એક મહિનામાં ચાર શનિવાર કામ કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ રેલ્વે કંપનીઓમાં કામ કરે છે. ઘણા વિદ્યાર્થીઓ જાહેર ખબર વહેંચવાનું કામ કરીને રૂપીઆ કમાય છે. ધારો કે એક દુકાનદારે કાપડની એક નવી દુકાન ખોલી છે અને તે પોતાની જાહેર ખબર વહેંચાવવા માગે છે. તે દુકાનદારની પાસેથી રોજના છ રૂપીઆ લઇ વિદ્યાર્થીઓ શનિવાર અને રવિવાર એ બે દિવસ પોતાનો સમય કાઢી જાહેર ખબર વહેંચે છે. તેઓ જાહેર ખબર લઇ ઘેરઘેર ભ્રમણ કરે છે અને ઘરોની ખાનગી કાગળો નાખવાની પેટીમાં એક એક જાહેરખબર નાખે છે. આ પ્રકારે દુકાનદારની નવી દુકાનની સૂચના લોકોને મળી જાય છે. કેટલાક વિદ્યાર્થીઓ ઓફિસોમાં કારકુનનું કામ કરે છે. ત્યાં તેઓ નિત્ય ચાર પાંચ કલાક કામ કરી માસિક પચ્ચીસ ત્રીસ રૂપીઆ મેળવી લે છે. કેટલાક વિદ્યાર્થીઓ ટાઇપરાઇટર યંત્ર ખરીદી તે દ્વારા ધન કમાય છે. આ પ્રકારે ઘણી જાતનાં નાનાં મોટાં કામો કરી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ પોતાના નિર્વાહ જેટલો ખર્ચ મેળવી લે છે.

( ૪ )

હવે અમેરિકામાં શિક્ષણને માટે કેવી કેવી સગવડો છે તે જણાવવાની હું આવશ્યકતા જોઉં છું. પ્રત્યેક સંસ્થાનમાં સરકારની તરફથી એક મોટી યુનિવર્સિટી અને એક કૃષિ કોલેજ સ્થાપન થયેલી

છે. કેટલાંક સંસ્થાનોમાં તો એકથી અધિક વિશ્વવિદ્યાલય છે, જેમાં વિદ્યાર્થીઓ સાહિત્ય, વિજ્ઞાન, એન્જીનિયરીંગ આદિ વિષયોની શિક્ષા ગ્રહણ કરે છે. આ વિશ્વવિદ્યાલયોમાં ફી ઘણી થોડી લેવામાં આવે છે. અહીંઆં વિદ્યાર્થીઓને ઉચ્ચમાં ઉચ્ચ પંક્તિની શિક્ષા મળે છે. પ્રત્યેક વિશ્વવિદ્યાલયમાં લાખો રૂપિઆ ખર્ચી શિક્ષાની સંપૂર્ણ સામગ્રી સંગ્રહીત કરવામાં આવેલી હોય છે. આ સાંસ્થાનિક યુનિવર્સિટીઓમાં શિક્ષાનો સમય અર્ધા અર્ધા વર્ષના બે ભાગોમાં વિભક્ત કરેલો હોય છે.

યુનિવર્સિટીનું વર્ષ સપ્ટેમ્બર માસમાં શરૂ થાય છે અને જાન્યુઆરીના અંતમાં અર્ધા વર્ષનો વિદ્યાભ્યાસ સમાપ્ત થાય છે. વિદ્યાર્થીઓ પોતાની ઇચ્છામાં આવે તે વિષયનો અભ્યાસ કરી શકે છે. જો તેમની ઇચ્છા અર્ધા વર્ષ પછી યુનિવર્સિટીનો ત્યાગ કરવાની હોય તો તેઓ સહેલાઇથી તેમ કરી શકે છે. ઘણા વિદ્યાર્થીઓ પોતાના બાહુબલથી દ્રવ્ય કમાઇ વિદ્યાભ્યાસ કરે છે, તેથી તેમને રૂપીઆ પૂરા થતાં વિદ્યાલય છોડવું પડે છે. એન્ટ્રન્સ પર્યંત સર્વને મફત શિક્ષા મળે છે, પરંતુ યુનિવર્સિટીમાં ફી આપવી પડે છે. ફી કોઇ સ્થળે ન્યૂન તો કોઇ સ્થળે અધિક હોય છે; પરંતુ તે એટલી અધિક હોતી નથી કે જેથી વિદ્યાર્થીના અભ્યાસમાં પ્રત્યવાય આવે. આ દેશનું નામ યુનાઇટેડ સ્ટેટસ ઑફ અમેરિકા છે; એમાં ઘણાં સંસ્થાનો આવેલાં છે. પ્રત્યેક વિશ્વવિદ્યાલય પોતાના વિદ્યાર્થીઓને ખાસ અનુકૂલતા કરી આપે છે. તેમનો સિદ્ધાંત એવો છે કે કોઇ પણ બાલક વા બાલિકા વિદ્યાથી વંચિત ન રહેવી જોઇએ.

આ તો થઇ સાંસ્થાનિક શિક્ષાપ્રણાલી. હવે અમેરિકાના ધનવાનોની કીર્તિ સાંભળો. અમેરિકાના ધનિકોએ અનેક મોટાં મોટાં વિશ્વવિદ્યાલયો સ્થાપિત કર્યાં છે. "હારવર્ડ," "કોલંબિયા," "શિકાગો," "જૉનહૉપકિન્સ," "યેલ," તથા "સ્ટેનફર્ડ," એ વિશ્વ-

વિદ્યાલયો અત્યંત પ્રસિદ્ધ છે. તેમાં ફી અધિક આપવી પડે છે, પરંતુ જે વિદ્યાર્થીઓ નિર્ધન હોય છે તેમની ફી માફ પણ કરવામાં આવે છે. પ્રત્યેક મોટા શહેરમાં રાત્રીશાળા સ્થાપિત થયેલી છે, જેમાં મજુરીનો ધંધો કરનારા લોકો વિદ્યાધ્યયન કરે છે. શહેરોમાં કેટલીક ટેક્નીકલ કૉલેજો અને યુનિવર્સિટીઓ પણ સ્થાપિત થયેલી છે, તેમાં વિદ્યાર્થીઓ થોડા ખર્ચથી અભ્યાસ કરી કલાકૌશલ્યમાં નિપુણ થાય છે. કારનેગીનું પ્રસિદ્ધ વિશ્વવિદ્યાલય થોડી ફી લઇ વિદ્યાર્થીઓને કલાકૌશલ્ય શીખવે છે. મોટી ઉમ્મરના વિદ્યાર્થીઓ પણ યુનિવર્સિટીઓમાં વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. શિકાગો યુનિવર્સિટીમાં ૫૦ વર્ષનો એક વિદ્યાર્થી એમ. એ. ની પદ્વી પ્રાપ્ત કરવાને માટે તૈયારી કરતો હતો અને તેની સ્ત્રી પણ તેની સાથે અભ્યાસ કરતી હતી. વિદ્યાર્થી જે વિષયમાં નિર્બલ હોય તેમાં તે ખાસ વિદ્યાર્થી બનીને સંપૂર્ણતા મેળવે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અમેરિકાના લોકો શિક્ષાનો મહિમા સારી રીતે જાણે છે, અને જેમ બને તેમ સર્વ સાધારણમાં તેનો પ્રચાર કરવાને તેઓ પ્રયત્ન કરે .

હવે જરા પરીક્ષાની હકિકત સાંભળી લો. જે યુનવર્સિટીઓમાં Quarter System ચાલે છે તેમાં ત્રણ ત્રણ મહિનાને અંતરે પરીક્ષા થાય છે. વિદ્યાર્થીઓને આ પરીક્ષા દ્વારા Credits મળે છે. જે વિદ્યાર્થીઓની પાસે આખા વર્ષને માટે ખર્ચના પૈસા હોતા નથી તેઓ ત્રણ મહિનાનો અભ્યાસ પૂર્ણ કરી ચાલ્યા જાય છે. જ્યારે તેમની પાસે પુનઃ રૂપીઆ એકત્રિત થાય ત્યારે તેઓ પાછા આવે છે. તેઓ પાછા આવીને જ્યાંથી અધ્યયન છોડ્યું હોય ત્યાંથીજ પુનઃ શરૂ કરી દે છે. વચમાં વર્ષોનાં વર્ષો ચાલ્યાં જાય તેની કાંઇ હરકત નહિ. દ્રવ્યના અભાવને લીધે કેટલાક વિદ્યાર્થીઓને પદ્વી પ્રાપ્ત કરતાં છ સાત વર્ષ લાગી જાય છે. તેમનો પાછલો અભ્યાસ તેમને હમ્મેશાં

કામ લાગે છે. જે યુનિવર્સિટીઓમાં Quarter System પ્રચલિત નથી તેમાં અર્ધા અર્ધા વર્ષને અંતરે પરીક્ષા થાય છે, અને તેમાં વિદ્યાર્થી જે વિષયમાં નાપાસ થાય તેજ વિષયમાં તેને નાપાસ ગણવામાં આવે છે. મહિના દોઢ મહિના પછી તે વિષયમાં પુનઃ તેની પરીક્ષા લેવામાં આવે છે. જો તે સર્વથા અજ્ઞાત જણાય તો નિરૂપાયે તેને તે વિષય નવેસરથી પુનઃ શીખવવામાં આવે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અમેરિકામાં શિક્ષાને માટે સર્વ પ્રકારની સગવડ કરવામાં આવી છે, કારણ કે શિક્ષા વિના મનુષ્ય પશુ સમાન છે.

જ્યારે હું ભ્રમણ કરવા નીકળ્યો ત્યારે અમેરિકાનાં ગામડાંમાં શિક્ષાનો પ્રબંધ કેવો છે તે જાણવાની મને ઉત્કટ ઇચ્છા હતી; અને નાનાં નાનાં ગામોમાં પણ જ્યારે મેં આધુનિક આવશ્યકતાનુસાર શાળાઓ સ્થાપિત થએલી જોઇ ત્યારે મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. જે ગામમાં દશ ઘર હોય ત્યાં પણ એક ઉત્તમ શાળા વિદ્યમાન હોય છે. "કૅલિફૉર્નિયા"ના દક્ષિણ ભાગમાં રેડલૅંડઝ (Redlands) નામનો એક સુંદર કસબો છે. તે કસબામાં મેં કેટલાંક વ્યાખ્યાન આપ્યાં હતાં. ત્યાંની હાઇસ્કૂલમાં સર્વ વિદ્યાર્થીઓની સમક્ષ મોટા હૉલના પ્લૅટફૉર્મ ઉપર ઉભા થઇને જ્યારે મેં વ્યાખ્યાન આપ્યું અને મારી સન્મુખ સુંદર અને નિરોગી છોકરા છોકરીઓને બેઠેલાં જોયાં ત્યારે મારૂં હૃદય ભરાઇ આવ્યું. હું મનમાં બોલ્યો કે એક આ પણ દેશ છે કે જેમાં બાલકોને માટે શિક્ષાનો આવો સરસ પ્રબંધ છે, અને એક અમારો પણ અભાગી દેશ છે કે જેમાં લાખો બાલકો અવિદ્યાના અંધકારમાં પડેલાં છે! તેઓ કીડાની પેઠે ઉત્પન્ન થાય છે અને કીડાની પેઠેજ મરણ પામે છે. જીવન એ શી વસ્તુ છે તે તેઓ જાણતાંજ નથી, કારણ કે શિક્ષા એજ એક એવું સાધન છે કે જે આપણને માનવજીવનના સુખનો આસ્વાદ ચખાડી શકે છે.

(૫)

આવો પાઠક! હવે હું આપને અમેરિકાના નિર્ધન વિદ્યાર્થીઓના પરિશ્રમની કથા વિસ્તારપૂર્વક સંભળાવું. આપણા દેશની ગ્રીષ્મ ઋતુમાં તો કામ કરવું કઠિન થઇ પડે છે, પરંતુ અમેરિકામાં તો વિદ્યાર્થીઓ ગ્રીષ્મ ઋતુમાંજ મહેનત મજુરી કરીને દ્રવ્ય કમાય છે. એ ઋતુમાં દ્રવ્ય કમાઇ વિદ્યાર્થીઓ પોતાનો આખા વર્ષનો ખર્ચ કાઢી લે છે. ગરમીના દિવસોમાં ચોતરફ કામની ભીડ હોય છે. એ ઋતુમાં કૃષિકારોને મરવાની પણ ફુરસદ મળતી નથી. મોસમના વખતમાં તેઓ મજુરોને નવ રૂપીઆ રોજ આપે છે. શિયાળામાં બરફ પડતો હોવાથી પર્વતો અને જંગલો બરફથી આચ્છાદિત રહે છે. તે સમયમાં પહાડો અને જંગલોમાંથી લાકડાં આવતાં નથી. ઘણા પ્રાંતોમાં નદીઓ પણ ઠરી જાય છે. આ કારણથી શિયાળાની ઋતુમાં શહેરોની બહાર ઘણું થોડું કામ રહે છે. ગ્રીષ્મઋતુમાં બરફ પિગળી જાય છે, માર્ગ ખુલ્લા થઇ જાય છે અને નદીઓ વહેવા લાગે છે. ચારે તરફ કામની અધિકતા રહે છે. શોધ્યાં માણસ મળતાં નથી. વર્તમાનપત્રો "Wants"-(આવશ્યકતાઓ)ની જાહેરખબરથી ભરેલાં રહે છે. નોકરી અપાવનારાં કાર્યાલયોમાં ટેલિફોન ઉપર ટેલિફોન ચાલે છે.

શું કહીએ? ગ્રીષ્મઋતુમાં તો અમેરિકામાં જાણે દ્રવ્યની વૃષ્ટિજ થાય છે. જે માણસ પુરૂષાર્થ કરે તે એટલું દ્રવ્ય કમાઇ શકે છે કે તે દ્વારા તે આખું વર્ષ આનંદપૂર્વક બેઠાં બેઠાં ખાઇ શકે. વિદ્યાર્થીઓ પણ તે સમયની વાટજ જોયા કરે છે. ગ્રીષ્મઋતુને એકાદ બે માસની વાર હોય ત્યારથીજ તેઓ પોતાનું કામ શોધી મૂકે છે, જૂન, જુલાઇ, ઑગસ્ટ અને સપ્ટેમ્બર એ ચાર મહિનામાં તેઓ એટલું ધન કમાઇ લે છે કે જેથી તેઓ આખું વર્ષ આનંદપૂર્વક વિદ્યાભ્યાસ કરી શકે છે.

પરંતુ તે માટે મજુરી કરવાનો અભ્યાસ પાડવાની જરૂર છે

મને મારી દશા સારી પેઠે સાંભરે છે. અમેરિકામાં જ્યારે, મને પ્રથમ વર્ષમાં ખેતરપર કામ કરવું પડ્યું ત્યારે હું સાધારણ મજુર કરતાં પણ ઓછું કામ કરી શકતો હતો; સોળ વર્ષના છોકરાઓ પણ મારા કરતાં અધિક કામ કરી શકતા હતા. એકવાર ખેતરના સ્વામિએ મને એક નવા કામપર નિયુક્ત કર્યો. કામ શું હતું ? એક ગાડું ઘઉંથી ભરેલું હતું. આ ઘઉંને પાવડાવતી એક કોઠીમાં ભરવાના હતા. કોઠીની દિવાલમાં એક ચાર ખુણાવાળું બાકોરૂં ઘઉં ભરવાને માટે રાખેલું હતું. ગાડાની ઉપર ઉભા રહી પાવડાવતી ઘઉં પેલી કોઠીમાં નાખવા એજ કામ કરવાનું હતું. મેં કદિ પણ એ કામ કર્યું નહોતું. જ્યારે મેં પાવડાવતી ઘઉં નાખવા માંડ્યા ત્યારે તેમાંના અર્ધા કોઠીમાં ગયા અને અર્ધા નીચે પડ્યા. આ જોઇને ખેતરનો માલિક ખૂબ હસ્યો અને તેણે મને પાવડો કેવી રીતે ચલાવવો તે શીખવ્યું. મેં પુનઃ પ્રયત્ન કર્યો, પરંતુ મને સફલતા પ્રાપ્ત થઈ નહિ; અને સર્વ ઘઉં નીચે પડી ગયા. મારી સાથે મજુરી કરનારા છોકરાઓ ત્યાં ઉભા ઉભા મારૂં કામ જોયા કરતા હતા. તેઓ ખડખડાટ હસી પડ્યા કારણ કે તેઓ વયમાં મારા કરતાં નાના હતા, તો પણ તેઓ આ કામ ઘણી સારી રીતે કરી શકતા હતા. મને મારી દશા જોઇ લજ્જા ઉત્પન્ન થઇ. બાલ્યાવસ્થાથી કામ કરવાનો અભ્યાસ ન હોવાથી મારી આવી દુર્દશા થઇ હતી. જો કે બળમાં હું તે સર્વના કરતાં ચઢીઆતો હતો, પરંતુ મને મજુરી કરવાનો અભ્યાસ ન હોવાથી હું તેમના જેટલું કામ કરી શકતો નહોતો. અમેરિકન છોકરાઓને બાલ્યાવસ્થાથીજ કામ કરવાની આદત હોય છે. તેઓ કઠિનમાં કઠિન કામથી પણ ગભરાતા નથી. આપણા દેશમાં તો મજુરી કરનારની જુદી જાત છે. ઉચ્ચ વર્ણના છોકરાઓ મજુરીને ઘૃણાની દ્રષ્ટિથી જુએ છે. શ્રીમંત માતપિતાના છોકરાની તો વાતજ ન્યારી છે. તેમને કપડાં

પહેરાવવાને પણ નોકર જોઇએ છે અને સંડાસમાં જવું હોય તોપણ એક માણસ લોટો પકડીને તેમની સાથે જાય છે! તેઓ માને છે કે હાથથી કામ કરવું લજ્જાસ્પદ છે! હાથવતી કામ કરનારનો દરજ્જો નીચો ગણવામાં આવે છે; તેમને મનુષ્ય ગણવામાં આવતા નથી!

આવા સંસ્કારોમાં ઉછરેલા ભારતીય યુવકો અમેરિકામાં જઇને શું કરશે? જો આપણા યુવકોને અમેરિકા જવાની ઇચ્છા હોય તો તેમણે સૌથી પ્રથમ મજુરી કરવાની ટેવ પાડવી જોઇએ. મને ઘણા પત્રો મળે છે, તેમાં મારા દેશબંધુઓ લખે છે .કે અમે અમેરિકા જઇને હર પ્રકારનાં કષ્ટો સહન કરવાને તૈયાર છીએ. આવા પત્રો વાંચીને મને હસવું આવે છે. અમેરિકામાં કેવાં કેવાં સંકટો સહન કરવાં પડે છે તેનો આપણા વિદ્યાર્થીઓને કિંચિત્ પણ ખ્યાલ નથી. તેઓ એમ ધારતા હશે કે ત્યાં એકવાર ખાવાનું મળશે તો તેટલાથી પણ ચલાવી લઇશું. આખું જગત જાણે છે કે ભારતવાસીઓ ભૂખે મરવામાં અતિ કુશલ છે, તેઓ એક મૂઠીભર ચણા ફાકીને પણ રહી શકે છે. પરંતુ અમેરિકામાં એવી કુશલતાને બીજીજ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. તે દેશમાં જે લોકો પેટ ભરીને ખાવામાં કુશળ હોય તેમનેજ માન મળે છે, અને જે કામ કરે તેજ પેટ ભરીને ખાઇ શકે છે. કામ તેજ કરી શકે છે કે જેને બાલ્યાવસ્થાથી તે કરવાનો અભ્યાસ હોય. અમેરિકાના મોટા મોટા શ્રીમંતો પોતાના છોકરાઓને કારખાનાંમાં કામ કરવાને મોકલે છે. તેમના છોકરાઓ કારખાનાં અને મીલોમાં સાધારણ મજુરોની પેઠે કામ કરે છે. મનુષ્યને પોતાના જીવનમાં મજુર બનવાની કાંઇ જરૂર નથી, પરતુ તેણે મજુરી કરવાનો અભ્યાસ જરૂર પાડવો જોઇએ, એથી મનુષ્ય હૃષ્ટપુષ્ટ, ચાલાક, ફૂટડો, ચપળ અને મજબૂત બને છે. ભારતવર્ષના શિક્ષિત લોકો હાથથી કામ કરવામાં પાપ માને છે. તેઓ દશ રૂપીઆની નોકરીને માટે લોકોની ખુશામત

કરતા ફરશે, પરંતુ સ્વતંત્રતાથી મજુરી કરી પોતાનું પેટ ભરી શકશે નહિ.

અમેરિકામાં ખેતરોમાં વિદ્યાર્થીઓને સર્વ પ્રકારનાં કામો કરવાં પડે છે. તે દેશમાં ઘોડાઓદ્વારા ખેતી કરવામાં આવે છે. તે દેશમાં બળદ તો કેવલ માંસને માટે પાળવામાં આવે છે. વિદ્યાર્થીઓને હળ ચલાવવું, કાપણી કરવી, ઘોડાઓની રખેવાળી કરવી, આદિ સર્વ પ્રકારનાં કામ કરવાં પડે છે. ઘણા કૃષિકારોને ત્યાં બારે માસ માણસો કામ કરે છે, પરંતુ ગ્રીષ્મઋતુમાં તેમને અધિક મજુરોની આવશ્યકતા હોય છે. જે વિદ્યાર્થી યંત્ર ચલાવવાના કામમાં નિપુણ હોય છે તેને અધિક મજુરી મળે છે. અહીં યંત્ર દ્વારા કાપણી કરવામાં આવે છે. ઘાસ પણ યંત્ર દ્વારા કાપવામાં આવે છે. સંક્ષેપમાં કહીએ તો સર્વ કામ યંત્ર દ્વારા કરવામાં આવે છે. અહીંના કૃષિકારો પોતાના ભાગ્યને ભરોસે બેસી રહેતા નથી, સારો પાક ઉતારવાને માટે તેઓ જાત જાતના રાસાયનિક પદાર્થોનો ઉપયોગ કરે છે. જો કોઈ વાર પાકને કીડા લાગે છે તો તેઓ પૅટિસગ્રીનથી છોડવાઓને સ્નાન કરાવી દે છે. તેનાથી સર્વ કીડા મરી જાય છે. ઠંડી રાત્રે જ્યારે હિમ પડવાનો ભય હોય છે ત્યારે ખેડુતો પુષ્કળ અગ્નિ કરી ધૂમાડો કરે છે. તે ધૂમાડો ઉપર જઈ ઠંડીથી જામી જાય છે અને પાકની ઉપર તંબુ સમાન બની તેને હિમથી બચાવે છે. અમેરિકન લોકોએ મકાઈને વિશેષ ડોડા આવે એવો પ્રયત્ન કર્યો છે. એક છોડને દશ ડોડા આવતા હોય તો તેને પંદર ડોડા કેવી રીતે આવે તે વાતનો તેઓ પ્રયત્ન કરે છે. જમીનની ઉપજ વધારવાને માટે પ્રત્યેક પ્રકારની વૈજ્ઞાનિક પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવે છે. તેઓ ઈશ્વરદત્ત બુદ્ધિનો યથાર્થ ઉપયોગ કરી તેનાથી લાભ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. આપણા દેશના લોકોની પેઠે તેઓ સર્વ દોષ ઈશ્વરને માથે

નાખી પોતે છૂટા થઇ જવાનો પ્રયત્ન કરતા નથી. ઈશ્વર ન્યાયી છે, તેને હિંદુઓની સાથે કાંઈ દ્વેષ નથી. જે કામ અમેરિકાના લોકો કરી શકે છે તે આપણે પણ કરી શકીએ તેમ છીએ; પરંતુ ભેદ કેવલ એટલો છે કે અમેરિકન લોકો ઉદ્યોગી, સાહસિક અને પુરૂષાર્થી છે. જ્યારે કોઇ મુશ્કેલી તેમની સામે આવી પડે છે ત્યારે તેઓ ગભરાઇ જતા નથી, પરંતુ તેની સામે થવામાંજ પોતાનું અહોભાગ્ય માને છે. ગમે તેવું કઠિનમાં કઠિન કામ કેમ ન હોય, પરંતુ તેની સિદ્ધિનો ઉપાય અવશ્ય હોય છે. તે ઉપાય શોધી કાઢવાને માટે પરમાત્માએ આપણને બુદ્ધિ આપી છે. જે લોકો આ બુદ્ધિનો ઉપયોગ કરતા નથી તેઓ હમ્મેશાં ઠોકર ખાય છે.

વળી આપણી દુર્દશાનું એક બીજું પણ કારણ છે. આપણા લોકો પ્રાચીન પ્રણાલીના દાસ છે. તેઓ આગળ વધવા માગતા નથી. જે હળ ચાર હજાર વર્ષથી ચાલ્યાં આવે છે તેજ આજપર્યંત વિદ્યમાન છે. આપણા લોકોમાં કોઇ નવીન શોધ કરવાની શક્તિ નથી. આપણે પ્રાચીન વસ્તુઓ પ્રત્યે વિશેષ પ્રેમ રાખીએ છીએ. અમેરિકાના લોકો સદા નવીન શોધખોળ કરવામાં નિમગ્ન રહે છે, તેથી તે દેશમાં નિત્ય નવી શોધખોળ થાય છે.

ખેતર સિવાય મીલો, કારખાનાં અને બાગોમાં પણ વિદ્યાર્થીઓ કામ કરે છે. અમેરિકામાં લાકડાંની મીલો પુષ્કળ છે, તેમાં દર વર્ષે કરોડો ફીટ લાકડાં કપાય છે. તેમાં કામ કરનાર વિદ્યાર્થીને રોજના ઓછામાં ઓછા છ રૂપિઆ મળે છે. ગ્રીષ્મઋતુના ત્રણ મહિના કામ કરી વિદ્યાર્થીઓ આ મીલોમાંથી પૂરતા રૂપીઆ કમાઇ લે છે. જ્યારે હું રેનિયરના લાકડાંના કારખાનામાં કામ કરતો હતો ત્યારે મને રોજના પોણાસાત રૂપીઆ મળતા હતા. સાડાત્રણ મહિના કામ કરી મેં મારા વિદ્યાભ્યાસ પૂરતા રૂપિઆ સંચિત કરી લીધા હતા. મારો માસિક ખર્ચ કેવલ ૨૫) રૂપીઆનો હતો.

જે વિદ્યાર્થીઓ બાગમાં કામ કરે છે તેમને તેમની મહેનતના પ્રમાણમાં વધારે મજુરી મળે છે; પરંતુ તેમનું કામ અતિ કઠિન હોય છે અને તેમને ખર્ચ પણ અધિક કરવો પડે છે. ઘણા મજુરો બાગબાનીનું કામ કરવા જાય છે. આ ગ્રીષ્મઋતુમાંજ Columbia કોલંબિયાના સમુદ્રમાં સામન માછલી પકડવાનો ધંધો ચાલે છે. ઘણા વિદ્યાર્થીઓ આ ધંધામાં પણ જોડાય છે. તેમને રોજના આઠ દશ રૂપીઆ મળે છે.

અહીં અમે અમેરિકાના બાગો સંબંધી બે ચાર વાતો લખીએ તો પાઠકો અમને ક્ષમા કરશે. આપણા દેશના લોકોને વનસ્પતિ વિદ્યાનું કાંઈ પણ જ્ઞાન નથી. અમેરિકાનાં પ્રાયઃ સર્વ સંસ્થાનોમાં સરકાર તરફથી Experiment Stations સ્થાપિત થયેલાં છે. તેમાં જંતુવિદ્યાનિપુણ પંડિતો કૃષિ અને ફલો સંબંધી બારીક અભ્યાસ કરે છે. જો કોઇ વાર કોઇ ખેતર કે બાગને કોઇ પ્રકારની હાનિ થાય છે તો એ પંડિતો તે સ્થળે જઇને તેનું કારણ શોધી કાઢવાનો પ્રયત્ન કરે છે. પ્રતિવર્ષ ગ્રીષ્મઋતુમાં સરકાર તરફથી વિદ્વાન અધ્યાપકો કૃષિકારોના લાભને માટે કૃષિવિદ્યા સંબંધી અતિ ઉપયોગી વ્યાખ્યાનો આપે છે અને તેમને કૃષિવિદ્યા તથા વનસ્પતિ વિદ્યાનું રહસ્ય સમજાવે છે. દોઢ બે મહિના સુધી વ્યાખ્યાન ચાલે છે. કૃષિકારોને આથી ઘણો લાભ થાય છે. તેમને વૃક્ષોના ગુણદોષ, તેમની આદતો, તેમના શત્રુ મિત્ર એ સર્વનું જ્ઞાન કરાવવામાં આવે છે. તેઓ પ્રત્યેક વિષય વૈજ્ઞાનિક પ્રણાલીથી એવી ઉત્તમ રીતે સમજાવે છે કે શ્રોતાઓને તેથી બહુ આનંદ સાથે જ્ઞાન પ્રાપ્ત થાય છે. આપણા દેશના કૃષિકારોની પેઠે અમેરિકાના કૃષિકારો મૂર્ખ હોતા નથી. તેઓ પોતાના ધંધામાં પારંગત હોય છે. તેઓ જે કામ હાથમાં લે છે તેની સિદ્ધિને માટે પોતાની બુદ્ધિનો સારી રીતે ઉપયોગ કરે છે.

કૅલિફોર્નિયાના એક મોટા બાગમાં એકવાર સેબ (સફરજન) નાં

વૃક્ષોને કીડા લાગ્યા, ફ્લોની ઘણી હાનિ થઈ. આઠ નવ લાખ ડૉલરની કિમ્મતનાં સેબફળ નષ્ટ થઈ ગયાં. બાગના માલિકે પોતાની સરકારને આ સંબંધે એક પત્ર લખ્યો. સરકારે જંતુવિદ્યાનિપુણ પંડિતો મોકલી આપ્યા. તેમણે આવીને સેબવૃક્ષપર લાગેલા કીડાની તપાસ કરી. તેમનો સ્વભાવ જાણી લીધો. તે શું ખાય છે તેની તપાસ કરી. તેમણે આ તપાસમાં કેટલાક મહિના ગુમાવ્યા અને અંતે એક એવો રસ તૈયાર કર્યો કે જે ઉક્ત કીડાનો નાશ કરી નાખે. બીજે વર્ષે તે બાગમાં સેબનાં વૃક્ષો ખૂબ ફળ્યાં; અને બાગના માલિકને આગળ કરતાં ચોગણો નફો થયો.

ભારતવર્ષમાં અનેક પ્રકારનાં ફળો થાય છે. ખાસ કરીને કેરી પુષ્કળ થાય છે. છતાં આપણા લોકો કેરીનો વ્યાપાર કેમ વધારવો તે જાણતા નથી. તેઓ ફળોનો ઉષ્ણતામાંથી બચાવવાનો ઉપાય જાણતા નથી. ગરમીને લીધે ફળ જલદી કોહી જાય છે. આપણા લોકો તેમને કોહી જતાં કેમ બચાવવાં તે જાણતા નથી. સૅન્ફ્રાન્સિસ્કોથી ન્યૂયૉર્ક સાડાત્રણ હજાર માઇલના અંતરપર છે, પરંતુ સૅન્ફ્રાન્સિસ્કોથી લાખો રૂપીઆનાં ફળ ન્યૂયૉર્ક મોકલવામાં આવે છે. તે રસ્તામાં કોહી જતાં નથી તેનું કારણ શું? અમેરિકાના દક્ષિણ ભાગનાં સંસ્થાનોમાં સખ્ત ગરમી પડે છે. ત્યાં એકસો દશ ડીગ્રીથી ઉપર પારો ચાલ્યો જાય છે. આવી અવસ્થામાં કોઇ ખાસ યુક્તિ વિના આટલે દૂર ફળ મોકલી શકાય નહિ. પોતાના દેશનો વ્યાપાર વધારવાને માટે અમેરિકન લોકોએ "રેફ્રિજેટર" નામનો ગાડીનો ડબ્બો તૈયાર કર્યો છે, અને એ ડબ્બામાં મૂકીને ફળોને દેશદેશાંતર મોકલવામાં આવે છે. આ પ્રકારના ડબ્બામાં એક ખાનું બરફને માટે રહે છે અને શેષ ભાગમાં ફળોની પેટીઓ રાખવામાં આવે છે. હવાની આવજાને માટે ડબ્બામાં બાકોરાં રાખવામાં આવેલાં હોય છે. ફળોને બહારની ગરમીથી બરફ

બચાવે છે અને કોહવા દેતું નથી. આ એકજ યુક્તિથી અમેરિકનોએ અબજો રૂપીઆનો વ્યાપાર વધાર્યો છે. હાલમાં અમેરિકાનાં ફળો આખા જગતની બજારોમાં વેચાય છે.

તે સિવાય અમેરિકનો નવાં નવાં ફળો શોધી કાઢવાની તજવીજમાં પણ પડેલા છે. કાંટાવાળાં ફળોના કાંટા દૂર કરવા, મોટા ગોટલાની નાની ગોટલી બનાવવી, વિશેષ ખાટાં ફળોની ખટાશ દૂર કરવી, આવી આવી શોધોમાં અમેરિકનો નિમગ્ન થયેલા છે. એકવાર એક બાગમાં એક નવીન પ્રકારનો કીડો જોવામાં આવ્યો. તે કીડાનો નાશ કરવાને માટે ઘણા ઉપાયો કરવામાં આવ્યા, પરંતુ કાંઇ પણ સફલતા પ્રાપ્ત થઇ નહિ. આ જાતના કીડાઓએ લાખો રૂપિયાનું નુકસાન કર્યું. આથી અમેરિકન સરકાર અતિ ગુંચવણમાં પડી અને તેણે પોતાના અનેક વૈજ્ઞાનિકોને દેશ દેશાંતર મોકલ્યા. ઉક્ત કીડાનો નાશ કરવાની વિધિ શોધી કાઢવાનો તેનો આશય હતો. દીર્ઘ પ્રયત્ન કર્યા પછી જાપાનમાંથી એક એવો કીડો મળી આવ્યો કે જે ઉક્ત કીડાનો ઘોર શત્રુ હતો. તેની સંતતિને અમેરિકાના બાગોમાં લાવવામાં આવી અને તેને હાનિકારક કીડાની પાસે છોડી મૂકવામાં આવી. ધીમે ધીમે જાપાની કીડાની વૃદ્ધિ થઈ અને તેમણે પેલા ફલભક્ષક કીડાનો નાશ કરી નાખ્યો. આ પ્રકારે અમેરિકન લોકો દ્રઢ નિશ્ચયી અને હિમ્મતવાન છે. તેઓ પોતાના નિશ્ચય અને ચાતુર્યને માટે જગતમાં પ્રસિદ્ધ છે. તેમણે બીજ રહિત સંત્રાં બનાવ્યાં છે. તે નેવલ નામથી ઓળખાય છે અને ખાવામાં અત્યંત મીઠાં લાગે છે. અરીઝોના સંસ્થાનમાં બહુ સખ્ત તાપ પડે છે. ત્યાં પહેલાં કોઇ પણ પ્રકારનાં ફળ થતાં નહોતાં. ત્યાંની જમીન રેતાળ હતી. અમેરિકન સરકારે કેટલાક લાખ રૂપિઆ ખર્ચી ત્યાં એક બંધ બંધાવ્યો, તેનું નામ "રોઝવે રેઝરવૉયર" છે. આ જલાશયદ્વારા અરીઝોનાની

ભૂમિને જલસિંચન કરવામાં આવે છે. હવે આ પ્રદેશમાં ઉત્તમ પ્રકારનાં સંત્રાં થાય છે. ભારતવર્ષમાં કાંઇ પાણીનો તોટો નથી, આપણા દેશમાં મોટા મોટા પહાડો અને નદીઓ આવેલી છે; તે છતાં પણ આપણા લોકોને પાણીની અછતથી મહા કષ્ટ સહન કરવું પડે છે ! જો આપણા દેશના લોકો કલાકૌશલ્ય શીખે અને પ્રકૃતિના આપેલા પદાર્થોનો યથાર્થ ઉપભોગ લઇ શકે તો તેમને કાંઇ પણ કષ્ટ પડે નહિ; પરંતુ આપણા લોકો તો કાંઇ કરવા માગતાજ નથી, તેઓ કેવલ બીજાઓની ઉપર બોજારૂપ થઇ પડવાની વાત જાણે છે. આપણને ભીખ માગવાની આદત પડી છે, તેથી આપણે કાંઇ પણ કરી શકતા નથી.

હવે અમે બાગ સિવાય વિદ્યાર્થીઓ ક્યાં ક્યાં કામ કરે છે તે જણાવવાને પ્રવૃત્ત થઇશું. જે વિદ્યાર્થી કોઇ પણ પ્રકારનો હુન્નર જાણતો હોય તેને અમેરિકામાં ધન કમાવું અતિ સહેલું છે. વિદ્યાર્થીઓ કોઇ ને કોઈ હુન્નર અવશ્ય શીખી લે છે. જેમકે, કપડાં શીવવાં, ઘડીઆળ સમારવી, જોડા બનાવવા, સુતારી કામ કરવું, નામું લખવું, ઇત્યાદિ. આવો હુન્નર જાણનાર વિદ્યાર્થી બે ચાર કલાક કામ કરી પોતાના ખર્ચ પૂરતા પૈસા કમાઇ લે છે. આપણા દેશમાં જ્યારે એક માણસ બીજાને મળે છે ત્યારે પહેલો પ્રશ્ન એ પૂછે છે કે, " આપ જાતના કોણ છો ? " અમેરિકામાં લોકો એવો પ્રશ્ન કરે છે કે "What is your trade ? " (આપ શું ધંધો કરો છો ?) તે દેશમાં સર્વ માણસો મહેનત–મજુરીનાં કામ શીખી પોતાને સ્વતંત્ર બનાવી લે છે, કારણ કે તેઓ સાહિત્ય સંબંધી શિક્ષા Culture તો સભ્યતાને-માટે પ્રાપ્ત કરે છે. આપણને શાળામાં જે શિક્ષા મળે છે તે કાંઇ નોકરી કરવાને માટે નથી. લખતાં વાંચતાં તો પ્રત્યેક મનુષ્યને આવડવુંજ જોઇએ. માત્ર લખી વાંચી જાણવું એનું નામ કાંઇ ખરી શિક્ષા નથી. આપણા લોકો શિક્ષાનો ખરો અર્થજ જાણતા નથી; અને એજ કારણથી આપણી અધોગતિ થઇ છે,

( ૬ )

હવે અમે પાઠકોને અમેરિકાના વિદ્યાર્થીઓ સંબંધી બીજી કેટલીક આશ્ચર્યજનક વાતો જણાવીએ છીએ. પ્રતિવર્ષ ગ્રીષ્મઋતુમાં સેંકડો વિદ્યાર્થીઓ અમેરિકાથી યુરોપ જાય છે. તેમની પાસે ઘણા થોડા રૂપીઆ હોય છે. હાઇસ્કૂલ અથવા કૉલેજની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ આ છાત્રો યુરોપની યાત્રા કરવા નીકળે છે. ન્યૂયૉર્કથી માંચેસ્ટર જે સ્ટીમરો જાય છે તેની ઉપર તેમને નોકરી મળી જાય છે. તેઓ ઘણું કરીને પોતાની સાથે બાઇસીકલ પણ લેતા જાય છે. ઇંગ્લાંડની સડકો ઘણી સારી છે, તેથી ત્યાં બાઇસીકલો ઘણી ઉપયોગી થઇ પડે છે, અને ભ્રમણમાં ઘણો આનંદ આવે છે. જ્યારે ઇંગ્લાંડ અને સ્કૉટલેંડની યાત્રા પૂરી થઈ જાય છે ત્યારે તેઓ યુરોપના બીજા દેશોમાં જાય છે. તેઓ બાઇસીકલદ્વારા તે આખા ખંડની મુસાફરી કરે છે. અમેરિકા કરતાં યુરોપમાં ખર્ચ ઘણો ઓછો થાય છે તેથી આ સહેલાણી વિદ્યાર્થીઓ માત્ર થોડા રૂપીઆમાં યાત્રા કરી શકે છે. ત્રણ ચાર મહિના યુરોપની યાત્રામાં ગાળી તેઓ પોતાના દેશમાં પાછા ફરે છે, અને પછી યુનિવર્સિટીમાં દાખલ થઇ વિદ્યાભ્યાસ કરે છે.

હવે વિચાર કરો ! એક તરફ આ વિદ્યાર્થીઓ છે કે જેઓ આટલો બધો અનુભવ પ્રાપ્ત કરી કૉલેજમાં પ્રવેશ કરે છે; અને બીજી તરફ આપણા વિદ્યાર્થીઓ છે કે જેમને પોતાના દેશની સ્થિતિ પણ જ્ઞાત હોતી નથી ! તેઓ માત્ર પુસ્તકોના કીડા હોય છે. બહારના જગતનું તેમને કાંઇ પણ અનુભવજન્ય જ્ઞાન હોતું નથી. ઘણા અમેરિકન વિદ્યાર્થીઓ હાઇસ્કૂલમાં ઉત્તીર્ણ થઇ જગતનું ભ્રમણ કરવા નીકળે છે. તેઓ આ પ્રકારે એક વર્ષપર્યંત જ્ઞાન પ્રાપ્ત કરે છે. પછી તેઓ કૉલેજમાં પ્રવેશ કરે છે. જુઓ, આપણા વિદ્યાર્થીઓ અને તેમની વચ્ચે કેટલો ભેદ છે !

હવે અત્ર એ જણાવવું અનુચિત થઇ પડશે નહિ કે અમેરિકન વિદ્યાર્થીઓને ન્યૂયૉર્કથી માંચેસ્ટર અથવા લીવરપૂલ જતાં સ્ટીમરપર શું શું કરવું પડે છે. જ્યારે હું અમેરિકાથી ઇંગ્લાંડ આવ્યો હતો ત્યારે મેં પણ સ્ટીમરપર નોકરી સ્વીકારી લીધી હતી. મારે બળદોને ઘાસ-ચારો નાખવાનું કામ કરવું પડતું હતું. અમેરિકાથી પ્રત્યેક મહિને ઘણા બળદો ઇંગ્લાંડમાં આવે છે. તેમની રક્ષાને માટે માણસોની જરૂર પડે છે. મોટે પરોઢીએ સાડાત્રણ વાગે ઉઠી અમે સૌથી પહેલાં બળદોને પાણી પાતા હતા. ત્યાર પછી તેમને ઘાસ નીરવામાં આવતું હતું. પ્રાયઃ દશ વાગે સર્વે ખલાસીઓ ઘાસની ગાંસડી નીચેથી ઉપર લઇ જવાનું કામ કરતા હતા. ત્યાર પછી બળદોને મકાઇ નાખવામાં આવતી હતી. પ્રાયઃ ત્રણ વાગે ઘાસ આદિ સાફ કરી બળદોને ગોતર ખવરાવતા હતા. આ પ્રકારે અમારે દરરોજ સાત આઠ કલાક કામ કરવું પડતું હતું. સ્ટીમરવાળો અમને ભોજન આપતો હતો અને અમારૂં ભાડું માફ કર્યું હતું. અમેરિકન વિદ્યાર્થીઓ આવાંજ કામ કરી આટલાંટિક મહાસાગર ઓળંગી જાય છે.

( ૭ )

આપણા દેશના લોકોની પેઠે અમેરિકાવાસીઓ મજુરી કરનાર-પ્રત્યે ઘૃણા રાખતા નથી. માલિક અને મજુર એક સમાન ગણાય છે. જે ખેતરમાં હું કામ કરતો હતો ત્યાં અમે સર્વ એક સ્થળે ખુરશીઓ-પર બેસી ભોજન કરતા હતા, કાંઇ ભેદભાવ રાખવામાં આવતો નહોતો. અમેરિકામાં આજ કારણથી સર્વ જણને મજુરી કરવાની હિમ્મત થાય છે. જેઓ આત્માવલંબી બની વિદ્યાભ્યાસ કરે છે તેમને સમાજ ઘણું માન આપે છે. તેમને સર્વત્ર આદરની દ્રષ્ટિથી જોવામાં આવે છે. યુનિવર્સિટીના પ્રોફેસરો આત્માવલંબી વિદ્યાર્થીઓની ઘણી પ્રતિષ્ઠા કરે છે. તેઓ પોતાની શક્તિ અનુસાર તેમને ઉત્સાહિત પણ કરે છે. કેટલાક

કરોડપતિઓના છોકરાઓ પોતાનાં માબાપ પાસેથી પૈસા નહિ લેતાં પોતાના બાહુબલથી ધન કમાઇ વિદ્યાભ્યાસ કરે છે. આવા વિદ્યાર્થીઓને સર્વ સ્થળે માન મળે છે. મીલો અને ખાણોના માલિકો આત્માવલંબી વિદ્યાર્થીઓને સૌથી પ્રથમ નોકરી આપે છે. વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ પણ એક બીજાને સાહાય્ય કરવામાં પાછી પાની કરતા નથી. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું નિર્ધન વિદ્યાર્થીઓ પ્રત્યેનું વર્તન બહુ પ્રેમભર્યું હોય છે.

અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ ઘણા થોડા છે; અને જે કેટલાક છે તેઓ મહેનત મજુરી કરી શકતા નહિ હોવાથી બહુ કષ્ટ ભોગવે છે. ન્યૂયૉર્કમાં આપણા બે વિદ્યાર્થીઓ આજ કારણથી ભૂખે મરી ગયા હતા. આ બન્ને વિદ્યાર્થીઓ ભારતવર્ષથી તરતના આવેલા હતા. શિયાળાની ઋતુ હતી. તેમનાથી કામ થતું નહોતું. જ્યારે તેમની પાસેના રૂપીઆ ખલાસ થઈ ગયા ત્યારે તેઓ નોકરીની તલાસ કરવાને બદલે પોતાના ઓરડામાં ભરાયા અને આત્મહત્યા કરી! ભારતમાં ઘણા લોકો ભીખ માગીને નિર્વાહ કરે છે, પરંતુ અમેરિકામાં કાયદાથી ભીખ માગવાની મના કરવામાં આવી છે. ભીખ માગનારને કેદખાનાની સજા મળે છે અને ઉદ્યોગી પુરુષને સર્વ માણસો ચાહે છે. જે વર્ષે હું ઓરિગન વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો તે વર્ષે મજુરી ઘણી ઓછી મળતી હતી. મારૂં વિદ્યાભ્યાસનું વર્ષ પૂર્ણ થયા પછી મેં નોકરીની તલાસ કરી. મારા પ્રેસિડેન્ટનો ભલામણ પત્ર લઇ મેં અતિ મુસ્કેલીથી નોકરી મેળવી. યુજીનથી થોડા અંતરપર વેન્ડલીંગ નામનો એક કસબો છે. ત્યાં બૂથકૅલે કંપનીની એક મોટી મીલ છે. તે મીલમાં હું કામ કરવાને ગયો. રોજના પોણા છ રૂપિઆના હિસાબે મને મજુરી મળતી હતી. ત્યાંના મજુરો પ્રથમ તો હું ભારતીય છું એ વાત જાણતા નહોતા. તેઓ મને ફ્રેંચ ધારતા હતા. એક દિવસ એક વૃદ્ધ મજુર

મારી પાસે આવ્યો અને તેણે મને પોતાના દેવળમાં વ્યાખ્યાન આપવાનું કહ્યું. તેના કહેવાથી મેં 'ભારતવર્ષની વર્તમાન સ્થિતિ' એ વિષયપર વ્યાખ્યાન આપવાનું કબૂલ કર્યું. નિયત સમયે દેવળમાં પુષ્કળ માણસો એકત્ર થયા અને મેં તેમને ભારતવર્ષની દશાનું ચિત્ર ખેંચી બતાવ્યું. લોકો મારૂં વ્યાખ્યાન સાંભળીને બહુ પ્રસન્ન થયા અને મારા પ્રત્યે ઘણી સહાનુભૂતિ ધરાવવા લાગ્યા. વ્યાખ્યાન આપીને જ્યારે હું મારા ઓરડા તરફ આવ્યો ત્યારે મેં તેનું બારણું ઉઘાડું જોયું. આથી મને કાંઇ વિશેષ આશ્ચર્ય થયું નહિ, કારણ કે મેં ધાર્યું કે કદાચ ઉતાવળમાં મારાથીજ આ ભૂલ થઈ ગઇ હશે. તેમજ મારી પાસે કાંઈ એટલો બધો સામાન પણ નહોતો કે તે ચોરાઈ જવાનો મને ભય ઉપજે. હું ઓરડામાં જઇને નચિંતપણે સૂઈ ગયો. સવારે ઉઠીને જ્યારે હું રસોઈ કરવા મંડ્યો ત્યારે મને ચૂલો સળગાવતાં ઘણી મુસ્કેલી નડી. ચૂલામાંથી ધૂમાડો બહારજ નીકળતો નહોતો. હું આથી બહુ આશ્ચર્ય પામ્યો. તપાસ કરતાં તેનું કાંઈ કારણ જણાયું નહિ. હું રસોઈ કરવી માંડી વાળી ભૂખ્યોજ મીલમાં કામ કરવા ચાલ્યો ગયો; કારણકે બરાબર સાત વાગે મીલમાં જવું જોઇતું હતું. કામ કરીને બાર વાગે જ્યારે હું ઘેર પાછો ફર્યો અને ધ્યાનપૂર્વક ચૂલાનું નિરીક્ષણ કર્યું ત્યારે મને પ્રતીત થયું કે ધુમાડીઆમાં કોઈએ કપડાં ડેસવી દીધાં હતાં. મેં તે કપડાં કાઢીને બહાર ફેંક્યાં અને રોટલી બનાવીને ખાધી. મારા દિલમાં ઘણો ગુસ્સો આવ્યો હતો; અને કયા ધૂર્તે મારી સાથે આવી મસ્તી કરી હતી તે હું જાણવા માગતો હતો. વ્યાખ્યાન થયું તેથી એક દિવસ પૂર્વે એક મજુર મારે ઘેર આવ્યો હતો અને મેં ધાર્યું કે તેનીજ આ મસ્તી હશે. જ્યારે એક વાગે હું પાછો કામે ગયો ત્યારે મેં તે મજુરને સાધારણ રીતે પૂછ્યું:—

"તમારે આવું ખરાબ કાર્ય કરવું જોઈતું નહોતું."

તેણે કહ્યું:-"કયું ?"

"હવે તમે અજાણ્યા શીદ બની જાઓછો? તમેજ મારા ઓરડામાં જઈ ચૂલાના ધુમાડીઆમાં કપડાં ઠેસવી દીધાં હતાં." મેં કહ્યું. આ સાંભળી તે ગુસ્સાથી બોલ્યોઃ-" મેં એ કામ કર્યું નથી."

"બહુ સારૂં" એમ કહીને મેં મૌન ધારણ કર્યું અને મારૂં કામ કરવા માંડયું. તે મજુરે પોતાના એક સાથી મારફતે મને મારવાની ધમકી આપી. પરંતુ તે ધમકીથી હું ડરી જાઉં એવો નહોતો. મેં એવા અનેક ગોરાઓને માર્યા હતા. તે ગોરા દૂતને મેં ઉત્તર આપ્યો કે:-

"તે ભીરુને જઈને કહો કે હું એને એવો મારીશ કે યાદ કર્યાં કરશે." મારો ઉત્તર સાંભળી તે ધૂર્ત ગોરાએ મારી વિરુદ્ધ વાતો ઉરાડવા માંડી. તે જાણી ગયો હતો કે મારી જન્મભૂમિ ભારતવર્ષ છે. આ વાત સર્વ જાણતા હતા અને ભારત અનાથ છે એ વાત પણ તેઓ જાણતા હતા. આથી તે મજુરોએ ધાર્યું કે હું તેમનાથી ડરી જઇશ. બાલ્યાવસ્થાથી મને કુસ્તીનો અભ્યાસ હોવાથી મને પૂર્ણ વિશ્વાસ હતો કે હું મારાથી દોઢા સામર્થ્યવાળા માણસને પણ હરાવી શકીશ. પેલો મજુર પણ જાણતો હતો કે આ હિંદુ કાંઇ બાલક નથી. તેણે પોતાના મિત્રોને મારી વિરુદ્ધ ઉશ્કેરવા માંડ્યા. તે સર્વ જણે મને મારવાનો મનસુબો કર્યો. એ સર્વ એકજ ગામના મજુર હતા. પૅસિફિક કોસ્ટ પર હિંદુઓની વિરુદ્ધ જે હિલચાલ ચાલી હતી તેની અસર તેમની ઉપર પણ થઈ ચૂકી હતી. જ્યાંસુધી હું હિંદુ છું એ વાત તેઓ જાણતા નહોતા ત્યાં સુધી તો તેઓ મારાપર અતિ પ્રસન્ન રહેતા હતા, તેઓ મારા પ્રત્યે ત્યાં સુધી લેશ પણ ઘૃણા ધરાવતા નહોતા; પરંતુ જ્યાં તેમણે મારા દેશનું નામ જાણ્યું કે તત્કાલ પોતાનું વર્તન બદલી નાખ્યું. તેમણે મને ત્યાંથી કાઢી મૂકવાનો દ્રઢ નિશ્ચય કર્યો.

એક દિવસ બપોરે બાર વાગ્યા પછી જ્યારે સીટી વાગી અને

મજુરો ભોજન કરવાને ચાલ્યા ત્યારે હું પણ મારા મિત્ર હૅમિલ્ટનને સાથે લઇ મારા ઓરડા તરફ ચાલ્યો. હૅમિલ્ટનની વય સત્તર વર્ષની હતી અને તે બહુ હૃષ્ટપુષ્ટ હતો. મારાપર તે બહુ શ્રદ્ધા રાખતો હતો. જો લડાઈ થાય તો મારાં ચશ્માં તેને આપવાના ઈરાદાથી મેં તેને મારી સાથે લઇ લીધો, કારણ કે લડાઇમાં મને કેવળ ચશ્માંનોજ ભય હતો. તે સમયે તે મજુરો મારી સાથે લડયા નહિ, પરંતુ ગુપચુપ ભોજન કરવાને ચાલ્યા ગયા. સાંજે પાંચ વાગ્યા પછી જ્યારે મીલમાંથી છૂટી થઈ અને હું મારી ટપાલ લેવાને માટે પોસ્ટઑફિસમાં ગયો ત્યારે મારા વિરોધીઓ પૈકી એક આવીને મને કહ્યું: “આજે સાવચેત રહેજો, આજે અમે આવી શું.” મેં કહ્યું: “બહુ સારૂં.” પોસ્ટઑફિસથી મારા ઓરડા તરફ પાછો ફરતાં હું મારા મિત્ર વૃદ્ધ મજુરના ઘર તરફ જવા લાગ્યો. તે ઘરમાં હતો નહિ. તે ઘરની સ્વામિનીને હું કહેતો આવ્યો કે, “મહાશય જેકબ્સ જ્યારે આવે ત્યારે તેમને મારે ઘેર મોકલજો.” પછી હું મારા ઓરડામાં આવી રોટલી બનાવવા લાગ્યો. હું રોટલી બનાવતો હતો એવામાં મહાશય જેકબ્સ આવી પહોંચ્યા. મેં તેમને આદર સહિત બેસાડયા. રોટલી તૈયાર થઈ એટલે હું ખાવા બેસી ગયો. ખાતો ખાતો હું મારા મિત્રની સાથે વાત પણ કરતો જતો હતો. જેકબ્સને આવ્યાને થોડીજ વાર થઇ એટલામાં મારા વિરોધીઓની ટોળી આવી પહોંચી, પરંતુ તેમણે જ્યારે મહાશય જેકબ્સને અંદર બેઠેલા જોયા ત્યારે તેઓ બહારજ ઉભા રહી ગયા. એક મજુરે અંદર આવી મને કહ્યું: “તમને પેલા લોકો બહાર બોલાવે છે.” મેં ધીમેથી ઉત્તર આપ્યો: “તેમને કહી દો કે અંદર આવો.” તે આખી ધૂર્ત મંડળી અંદર આવીને બેસી ગઇ. તે ટોળીનો નેતા એક જર્મન હતો. તેણે અતિ પ્રેમથી મારી સાથે વાર્તાલાપ કરવા માંડયો અને સર્વ ઝઘડાનું કારણ પૂછ્યું. મેં તેને થોડાજ શબ્દોમાં

સર્વ હકીકત સમજાવી દીધી. તે સાંભળી તે શાંત થઇ ગયો. તેણે અમારી વચ્ચે સુલેહ કરાવી દીધી. ત્યાર પછી પેલી મંડળી ઉઠીને ચાલી ગઇ. મહાશય જેકબ્સે મને કહ્યું:—

"આપ નિડર રહેજો. યુનાઇટેડ સ્ટેટસમાં કોઇ પણ માણસ કોઇની ઉપર અત્યાચાર કરી શકતો નથી. જો તે અત્યાચાર કરે તો તેને સજા થશે. આ દેશનો કાયદો અમેરિકાવાસીઓની પેઠેજ વિદેશીઓની પણ રક્ષા કરે છે." ત્યાર પછી મહાશય જેકબ્સ ચાલ્યા ગયા.

તે મંડળી પાછી ફરવાથી બીજા લોકોએ તેને સખ્ત ઠપકો આપ્યો અને કહ્યું કે, "તમે અત્યંત નીચ, અને કાયર છો, કારણ કે તમે માત્ર એક માણસની સામે આટલા બધા એકત્ર થયા છો. જો લડવુંજ હતું તો એક માણસે જવું હતું." આથી લજ્જિત થઇને તે મંડળીએ મારાપર વૈર લેવાનો નિશ્ચય કર્યો. તેઓ રાતના શુમારે બે વાગે મારા ઘરપર પત્થર ફેંકતા હતા. એવામાં ઉક્ત મીલનો માલિક યુજીનથી આવી પહોંચ્યો. જ્યારે આ ઝઘડાની હકિકત તેના જાણવામાં આવી ત્યારે તેણે પોતાના મીલના જમાદારને કહ્યું કે, "તમે આ ધૂર્તોને કાઢી મૂકો." તે સર્વ માણસોને એક પછી એક મીલમાંથી હાંકી કાઢવામાં આવ્યા. ગામના લોકોએ એક સભા ભરી મારા પક્ષનું સમર્થન કર્યું અને ઉક્ત મજુરો પ્રત્યે સખ્ત તિરસ્કાર પ્રદર્શિત કર્યો.

કહેવાનું તાત્પર્ય એ છે કે અમેરિકાના લોકો આત્માવલંબી વિદ્યાર્થીઓને ઘણી સાહાય્ય આપે છે અને તેમના પ્રત્યે ખરી સહાનુભૂતિ દર્શાવે છે. લોકો આવા વિદ્યાર્થીઓને ઘણા ચાહે છે, અને તેમને યથાશક્ય ઉત્તેજન આપે છે.

## (૮)

ભારતીય વિદ્યાર્થીઓ સિવાય બીજા દેશના નિર્ધન વિદ્યાર્થીઓ પણ અમેરિકા જાય છે. તેઓ ત્યાં ભિન્ન ભિન્ન વિશ્વવિદ્યાલયોમાં

અભ્યાસ કરે છે. ચીન અને જાપાનના વિદ્યાર્થીઓ પ્રાયઃ સર્વ વિદ્યાલયોમાં જોવામાં આવે છે. એ છોકરાઓ બહુધા આત્માવલંબી બની વિદ્યાભ્યાસ કરે છે. ચીના વિદ્યાર્થીઓને તેમની સરકાર અમેરિકામાં વિદ્યાભ્યાસ કરવાને માટે મોકલે છે, પરંતુ સરકાર તરફથી મોકલેલા વિદ્યાર્થી ઘણા થોડા છે. જાપાની વિદ્યાર્થીઓ ઘણી મોટી સંખ્યામાં અમેરિકા આવેલા છે. પૅસિફિક કોસ્ટપર જાપાની લોકોની ઘણી મોટી વસ્તી છે. એ લોકો એકબીજાને ઘણી સાહાય્ય કરે છે. પોતાનો ઉદ્દેશ પાર પાડવાને માટે જાપાની વિદ્યાર્થીઓ હર પ્રકારનું કામ કરવાને તૈયાર હોય છે. તેઓ કામ કરવાથી લેશ પણ ગભરાતા નથી. પુષ્કળ હૉટેલો અને દુકાનોમાં જાપાની છોકરાઓ કામ કરે છે. તે લોકોમાં એક મોટો ગુણ એ છે કે તેઓ દેશકાળને સમજે છે, અને પોતાની જાતને તેને અનુકૂળ બનાવી લે છે. જગતમાં સફલતા પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન એ છે કે મનુષ્યે પોતાના રીતરિવાજ અને સમાજના ગુલામ બનવું ન જોઇએ. તેણે જે ઉદ્દેશ ધારણ કર્યો હોય તેની સિદ્ધિને માટે હરેક પ્રકારનો આત્મભોગ આપવાને તત્પર રહેવું જોઇએ. અલબત્ત તેણે કોઇ એવું કામ કરવું ન જોઈએ કે જેથી તેનો આત્મા નિર્બળ બની જાય, આપણા દેશના વિદ્યાર્થીઓ પોતાની જાતને દેશકાળને અનુકૂળ બનાવવામાં ઘણા પાછળ છે. આજ કારણથી આપણા દેશના અધિકાંશ વિદ્યાર્થીઓ અમેરિકામાં ઘણું કષ્ટ ભોગવે છે. આપણે ચીના અને જાપાની વિદ્યાર્થીઓની પેઠે મજુરીની મહત્તા જાણવી જોઇએ, અને ખોટું અભિમાન છોડી દઈ રાત્રિદિવસ દેશસેવામાં રત રહેવું જોઈએ.

યુરોપના પ્રાયઃ સર્વ દેશોના વિદ્યાર્થીઓ અમેરિકન વિશ્વવિદ્યાલયોમાં શિક્ષા પ્રાપ્ત કરે છે. જો કે અમેરિકન પ્રજા યુરોપિયન જાતિઓના મિશ્રણથીજ બનેલી છે અને ત્યાં હરેક જાતિના લોકો જોવામાં આવે

છે, પરંતુ યુનિવર્સિટીઓમાં યૂરોપથી પોતાનાં ઘરબાર છોડીને ખાસ વિદ્યાભ્યાસ કરવાને આવેલા ઘણા વિદ્યાર્થીઓ મળી આવે છે. પોતપોતાના દેશના હિતાર્થે તેઓ મહેનતમજુરી કરીને વિદ્યાભ્યાસ કરે છે.

હવે અમે સ્વાવલંબનના સિદ્ધાંતથી મનુષ્યની ઉપર કેવી અસર થાય છે તે બતાવવાને પ્રવૃત્ત થઇએ છીએ. આ પુસ્તકના પ્રારંભમાંજ અમે આ સંબંધે સંક્ષિપ્ત વર્ણન કર્યું છે, પરંતુ હવે જરા વિસ્તારપૂર્વક વિવેચન કરવા માગીએ છીએ. અમેરિકાના સ્વાવલંબી વિદ્યાર્થીઓ શું શું કરે છે તે પાઠકોની જાણમાં આવી ચૂક્યું છે. હવે સ્વાવલંબનની વિધિઓ પણ વિદિત થઇ ચૂકી છે, તેથી એ સિદ્ધાંતના ગુણ સમજવામાં ઘણી સરલતા થઇ પડશે.

અમેરિકન જાતિપર આ સિદ્ધાંતે એટલી મોટી અસર કરી છે કે તે લોકો કઠિનમાં કઠિન કામ કરતાં પણ અચકાતા નથી. પ્રત્યેક બાલક અને બાલિકા પોતાના અધિકારોને માટે યુદ્ધ કરવાની શક્તિ ધરાવે છે. જો કોઇ તેમની સાથે અન્યાય કરે તો તેઓ નિર્ભયતાપૂર્વક સ્વત્વરક્ષાને માટે યત્ન કરે છે. કાયરતા તો તેમનાથી અનેક ગાઉ દૂર નાસી જાય છે, તેઓ શરીરરક્ષાને માટે નિત્ય વ્યાયામ કરે છે. તેઓ જાણે છે કે શારીરિક બળ વિના મનુષ્ય પોતાના અધિકારોની રક્ષા કરી શકતો નથી. મને આ વાતની પ્રતીતિ અમેરિકા ગયા પછી થઇ હતી. આપણા શમાં તો લોકો અધિકારરક્ષાનો અર્થ સુદ્ધાં જાણતા નથી. જે માણસ સૌના હાથનો માર ખાય અને હાથ જોડીને આજીજી કરી પોતાનો બચાવ કરે તેને આપણે ઘણો ભલો માણસ ગણીએ છીએ; અને જે લડાઇ કરે તેને આપણે મહા તોફાની ગણીએ છીએ. મને પણ મારાં માબાપે આવીજ શિક્ષા આપી હતી. અમેરિકા ગયા પછી મને પ્રતીત થયું કે જે માણસ ચુપચુપ માર ખાઇ લે તે અત્યંત ભીરુ અને કાયર છે. જગતમાં

આવા માણસનું જીવન વ્યર્થ છે. પહેલવહેલાં તો હું લડાઇ કરતાં ઘણો ડરતો હતો, જો કોઇ ગોરો મને ગાળ દે તો હું ચૂપ રહી જતો હતો, પરંતુ પાછળથી મને સમજાયું કે આ તો ભીરુતાની નિશાની છે. મેં પણ કર્યું હતું કે જે કોઇ મને છેડશે તેને માર્યાવિના રહીશ નહિ. બે ચાર વાર આવી ઘટના બની અને મેં ગોરા મજુરોને ખૂબ માર્યા, ત્યાર પછી તેઓ મને ઘણું માન આપવા લાગ્યા; કારણ કે પાશ્ચાત્ય દેશોના લોકો સ્વત્વરક્ષા કરનારને ઘણું માન આપે છે અને તેનેજ મનુષ્ય સમજે છે. અમેરિકાથી જ્યારે હું માંનચેસ્ટર તરફ આવતો હતો ત્યારે માર્ગમાં મારે એક હબસીની સાથે તકરાર થઇ. આ હબસી મજુરોનો નાયક હતો અને અમે સર્વ તેના તાબામાં કામ કરતા હતા. એક દિવસ પ્રાતઃકાળમાં આઠ વાગે સર્વ ખલાસીઓ સ્ટીમરના નીચલા ભાગમાંથી ઘાસની ગાંસડીઓ કાઢી ઉપર ચઢાવવાનું કામ કરતા હતા; તે હબસી નીચેના માળ ઉપર હતો અને અમે સર્વ ઉપરના માળપર ગાંસડીઓ ગોઠવતા હતા. હું એક બાજુએ ઉભો હતો અને બાકીના મજુરો બીજી બાજુએ ઉભા હતા. તે હબસીએ નીચેથી મને ઘુરકીને કહ્યું:—

" જા, પેલી તરફ ઉભો રહે. "

પ્રત્યુત્તરમાં મેં ગુસ્સાથી કહ્યું:—

" તમે તમારૂં કામ સંભાળો. "

આથી ક્રુદ્ધ થઇ તેણે મને મુક્કો બતાવી કહ્યું:–" આ જોયો ?"

મેં તેને મારો મુક્કો બતાવીકહ્યું:–" આ પણ કાંઇ ઓછો નથી. "

મોટા કાળાકાળા ડોળા બતાવી તે બોલ્યો:—" ઠીક, હું ઉપર આવ્યા પછી એની પરીક્ષા થશે. "

મેં કહ્યું:–" ઘણું સારૂં. "

ત્યાર પછી હું મારા કામમાં નિમગ્ન થઇ ગયો.

ઉક્ત હબસી મારા કરતાં ઘણો જબરો હતો અને ખાટકીનું કામ કરતો હતો. પોતાનું કામ સમાપ્ત કરી જ્યારે તે ઉપર આવ્યો ત્યારે મારા પ્રત્યે બોલ્યોઃ—

" તું મારી સાથે લડશે ? "

મેં કહ્યુંઃ—" તમે જો મને કાંઇ કહેશો તો હું પણ તમને તેનો સ્વાદ ચખાડીશ. હું તમારાથી જરા પણ ડરતો નથી. "

જ્યારે તે જરા આગળ વધ્યો ત્યારે મારા સાથી અમેરિકન મજુરોએ તેને ગુસ્સાથી કહ્યુંઃ—

" ખબરદાર, અમે સઘળા તને વળગી પડીશું. "

તે જરા સરખું મોં કરી પાછો હઠી ગયો અને તે દિવસથી તે મારી સાથે ઘણી સારી રીતે વર્તવા લાગ્યો. જો હું ડરી જાત તો તેના હાથનો માર ખાત, એટલુંજ નહિ પણ અમેરિકન મજુરો મારા પ્રત્યે ઘૃણા કરત. એટલા માટે મનુષ્યે સ્વત્વરક્ષાના સિદ્ધાંતનો મહિમા જાણવો જોઇએ. આ સિદ્ધાંતનું પાલન કરતાં જો આપણને આપણા કરતાં બળવાન માણસની સાથે પણ બાથ ભીડવી પડે તો તેથી આપણે જરા પણ ભયભીત થવું ન જોઇએ. સ્વાભિમાન એ મનુષ્યનું ભૂષણ છે. એ ભૂષણ નષ્ટ થવાથી મનુષ્યનું મનુષ્યત્વ નષ્ટ થઇ જાય છે; સ્વાભિમાનરહિત મનુષ્યને સર્વ જણ પદાક્રાંત કરી નાખે છે. બાલકોને બાલ્યાવસ્થાથીજ એવા સંસ્કાર પાડવા જોઇએ કે તેઓ પોતાની મુસ્કેલીઓ પોતાની જાતે દૂર કરતાં શીખે. જો બાલ્યાવસ્થાથીજ છોકરાઓને પોતાની જાત ઉપર નિર્ભર રહેવાનો અભ્યાસ પડે, જો તેમને પોતાની મુસ્કેલીઓ પોતાની જાતેજ દૂર કરવાની ફરજ પડે તો તેઓ સ્વત્વરક્ષા તથા શરીરરક્ષાનો મહિમા આપોઆપ સમજશે. જેઓ બાલ્યાવસ્થાથીજ બીજાઓને આધારે રહેતાં શીખે છે તેમના અવયવો દૃઢ થતા નથી, તેમનું આત્મબળ વધતું નથી, તેઓ ભીરુ બની જાય

છે. એટલા માટે મનુષ્યત્વના ગુણો શીખવવાને માટે બાલકોને સ્વાવલંબનનો પાઠ શીખવવાની જરૂર છે.

નેપોલિયને જ્યારે ઇટાલીપર આક્રમણ કરવાનો વિચાર કર્યો અને તેના સરદારોએ તેને કહ્યું કે, "સ્વિટઝર્લંડને રસ્તે જવાથી આલ્પ્સ પર્વત પ્રતિબંધક થઇ પડશે," ત્યારે તે વીરે ઉત્તર આપ્યો કે, "આલ્પ્સ હો કે ગમે તે હો, મારે તો ઇટાલી જવુંજ છે." તેને પોતાની જાત ઉપર ઘણો વિશ્વાસ હતો. તે કઠિનમાં કઠિન કામ કરતાં નડતરોથી કદિ પણ ડરી જતો નહોતો. માનવ ઇતિહાસમાં આવાં ઘણાં ઉદાહરણો મળી આવે છે. જે માણસોમાં આત્મશ્રદ્ધાનો મહાન સદ્‌ગુણ હોય છે તેઓજ પોતાના જીવનમાં સફલતા પ્રાપ્ત કરી શકે છે. આ ગુણ તેમનામાંજ આવી શકે છે કે જેઓ સ્વાવલંબનના સિદ્ધાંતને અનુસરે છે. જીવન એ એક સંગ્રામ છે. તેમાં તેજ માણસ વીર યોદ્ધો બની શકે છે કે જેણે આરંભથીજ યુદ્ધ કરવાની શિક્ષા પ્રાપ્ત કરી હોય. પ્રથમથી સ્વાવલંબનની ટેવ પાડવાથી મનુષ્યમાં વિશ્વાસની વૃદ્ધિ થાય છે. તેને પોતાની યોગ્યાયોગ્યતાની પ્રતીતિ થાય છે. મુસ્કેલીઓની સામે કેવી રીતે થવું તેનું રહસ્ય તે જાણી શકે છે.

ઉલટપક્ષે જે લોકો જીવનસંગ્રામનો મર્મ જાણી યુદ્ધ કરવાનો અભ્યાસ પાડતા નથી તેઓ નાના નાના વિરોધોથી પણ થરથર કંપી ઉઠે છે. તેમને કદિ યુદ્ધ કરવાનો પ્રસંગ આવે તો પોતાની જાત ઉપર શ્રદ્ધા રહેતી નથી. પરિણામ એ આવે છે કે તેમને સંસારના કોઇ પણ કામમાં સફલતા મળતી નથી. તેઓ પોતાનાં કાર્યો દગાબાજી, ઠગાઈ, ખુશામત અને કુકર્મદ્વારા સિદ્ધ કરે છે. આવા માણસો જે દેશમાં અથવા જે સમાજમાં હોય છે તેની ઘણી અધોગતિ થાય છે. એટલા માટે આપણે પણ અમેરિકનોની પેઠે આપણાં બાલકોને સ્વાવલંબનની શિક્ષા આપવી જોઇએ, કે જેથી તેઓ મહાનમાં મહાન

કાર્યો કરવામાં કદિ પણ પાછી પાની કરે નહિ. જો તેમને પોતાની જાત-પર શ્રદ્ધા હશે તો તેમને કોઇ પણ કાર્ય અસંભવિત લાગશે નહિ. સત્ય માનજો કે પ્રજાની ઉન્નતિને માટે આ ગુણની અતિ આવશ્યકતા છે.

સ્વાવલંબનનો ત્રીજો ગુણ એ છે કે તે મનુષ્યને કર્મવીર બનાવે છે. તે મનુષ્યની અંદર એવી અદ્દ્ભુત શક્તિ ભરી દે છે કે થોડાં સાધનો હોવા છતાં પણ તે મોટાં મોટાં કામો હાથ ધરવાને અચકાતો નથી. અંગ્રેજોએ આ ગુણના આધારેજ ભારતવર્ષની સાથે વ્યાપાર કરવા માંડ્યો હતો. એ ગુણથી તેમને શા શા લાભો થયા છે તે ઇતિહાસવેત્તાઓથી ગુપ્ત નથી. મોટી મોટી કંપનીઓ સ્થાપિત કરવી અને તેને સફલતા-પૂર્વક ચલાવવી એ કામ કર્મવીરતા વિના બની શકતાં નથી. બીજાઓનાં મુખ તરફ જોયા કરનારની કલ્પનાશક્તિ મારી જાય છે અને તેની દૃષ્ટિ સંકુચિત થઇ જાય છે. તેમને ઘણે દૂર સુધી દેખાતું નથી. તેની કલ્પના સંકીર્ણ બની જાય છે. તેનામાં કોઇ ઉચ્ચ અભિલાષા રહેતી નથી. ભારતવર્ષના લોકો આજે સર્વ જાતિઓથી પાછળ છે, તેનું કારણ એજ છે કે આપણા લોકોના જીવનનો ઉદ્દેશ કાંઇ પણ નથી. આપણા લોકો કેવળ આયુષ્યના દિવસો પૂરા કરે છે. તેમને જે કાંઇ થોડું ઘણું યદૃચ્છાથી મળી જાય છે તેટલાથીજ નિર્વાહ કરી તે પોતાનું જીવન સફળ થયેલું માને છે. "ઘરનો અર્ધો રોટલો સારો, પરંતુ બહારનો આખો રોટલો નકામો," એ તેમની અતિ પ્રિય કહેવત છે. પોતાના નિવાસસ્થાનથી પચાસ સાઠ માઇલના અંતરપર જવું એ તેમને માટે પરદેશયાત્રા છે. આપણે સ્વાવલંબનના સિદ્ધાંતને અનુ-સરતા નથી એજ કારણથી આપણામાં આવી સંકીર્ણતાએ વાસો કર્યો છે. જગતની ઉન્નત જાતિઓ અતિ વેગથી પ્રગતિ કરી રહી છે. અમેરિકાના લોકો આજે ઉન્નતિના શિખરપર આરૂઢ થયા છે તેનું ...એ છે કે તેમનાં બાળકો દેશદેશાંતરોમાં ભ્રમણ કરવામાં અને

ઉચ્ચ અભિલાષા ધારણ કરવામાં કોઇ પણ જાતિની પાછળ નથી. પચાસ વર્ષો પૂર્વે અમેરિકાનો વ્યાપાર સાધારણ હતો, પરંતુ આજે પૃથ્વીનો કોઇ પણ ભાગ એવો નથી કે જ્યાં અમેરિકાની વસ્તુઓ વેચાતી ન હોય. અમેરિકાના મોટા મોટા શ્રીમંતો માત્ર પોતાની હિમ્મતથીજ દ્રવ્ય કમાય છે. કારનેગી નિર્ધન માતાપિતાનો પુત્ર હતો. મહેનત મજુરી કરી ધીમે ધીમે સંતોષ અને ધૈર્યપૂર્વક તેણે પોતાની મહત્વાકાંક્ષા પૂર્ણ કરી. તેનું જીવન સ્વાવલંબનનું એક જીવતું જાગતું ઉદાહરણ છે.

ઇશ્વરે મનુષ્યોને ભિન્ન ભિન્ન પ્રકારની શક્તિઓ આપી છે. તેનો વિકાસ મનુષ્ય સ્વતંત્ર, સ્વચ્છંદી અને સ્વાવલંબી બને છે ત્યારેજ થઇ શકે છે. બીજાઓની ઉપર નિર્ભર રહેનારા માણસો પોતાના સદ્‌ગુણોનો ઉપયોગ કરી શકતા નથી, કેમકે તેમને તેમ કરવાનો અવસરજ પ્રાપ્ત થતો નથી. તેમનામાં ગુપ્ત રહેલી શક્તિઓ નિરુપયોગી થઇ જાય છે. પોતાના પ્રત્યેક કામમાં તેઓ બીજાઓની મદદ લે છે. આ આદત તેમને અત્યંત હાનિકારક થઇ પડે છે. જો તેઓ સ્વાવલંબી બની સ્વતંત્રતાપૂર્વક જીવન ગાળે તો તેમનું જીવન સાર્થક થઇ જાય. અમેરિકામાં આજે જે પુષ્કળ શોધો થાય છે તેનું કારણ એજ છે કે ત્યાંના વિદ્યાર્થીઓ પોતાનાં કામ સ્વતંત્ર રીતે કરે છે. પ્રકૃતિએ જે ગુણો તેમને આપ્યા છે તેમનો સ્વતંત્રપણે વિકાસ થવાથી અમેરિકા નિત્ય નવીન ફલો ઉપજાવે છે. અમેરિકનો પોતાના દેશ અને પોતાની જાતિના હિતને માટે નવાં નવાં યંત્રો બનાવે છે. જેથી તે દેશના લોકો ધનધાન્યસમ્પન્ન બની ગયા છે. આ પરથી આપને સમજાશે કે સ્વાવલંબનનો ચોથો ગુણ મનુષ્યની અંદર રહેલા પ્રાકૃતિક ગુણોનો વિકાસ થવો એ છે.

અમારા પાઠકોને અમેરિકાની ઉન્નતિનું કારણ જણાવવાને માટે અમે ઉપર થોડાક ગુણોનું વર્ણન કર્યું છે. અમેરિકાના લોકો મજુરીની

મહત્તા જાણે છે અને જે માણુસ જે અધિકારને પાત્ર હોય તેને તે અધિકાર આપવાને તૈયાર રહે છે. લાકડાં ચીરનાર ગરીબ માતપિતાનો પુત્ર અબ્રાહમલિંકન અમેરિકાનો પ્રેસિડેન્ટ બન્યો હતો. નિર્ધન કઠિયારાનો દીકરો ગ્રાન્ટ પોતાની વીરતાને લીધે અમેરિકાના રાજસિંહાસનપર બેઠો હતો. ગાર્ફીલ્ડ પણ નિર્ધન માતાપિતાનો પુત્ર હતો. સ્વાવલંબનના પથપર ચાલવાથીજ તે પોતાના દેશનો નેતા બન્યો હતો.

આવી ઘટના અમેરિકામાંજ બની શકે છે, કારણ કે ત્યાં મનુષ્યની પ્રત્યેક શક્તિને વિકાસ પામવાની સંધિ આપવામાં આવે છે. જ્યાં સુધી અમેરિકનો સ્વાવલંબનના સિદ્ધાંતને અનુસરશે ત્યાં સુધી તે દેશ એકસરખી રીતે ઉન્નતિ કરતો ચાલ્યો જશે. ઇશ્વર ન્યાયી છે; તેને કોઇ ખાસ જાતિજ પ્રિય નથી. જે લોકો તેની આજ્ઞા અનુસાર ચાલે છે તે સદા ઉન્નત થાય છે; અને જે તેની આજ્ઞાનો ભંગ કરે છે તેમને દુષ્કાળ, પ્લેગ આદિ ઘેરી લે છે.

ભારતવર્ષના યુવકો ! ચાલો, આપણે અમેરિકાના નિર્ધન વિદ્યાર્થીઓની પાસેથી કાંઇક શિક્ષા ગ્રહણ કરીએ. તેઓ આપણને એવો પવિત્ર સંદેશો આપે છે કે મજુરી કોઇપણ મનુષ્યને નીચ બનાવતી નથી. મહેનત મજુરી કરનારને સમાજના ઇતર સભ્યોના જેટલાજ અધિકારો પ્રાપ્ત છે. અમેરિકાના નિર્ધન વિદ્યાર્થીઓ આપણને જણાવે છે કે મજુરી કોઇપણ પ્રકારની હોય; પરંતુ જો તે પ્રમાણિકતા પૂર્વક કરવામાં આવે તો તેના કરનારને કદિ પણ પતિત ગણી શકાય એમ નથી. કિંબહુના જે માણુસ પોતાના શરીરના અવયવોનો યથાર્થ ઉપયોગ કરી પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે તેજ પરમાત્માનો સાચો પુત્ર છે. આજથી આપણે એવું પણ લેવું જોઇએ કે અમે મજુરી કરનારની કદિપણ ઘૃણા કરીશું નહિ; પરંતુ તેમને સદા માન આપી તેમને માટે શિક્ષાનો પ્રબંધ કરીશું.

પરમાત્મા પ્રત્યે હાથ જોડીને હું એવી પ્રાર્થના કરૂંછું કે "હે પ્રભો ! તમે અમારા વિદ્યાર્થીઓને આત્મબલ આપો, કે જેથી તેઓ સ્વાવલંબી થતાં શીખે; મજુરીની મહત્તા જાણી દેશનો વ્યવસાય વધારે અને જે દુર્ગુણો દેશમાં પ્રચલિત થઈ ગયા છે તેમને દૂર કરતાં જરાપણ ડરે નહિ."



# અમેરિકા પથપ્રદર્શક.

## ( પ્રશ્નોત્તર રૂપે )

---

**પ્રશ્ન ૧**—અમેરિકા ક્યાં આવેલો છે? અને ત્યાં જવાનો માર્ગ ક્યાંથી છે?

**ઉત્તર**—નવી દુનિયામાં યુનાઇટેડ સ્ટેટસ નામનો એક મહાન દેશ છે. તેનું ક્ષેત્રફળ યુરોપના જેટલું અને ભારતવર્ષથી બમણું છે. એનેજ અમેરિકા કહેવામાં આવે છે. એ દેશ નવી દુનિયાના ઉત્તર ભાગમાં આવેલો છે. એની ઉત્તરે કેનેડા, દક્ષિણે મૅક્સિકો તથા આટલાંટિક, પૂર્વે આટલાંટિક મહાસાગર તથા પશ્ચિમે પાસિફિક મહાસાગર અને બ્રિટિશ કોલંબિયા છે. એ દેશમાં જવાના અનેક રસ્તા છે; પરંતુ બે વિશેષ પ્રસિદ્ધ છે. એક રસ્તે કલકત્તાથી જાપાન થઇ પાસિફિક મહાસાગર દ્વારા સૅન્ફ્રાન્સિસ્કો તથા સિયેટલ જવાય છે; અને બીજેથી મુંબઇ દ્વારા યુરોપ થઈ આટલાંટિક મહાસાગર દ્વારા ન્યૂયૉર્ક અથવા બોસ્ટન જવાય છે. પહેલો રસ્તો પ્રવાસીઓને અમેરિકાના પશ્ચિમ ભાગમાં લઇ જાય છે અને બીજો અમેરિકાના પૂર્વ ભાગમાં પહોંચાડે છે.

આ બે રસ્તા સિવાય બીજા પણ રસ્તા અમેરિકા જવાના છે. મુંબઇથી જીનોઆ ( ઇટલી ) થઇ ફ્રેંચ બંદર માર્સેલ્સ જઈ ત્યાંથી અમેરિકાના દક્ષિણ ભાગમાં આવેલા ગાલવસ્ટન બંદરે જઇ શકાય છે; અને ત્યાંથી આગગાડી દ્વારા ઉત્તર તરફ જઇ શકાય છે. મૅક્સિકોના કોઇ બંદરે જઇ ત્યાંથી આગગાડીમાં બેસી યુનાઇટેડ સ્ટેટસમાં દાખલ થઇ શકાય છે. આ રસ્તેથી જનાર યદિ નિર્ધન હોય તો તેણે પ્રથમ પનામા જવું અને ત્યાંથી રૂપીઆ કમાઇને આગળ જવાનો પ્રયત્ન

કરવો; કારણ કે પનામામાં હાલમાં એક મોટી નહેર ખોદાય છે, તે નહેરપર શીઘ્ર કામ મળી જાય છે. આ તરફ જનારાએ મુંબઇથી જીનોવા જવું અને ત્યાંથી પનામા જતી કોઇ કંપનીની સ્ટીમરપર સ્વાર થઈ જવું. જીનોવામાં Thomas Cook and Sons ની ઑફિસમાં તપાસ કરવાથી સર્વ માહિતી મળશે.*

**પ્રશ્ન ૨ જો**—ઉક્ત બે પ્રસિદ્ધ માર્ગોમાં કયાં કયાં બંદર આવે છે અને કયી કયી કંપનીઓની ટીકીટ ખરીદવી જોઇએ ?

**ઉત્તર**—જાપાન તરફથી જનારા પ્રવાસીએ કલકત્તાથી ટીકીટ ખરીદવી. બનતાં સુધી અંગ્રેજી કંપનીઓની ટીકીટ ખરીદવી નહિ. જર્મન અને જાપાની કંપનીઓ સૌથી શ્રેષ્ઠ છે. વિશેષતઃ જાપાની કંપની નિપન કેશા Nippon Kaishoaની ઑફિસમાં જઇ ત્યાંથી ટીકીટ ખરીદવી; અથવા તો કલકત્તાથી હૉંગકૉંગ ચાલ્યા જવું. ત્યાંથી કોઈ અમેરિકન કંપનીની સ્ટીમરપર સ્વાર થવું. આ માર્ગમાં કલકત્તા, પીનાંગ, સિંગાપુર, હૉંગકૉંગ, શેંઘાઇ, કોબા અને યોકોહામા એટલાં બંદર આવે છે. અમેરિકન કંપનીની સ્ટીમરમાં જવાથી હોનોલૂલૂ નામનું એક બીજું બંદર આવશે. યોકોહામાથી સ્ટીમર ઠેઠ નવી દુનિયામાંજ ચાલી જાય છે. આ રસ્તે જનારાને કલકત્તામાં ઘણી કંપનીની ઑફિસો મળશે નહિ; પરંતુ હૉંગકૉંગ ગયા પછી ઘણી કંપનીઓની ઑફિસ મળશે. આ માર્ગ શ્રીમંત વિદ્યાર્થીઓ, સહેલાણી લોકો તથા વ્યાપારીઓને માટે સારો છે, પરંતુ મજુર લોકોને માટે સારો નથી. આ રસ્તો મજુરોને માટે બંધજ સમજવો જોઇએ. કોઇ કોઈ અંગ્રેજી જાણનાર મજુર અથવા નિર્ધન વિદ્યાર્થી અમેરિકન પોશાક પહેરી આ માર્ગથી ભલે અમેરિકા પહોંચી જાય; પરંતુ બીજાઓ-માટે તો એ રસ્તો બંધજ થઇ ગયો છે.

---

* પનામાની નહેર આ પુસ્તક લખાયા પછી તૈયાર થઇ ચૂકી છે એ ધ્યાનમાં રાખવું. મંત્રી. સ. સા.

યુરોપના રસ્તાથી જનારે મુંબઇ અથવા કોલંબોથી ટીકીટ ખરીદવી જોઇએ. કોલંબોથી ટીકીટ ખરીદવી સૌથી સારી છે; કારણ કે ત્યાં ઘણી કંપનીઓની સ્ટીમરો આવીને થોભે છે. Norddeut scher Lloyd કંપનીની સ્ટીમરો કોલંબોથી માર્સેલ્સ જાય છે અને તેજ કંપનીની સ્ટીમરો ત્યાંથી અમેરિકા પણ જાય છે. જો એ કંપનીની સ્ટીમર ન મળે તો Hamberg Americanની સ્ટીમરમાં જવું. મુંબઇથી Austrian Lloyd કંપનીની સ્ટીમર દ્વારા પ્રવાસી પોર્ટ-સૈયદ જઇ ત્યાંથી બીજી કોઇ કંપનીની સ્ટીમર દ્વારા આગળ વધી અમેરિકા જઇ શકે છે. બને ત્યાં સુધી અંગ્રેજી કંપનીની સ્ટીમરપર બેસવું નહિ. હોલેંડ, જર્મની, ઑસ્ટ્રિયા, અમેરિકા વગેરે દેશની કંપની-ઓની સ્ટીમરો ઘણી મળશે, જેમાં પ્રવાસીને ઘણો આરામ મળશે અને અપમાન થવાનો ડર પણ રહેશે નહિ. મેં જર્મન કંપનીની સ્ટીમરપર પ્રવાસ કર્યો હતો અને હું ભવિષ્યમાં પણ જર્મન સ્ટીમર-દ્વારાજ પ્રવાસ કરવાનો ઇરાદો રાખું છું.

આ રસ્તે મુંબઇ અથવા કોલંબોથી જતાં એડન, સ્વેઝ, પોર્ટસૈયદ, નેપલ્સ, જીનોવા, માર્સેલ્સ આદિ બંદરો આવશે. માર્સેલ્સ ફ્રાન્સનું બંદર છે. તેની આગળનાં બંદરોનાં નામ આપવાં કઠિન છે; કારણ કે અહીંઆંથી આગળ જતાં ભિન્ન ભિન્ન માર્ગો આવે છે અને પ્રત્યેક કંપનીનાં વહાણો પોતપોતાની અનુકૂલતા પ્રમાણે ભિન્ન ભિન્ન બંદરે મુકામ કરે છે. અલબત્ત ઇંગ્લાંડના કોઇ બંદરથી જ્યારે સ્ટીમર અમે-રિકા તરફ છૂટે છે ત્યારે તે સીધી ન્યૂયૉર્ક, બોસ્ટન, ફિલાડેલ્ફીઆ, આદિ નવી દુનિયાનાં બંદરોએ જઇને મુકામ કરે છે; તે રસ્તામાં કોઇ બંદરે ઉભી રહેતી નથી.

**પ્રશ્ન ૩—શું અહીંઆંથી નીકળતી વખત કોઇ અમલદારની પરવાનગી લેવી પડે છે ? જો લેવી પડતી હોય તો કોની ?**

**ઉત્તર**—મેં તો જતી વખત કોઇની પણ પરવાનગી લીધી નહોતી; પરંતુ સાંભળવામાં આવ્યું છે કે હાલમાં મેજીસ્ટ્રેટની આજ્ઞા લેવી પડે છે; અને એમ હોય તો એમાં ડર પણ શું છે ? કોઇપણ સજ્જન સમુદ્રયાત્રાનો વિરોધી હોય એ સંભવિત નથી; તો પછી એક અંગ્રેજ તો તેના વિરોધી હોયજ કેમ ? વળી પરવાનગી લેવાથી બીજો એક લાભ એ થશે કે બહારના પ્રદેશમાં આપણો પરિચય આપવાની સુલભતા થઇ પડશે. પરદેશમાં આપણી પાસે કોઇ અમલદાર અથવા ભદ્ર પુરુષનો ભલામણ પત્ર ન હોય તો આપણને પોસ્ટ ઑફિસમાંથી આપણા પત્ર મળી શકતા નથી. એટલા માટે વિદ્યારસિક નિર્ધન વિદ્યાર્થીને આવું સર્ટિફિકેટ લેવાથી કાંઇ હાનિ નથી. એમ તો ઘણા જણ સર્ટિફિકેટ વિના પણ ચાલ્યા જાય છે અને તેમનું કામ ભલામણ પત્ર વિના પણ ચાલે છે. મારી પાસે કોઇ પણ કોન્સલનું સર્ટિફિકેટ ન હોતું અને એ પ્રકારે હું આખી દુનિયામાં ભ્રમણ કરી આવ્યો છું.

**પ્રશ્ન ૪ થો**—ક્યા સમયે અમેરિકા જવું જોઇએ ?

**ઉત્તર**—જેઓ અમેરિકાની સહેલ કરવા જતા હોય અને જેઓ પોતાના ઘરનું દ્રવ્ય ખર્ચવાના હોય તેઓ તો ગમે તે મોસમમાં જાય તેની હરકત નહિ. તેમને સર્વ ઋતુઓ સમાન છે; પરંતુ જેઓ વિદ્યાધ્યયન કરવા માટે જવા માગતા હોય અને જેમની પાસે ખર્ચવાને પૂરતા રૂપીઆ હોય તેમણે ઑગસ્ટના આરંભમાં જ અહીંઆંથી નીકળી પડવું, જેથી સપ્ટેમ્બરમાં સેશન શરૂ થયા પૂર્વે તેઓ અમેરિકા પહોંચી જશે; કારણ કે અમેરિકન યુનિવર્સિટીઓની સાલ સપ્ટેમ્બરના અંતિમ ભાગમાં શરૂ થાય છે. જેમણે અર્ધી સાલના આરંભમાં પોતાનો વિદ્યાભ્યાસ શરૂ કરવો હોય તેમણે ડિસેમ્બરમાં અહીંથી નીકળી પડવું જોઇએ, જેથી તેઓ જાન્યુઆરીમાં ત્યાં પહોંચી અર્ધા વર્ષના આરંભમાં યુનિવર્સિટીમાં દાખલ થઇ શકશે; પરંતુ આ રીતે દાખલ થવું તેમને

વિશેષ લાભકારક થઇ પડશે નહિ. સ્ટેટ યુનિવર્સિટીઓમાં વર્ષનો વિદ્યાભ્યાસ નિયમબદ્ધ હોય છે. આ યુનિવર્સિટીમાં દાખલ થનાર વિદ્યાર્થીને વર્ષના આરંભથીજ દાખલ થવું વિશેષ લાભકારક થઇ પડશે.

અલબત્ત, જેઓ શિકાગો વિશ્વવિદ્યાલયમાં પ્રવિષ્ટ થવા માગતા હોય તેમણે નવેમ્બરમાં અહીંઆંથી નીકળવું અથવા તો મે માસમાં અહીંથી રવાના થઇ જવું કિંવા ઑગસ્ટમાં નીકળી પડવું; કેમકે ત્યાં Quarter System છે. તેમાં પ્રતિ ત્રણ માસે ટાઇમ ટેબલ બદલાય છે અને બારે માસ વિદ્યાભ્યાસ ચાલે છે. ત્યાં જનાર ધનવાન વિદ્યાર્થી ગમે ત્યારે ચાલ્યો જાય તો કાંઇ હરકત નથી.

જે વિદ્યાર્થી પોતાના બાહુબળથી ધન કમાઇ અમેરિકામાં વિદ્યાભ્યાસ કરવા માગતો હોય તેણે એપ્રિલ માસમાં ભારતવર્ષથી નીકળવું, જેથી તે મે માસમાં અમેરિકા પહોંચી કોઇ કામની તલાસ કરી દ્રવ્ય કમાઇ શકશે. સપ્ટેમ્બર સુધી ધન કમાઇ ત્યાર પછી તે વિશ્વવિદ્યાલયમાં દાખલ થઇ શકશે. આ દરમ્યાન તે ચારસેં પાંચસેં રૂપીઆ કમાઇ લેશે, જેથી તેને વિદ્યાભ્યાસ કરવાની સુલભતા થશે. ગ્રીષ્મકાળમાંજ અમેરિકામાં ધન કમાવાની તક હોય છે.

જેઓ માત્ર મજુરી કરવાને માટે જવા માગતા હોય, તેઓ પણ જો એપ્રિલમાંજ જાય તો ઠીક; કારણ કે ગ્રીષ્મ ઋતુમાં કામ અધિક હોવાથી તેમને કામ મળી જશે અને તેઓ કામમાં નિમગ્ન થઇ તે દેશની માહિતી મેળવશે. શીત ઋતુમાં જો તેમને કામ નહિ મળશે તો પણ નિદાન તેઓ ભૂખે તો નહિ જ મરશે. વળી બીજો લાભ એ પણ થાય છે કે ગ્રીષ્મ ઋતુમાં ખર્ચ ઓછો થાય છે. ત્યાંની આ ઋતુ આપણા જેવી હોય છે. તે દેશમાં માણુસ આમ તેમ ભ્રમણ કરીને હમ્મેશને માટે કામ શોધી કાઢી શકે છે.

વણજ વેપાર કરવા જનાર સજ્જનોને અકટોબરમાં અહીંઆંથી

નીકળી પડવું ઠીક થઇ પડશે; કારણ કે શીત ઋતુમાં સર્વે વ્યાપારીઓ પોતપોતાની દુકાનમાં હાજર રહે છે; આથી ભારતીય વ્યાપારીઓને મળવા મૂકવામાં તથા વ્યાપાર સંબંધી વાતચીત કરવામાં સુગમતા થઇ પડશે. શીતઋતુમાંજ વિદેશી વ્યાપારીઓ અમેરિકામાં આવે છે અને એ ઋતુમાંજ વ્યાપારની તડામાર ઝાઝી હોય છે. ગ્રીષ્મ ઋતુમાં તો આ દેશના શ્રીમંત લોકો આમ તેમ સહેલ કરવાને ચાલ્યા જાય છે; તેથી વ્યાપારીઓનો હેતુ સિદ્ધ થઇ શકતો નથી.*

**પ્રશ્ન ૫**—ઓછા ખર્ચવાળો માર્ગ કયો છે ?

**ઉત્તર**—એમ તો ઓછા ખર્ચથી જવાને માટે હૉંગકૉંગવાળો રસ્તોજ સારો છે, પરંતુ એ માર્ગે જનારા પુષ્કળ મજુર લોકોને અમેરિકનોએ પાછા વાળ્યા છે. એટલા માટે હું કોઇ પણ મજુરીના ધંધાવાળા માણસને એ માર્ગે જવાની સલાહ આપીશ નહિ. અલબત્ત, જેઓ સહેલ કરવાને અથવા વેપાર વણજ કરવાને જતા હોય તેમને એ માર્ગે જવું ઠીક થઇ પડશે. અમેરિકાનાં સિયેટલ અને સૅન્ફ્રાન્સિસ્કો, એ ઉભય બંદરો તેમને માટે સારાં છે. જે ભાઇઓ વિદ્યાભ્યાસ કરવાને જતા હોય અને જેમની પાસે ખર્ચવાને માટે પૂરતા રૂપીઆ હોય તેમને યુરોપને માર્ગે જવું ઠીક થઇ પડશે. નિર્ધન વિદ્યાર્થીઓનેમાટે હું કહીશ કે તેમને હૉંગકૉંગના માર્ગે જવાથી ઘણી તકલીફ વેઠવી પડશે; એટલા માટે તેમણે કાંતો ન્યુયૉર્કના માર્ગે જવું કે કાંતો ગાલવસ્ટન ટેક્ષાસને રસ્તે જવું.

* મજુરી અથવા વેપારને માટે જનારે આ વાત યાદ રાખવી કે આફ્રીકા તેમજ અમેરિકાવાળાઓ ભારતવાસીઓ પોતાના દેશમાં આવે તે સામે દિવસે દિવસે અડચણો વધારતા જાય છે; માટે પુરી માહિતી મેળવ્યા પછી જ વિચાર કરવો. વિદ્યાર્થીઓ માટે તેટલી અડચણો ન હોય એ સ્વાભાવિક છે. **મંત્રી સ. સા.**

**પ્રશ્ન ૬**—ઓછામાં ઓછા કેટલા રૂપીઆનો પ્રબંધ કરવો જોઇએ ?

**ઉત્તર**—યૂરોપના માર્ગે જવાને માટે મુંબઇથી ન્યૂયૉર્ક સુધીનું નુર સવા ત્રણસેં રૂપીઆ પડશે; અને ન્યૂયૉર્ક બંદરે ઉતરતી વખતે દેખાડવાને માટે ૨૦૦) રૂપીઆ રોકડા હોવા આવશ્યક છે. આ હિસાબે ઓછામાં ઓછા સવા પાંચસેં રૂપીઆ એક આદમીની પાસે અવશ્ય હોવા જોઇએ. આટલા રૂપીઆથી તે માણસ ન્યૂયૉર્ક સુધી પહોંચી શકશે અને આગળ અમેરિકાના પશ્ચિમ ભાગ તરફ જવાને-માટે બીજા કેટલાક રૂપીઆની આવશ્યકતા પડશે. એટલા માટે દીર્ઘદર્શી પુરૂષને માટે ઉચિત છે કે તેણે પોતાની સાથે એક હજારથી ઓછા રૂપીઆ રાખવા નહિ. પરદેશમાં જનારની પાસે કેવળ ગણ્યાગાંઠયા રૂપીઆ ન હોવા જોઇએ. આવશ્યકતા કરતાં કાંઇક વિશેષ રૂપીઆ રાખવા એ અતિ બુદ્ધિમત્તાનું કામ છે. થોડા અધિક રૂપીઆ પાસે હોવાથી હમ્મેશાં આરામ રહે છે. ઘણા ભાઇઓએ કેવળ આજ ભૂલ કરીને ઘણું કષ્ટ સહન કર્યું છે, અને જેમણે તેમને પોતાના પ્રિય વતનથી બહાર જવાને ઉત્તેજિત કર્યા હતા તેમને ખૂબ ગાલિપ્રદાન કર્યું છે. સર્વ માણસો કાંઇ એકસરખા હોતા નથી. વીર પુરૂષ તો સંકટથી ગભરાતા નથી, પરંતુ તેની સામે થવામાં પોતાનું અહોભાગ્ય માને છે, પરંતુ ભારતીય યુવકોમાં હજુ એ ગુણ આવ્યો નથી. એટલા માટે હું અવશ્ય નિવેદન કરીશ કે અમેરિકા જનારા સજ્જને વિશેષ રૂપીઆ જરૂર લઇ લેવા, કે જેથી તેને જીવનસંગ્રામની તૈયારીનો અવસર મળી શકે.

જે ભાઇઓ હૉંગકૉંગને રસ્તે જવા માગતા હોય તેમની પાસે થોડા ઓછા રૂપીઆ હશે તો કાંઇ ફિકર નહિ; પરંતુ યુરોપના માર્ગે જનારની પાસે અવશ્ય અધિક રૂપીઆ હોવા જોઇએ, કારણ કે તે તરફ અધિક ખર્ચ થાય છે.

**પ્રશ્ન ૭**—અમેરિકન બંદરપર ઉતરતી વખત પ્રવાસીને શા શા પ્રશ્ન પૂછવામાં આવે છે ?

**ઉત્તર**—જે વખતે સ્ટીમર બંદરપર જઇ પહોંચે છે તે વખતે તટપરથી સરકારી અમલદારો આવીને વિદેશી પ્રવાસીઓની તપાસ કરે છે. તેમના રૂપીઆ જોવામાં આવે છે અને તેમને પૂછવામાં આવે છે કે "તમે કયા દેશના રહીશ છો ? તમે શા ઉદ્દેશથી આ દેશમાં દાખલ થવા માગો છો? તમે એકથી અધિક વિવાહને માનો છો કે નહિ ? તમે એનાર્કિઝમને સત્ય માનો છો ? શું તમે આ રૂપીઆ કોઇની પાસેથી કરજે લઇને આવ્યા છો ? તમને અહીં આવવાને કોણે લખ્યું હતું ? તમે કયો ધર્મ પાળો છો ?" બસ, આવાજ પ્રશ્નો પૂછવામાં આવે છે. તે દેશમાં એકથી અધિક સ્ત્રીઓની સાથે વિવાહ કરવાની કાયદાથી મના કરવામાં આવી છે; તેથી Polygamy ના સિદ્ધાંતને માનનાર તે દેશમાં દાખલ થઇ શકતો નથી. એનાર્કિઝમના સિદ્ધાંતનો પ્રચાર પણ તે દેશના કાયદાની વિરૂદ્ધ છે, અને કોઇ માણસ કોઇને નુકશાનમાં ઉતારીને અથવા કંટ્રાકટથી કામ કરવાને આવે એ પણ ત્યાંની સરકાર ચાહતી નથી.

**પ્રશ્ન ૮**—અમેરિકાના બંદરપર ઉતર્યા પછી એક અજાણ પ્રવાસીએ શું કરવું જોઇએ ?

**ઉત્તર**—અમેરિકન બંદરે ઉતર્યા પછી એક અજાણ પ્રવાસીએ સૌથી પહેલાં Y. M. C. A. ના મકાનની તલાસ કરવી જોઇએ. તેમાં જઇને એ સભાના મંત્રીદ્વારા પોતાના રહેવા મૂકવાનો પ્રબંધ કરવો ઠીક થઇ પડશે; કારણ કે અમેરિકાનાં મોટાં શહેરોમાં ઘણા માણસો અજાણ મનુષ્યોને ઠગી લેનારા મળે છે, માટે તેમનાથી બચવું અતિ આવશ્યક છે.

આમ ન કરવું હોય તો કોઇ સિપાઇને એકાદ એવા સસ્તા

હોટેલનું ઠેકાણું પૂછવું કે જેમાં પ્રતિદિન દોઢ રૂપિઓ અથવા ૫૦ સેન્ટ ભાડું આપવાનું હોય. ૫૦ સેન્ટથી સૂવાને માટે ઘણો સારો ઓરડો મળી શકે છે અથવા ઘણામાં ઘણું ભાડું ૭૫ સેન્ટ પડશે; પરંતુ એમાં ભોજનનો સમાવેશ થતો નથી. માંસાહાર ન કરનાર માણસે જ્યાં સુધી કોઇ સારૂં Vegetarian Hotel ન મળે અથવા રસોઇ કરવાને માટે કોઈ સારૂં મકાન ભાડે ન મળે ત્યાં સુધી થોડા દિવસ દૂધ અને રોટલીપરજ ગુજારો કરી લેવો જોઇએ. નિષ્પ્રયોજન કોઇનો શીઘ્ર વિશ્વાસ કરવો નહિ; કારણ કે એ દેશમાં એવા ઠગો પુષ્કળ પ્રાપ્ત થાય છે કે જેઓ માણસની નાનીશી ગફલતનો લાભ લઇ તેની પૂરી હજામત કરી લે છે. અજાણ પ્રવાસીએ હમ્મેશાં પોતાનાં આંખ કાન ખુલ્લાં રાખવાં જોઇએ. અમેરિકામાં પ્રત્યેક મહોલ્લાના નાકાપર તેનું નામ લખેલું હોય છે, તથા ઘરોના નંબર સુંદર અક્ષરે લખેલા હોય છે. હમ્મેશાં કોઇ વાત પૂછવી હોય તો પોલીસના માણસને પૂછવી. વળી આપણી પાસે કેટલા રૂપીઆ છે તે તો કદિ પણ કોઇને જાણવા દેવું નહિ; તેમજ બજારના માણસોની સામે આપણી મહોરોની કોથળી ખોલવી નહિ. જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે એવી જગ્યાએ બેસીને વાટવો ખોલવો કે જ્યાં કોઇની નજર પડે નહિ. બજારમાં કાંઇ ખરીદવા મૂકવાને માટે બેચાર ડૉલર ગજવામાં અથવા વાટવામાં રાખી લેવા ઠીક થઇ પડશે.

**પ્રશ્ન ૯**—અમેરિકન યુનાવર્સિટીમાં દાખલ થવાને માટે શી લાયકાતની જરૂર છે ?

**ઉત્તર**—જે વિદ્યાર્થીએ હાઇસ્કૂલમાં અભ્યાસ કર્યો હોય તે અમેરિકાની યુનિવર્સિટીમાં પ્રથમ ખાસ છાત્ર Special Student તરિકે દાખલ થઇ શકે છે. અહીંઆં તેના અભ્યાસમાં જે કાંઇ ન્યૂનતા હોય તેની પણ તે પૂર્તિ કરતો રહે છે. યુનીવર્સિટીમાં દાખલ થવાને-

માટે અંગ્રેજી સિવાય ઇતર એક ભાષા જાણવી આવશ્યક છે, એટલા-માટે તે ભાષામાં પૂરતા માર્ક મેળવ્યા વિના વિદ્યાર્થી યુનિવર્સિટીનો Regular student અર્થાત્ સનંદી વિદ્યાર્થી થઇ શકતો નથી. હું જ્યારે શિકાગો યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો ત્યારે પ્રથમ એક વર્ષ સુધી Special student રહ્યો હતો અને ત્યાર પછી સનંદી વિદ્યાર્થી થયો હતો. આ પ્રકારે પ્રત્યેક વિશ્વવિદ્યાલયના ભિન્ન ભિન્ન નિયમો હોય છે; માટે જે ભારતીય વિદ્યાર્થીને અમેરિકાની યુનિ-વર્સિટીમાં દાખલ થવાની ઇચ્છા હોય તેણે અહીંની Entrance સુધીની પરીક્ષા તો અવશ્ય પાસ કરી લેવી જોઇએ. જો તે એમ કર્યા વિના ચાલ્યો જશે તો તેને ત્યાં જઇને હાઇસ્કૂલની પરીક્ષા પાસ કરવી પડશે. અમેરિકામાં વિદ્યા પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનાર કોઇ પણ વિદ્યાર્થી તેનાથી વંચિત રહી શકતો નથી. આ વિષે ભારતીય છાત્રોએ લેશ પણ ભય રાખવાની જરૂર નથી.

**પ્રશ્ન ૧૦**—શું કોઇ સર્ટિફિકેટ સાથે લેવાની જરૂર છે ?

**ઉત્તર**—અલબત્ત, જે વિદ્યાર્થીએ મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરી હોય તેણે પોતાના હેડમાસ્તરની પાસેથી એક સારી ચાલચલણનું સર્ટિફિકેટ, એક હાઇસ્કૂલની ડીગ્રીનું સર્ટિફિકેટ તથા તે હાઇસ્કૂલનો રિપોર્ટ સાથે લઇ લેવો કે જેથી અમેરિકન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટને ભારતીય હાઇસ્કૂલની સ્થિતિ વિદિત થાય.

જે વિદ્યાર્થીએ એફ. એ. ની પરીક્ષા પાસ કરી હોય અથવા એફ. એ. સુધી અભ્યાસ કર્યો હોય તેણે પોતાની કૉલેજ ના પ્રેસિડેન્ટની પાસેથી તેટલા અભ્યાસનું Credit certificate લખાવીને સાથે લઇ લેવું. આ સર્ટિફિકેટમાં તે વિદ્યાર્થીએ કૉલેજમાં જે વિષયનો એકંદર જેટલા કલાક અભ્યાસ કર્યો હોય અને તેમાં જેટલી યોગ્યતા ધરાવતો હોય તે લખાવી લેવું. આવું સર્ટિફિકેટ મળવાથી વિદ્યાર્થીને અમેરિકામાં

ડીગ્રી પ્રાપ્ત કરવાની સુગમતા થશે. જે ભાઇ એન્ટ્રંસમાં નાપાસ થયો હોય તેણે પણ પોતાના હેડમાસ્તરની પાસેથી એવું સર્ટિફિકેટ લખાવી લેવું કે જેમાં તેના પસાર કરેલા વિષયોના અભ્યાસના કલાક લખેલા હોય; કારણ કે અમેરિકાની યુનિવર્સિટીમાં Credit કલાકોના હિસાબે મળે છે. ઉદાહરણાર્થ એક વિદ્યાર્થીને બી. એ. ની પરીક્ષા પાસ કરવામાં ૧૨૮ Creditsની જરૂર પડે છે. અર્ધા વર્ષમાં વિદ્યાર્થી ૧૬ Credits લે છે. પ્રતિસપ્તાહ ૧૬ કલાક વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરવાથી ૧૬ Credits ગણાય છે. આ હિસાબે એક વર્ષના ૩૨ Credits થાય છે; આ પ્રમાણે ચાર વર્ષ અભ્યાસ કરી ૧૨૮ Credits મેળવવાથી બી. એ. ની ડીગ્રી મળે છે. જે છાત્ર હોશિયાર હોય તે ફાવે તો પ્રતિસપ્તાહ ૧૬ થી અધિક કલાક અભ્યાસ કરીને ત્રણ વર્ષમાંજ બી. એ. ની ડીગ્રી પ્રાપ્ત કરી લે છે; પરંતુ આમ કરવાને માટે તેને પ્રેસિડેન્ટની પાસેથી ખાસ આજ્ઞા લેવી પડે છે.

**પ્રશ્ન ૧૧**—શું અમેરિકામાં દાખલ થતી વખત શારીરિક તપાસ પણ થાય છે?

**ઉત્તર**—જ્યારે કોઇ ભારતીય સજ્જન કોઇ ભારતીય બંદરથી અમેરિકા જવાને ઉપડે છે ત્યારે ત્યાં પ્રથમ તેની શારીરિક તપાસ થાય છે; અને જ્યારે તે અમેરિકાના કોઇ બંદરે ઉતરે છે ત્યારે બીજી વાર તેની શારીરિક તપાસ થાય છે. ભેદ માત્ર એટલો જ છે કે ભારતીય બંદરપર ડૉકટર બાહ્ય સફાઇ અધિક જુએ છે. જો કપડાં મેલાં હોય તો બાષ્પસ્નાન કરાવવામાં આવે છે. જે ત્રીજા વર્ગના મુસાફર હોય છે તેનાં સર્વ કપડાંને આવું સ્નાન કરાવવામાં આવે છે; પરંતુ ઉચ્ચતર વર્ગના પ્રવાસીઓની સાથે આવું વર્તન કરવામાં આવતું નથી. તેમનો કેવલ નાડીસ્પર્શ કરવામાં આવે છે.

અમેરિકન બંદર પર જે શારીરિક તપાસ થાય છે તેમાં આંખોની

પરીક્ષા અધિક કરવામાં આવે છે. ટુંકી નજર ( શૉર્ટસાઇટ )વાળાઓને રોકવામાં આવતા નથી; પરંતુ જેમને ખીલ વગેરે રોગ હોય તે પ્રવાસીને પાછા ફેરવવામાં આવે છે. બીજી કોઇ બિમારી હોય તોપણ આવુંજ વર્તન કરવામાં આવે છે.

**પ્રશ્ન ૧૨**—આત્માવલંબી વિદ્યાર્થીએ શું કરવું ?

**ઉત્તર**—જે વિદ્યાર્થીઓ પોતાના બાહુબળથી ધન કમાઇ અમેરિકામાં વિદ્યાર્જન કરવા ઇચ્છતા હોય તેમણે સૌથી પહેલાં મજુરી કરવાની આદત પાડવી જોઇએ—વર્ણનું જુઠું અભિમાન છોડી સર્વ પ્રકારની મજુરી કરવાનો અભ્યાસ પાડવો જોઇએ. તેમણે અહીંથી ઓછામાં ઓછા ૮૦૦ રૂપિઆ અવશ્ય પોતાની સાથે લઇને નીકળવું જોઇએ. આથી તેઓ નૂર ભરશે અને દેખાડવાને માટે પૂરતા રૂપીઆ તેમની પાસે રહેશે; અને જ્યારે તેઓ અમેરિકા પહોંચી જાય ત્યારે તેમણે ત્યાંનાં દૈનિક પત્રો વાંચ્યાં કરવાં. આ પત્રોના પાછલા ભાગમાં help wanted એવા મથાળાવાળી જાહેર ખબર રહે :છે, તેમાં જે કામ પોતાના મનગમતું હોય તે વિષે તપાસ કરવી. જો તેઓ યુનિવર્સિટીમાં દાખલ થયા હોય તો તેમણે ત્યાંના Employment Bureauની પાસે કામની માગણી કરવી. જો આ રીતે પણ કામ ન મળે તો ઘેરેઘેર ભ્રમણ કરીને કામની તપાસ કરવી. આમ કરવાથી તેમને અવશ્ય કામ મળી જશે.

**પ્રશ્ન ૧૩**—શું કોઇ એવો હુન્નર છે કે જે શીખવાથી એક ભારતીય વિદ્યાર્થી અમેરિકામાં જઇ સહેલાઇથી ધંધો મેળવી વિદ્યાધ્યયન તથા પોતાનો નિર્વાહ કરી શકે ?

**ઉત્તર**—હા, એવા અનેક હુન્નરો છે કે જે શીખી લેવાથી નિર્ધન ભારતીય વિદ્યાર્થીઓને અમેરિકામાં ધન કમાવાની સુગમતા પડે છે. ઉદાહરણાર્થ, યદિ કોઇ છાત્ર નામું લખવું Book-keeping,

ટાઇપરાઇટિંગ, શૉર્ટહેન્ડરાઇટિંગ, મોટર હાંકવી, ગાય દોહવી, ઘોડાની રખવાળી કરવી, ઘડીઆળ સમારવી, જોડા શીવવા, હાથ જોવા (સામુદ્રિક), મોમાંથી ગોળા કાઢવા, શરીરમાં લોઢાની સીકો આરપાર ભોંકવી, બાજીગરોના તમાશા, જન્મપત્રી બનાવવી, આગ પર ચાલવું, કુસ્તી કરવી તથા અન્ય કોઈ ભારતીય ખેલ જાણતો હોય તો તે અમેરિકા જઇ પોતાનું કામ સહેલાઇથી કરી શકશે. થોડું સુતારી કામ શીખવાથી પણ ઘણો લાભ થશે. જો તે મેમારીનું કામ જાણતો હશે તો તેને વિશેષ લાભ મળશે; કારણ કે કુશલ મેમારને પંદર વીસ રૂપિઆથી ઓછો રોજ મળતો નથી. તાત્પર્ય એ છે કે યદિ ભારતીય છાત્ર કોઇ ને કોઇ ધંધો પોતાના દેશથીજ શીખીને ત્યાં જાય તો તેને ધન કમાવામાં તથા વિદ્યાભ્યાસ કરવામાં ઘણી સુગમતા મળશે.

જે છાત્રોની પાસે બિલકુલ ધન નહિ હોય અને જેઓ સ્ટીમર-પર કામ કરીને અમેરિકા જવા માગતા હોય તેમના માર્ગમાં મોટાં વિઘ્નો હોય છે. યદિ તેમનો રંગ સુંદર હોય અને તેમને માંસાહાર પ્રત્યે ઘૃણા ન હોય તો તેમને કામ મળી શકશે; કારણ કે મુંબઇ આદિ બંદરોપર એવાં પુષ્કળ જહાજો આવે છે કે જેમાં ખલાસીઓની પ્રાયઃ આવશ્યકતા રહે છે. તેમાં ભરતી થઇ જવું તો ઝાઝું કઠિન નથી, પરંતુ મળેલું કામ નિભાવવું ભારતીય છાત્રને માટે કઠિન છે.

**પ્રશ્ન ૧૪**—શું સંસ્કૃત જાણનાર વિદ્યાર્થી ત્યાં પોતાના નિર્વાહ-પૂરતું ધન કમાઇ પોતાનો વિદ્યાભ્યાસ સંપૂર્ણ ન કરી શકે ?

**ઉત્તર**—એમ બની શકે અને ન પણ બની શકે. જો સંસ્કૃત જાણનાર વિદ્યાર્થી બોસ્ટન, શિકાગો, ન્યૂયૉર્ક, આદિ શહેરોની કોઇ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હોય તો તેને કોઇ સંસ્કૃતનો વ્યસની અમેરિકન–પુરુષ વા સ્ત્રી–મળી આવે એ સંભવિત છે; પરંતુ એને વિશ્વાસે અમેરિકા જવું એ ભૂલ છે. તેને કોઇ સંસ્કૃતનો વ્યસની મળે

પણ ખરો અને ન પણ મળે. જે વિદ્યાર્થી સારો વક્તા હોય અને જેને આપણા દેશની સામાજિક, ધાર્મિક તથા સાહિત્ય સંબંધી વાતોનું જ્ઞાન હોય તે ત્યાં કલબો દ્વારા પોતાનાં વ્યાખ્યાનોની માળા ગોઠવી શકશે; પરંતુ આ પ્રમાણે પૂર્વ ભાગનાં શહેરોમાંજ બનવાનો સંભવ છે, પશ્ચિમ ભાગમાં નહિ. જેમની પાસે વ્યાખ્યાન ઉપરાંત ભિન્ન ભિન્ન પ્રાંતોના Slides હોય અને જેમણે ભારતવર્ષમાં ખૂબ ભ્રમણ કર્યું હોય તેઓ અમેરિકામાં પોતાનો નિર્વાહ સારી રીતે ચલાવી શકશે; કારણ કે દેવળો અને કલબોમાં વ્યાખ્યાન સાંભળનારા પુષ્કળ મળશે અને તેઓ પૈસા પણ પૂરતા આપશે. માટે જે ભારતીય છાત્રે આ કામ કરવું હોય તેણે અહીંથી ફોટોગ્રાફી અને Slides બનાવવાનો હુન્નર શીખી લેવો અને પોતાની સાથે ભારતના છસેં સાતસેં Slides રાખવા. મૅજીકલૅન્ટર્ન ત્યાં ભાડે મળી શકશે.

**પ્રશ્ન ૧૫**—અમારે કયી કયી ચીજો સાથે લઇ લેવી ?

**ઉત્તર**—અધિક સરસામાન સાથે લઇ લેવો વ્યર્થ છે. અહીંઆંથી એક સારો મોટો ઓવરકોટ શીવડાવી લેવો; અને એક અંગ્રેજી ફેશનનો સારો ગરમ સૂટ તથા એક અસ્તરો, કાંસકી વગેરે હજામત કરવાનો સામાન પોતાની સાથે લઇ લેવો ઉચિત છે. વળી એક ધાબળી તથા એક ડાયરી પણ સાથે લઇ લેવી જોઇએ. એક નાની બેગમાં આ સર્વ વસ્તુઓ નાખી દેવી. વળી ચાર પાંચ ખમીસ, પાંચ છ કોલરો તથા ટાઇ પણ લઇ લેવા. એક અંગ્રેજી કૅપ પણ ખરીદી લેવી; મોટી ટોપી અમેરિકા જઇને ખરીદવી ઠીક થઇ પડશે. સરસામાન જેટલો ઓછો હશે તેટલો આરામ મળશે. બાકીની આવશ્યક વસ્તુઓ આગળ જઇને ખરીદી શકાશે.

**પ્રશ્ન ૧૬**—જે પોતાની રસોઇ પોતાની જાતેજ કરવા માગતો હોય તેને માટે શી વ્યવસ્થા થઇ શકે એમ છે ?

**ઉત્તર**—મારી સાથે જે ઉતારૂઓ ત્રીજા વર્ગના ડેક ઉપર હતા તે સર્વ પોતાની રસોઈ પોતેજ કરતા હતા. હૉંગકૉંગથી વૅંકોવર જતાં પ્રાયઃ એક મહિનો લાગે છે. આ આખે રસ્તે અમે અમારી રસોઇ જાતે કરી હતી. માટે જાતે રસોઇ કરનારા વિશેષ મુસાફર હોય તો તો પ્રબંધ થઈ શકે, પરંતુ એકાદ બે માણસોને માટે પ્રબંધ થવો કઠિન છે. હા, અમેરિકા ગયા પછી ત્યાં જુદો ઓરડો ભાડે લઇ માણસ ફાવે તેમ કરી શકે છે. ત્યાં કાંઇ હરક્ત નડતી નથી. હું હમ્મેશાં મારે હાથેજ રસોઇ કરતો હતો, વૉશિંગ્ટન વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓનો મોટો ભાગ આ પ્રમાણેજ કરતો હતો; કારણ કે આમ કરવાથી ખર્ચ ઓછો પડે છે.

**પ્રશ્ન ૧૭**—અમેરિકામાં ભારતીય છાત્રોને સહાય કરવાને કોઇ સભા સ્થાપિત થએલી છે?

**ઉત્તર**—હાલમાં ત્યાં કોઇ એવી સભા સ્થાપિત નથી કે જેનો ઉદ્દેશ ભારતીય છાત્રોને સહાય કરવાનો હોય. સાધારણ રીતે લોકો વર્તમાન પત્રોમાં છપાવવાને માટે નામની સોસાઇટીઓ સ્થાપિત કરે છે, પરંતુ તેઓ છાત્રોને કાંઇ વિશેષ મદદ કરતા નથી. ‘દૂરથી ડુંગર રળીઆમણા’ વાળી વાત છે. અહીં તો આપણી રોજી આપણે જાતે મેળવવી પડે છે અને આપણી મુસ્કેલીઓ આપણી જાતે જીતવી પડે છે. કોઇ કોઈનો હાથ પકડતો નથી. સાધારણ રીતે મદદ મળે એ બીજી વાત છે; અથવા કદાચ કોઇ દેશભક્ત વ્યક્તિવિશેષ કોઇ છાત્રને સહાય કરે એ પણ જુદી વાત છે; પરંતુ અમેરિકા જનારા છાત્રે એમ સમજી લેવું કે ત્યાં મારી સર્વ લડાઇઓ મારે પોતેજ લડવાની છે. તેમાં કોઇ બીજો માણસ મને સહાય કરશે નહિ.

**પ્રશ્ન ૧૮**—જે લોકો બિલકુલ માંસ ખાતા ન હોય તેઓ પોતાનો પ્રબંધ કરી શકે ખરા કે?

**ઉત્તર**—આવા વિદ્યાર્થીઓએ સર્વ પ્રકારનાં કષ્ટો સહન કરવાને તૈયાર રહેવું જોઇએ. મારે આ નિયમનું પાલન કરવાને માટે બહુ મુસ્કેલીઓની સામે થવું પડ્યું હતું. અહીંઆંથી જતી વખત વહાણમાં જાતે રસોઇ કરવાનો પ્રબંધ થાય તો ઘણું સારૂં; પરંતુ એવો પ્રબંધ ન થાય તો વહાણના રસોઇઆને હાથમાં લેવો જોઇએ. તેને કાંઇ દક્ષિણા આપશો તો તમારૂં કામ થશે અને તે માંસ રહિત ચીજો આપવાનો પ્રબંધ કરી દેશે.

જ્યારે તમે અમેરિકા પહોંચી ગયા એટલે ત્યાં તો ફળફળાદિ, દૂધ, માખણ વગેરે પુષ્કળ ચીજો મળી શકશે. ત્યાં હોટેલમાં જાઓ તો બહુ સાવધાનીથી ખાવાનું માગજો; કારણ કે ત્યાં અધિક ખાદ્ય પદાર્થોમાં માંસ, ઈંડાં, ચરબી વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. ત્યાં જનારે હોટેલના નોકરને પૂછીને સારી રીતે માહિતી મેળવી લેવી જોઇએ, નહિ તો માંસ ગુપચુપ પેટની અંદર પ્રવેશી જશે અને પુનઃ બહાર નીકળશે નહિ. મોટાં મોટાં શહેરોમાં શાકપ્રધાન હોટેલો પણ છે; પરંતુ નવા માણસોને તેનો પત્તો મળવો મુસ્કેલ થઇ પડે છે, અને પૂછવાથી તેનો પત્તો મળતો નથી; કારણ કે ત્યાંના અધિક લોકો માંસ ખાય છે અને તેઓ શાકપ્રધાન હોટેલોના સંબંધમાં કાંઇ પણ જાણતા નથી. હા, જો કોઇ Drug store માં જઇને શહેરની Directory મેળવી તેમાં Vegetarian cafe ની તપાસ કરવામાં આવે તો તેનો કાંઇક પત્તો મળે એવો સંભવ છે.

**પ્રશ્ન ૧૯**—શું કોઇ મિડલમાં પાસ થયેલો છાત્ર અમેરિકા જઇ લાભ મેળવી શકશે ?

**ઉત્તર**—શા માટે નહિ ? કોઇ છોકરો કાંઇ પણ ભણ્યો ન હોય અને તે અમેરિકા ચાલ્યો જાય તો તે પણ ત્યાં સારો લાભ મેળવશે. અમેરિકામાં તો હિમ્મતની જરૂર છે. વિદ્યાભ્યાસને માટે

સર્વ માર્ગ ખુલ્લા છે. મિડલમાં પાસ થયેલો વિદ્યાર્થી ત્યાં જઇ હાઇ-સ્કૂલમાં દાખલ થઇ ત્યાંની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ યુનિવર્સિટીમાં પ્રવિષ્ટ થઇ શકે છે.

**પ્રશ્ન ૨૦**—ઉતરતી વખતે કોઇની પરવાનગી લેવી પડે છે ?

**ઉત્તર**—મેં પ્રથમ જ જણાવ્યું છે કે અમેરિકન બંદરે આપણે ઉતરીએ કે તરતજ યુનાઇટેડસ્ટેટ્સના અમલદારો આવીને આપણને પ્રશ્નો પૂછે છે. બસ, આ અમલદારોની જ પરવાનગી સમજી લોને ! તમને કોઇ રોગ નહિ હશે અને દેખાડવા જેટલા રૂપીઆ તમારી પાસે હશે તો તેઓ ઉતરવાની પરવાનગી આપી દેશે.

**પ્રશ્ન ૨૧**—અમેરિકાના કયા ભાગમાં કામ મળવાની સુગમતા છે.

**ઉત્તર**—અમેરિકાના પશ્ચિમ ભાગમાં આવેલાં સંસ્થાનોમાં કામ સહેલાઇથી મળી શકે છે. કેલિફૉર્નિયા, ઑરેગૉન, વૉશિંગ્ટન, આઇડાહો, મૉન્ટાના વગેરે સંસ્થાનોમાં કામ પુષ્કળ હોય છે. ત્યાં ગરમીની ઋતુમાં તો માણસને શોધી શોધીને કામ કરાવવાને લઇ જાય છે—માણસને આજીજી કરવામાં આવે છે. તે સમયમાં રોજ સાડાસાત રૂપીઆ સુધીની મજુરી મળે છે.

**પ્રશ્ન ૨૨**—અમેરિકામાં રહેવા મૂકવાનો શો પ્રબંધ હોય છે અને મકાનનું ભાડું વગેરે શું પડે છે ?

**ઉત્તર**—અમેરિકામાં લોકો અંગ્રેજી પોશાક પહેરે છે, પરંતુ તેની ફેશનમાં થોડો ભેદ છે; માટે ભારતવર્ષથી જનારાએ અહીંઆંથી ઘણાં કપડાં શીવડાવી જવાં નહિ. ત્યાં જઇને તૈયાર કપડાં ખરીદી શકાશે. અમેરિકામાં રહેવાને માટે ઓરડા મળે છે. કોઇ ઓરડાનું માસિક ભાડું ૨૪ રૂપીઆ અને કોઇનું ૩૦ રૂપીઆ હોય છે. જેવો ઓરડો તેવું ભાડું પડે છે. જે વિદ્યાર્થી વિશ્વવિદ્યાલયના બોર્ડિંગ હાઉસમાં રહેવા માગતો હોય તેને વિશેષ ભાડું આપવુ પડે છે. કોઈ કોઇ વિશ્વવિદ્યાલયમાં

ઓછું ભાડું પણ હોય છે. ભિન્ન ભિન્ન વિદ્યાલયોમાં ભિન્ન ભિન્ન પ્રબંધ છે. આ ઓરડામાં ભોજનનો પ્રબંધ થઇ શકતો નથી. આથી વિદ્યાર્થીઓ કાંતો યુનિવર્સિટીના હોટેલમાં જાય છે કે કાંતો તેની નિકટના કોઇ હોટેલમાં જાય છે.

કપડાં ધોવરાવવાનો ખર્ચ આ પ્રમાણે છેઃ–ખમીસના આના પાંચ, કૉલરના પાંચ પૈસા અને અંદરના બદનના ચાર આના સુધી. હજામત જાતેજ કરતાં શીખવું જોઇએ. હજામ ક્ષૌર કર્મના આઠ આના અથવા ૧૫ સેન્ટ લે છે. બાલ કપાવવા હોય તો તેર આના આપવા પડે છે. બાકીનો ખર્ચ ભારતવર્ષ કરતાં અનેકગણો વધારે છે. સાધારણ રીતે કુલ માસિક ખર્ચ ૬૫ રૂપીઆ થાય છે. એટલામાં એક વિદ્યાર્થી આનંદપૂર્વક પોતાનો નિર્વાહ કરી શકે છે.

મકાનની તલાસ કરવી હોય ત્યારે પણ દૈનિક પત્રો વાંચવાં જોઇએ. તેમાં ઘરોનાં વિજ્ઞાપન હોય છે. મહોલ્લે મહોલ્લે ભ્રમણ કરીને પણ મકાનની તલાસ કરી શકાય છે. ઉભય બાજુએ જોતા જવું જોઇએ. જે ઘરમાં ઓરડો ખાલી હોય તેની ઉપર Rooms for Rent–Furnished–Unfurnished Rooms–House to let આદિ શબ્દો લખેલા હોય છે. જે ઘરમાં ઓરડો ખાલી જણાય તે ઘરનું બટન દબાવવું. ઘરની સ્વામિની આવીને બારણું ખોલશે. તેને પૂછીને સર્વ પ્રબંધ કરી લેવો. વાત અતિ સભ્યતાપૂર્વક કરવી જોઇએ. જે ઘરમાં પુરૂષો રહેતા હોય તે ઘરની સ્વચ્છતા જાળવવા પ્રત્યે પૂર્ણ ધ્યાન આપવુ જોઇએ. આમ તેમ થૂકવું નહિ જોઇએ. તે દેશમાં પ્રાતઃકાળમાં સ્નાન કરવાનો રિવાજ નથી. યદિ આખું ઘર આપણા કબજામાં હોય તો કાંઇ હરકત નહિ, જ્યારે ઇચ્છા થાય ત્યારે નહાઇએ, નહિ તો બપોરે અથવા રાતે સૂતા પૂર્વે નહાવું જોઇએ. પ્રાતઃ-કાળમાં શૌચ કરવા જવું હોય ત્યારે એવી ધીમી ચાલથી જવું કે

કોઇની ઉંઘમાં વિઘ્ન ન થાય. આપણે આપણાં સુખદુઃખનો જેવો ખ્યાલ રાખીએ છીએ તેવોજ ખ્યાલ અન્યનાં સુખદુઃખનો રાખવો જોઇએ. એમ ન ધારવું કે અમે ભાડું ભરીએ છીએ માટે ફાવે તેમ કરીશું. આવા માણસને તત્કાળ ઘરમાંથી બહાર કાઢવામાં આવે છે.

જ્યારે કોઇ સ્ત્રીની સાથે વાત કરો ત્યારે કોઈ અસભ્ય શબ્દ વાપરશો નહિ અથવા કોઈ પણ પ્રકારની હરકત કરશો નહિ. તે દેશનાં સ્ત્રી પુરૂષોમાં પરમ નમ્રતા તથા સ્મિતપૂર્વક વાત કરવાનો રિવાજ છે. આનો કાંઇ ઉલટો અર્થ સમજવો નહિ. વાત ચાલતી હોય ત્યારે કદિ કોઈ શબ્દ સમજાય નહિ અને પુનઃ પૂછવું હોય તો I beg your pardon એમ કહેવું. યદિ રસ્તે ચાલતાં ભૂલથી કોઇને આપણી ઠોકર વાગે તો ઝટ I beg your pardon એમ કહેવું. જો કોઈ માણસ તમારી પડેલી કોઇ ચીજ ઉઠાવીને આપે અથવા કોઇ વાતમાં જરા પણ પ્રેમ દર્શાવે તો તત્કાળ તેને "Thank you very much" એમ કહેવું જોઇએ; નહિ તો તે સમજશે કે આ માણસ અસભ્ય છે, અને જ્યાં એકવાર તમારો આવો સ્વભાવ જણાયો કે પછી તે લોકો તમારી સાથે વાત કરશે નહિ. આ વાતો તો ઘણી ક્ષુદ્ર છે, પરંતુ તે દેશમાં આવી ક્ષુદ્ર વાતોથીજ મનુષ્યની કિમ્મત કરવામાં આવે છે.

જ્યારે કોઇને મળવા જાઓ અથવા વિદ્યાલયમાં જાઓ ત્યારે હમ્મેશાં તમારો કૉલર, ટાઇ, કોટ, પાટલૂન, બાલ વગેરે ઠીકઠાક કરીને જજો. બૂટ સાફ હોવા જોઇએ, હજામત કરેલી હોવી જોઇએ; જરાપણ ખામી ન હોવી જોઇએ. કપડાં હમ્મેશાં સાફ અને સ્વચ્છ રાખવાં જોઇએ. આ વાતો પ્રત્યે તે દેશમાં ઘણું ધ્યાન આપવામાં આવે છે. આપણા દેશની સભ્યતા ભિન્ન પ્રકારની છે અને તે દેશની સભ્યતા ભિન્ન પ્રકારની છે. એટલા માટે વિદ્યાર્થીઓને આ વાત જાણવી અતિ આવશ્યક છે.

હવે શૌચના સંબંધમાં કેમ કરવું તે સાંભળો. તે દેશમાં અને સમગ્ર યૂરોપમાં કાગળથી સાફ કરવાનો રિવાજ છે. પાણીનો લોટો સંડાસમાં લઈ જવાની પ્રથા નથી. સંડાસમાં એક સ્ટૂલ રહે છે તેની ઉપર માણસ પાયજામો નીચો કરીને બેસી જાય છે. જ્યારે તે શૌચ કરી રહે છે, ત્યારે કાગળોના બંડલમાંથી કાગળ લઇ ગુદા સાફ કરે છે; તત્પશ્ચાત્ સાંકળ ખેંચે છે એટલે સર્વ મળ નીચે વહી જાય છે અને મોટા નળમાં થઇને સમુદ્ર અથવા નદીમાં ચાલ્યો જાય છે. આ કાગળો ખાસ પ્રકારના બનાવવામાં આવે છે અને તે Toilet Paper કહેવાય છે. એ કાગળો બહુ પાતળા થાય છે. ઘરની સ્વામિની સાબુ, શૌચપત્ર આદિ પુરાં પાડે છે. ઉક્ત સ્ટૂલપર કદિ પણ બન્ને પગ મૂકીને બેસવું નહિ, પરંતુ નીચે પગ રાખીને બેસવું. જ્યારે શૌચ ન જવું હોય, પરંતુ માત્ર પિશાબજ કરવો હોય ત્યારે લાકડાના સ્ટૂલને છેક ઉપર ચઢાવી દેવું. કોઇને સંડાસના સંબંધમાં પૂછવું હોય તો Water Closet અથવા Lavatory ક્યાં છે એમ પૂછવું.

લોકોની રહેણી કરણીના સંબંધમાં આ થોડી વિગત મેં જણાવી છે; આશા છે કે મારા ભાઇઓ એનાથી લાભ ગ્રહણ કરશે.

**પ્રશ્ન ૨૩**—અમેરિકન લોકો ભારતીય વિદ્યાર્થીઓ પ્રત્યે કેવું વર્તન કરે છે ?

**ઉત્તર**—નિશાળો, પાઠશાળાઓ તથા વિશ્વવિદ્યાલયોમાં અમેરિકન વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો આપણા વિદ્યાર્થીઓ સાથે સારૂં વર્તન કરે છે. તેઓ આપણા વિદ્યાર્થીઓ સાથે કોઇ પણ પ્રકારનો પક્ષપાત આદિ રાખતા નથી. વળી અમેરિકન લોકો પણ ભારતીય વિદ્યાર્થીઓ પ્રત્યે સારૂં વર્તન કરે છે; પરંતુ મજુર લોકો તથા યૂરોપના ભિન્ન ભિન્ન દેશોમાંથી આવેલા ગોરાઓ ભારતીય લોકો પ્રત્યે ઘૃણા કરે છે; કારણ સ્પષ્ટજ છે. તેઓ સંકુચિત હૃદયના હોય છે.

તેમણે પોતાના દેશમાં કાંઇ જોયેલું હોતું નથી અને જ્યારે અમેરિકા આવે છે ત્યારે બડેમીયાં બની રોફ કરે છે. તેમના તરફથી મને ઘણું કષ્ટ સહન કરવું પડયું હતું, કારણ કે મારે વિદ્યાર્જનને માટે રૂપીઆ કમાવા સારૂ આ મજુર લોકોની સાથે કામ કરવું પડતું હતું. ભારતીય વિદ્યાર્થીઓ તથા ઇતર સજ્જનોને હું એક એવી યુક્તિ બતાવું છું કે જે તેમને આ સર્વ મુસ્કેલીઓમાંથી બચાવી દેશે.

૧૯૦૯ ની ગ્રીષ્મઋતુમાં હું સિયેટલ શહેરમાં કામ કરતો હતો. ત્યાં મારી સાથે ઘણા ગોરા મજુરો પણ કામ કરતા હતા. ત્યાં એક શ્રીમંત માણસ પોતાની એક મોટી હવેલી બંધાવતો હતો અને તેને ત્યાં હું કામ કરતો હતો. હું ઈંટોથી ટ્રક ભરીને લઇ જવાનું કામ કરતો હતો. મારી સાથે જે ગોરો મજુર કામ કરતો હતો તે બહુ તોફાની અને ધૂર્ત હતો. તેને જ્યારે પણ તક મળતી ત્યારે ત્યારે તે મને Damn Hindu કહેતો અને આ પ્રકારે તે દરરોજ મને સતાવતો હતો. પ્રથમ તો મેં હિંદુઓના રિવાજ પ્રમાણે સહનશીલતા ધારણ કરી અને ઝઘડાનું મોં કાળું કર્યું; પરંતુ એક દિવસ તેણે મને ખરાબ ગાળ દીધી. બસ ! હવે મારી સહનશીલતાનો અંત આવી ગયો. તેને પકડીને મેં નીચે તોડી પાડયો અને મારા ઘુંટણ તેની છાતીપર ટેકવી તેને ખૂબ માર્યો અને પછી તેને છોડી દીધો. મેં ઉઠીને તેને કહ્યું: “ યદિ પુનઃ આવી ગાળ દેશે તો આથી વિશેષ દક્ષિણા મળશે. ”

બસ ! આ તેના તોફાનનો અંતિમ દિવસ હતો. ત્યાર પછી તેણે મને કદિ પણ સતાવ્યો નહિ અને તે હમ્મેશાં મને ભાઇ કહીને બોલાવવા તથા ઘણું માન આપવા લાગ્યો; એટલા માટે આપણા છાત્રોએ પાશ્ચાત્ય સભ્યતાનો આ સિદ્ધાંત કદિ પણ ભૂલવો નહિ:—

The good old plan;
That he should take who has the power;
And he should keep who can.

કારણ કે પાશ્ચાત્ય દેશોની સભ્યતા આ એક સિદ્ધાંત પર ઉભેલી છે. જે વિદ્યાર્થીઓ અમેરિકા જવા માગતા હોય તેમણે હમ્મેશાં નિર્ભય રહેવું જોઇએ અને કદિ પણ કોઇથી ડરવું જોઇએ નહિ. જો કોઇ ગોરો કદિ છેડછાડ કરે અથવા ગાળ દે તો તત્કાળ તેને મેથી-પાક આપવા માંડવો જોઇએ. આમ કરે તોજ એ દેશમાં મનુષ્ય પ્રતિષ્ઠા તથા સન્માનપૂર્વક રહી શકે છે.

**પ્રશ્ન ૨૪**—ત્યાં કયા પ્રકારની મજુરી મળે છે?

**ઉત્તર**—અમેરિકામાં વિદ્યાર્થીને દરેક પ્રકારનું કામ કરવું પડે છે. ગ્રીષ્મઋતુમાં ખેતરોમાં જઇને કામ કરવાનું હોય છે; અથવા બાગોમાં જઇ ફળ વીણવાનાં હોય છે; અથવા ઇતસ્તતઃ Hops વીણવાનાં હોય છે. વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરવા જવાનું હોય તે સમયમાં કદિ વાસણ માંજવાનું, કદિ મકાન વાળવાનું, કદિ ચૂલામાં બળતણ બાળવાનું, કદિ ઘાસ કાપવાનું એવાં એવાં કામો કરવાનાં હોય છે. જેઓ મજુરીનોજ ધંધો કરતા હોય તેમણે તો સ્થાયી નોકરી શોધી કાઢવી જોઇએ. ઘણા ધંધાદારી મજુરો લાકડાંની મીલો, રેલ્વેની સડકો તથા મોટા મોટા જમીનદારોનાં ખેતરોપર કામ કરે છે. તેઓ આખું વર્ષ ત્યાં કામ કરે છે. તેમને છ રૂપીઆથી સાત આઠ રૂપીઆ સુધીનો રોજ મળે છે. કોઇ કોઈ વર્ષે એથી કદાચ ઓછો રોજ પણ મળે. જે વર્ષમાં પ્રેસિડેન્ટની ચૂંટણી થવાની હોય છે તે વર્ષમાં વ્યાપાર જરા મંદ પડી જાય છે. તે વર્ષમાં મજુરોની માગણી જરા ઓછી હોય છે.

બસ! આવાંજ કામો અમેરિકામાં આપણા લોકો કરે છે. આપણા પૈકી ઘણા થોડા લોકો દુકાનદારી અથવા ફેરીનો ધંધો કરે છે.

વસ્તુતઃ આપણા દેશના બુદ્ધિમાન લોકોએ તે દેશમાં જઈ વણજ વેપાર કરી ત્યાંનું ધન અહીં લાવવું જોઇએ; પરંતુ તેમને તો કદિ સ્પર્શ્યાસ્પર્શ્યવિચારમાંથી નવરાશ મળતી નથી. બિચારા મજુર લોકો ત્યાં જઇ પોતાના પુરૂષાર્થથી ધન કમાઇ પોતાની શક્તિ અનુસાર દેશનું હિત સાધે છે.

**પ્રશ્ન ૨૫**—એન્જીનિયરીંગ વગેરે શીખવાને માટે તે દેશમાં કોઇ સારૂં વિશ્વવિદ્યાલય છે? કૃપા કરીને એ પણ જણાવો કે તે દેશમાં દંતવિદ્યાનો અભ્યાસ ક્યાં કરવો?

**ઉત્તર**—પેન્સીલવેનિયાના પિટસબર્ગ શહેરમાં મી. કારનેગીએ એક અતિ વિશાળ વિશ્વવિદ્યાલય સ્થાપિત કર્યું છે. તેમાં પ્રત્યેક પ્રકારની શિલ્પવિદ્યા શીખવવામાં આવે છે. તેમાં ભારતીય છાત્રો સુખેથી એન્જીનિયરીંગનું કામ શીખી શકશે; અને તેમાં ખર્ચ પણ ઘણો થોડો પડશે. એમ તો અમેરિકાનાં સર્વ સંસ્થાનોની યુનિવર્સિટીઓમાં એન્જીનિયરીંગની શિક્ષા આપવામાં આવે છે; પરંતુ કારનેગી વિશ્વવિદ્યાલય ખાસ આ હેતુથીજ સ્થાપિત કરવામાં આવ્યું છે. જો કોઇને ત્યાંની વિશેષ માહિતી મેળવવી હોય તો:—

"The Registrar Carnegie
Technical Institute,
Pittesburg. Pa. U. S. A.

એ સીરનામે પત્ર મોકલવો અને તેનું કૅટેલોગ મંગાવી લેવું.

જે મહાશય દંતવિદ્યા શીખવા માગતા હોય તેમણે ન્યૂયૉર્ક, શિકાગો, બોસ્ટન આદિ કોઇ મોટા શહેરમાં જઇ એ વિદ્યા શીખવી. આ શહેરોમાં એ વિદ્યા શીખવનારી શાળાઓ ખુલેલી છે.

**પ્રશ્ન ૨૬**—અમેરિકામાં નાઇટ સ્કૂલનો પ્રબંધ કેવો છે?

**ઉત્તર**—અમેરિકામાં ભાગ્યેજ કોઈ એવું મોટું શહેર હશે કે

જેમાં નાઇટ સ્કૂલ ન હોય. આ સ્કૂલોમાં જેમને દિવસે ફુરસદ ન હોય તેમને ભણાવવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. કારનેગી વિશ્વવિદ્યાલયમાં પણ રાતના ભણાવવાનો પ્રબંધ છે. આ પ્રકારે જ્યાં જ્યાં મજુરીનો ધંધો કરનારા લોકો ભણવાનો શોખ ધરાવતા હોય ત્યાં ત્યાં આવી નાઇટસ્કૂલો સ્થાપિત થઇ છે. આવી સ્કૂલોમાં ફી અધિક હોતી નથી અને પ્રત્યેક વિષય સુશિક્ષિત અધ્યાપકો દ્વારા શીખવવામાં આવે છે. ભારતીય સજ્જનોએ આ વાતની ચિંતા રાખવી નહિ. તેમને અમેરિકામાં વિદ્યાધ્યયનની હરપ્રકારની અનુકૂળતા મળશે. તે દેશમાં કેવલ જે માણસને વિદ્યાભ્યાસ કરવાની ઇચ્છા ન હોય તેજ વિદ્યારહિત રહે છે.

**પ્રશ્ન ૨૭**—અમેરિકાની ઋતુ કેવી છે?

**ઉત્તર**—અમેરિકામાં શીત અધિક પડે છે. ઉત્તર તથા પૂર્વ ભાગનાં સંસ્થાનોમાં પુષ્કળ બરફ પડે છે. મધ્યભાગનાં સંસ્થાનોમાં પણ પુષ્કળ બરફ પડે છે. અલબત્ત, પશ્ચિમ તથા દક્ષિણ ભાગનાં સંસ્થાનોમાં નામ માત્રનું બરફ પડે છે. પૅસિફિકકોસ્ટ તરફ આવેલાં સંસ્થાનોમાં અધિક ઠંડી પડતી નથી. દક્ષિણ કૅલિફોર્નિયા તો સંપૂર્ણતઃ આપણા દેશ જેવોજ છે. અકટોબર માસમાં શીત ઋતુનો આરંભ થાય છે, તેનું જોર છેક મે માસમાં કાંઇક નરમ પડે છે. તે દેશમાં બહાર સૂવાનો રિવાજ નથી. સર્વ ઋતુઓમાં લોકો અંદર સુએ છે. અમેરિકાની ઋતુ ભારતીય લોકોને માફક આવે એવી નથી; કારણ કે આપણા લોકો અધિક શીત સહન કરી શકતા નથી. તેમને શીત ઋતુમાં ઘણું કષ્ટ સહન કરવું પડે છે. જૂનના આરંભમાં ગરમીની મોસમ ખુલે છે અને સપ્ટેમ્બર પર્યંત સારી ગરમી રહે છે. જૂનથી સપ્ટેમ્બર સુધીના મહિના શુષ્ક હોય છે અર્થાત્ તેમાં વર્ષાદ થતો નથી. કદિ એકાદ

આપવું પડે તો પડે. ભારતીય સજ્જનોએ અમેરિકામાં શીત સહન કરવાને તૈયાર રહેવું જોઇએ.

**પ્રશ્ન ૨૮**—યદિ કોઇને કોઇ વિષય સર્વથા જુદો શીખવો હોય તો તેણે તે માટે શું કરવું ?

**ઉત્તર**—અમેરિકામાં પણ ભારતની પેઠે ટ્યૂશન આપવાનો રિવાજ છે. ખાસ વિષય શીખવનારા શિક્ષકો ત્યાં મળે છે, તેમને કાંઇક ફી આપવાથી અભ્યાસ કરી શકાશે. તેઓ ઓછામાં ઓછી ફી દર કલાકે દોઢ રૂપીઓ લે છે. કૉલેજોમાં પણ એક ખાસ વિષય શીખવાનો પ્રબંધ કરી શકાશે; પરંતુ તે માટે પ્રેસિડેન્ટની આજ્ઞા લેવી પડે છે. આ પ્રકારે જેને જે વિષયનો અભ્યાસ કરવો હોય તે તે વિષયનો પ્રબંધ કરી શકશે. વિદ્યાર્થીઓ આ બાબતનો નિર્ણય અમેરિકા જઇને કરી શકશે, અહીં તે સંબંધે અધિક લખવું વ્યર્થ છે.

**પ્રશ્ન ૨૯**—અમેરિકન વિશ્વવિદ્યાલયમાંથી ડીગ્રી લઇને આવેલો ભારતીય છાત્ર આપણા દેશમાં શો લાભ મેળવી શકશે ?

**ઉત્તર**—આ પ્રશ્નનો ઉત્તર શું આપી શકાય એમ છે ? તેનો આધાર વિષયની ઉપર છે. જે છાત્ર જે વિષયનો પંડિત થશે તે તે વિષયના જ્ઞાનદ્વારા પોતાને તથા પોતાના દેશને લાભ કરી શકશે. મારૂં ધારવું તો એમ છે કે આપણા છાત્રોએ કલાકૌશલ્ય શીખવાનો વિશેષ પ્રયત્ન કરવો જોઇએ. આપણા દેશમાં વૈજ્ઞાનિક રીતિથી મકાન બાંધવાં જોઇએ. આપણા છાત્રો અમેરિકામાં બે ત્રણ વર્ષ સુધી રહીને Architecture નો અભ્યાસ કરે તો આપણા દેશને ઘણો મોટો લાભ થાય. યંત્રોનાં ચક્રો બનાવતાં તથા તેનો ઉપયોગ કરતાં શીખવું કેટલું આવશ્યક છે ? આપણા લોકો સારા જોડા તો શીવી શકતાજ નથી. આપણને નાની નાની ચીજોને માટે અન્ય દેશોનું શરણ લેવું પડે છે. 'શિક્ષા' એ શી વસ્તુ છે તેનું પણ હજી આપણને

પૂરેપાધરૂં જ્ઞાન નથી. આપણે કોલંબિયા યુનિવર્સિટીમાં જઇ વૈજ્ઞાનિક શિક્ષાપ્રણાલી શીખવી જોઇએ અને આપણા દેશમાં આવી તેનો પ્રચાર કરવો જોઇએ. આપણે છત્રી, કાગળ, પેન્સિલ, ખાંડ, જોડા, કાચ, પેચ, નાના નાના સંચાઓ વગેરે સેંકડો વસ્તુઓ બનાવવાનો હુન્નર અમેરિકા જઇને શીખી શકીએ એમ છે. વૈજ્ઞાનિક રીતે કૃષિકર્મ કરતાં શીખવાની આ દેશમાં કેટલી બધી જરૂર છે? આપણે અમેરિકાની કૃષિવિદ્યાની પાઠશાળાઓમાં કૃષિવિજ્ઞાન શીખી આપણા દેશની કૃષિ સુધારવી જોઇએ. તે શિવાય ફળોનો ઉદ્યોગ (Fruit Industry) એટલો બધો મહાન છે કે તેના દ્વારા આપણા દેશને કરોડો રૂપીઆની આમદાની થઇ શકે એમ છે. આપણા દેશના લોકોએ ફળોનો ઉદ્યોગ શીખવો જોઇએ. અમેરિકાના લોકો એ ઉદ્યોગદ્વારા અબજો રૂપીઆ કમાય છે. આપણા લોકો જો કૃષિ અને ફળોના ઉદ્યોગ-પ્રત્યે અધિક ધ્યાન આપે તો તેઓ પોતાની દરિદ્રતા શીઘ્ર દૂર કરી શકે એમ છે.

યંત્રો ચલાવતાં શીખવાને માટે આપણા છાત્રોએ અમેરિકાનાં કારખાનાંમાં જઇને કામ કરવું જોઇએ. તેમણે યંત્રના પ્રત્યેક ચક્રનો ઉપયોગ જાણવો જોઇએ. સેંકડો વિદ્યાર્થીઓને કેવલ યંત્ર કામ શીખ-વાને મોકલવા જોઇએ.

**પ્રશ્ન ૩૦**—ખર્ચને માટે કયા પ્રકારના શિક્કા સાથે લઇ જવા જોઇએ? નોટ, હુંડી અને પૌંડ એમાંથી શું અધિક અનુકૂળ થઇ પડશે?

**ઉત્તર**—અંગ્રેજી પૌંડ સર્વ સ્થળે ચાલે છે, માટે જો થોડા પેસા લઇ જવા હોય તો તે પોતાની પાસે રાખવા સારા છે. ઘણા પૈસા લઈ જવા હોય તો કોઇ બેંકની હુંડી ન્યૂયૉર્કની કોઈ બૅંકને નામે કરાવી લેવી. હિંદુસ્તાનના રૂપીઆ પોતાની સાથે કદિ પણ

રાખશો નહિ, કારણ કે ચાંદીનો ભાવ વખતોવખત વધે ઘટે છે અને સોનાનો ભાવ પ્રાયઃ એકસરખો રહે છે. ખાસ કરીને આ બાબતમાં અંગ્રેજી પૌંડ ઘણા ઉપયોગી થઈ પડશે. જગતના કોઈ પણ ભાગમાં ચાલ્યા જાઓ, અંગ્રેજી પૌંડ સર્વત્ર ચાલશે.

પ્રવાસીને યૂરોપના માર્ગે જવું હોય તો આ વાતનું હમ્મેશાં ધ્યાન રાખવું કે તેની પાસે ઇટલી, ફ્રાન્સ વગેરે દેશોના અધિક શિક્કા ન હોવા જોઇએ. જ્યારે વહાણો જઇને એ દેશોનાં બંદરે મુકામ કરે અને થોડા શિક્કાની જરૂર હોય તો કોઈ મોટો શિક્કો વટાવવો નહિ. બનતાં સુધી નાના શિક્કાથી પોતાનું કામ ચલાવી લેવું; કારણ કે અમેરિકામાં એ શિક્કા બિલકુલ ચાલતા નથી અને ચીન, જાપાનના શિક્કાઓની પણ એજ દશા છે.

**પ્રશ્ન ૩૧**—અમેરિકામાં નાત જાતની કાંઇ મર્યાદા છે કે નહિ?

**ઉત્તર**—અમેરિકામાં આપણા લોકોના જેવી નાત જાત છેજ નહિ. હા, રંગનો પક્ષપાત અવશ્ય છે. પશ્ચિમ ભાગમાં મજુરલોકો એશિયાવાસીઓ પ્રત્યે ઘૃણા પણ કરે છે. બસ, આજ પ્રકારની અમેરિકન નાતજાત છે.

**પ્રશ્ન ૩૨**—હિંદુસ્તાનની કયી વસ્તુ સાથે લઇ જવાથી ત્યાં અધિક લાભ થવાનો સંભવ છે?

**ઉત્તર**—હિંદુસ્તાનનાં પીતળનાં વાસણોની અમેરિકામાં સારી કદર થાય છે. લાકડાં તથા હાથીદાંતનાં કામને પણ ત્યાંના લોકો ઘણાં પસંદ કરે છે; પરંતુ કોઇ પણ ભારતીય પ્રવાસીને અમેરિકામાં કોઈની સાથે ખાસ પરિચય ન હોય તો આવી આવી વસ્તુઓ પોતાની સાથે લઈ જવાની હું તેને સલાહ આપીશ નહિ. અજાણ માણસ જો આવી વસ્તુઓ પોતાની સાથે લઇ જશે તો તે અવશ્ય ખત્તા ખાશે. ત્યાં મજુરીનો દર અધિક હોવાથી અજાણ ભારતીયને હાનિ થવાનોજ

સંભવ છે. સૌથી સારો માર્ગ તો એજ છે કે આપણા દેશમાં ભ્રમણ કરી આ સર્વ વસ્તુઓની કિમ્મતની તપાસ કરી તેના વેચનારાઓની સાથે પ્રબંધ કરવો જોઇએ. અમેરિકા ગયા પછી ત્યાંના લોકોની સાથે ઓળખાણ કરીને માલ મંગાવવાની વ્યવસ્થા કરવી જોઇએ. આ યુક્તિથી કામ કરવામાં અધિક લાભ થવાની આશા છે. સારી રીતે તપાસ કરવાથી કયી ચીજનો વેપાર કરવો તેની સમજ પડશે. તપાસ કર્યા વિના પોતાની સાથે ચીજ લઇ જવી અને ત્યાં જઇને આમતેમ ભટકયા કરવું એ અતિ હાનિકારક છે.

**પ્રશ્ન ૩૩**—વ્યાપારી લોકો અમેરિકામાં કાંઇ લાભ લઈ શકે એમ છે?

**ઉત્તર**—હું આપણા શ્રીમંત વ્યાપારીઓને સવિનય નિવેદન કરીશ કે તેમણે એક વાર અમેરિકા અવશ્ય જવું. ત્યાં જઇને વ્યાપારનું નિરીક્ષણ કરવું. કોઇ માણસ વ્યાપાર સંબંધી સર્વ વાતોનું યથાસ્થિત વર્ણન તમને આપી શકે એમ નથી; કારણ કે એ સર્વ વાતો નજરે જોવાની સાથે સંબંધ ધરાવે છે. અમેરિકામાં જે લોકો વ્યાપારના ધંધામાં પડે છે તથા જે લોકોને પરદેશોની સાથે વ્યાપાર કરવાનો હોય છે તેઓ સ્વયં પરદેશોમાં જઇને આ સર્વ વાતોની તપાસ કરે છે; પરંતુ જે લોકોને અમેરિકામાં જઇ થોડી પુંજીથી સાધારણ વ્યાપાર કરવાની ઇચ્છા હોય તેઓ જાપાનીઓની પેઠે વ્યાપારનો આરંભ કરી શકશે. તેમણે નાની નાની ફળોની દુકાનો, ચીરૂટ, ખમીસ, કૉલર આદિ વેચવાના સ્ટોર અથવા બિલિયર્ડ રૂમ Billiard Rooms ખોલી પોતાનું કામ શરૂ કરવું; પછી તેઓ ધીમે ધીમે પુંજી વધારી પોતાનો વ્યાપાર વધારી શકશે. આ સર્વ કામો કરવાનો સર્વોત્તમ માર્ગ તો એજ છે કે સૌથી પહેલાં ત્યાં જવું અને ત્યાં જઇને ત્યાંના વ્યાપારનો રંગ જોવો. પછી જેમ આવશ્યક લાગે તેમ કરવું.

ચીના અને જાપાની લોકો આમજ કરે છે; તેમને સફલતા પ્રાપ્ત થઇ છે. આપણુને કામ ન મળે એમ ધારવાનું કાંઇ પણ પ્રયોજન નથી.

**પ્રશ્ન ૩૪**—અમેરિકામાં આપણા દેશના વ્યાપારી લોકો છે? અને જો હોય તો તેઓ શું કરે છે?

**ઉત્તર**—હા છે. પૂર્વ ભાગમાં ન્યૂઝરેઝી નામનું એક સંસ્થાન છે તેમાં આપણા દેશના ઘણા મુસલમાનો ફેરીનું કામ કરે છે. ન્યૂયૉર્ક, બોસ્ટન આદિ નગરોમાં પણ આપણા દેશના કેટલાક લોકો અહીં તહીંનો માલ વેચી દ્રવ્ય કમાય છે. દક્ષિણ ભાગનાં સંસ્થાનોમાં ઘણા પઠાણો આપણા દેશથી શાલ દુશાલા મંગાવી પુષ્કળ દ્રવ્ય કમાય છે. હિંદુઓને તો અભડાટે મારી નાખ્યા છે અને અભડાટથી બચેલા જે લોકો ત્યાં ગયા છે તેઓ મજુરી સિવાય બીજું કાંઈ કામ જાણતા નથી. ભલા પંજાબના શીખ ખેડુતો વ્યાપારની વાત શું જાણે? એ કામ તો વૈશ્યોનું છે. એટલા માટે આપણા દેશના જે લોકોને ઇશ્વિરે બુદ્ધિ આપી છે તેમણે દેશની બહાર જઇ મુસલમાની બંધુઓની પેઠે ધન કમાવાને કટિબદ્ધ થવું જોઇએ. યુનાઇટેડ સ્ટેટસમાં એવું એક પણ શહેર નથી કે જેમાં થોડા ઘણા જાપાનીઓ ન હોય. તેઓ ત્યાં જઇને જમીન ખરીદે છે, વસ્તી કરે છે, દુકાન ખોલે છે અને આ પ્રકારે પોતાના દેશને લાભ કરે છે. ભારતીય લોકોએ અત્યાર સુધી તેમ કર્યું નથી. એનું કારણ એ છે કે હજી સુધી દેશના શિક્ષિત લોકોનું ધ્યાન અમેરિકા તરફ ખેંચાયું નથી. હુ ઇશ્વિરને પ્રાર્થના કરૂંછું કે હે પ્રભો! તું મારા દેશબંધુઓને એ તરફ શીઘ્ર ધ્યાન આપવાની અને પોતાના દેશનું દારિદ્રય દૂર કરવાની બુદ્ધિ આપ.

સાથે સાથે હું એટલું પણ જણાવી દેવું આવશ્યક સમજું છું કે આપણા જે જે ભાઇઓ અમેરિકામાં વ્યાપારનો ધંધો કરે છે તેઓ પોતાને ભારતીય કહેતા નથી, પરંતુ ઇરાનવાસી કહે છે; કારણુ કે

ભારતવાસી કહેવાથી તેમનાં કામોમાં ઘણી બાધાઓ ઉપસ્થિત થાય છે. એમ શા માટે બને છે? તેનું કારણ બુદ્ધિમાને સ્વયં સમજી લેવું.

**પ્રશ્ન ૩૫**—શું અમેરિકામાં ચીનાઓ અને જાપાનીઓ કાંઇ વ્યાપાર કરે છે? તેમની સ્થિતિનું વિસ્તારપૂર્વક વર્ણન કરો.

**ઉત્તર**—અમેરિકામાં ચીનાઓ અને જાપાનીઓ ભિન્ન ભિન્ન ધંધાઓ કરે છે. ચીનાઓનો મોટો ભાગ કપડાં ધોવાનું કામ કરે છે. અમેરિકામાં કોઇ એવું નગર ભાગ્યેજ હશે કે જેમાં ચીના ધોબી ન હોય. થોડીક પુંજી લઇને એ લોકો અમેરિકા આવે છે અને પોતાના પુરૂષાર્થથી ધીમે ધીમે શ્રીમંત બની જાય છે. સૅન્ફ્રાન્સીસ્કોના ચીનાઓ અતિ શ્રીમંત છે. તેઓ મોટી મોટી વખારોના માલિક હોય છે. ચીનાઓનાં હોટેલ મોટાં મોટાં શહેરોમાં છે, તે "ચાપસૂઈ" કહેવાય છે. તેમાં સર્વ પ્રકારના લોકો આવીને ભોજન કરે છે. આ હોટેલો સારાં ચાલે છે. એ સિવાય ચીના લોકો બીજા રોજગાર પણ કરે છે, પરંતુ તેમનો મોટો ભાગ અમેરિકામાં મજુરી કરે છે.

હવે રહી જાપાનીઓની વાત. જાપાની લોકો ઘણે અંશે ચીનાઓથી આગળ વધેલા છે. તેમની હોટેલો અને દુકાનો પ્રાયઃ સર્વ શહેરોમાં છે. જાપાની લોકો અમેરિકામાં ઘણી જમીન ખરીદે છે. તેમની વસ્તી વધતી જાય છે. કૅલિફૉર્નિયામાં જાપાનીઓએ અનેક લાખ ડૉલરોની જમીન ખરીદી છે. એ લોકો કૉંટ્રેક્ટ લઇને પણ કામ કરે છે. તે લોકો આપણા લોકોની પેઠે કેવલ મજુરી કરીને સંતુષ્ટ થતા નથી, પરંતુ સર્વ પ્રકારનાં કામ કરે છે. જેવી રીતે આપણા લોકો નાટાલ, કેપકૉલોની વગેરે દક્ષિણ આફ્રિકાનાં નગરોમાં દુકાનો ખોલી ત્યાંના અંગ્રેજ લોકોની પેઠે ધન કમાય છે તેવી રીતે જાપાની લોકો પણ અમેરિકામાં દ્રવ્યોપાર્જન કાર્યમાં નિમગ્ન થયેલા છે. મારા ભ્રમણમાં મેં નાના નાના કસ્બાઓમાં જાપાની વસ્તી જોઇ છે.

અહીંઆં જાપાની લોકો ઘર બાંધીને રહેલા છે. તેઓ આસપાસની જમીન ખરીદી તેમાંથી નીપજેલી ચીજો શહેરોમાં વેચે છે. લાસ-એન્જેલસની આસપાસ જાપાનીઓનાં ક્ષેત્રો જોઇ હું બહુજ આશ્ચર્ય-ચકિત થયો હતો.

મારા દેશબંધુઓ પણ જો ઉદ્યોગ કરે તો ઘણું કરી શકે એમ છે. આપણે ઘરમાંથી બહાર નીકળવું જોઇએ અને ચીના તથા જાપાનીઓની પેઠે હિમ્મત કરી અમેરિકામાં દુકાનો ખોલી ખૂબ ધન પેદા કરવું જોઇએ; ત્યારે જ આ દેશનું હિત થશે.

**પ્રશ્ન ૩૬**—કયી અમેરિકન યુનિવર્સિટીમાં ભારતીય છાત્ર થોડા ખર્ચથી વિદ્યાધ્યયન કરી શકશે ?

**ઉત્તર**—પ્રાયઃ સમસ્ત સ્ટેટ યુનિવર્સિટીઓ થોડા ખર્ચથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. કયાંક થોડી ઓછી તો કયાંક થોડી વધારે ફી લેવામાં આવે છે. પશ્ચિમ ભાગની યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થી ઘણી થોડી ફી આપીને વિદ્યા મેળવી શકશે.

**પ્રશ્ન ૩૭**—અમેરિકાની કયી યુનિવર્સિટીમાં પોલિટિકલ ઇકૉ-નૉમી (સંપત્તિ શાસ્ત્ર) રાજનીતિ વિજ્ઞાન આદિનું સારૂં શિક્ષણ આપવામાં આવે છે?

**ઉત્તર**—આવા વિષયોના અભ્યસને માટે ન્યુયૉર્ક, શિકાગો, કૅમ્બ્રીજ, મેડિસન, બરકલે, સ્ટૅન્ફર્ડ આદિ શહેરોમાં ઘણી સારી સારી યુનિવર્સિટીઓ છે. એ વિશ્વવિદ્યાલયોમાં મહા ધુરંધર આચાર્યો એ વિષયોનું શિક્ષણ આપે છે. કોઇએ તેનાં કેટેલોગ મંગાવવાં હોય તો નીચે પ્રમાણે સીરનામાં કરી પત્ર લખવા.

The Registrar.
University of Chicago,
Chicago Ill. U. S. A.

The Registrar,
Columbia University,
New York City N. Y. U. S, A.

The Registrar,
Harward University.
Cambridge Mass U. S. A.

**પ્રશ્ન ૩૮**—પિટ્સબર્ગમાં જે કારનેગી વિશ્વવિદ્યાલય છે તેમાં ભારતીય વિદ્યાર્થીઓ કાંઇ શીખી શકે એમ છે ?

**ઉત્તર**—કારનેગી યુનિવર્સિટીમાં વિદ્યુત્, રસાયન, વાણિજ્ય, ધાતુ, પત્ર, ખનિજ પદાર્થ તથા આરોગ્ય સંબંધી વિદ્યાઓ શીખવવામાં આવે છે. સુતારી કામ, લુહારી કામ, વિદ્યુત્‌નું કામ, એન્જીન આદિ બનાવવાનું કામ, લોઢું ઢાળવાનું કામ તથા તેનાં જાત જાતનાં ઓજાર બનાવવાનું કામ, આવાં આવાં કામો ત્યાં શીખવવામાં આવે છે. ત્યાં મિકૅનિકલ એન્જીનિયર, ઇલેક્ટ્રિકલ એન્જીનિયર એવી ડીગ્રીઓ મળે છે.

**પ્રશ્ન ૩૯**—સાંભળવામાં આવ્યું છે કે અમેરિકામાં કાળા રંગવાળાઓને ઘણું કષ્ટ સહન કરવું પડે છે, માટે તેની હકિકત કહો.

**ઉત્તર**—અમેરિકામાં એક કરોડથી વિશેષ હબસીઓ છે. જે હબસીઓને આફ્રિકામાંથી જોરજૂલમથી પકડીને નવી દુનિયામાં લાવવામાં આવ્યા હતા, તેમના આ વંશજો છે. આ લોકોને ઘેટાં બકરાંની પેઠે વેચવામાં આવતા હતા. ૧૭૮૩ માં જ્યારે અમેરિકાના લોકો સ્વતંત્ર થયા અને તેઓ મનુષ્ય માત્રના અધિકારો સમજ્યા ત્યારે તેમાં હબસીઓની વકીલાત કરનારા લોકો પણ પેદા થયા. શનૈઃ શનૈઃ "સમ અધિકાર" ના પ્રચારકોની સંખ્યા વૃદ્ધિંગત થઇ અને અમેરિકન સંસ્થાનોમાં કાળા લોકોના હક્કોનું સંરક્ષણ કરનારા ઘણા

કાયદા ઘડવામાં આવ્યા; પરંતુ દક્ષિણ ભાગનાં સંસ્થાનોમાં પૂર્વીય સ્થિતિજ ચાલુ રહી, તેથી સમગ્ર દેશમાં અશાંતિ ફેલાઇ. ખાસ કાળા લોકોના સંરક્ષણને માટે ટંટાફીસાદ થયા કરતા હતા.

અંતે ઉત્તર ભાગ તથા દક્ષિણ ભાગનાં સંસ્થાનોની વચ્ચે એક બહુ મોટું યુદ્ધ થયું. પરિણામે ઉત્તર તરફના લોકો જીત્યા અને હબસીઓ સ્વતંત્ર થઇ ગયા; પરંતુ પરાસ્ત થયેલા લોકોના વિચારો તેનાતેજ રહ્યા અને તેનું ઉચિત ફળ તેમને પાછળથી મળ્યું. હમણાં દશા એ છે કે જરા શામળા રંગનો માણસ હોય તો તેને હોટલવાળાઓ ભોજન આપતા નથી; પરંતુ ઓળખાણ પિછાણ થયા પછી આપણા દેશના લોકોની સાથે અમેરિકન લોકો ખરાબ વર્તન કરતા નથી; તો પણ એટલું તો હું સ્પષ્ટ કહીશ કે અમેરિકામાં રંગનો પક્ષપાત અધિક છે. તે માટે આપણા કાળા વિદ્યાર્થીઓએ તૈયાર રહેવું જોઇએ. તેમણે હિમ્મત હારવી ન જોઇએ. તેમણે અવશ્ય અમેરિકા જવું જોઇએ. ત્યાં અધિકાંશ બંગાલી વિદ્યાર્થીઓ કાળા છે. તેઓ કદિ પણ હિમ્મત હારતા નથી. હમ્મેશાં તેમનો યાત્રાપ્રવાહ અમેરિકા તરફ ચાલ્યા કરે છે.

**પ્રશ્ન ૪૦**—અમેરિકામાં જે વેદાંત સભાઓ છે તે વિદ્યાર્થીઓને-માટે કાંઇ લાભકારક છે ?

**ઉત્તર**—અલબત્ત, તેમનાથી આપણા છાત્રોને થોડો ઘણો લાભ અવશ્ય થાય છે, એમ તો સર્વ ભારતીય સંન્યાસીઓ પર આધાર રાખે છે. તેઓ દેશસેવક બને તો ઘણો લાભ કરી શકે એમ છે; પરંતુ આવા સંન્યાસીઓ સર્વે હોતા નથી. બે ચાર સંન્યાસીઓ તો એવા છે કે તેઓ તો કદાચ આપણા દેશી બંધુઓને મળવું પણ પસંદ કરતા નથી અને મળે તે પણ અતિ નખરાંથી. હા, એકાદ બે આત્માઓ એવા છે કે જેઓ ભારતની સાથે સાચો સંબંધ ધરાવે છે.

તેઓ સદા આપણા દેશવાસીઓના હિતની ચિંતના કરે છે અને તેમને માટે હરેક પ્રકારનાં કષ્ટ સહન કરવાનો શ્રમ લે છે.

સંન્યાસીઓ ચાહે મળે વા ન મળે, પરંતુ જે અમેરિકનોને વેદાંતનો સ્વાદ લાગી જાય છે, તેઓ ભારતપ્રિય બની જાયછે. તેઓ પોતાની શક્તિ અનુસાર ભારતીય વિદ્યાર્થીઓને વિદ્યાધ્યયનમાં સાહાય્ય કરે છે. મારા કેટલાક એવા મિત્રો છે કે જેમણે કેવલ વેદાન્તની શિક્ષાને લીધે જ મારી સાથે મિત્રતા બાંધી હતી.

**પ્રશ્ન ૪૧**—અમેરિકાની થિઓસોફિકલ સભાઓ ભારતીય છાત્રોની સાથે કેવું વર્તન કરે છે ?

**ઉત્તર**—થિયોસોફિકલ સભાઓ પણ સદા ભારતના હિતનું ચિંતન કર્યા કરે છે. તે વિદ્યાર્થીઓને પણ થોડી ઘણી સાહાય્ય કરે છે. મારા પોતાના અભિપ્રાય પ્રમાણે થિયોસોફીએ ભારતની બહાર આપણે માટે ઘણું કર્યું છે. સૅન્ફ્રાન્સિસ્કોની પાસે ઓકલૅંડ નામનું એક શહેર છે, ત્યાંની થિયોસોફિકલ સોસાયટીએ આપણા મજુરોને ઘણી સાહાય્ય કરી હતી. શિકાગોમાં મૅડમ હાવર્ડ નામની એક બાઈ છે, તે બહુજ ધર્મપરાયણ સ્ત્રી છે. તેણે વીશ વર્ષથી માંસાહારનો ત્યાગ કર્યો છે. તે વિદ્યાર્થીઓને હમ્મેશાં સાહાય્ય કરે છે.

તાત્પર્ય એ છે કે અમેરિકન થિયોસોફિકલ સોસાઇટીઓની તરફથી ભારતીય છાત્રોને ઘણી સાહાય્ય મળી શકે એમ છે; પરંતુ આટલું ધ્યાનમાં રાખજો કે આપણા કેટલાક નાલાયક વિદ્યાર્થીઓએ આ સોસાઇટીઓદ્વારા ઘણો અઘટિત લાભ લીધો છે તેથી હવે તેમને જરા સાવધાનતાપૂર્વક કામ કરવું પડે છે. ત્યાં જનારા વિદ્યાર્થીઓ પ્રથમ અહીંથી કોઇ સારા થિયોસોફિસ્ટ વા વેદાંતી સજ્જનનો ભલામણપત્ર સાથે લઇ જાય અને ભલામણપત્ર આપનાર પણ પોતાનું કર્તવ્ય સમજી તે આપે તો ઘણું સારૂં; કારણ કે બહારના લોકો

આપણા આ બંધુઓના આચાર જોઇને આપણી જાતિ વિષે પોતાનો અભિપ્રાય નિશ્ચિત કરે છે.

**પ્રશ્ન ૪૨**—અમેરિકામાં ભારતીય સ્ત્રીઓને ભણાવવાનો પણ પ્રબંધ થઇ શકે એમ છે ?

**ઉત્તર**—શા માટે ન બની શકે ? ત્યાં સ્ત્રીઓને માટે જુદી પાઠશાળાઓ અને સ્કૂલો છે, તેમાં ચાર પાંચ વર્ષ પરિશ્રમ કરવાથી ઘણી સારી લાયકાત મળી શકે છે. એમ ન સમજશો કે સ્ત્રીઓ ત્યાં ભણવાથી ખ્રિસ્તી બની જશે. ત્યાં એવી સ્કૂલો છે કે જે ખ્રિસ્તી ધર્મની મહા વિરોધી છે. તેમાં સર્વ વિચારોની કુમારિકાઓ વિદ્યાભ્યાસ કરે છે. હા, એવી શાળાઓમાં ભણવાને માટે પૈસા જોઈએ. સો રૂપીઆનો ખર્ચ કરવાથી ઘણો સારો અભ્યાસ કરી શકાય એમ છે. અમેરિકામાં પુષ્કળ કન્યાઓ આ પ્રમાણે કરે છે; પરંતુ મારો અભિપ્રાય એવો છે કે સ્વાવલંબી કન્યાઓ અમેરિકા જાય એ યુક્ત નથી. હાલમાં તો આપણે આપણા છોકરાઓને અમેરિકા મોકલવા જોઈએ. કન્યાઓને મોકલવાનો સમય હજી આવ્યો નથી. મારા આ અભિપ્રાયનાં ખાસ કારણો છે; જે આ પુસ્તકમાં લખવા હું ઉચિત ધારતો નથી.

**પ્રશ્ન ૪૩**—શું અમેરિકન કાયદાઓ અમેરિકનોની પેઠે જ ભારતવાસીઓનું પણ સંરક્ષણ કરે છે ?

**ઉત્તર**—અમેરિકાના કાયદા સર્વ જાતિઓને માટે એકસરખા છે, કોઇની સાથે વિશેષ પક્ષપાત તેમનો નથી. કોઇને ત્યાંના કોઈ માણસની સાથે ઝઘડો થાય તો તેણે તત્કાળ કોઈ વકીલ Attorneyની પાસે જઈ તેના હાથમાં પોતાનો મુકર્દમો મૂકી દેવો જોઇએ. તે સર્વ પ્રબંધ કરી આપશે; ફી આદિનો પ્રબંધ પ્રથમથી કરવો આવશ્યક છે.

**પ્રશ્ન ૪૪**—એમ સાંભળવામાં આવ્યું છે કે અમેરિકન લોકો

ભારતીય મજુરો પ્રત્યે ઘૃણાની દૃષ્ટિથી જુએ છે અને કોઇ કોઇ વાર મારે છે પણ ખરા ?

**ઉત્તર**—એ સાચી વાત છે. અમેરિકન મજુરો આપણા મજુરોને ઘૃણાની દૃષ્ટિથી જુએ છે. મારે એને લીધે ઘણું કષ્ટ સહન કરવું પડયું છે. ત્યાંના અધિકાંશ મજુરોનો જન્મ યુરોપમાં થયેલો હોય છે. તેઓ યૂરોપની પેદાશ ન હોય તો પણ તેઓ છેક અમેરિકન તો હોતા જ નથી. પૅસિફિક કોસ્ટની ઉપર આપણા લોકોની ઉપર અધિક જુલમ કરવામાં આવે છે; કારણ કે ત્યાં આપણા ચાર પાંચ હજાર માણસો છે. એ સર્વ માણસો પાઘડી પહેરે છે. જો આપણા માણસો ટોપી પહેરે અને અમેરિકનોના જેવાજ ઠાઠથી રહે તો કદાચ તેમની ઉપર અત્યાચાર ન થાય; પરંતુ તેઓ તેમ કરતા નથી. તેમની ભિન્ન ભિન્ન ટોળીઓ શહેરમાં ફરી તેમને ભારતવાસી તરિકે ઓળખાવી દે છે. ગોરા લોકો એમ ધારે છે કે ભારતીય મજુરો ઓછા દરથી મજુરી કરે છે અને તેમ કરીને અમને હાનિ પહોંચાડે છે, આથી ઝઘડા થાય છે. જે બંધુએ શાંતિપૂર્વક રહી પોતાનો ઉદ્દેશ પાર પાડવો હોય તેણે અમેરિકનોની પેઠે રહેવું જોઇએ. તેણે માંસાહાર ન કરવો; પરંતુ પોષાક અને રીતભાત તેમના જેવીજ રાખવી, કે જેથી બજારમાં કોઈ તેની તરફ અંગુલિનિર્દેશ કરે નહિ. જો તમે પાઘડી પહેરશો તો અવશ્ય છોકરાઓ તાળીઓ પાડશે અને હુરીઓ કરશે.

**પ્રશ્ન ૪૫**—અમેરિકનો કયો ધર્મ પાળે છે? શું તેઓ સર્વ ખ્રિસ્તી છે ?

**ઉત્તર**—અમેરિકનો ખ્રિસ્તી નથી. તેઓ સ્વતંત્ર વિચારના છે. તેઓ ઇશુને એક અતિ ઉત્તમ મનુષ્ય માને છે. તેઓ અન્ય ધર્મોનાં પુસ્તકો આનંદપૂર્વક વાંચે છે. તેઓ કાંઇ પક્ષપાત કરતા નથી. અલબત્ત ત્યાં કેટલાક એવા પણ ધર્માંધ, પક્ષપાતી અને સ્વાર્થી લોકો

વસે છે કે જેઓ હજી પણ ત્રણ શતક પૂર્વેના યૂરોપવાસીઓના જેવી સ્થિતિમાં છે. કેટલાક અંતઃકરણપૂર્વક ઇશુને ઈશ્વર માને છે; પરંતુ આવા માણસોની સંખ્યા દિનપ્રતિદિન ઓછી થતી જાય છે. ઘણા લોકોએ બાઇબલની ઉપર નવીન ભાષ્યો લખી તેને આધુનિક જરૂરીઆતોને અનુકૂળ બનાવી દીધું છે અને ચુસ્તપણું છોડી સાર્વદૈશિક ધર્મની સાથે સંબંધ ધરાવનારી બાબતોનો સ્વીકાર કર્યો છે. તેઓ જુદાં જુદાં નામથી ઓળખાય છે. કોઇ ક્રિશ્ચિયન સાયંટિસ્ટ, કોઇ-ન્યુથોટ, કોઇ સ્પિરિચ્યુઆલીસ્ટ તો કોઇ ક્રિશ્ચિયન સોશિયાલિસ્ટના નામથી ઓળખાય છે. જે વાતોથી દેશની વર્તમાન આવશ્યકતાઓ પૂર્ણ થાય તે વાતો પ્રત્યે તેઓ વિશેષ લક્ષ્ય રાખે છે. તેઓ સર્વ મતોના ગ્રંથો વાંચે છે અને પોતાની જરૂરીઆત અનુસાર તેના ઉપદેશો ગ્રહણ કરે છે.

અમેરિકા એક શિક્ષિત દેશ છે. શિક્ષિત દેશનો ધર્મ પણ ત્યાંની શિક્ષા અનુસારજ હોય છે. એજ કારણથી ક્રમવિકાસના સિદ્ધાંત અનુસાર તે દેશનો ધર્મ વ્યાવહારિક સ્વરૂપ ધારણ કરી લોકોની જરૂરીઆતને અનુસરતો જાય છે અને જે વાતો સંકીર્ણતા તરફ લઇ જનારી છે અથવા જેને વ્યવહારની સાથે કાંઇ પણ સંબંધ નથી તે પાછળ હઠતી જાય છે.

**પ્રશ્ન ૪૬**—શું અમેરિકામાં સર્વ પ્રકારનાં ફળ મળે છે?

**ઉત્તર**—અમેરિકામાં આમ્રફળ શિવાય પ્રાયઃ સર્વ ફળો મળે છે. શાક તરકારી પણ સર્વ પ્રકારની મળે છે. સેબફળ, સંત્રાં, આલૂનાશપાતી, એવાં ઉત્તમ મળે છે કે જેમાં કાંઇ મણા નહિ. સંત્રાં આત મીઠાં અને બીજ વિનાનાં થાય છે. આ પ્રકારનાં સંત્રાંને 'નેવલ' કહેવામાં આવે છે. ફળાહારી માણસોએ નિશ્ચિંત રહેવું; કારણ કે **અમેરિકા ફળોનું ઘર છે. તમે ગમે તે પ્રાંતમાં રહેશો તો ત્યાંનાં સર્વ**

શહેરોમાં ફળ ખાવાને મળશે અને કિમ્મત પણ સર્વત્ર પ્રાયઃ એક-સરખીજ છે. ત્યાં આપણા દેશના જેવું નથી. અહીં તો પંજાબમાં ફળોની અધિકતા હોય છે અને ઈતર પ્રાંતોમાં ઘણાં થોડાં ફળો મળે છે, અને જે મળે છે તે મોંઘાં હોય છે; માત્ર અમીર લોકોજ ખાઈ શકે છે.

**પ્રશ્ન ૪૭**—અમેરિકામાં રાજ્યવ્યવસ્થા કેવા પ્રકારની છે?

**ઉત્તર**—અમેરિકામાં પ્રજાસત્તાક રાજ્ય છે. દેશના લોકો પોતાનો રાજા પોતે ચૂંટી કાઢે છે. ત્યાં કોઈ રાજકુટુંબમાં જન્મેલા માણસને રાજ્ય મળતું નથી. યોગ્યતા અનુસાર પદ્દી મળે છે. જે ભાઈને આ સંબંધે વિશેષ જાણવાની ઇચ્છા હોય તેણે કોઈ અંગ્રેજી પુસ્તક વાંચવું. આ પુસ્તકમાં હું વિસ્તારપૂર્વક વિવેચન કરી શકતો નથી.

**પ્રશ્ન ૪૮**—આપ લોકોને અમેરિકાજ જવાનો વિશેષ આગ્રહ શામાટે કરો છો? શું જાપાન, જર્મની, ફ્રાન્સ આદિ દેશોમાં આપણા છાત્રો વિદ્યાધ્યયન કરી શકે એમ નથી?

**ઉત્તર**—કરી શકે એમ છે. આપણા વિદ્યાર્થી જાપાન જાય છે. ત્યાંથી વિદ્યાહુન્નર શીખીને આપણા દેશમાં આવી કામ કરે છે. અનેક યુવકો જાપાન જઈ આવ્યા છે અને હાલમાં મીલોમાં કામ કરે છે; પરંતુ મારો પોતાનો અભિપ્રાય એ છે કે આપણા યુવકોએ વિદ્યાધ્યયનને માટે અમેરિકા જવું જોઈએ; કારણ કે ત્યાં ભાષાની અડચણ નથી. ત્યાં અંગ્રેજી ભાષા બોલાય છે અને તેથી આપણા યુવકો શીઘ્ર વિદ્યાલાભ કરી શકે એમ છે. ફ્રાન્સ, જર્મની જાપાન આદિ દેશોમાં પ્રથમ તો ભાષાની મુશ્કેલી નડે છે. ત્યાંની ભાષા શીખવાને માટે છ માસ અથવા એક વર્ષ જોઈએ. વળી એ દેશોમાં નિર્ધન વિદ્યાર્થીઓનો નિભાવ થઈ શકે એમ નથી. ત્યાંતો અમીર માબાપના છોકરા ભણી શકે એમ છે. અમેરિકામાં નિર્ધન વિદ્યાર્થીને

દ્રવ્ય કમાવાની સંધિ મળે છે અને આપણા લોકોનો અધિક ભાગ નિર્ધન છે એટલા માટે આપણે વાસ્તે તો અમેરિકા સૌથી ઉત્તમ દેશ છે.

વળી બીજું પણ એક કારણ છે. અમેરિકા એક એવો દેશ છે કે જ્યાં સર્વ પ્રકારની ઉન્નતિ થઈ રહી છે.

જો કોઇ મનુષ્ય ત્યાં જઇ કેવલ ધન કમાવાનોજ વ્યવસાય કરે અને આંખ કાન ઉઘાડા રાખીને ફરે તોપણ તેને ઘણો લાભ થાય એમ છે. હાલમાં તે જાતિની સમક્ષ મનુષ્યસમાજ સંબંધી મોટા મોટા પ્રશ્નો ઉપસ્થિત થયેલા છે, તેથી ત્યાં રહીને એક ભારતીય યુવક પોતાના જીવનને લાભકારક બનાવવાની પુષ્કળ સામગ્રી એકત્રિત કરી શકે એમ છે. જે પ્રશ્નો આજે આપણા દેશમાં ઉપસ્થિત છે અને જે સામાજિક ખામીઓને જોઇને આપણે અધીર બની ગયા છીએ તેનો ફેસલો કરવાની યુક્તિ આપણને અમેરિકાજ શીખવી શકે એમ છે. ત્યાં રહીને આદમી કઠિનમાં કઠિન કામ કરતાં શીખે છે. તેને સ્વાવલંબન કરવાની આદત પડી જાય છે અને તેથી તેને મહાનમાં મહાન પ્રશ્નો ભયભીત કરતા નથી.

**પ્રશ્ન ૪૯**—અમેરિકામાં કૃષિવિદ્યા શીખવાને માટે કયી યુનિવર્સિટી સારી છે ?

**ઉત્તર**—અમેરિકાનાં અનેક વિશ્વવિદ્યાલયોમાં કૃષિવિદ્યા શીખવવાનો સારો પ્રબંધ છે. વિસ્કૉન્સીન ( Wisconsin ) વિશ્વવિદ્યાલય કૃષિવિદ્યાને માટે ઘણું સારૂં છે. તેના સંબંધમાં વિશેષ માહિતી મેળવવી હોય તો

The Registrar,
Wisconsin University,
Madison Wis, U. S. A.

**એ સીરનામે પત્ર લખી તપાસ કરવી. પશ્ચિમ ભાગનાં સંસ્થાનોમાં**

પણ કૃષિવિદ્યા શીખવવાનો ઘણો સારો પ્રબંધ છે. બરકલે યુનિવર્સિટી કૃષિને માટે ઘણી સારી છે. એ વિશ્વવિદ્યાલય સૅન્ફ્રાન્સિસ્કો નગરની નિકટ છે. તેમાં આપણા કેટલાક છાત્રો વિદ્યાભ્યાસ કરે છે. કૃષિવિદ્યા શીખવાની ઇચ્છા રાખનાર બંધુઓ આ યુનિવર્સિટીના રજીસ્ટ્રારને પત્ર લખી પ્રથમથી પ્રબંધ કરી શકશે.

જેટલી સ્ટેટ યુનિવર્સિટીઓ છે પ્રાયઃ તે સર્વમાં કૃષિવિદ્યા શીખવવાનો પ્રબંધ છે. અમારા છાત્રો જે પ્રાંતમાં જશે તેમાં તેને વિશ્વવિદ્યાલય પ્રાપ્ત થશે, અને ત્યાં તેઓ પોતાની ઇચ્છાનુસાર વિદ્યાભ્યાસ કરી શકશે. સર્વ સંસ્થાનોમાં સારી સારી યુનિવર્સિટીઓ છે. અલબત્ત, કૃષિવિદ્યાને માટે પશ્ચિમ ભાગનાં સંસ્થાનોમાં જવું જરા વિશેષ લાભકારક થઈ પડશે, કારણ પશ્ચિમ ભાગજ કૃષિનું ઘર છે. ત્યાંની ઋતુ પણ વિશેષ શીત નથી.

**પ્રશ્ન ૫૦**—કૃષિકાર્ય સંબંધી માહિતી મેળવવી હોય તો કોની સાથે પત્રવ્યવહાર કરવો ?

**ઉત્તર**—ન્યૂયૉર્ક શહેરમાં મહાશય બેટન નામના એક ગૃહસ્થે તત્સંબંધી એક મોટી એજન્સી ખોલેલી છે. તેઓ પ્રતિવર્ષ કૃષિસંબંધી ડિરેક્ટરી છપાવે છે. અમેરિકન યંત્રોનાં કૅટેલોગ પણ તેમને ત્યાં મળે છે. જે ભાઇઓને કૃષિ સંબંધી તથા યંત્રો અને કારખાનાં સંબંધી કાંઈ માહિતી મેળવવી હોય તેમણે

Geo. Batten Co.
Advertising Agents
11, 13, 15, East 24th St.
New York City, N. Y. U. S. A.

એ સીરનામે પત્રવ્યવહાર કરવો. એક કાર્ડ મોકલવાથી ડિરેક્ટરી મળશે.

**પ્રશ્ન ૫૧**—કૅલિફૉર્નિયા પશ્ચિમ ભાગમાં આવેલું છે, માટે તેની ઋતુનો કાંઈક હેવાલ આપો; અને અમેરિકાના ઇતર ભાગોની ઋતુ કેવી છે તે પણ જણાવો.

**ઉત્તર**—કૅલિફૉર્નિયાની ઋતુ શીતપ્રધાન નથી; પરંતુ શિયાળામાં ઘણી ઠંડી પડે છે. એમ ન સમજશો કે ત્યાં ઠંડી પડતીજ નથી. ઉત્તર કૅલિફૉર્નિયામાં બરફ પડે છે, પરંતુ વિશેષ પડતું નથી. દક્ષિણ કૅલિફૉર્નિયામાં પંજાબના જેવી ઋતુ છે. ઑરેગન પ્રગણું પણ ઘણું શીત નથી. ત્યાં કોઇ કોઇ વાર બરફ પડે છે. દક્ષિણ ભાગનાં સંસ્થાનોમાં નામ માત્રનો બરફ પડે છે. ગરમી પુષ્કળ હોય છે. ઍરિઝોના અને કૅલિફૉર્નિયાનો કેટલોક દક્ષિણ ભાગ તો ગરમીથી સીઝી જાય છે. ત્યાં સખ્ત ગરમી પડે છે.

પૂર્વ અને ઉત્તર તરફનાં સંસ્થાનોમાં ખૂબ બરફ પડે છે. મધ્ય પશ્ચિમ સંસ્થાનોમાં પણ ખૂબ બરફ પડે છે; પરંતુ ત્યાં ગરમી પણ પુષ્કળ હોય છે. જે શિકાગોમાં ડિસેમ્બર, જાન્યુઆરીના મહિનામાં પારો શૂન્યથી દશવીસ ડીગ્રી નીચે ઉતરી જાય છે તેમાંજ ગ્રીષ્મ ઋતુમાં સૂર્યભગવાન પોતાની કસર પૂરી કરી લે છે; પરંતુ અહીંઆં શીતઋતુ અધિક મહિના સુધી ચાલે છે. એટલા માટે એને અમેરિકાનો શીતપ્રધાન દેશ કહેવો જોઇએ. ન્યૂઇંગ્લાંડનો પ્રદેશ તો ઠંડીને માટે પ્રસિદ્ધ છે, મધ્ય પશ્ચિમ ભાગ પણ શિયાળામાં બરફનું ઘર બની જાય છે. પશ્ચિમની કેવલ ઑરેગન અને કૅલિફૉર્નિયા એ બે રિયાસતોમાં ઘણી ઠંડી પડતી નથી. અધિક શીત કેવલ ઉત્તર પૂર્વ ભાગમાં પડે છે; પરંતુ એ શીત 'ખુસ્ક શીત' છે. એ ઋતુમાં ભોજનનો ઘણો આનંદ આવે છે. અહીંઆંની આબો હવા અતિ ગુણકારી છે, બરફનું નામ સાંભળીને ડરી જશો નહિ. હું શિકાગોમાં રહ્યો છું. હું ત્યાં શિયાળાની ઋતુમાં રાતના બાર વાગે સખ્ત ઠંડીમાં 'સ્કેટિંગ' જોવાને

જતો હતો. આમ કરવામાં મને બહુ આનંદ મળતો હતો. 'સ્કેટિંગ' કરનારા લોકો ચ્હેરા સિવાય શરીરનો કોઇ પણ ભાગ ખુલ્લો રાખતા નથી. તેમનું સમગ્ર શરીર ઢંકાયેલું રહે છે. ચંદ્રના પ્રકાશમાં શિયાળાની ઋતુમાં ઠરી ગયેલા પાણી ઉપર સ્ત્રી પુરૂષો 'સ્કેટ' કરે છે તે દેખાવ ઘણો સારો લાગે છે. તાત્પર્ય એ છે કે અમેરિકાની ઋતુ અતિ નીરોગ અને બલકારક છે.

**પ્રશ્ન પર**—અમેરિકામાં આપણા જે શીખ લોકો રહે છે તેઓ શું કામ કરે છે?

**ઉત્તર**—અમેરિકામાં આપણા ભારતીય લોકોનો અધિક ભાગ પંજાબ પ્રાંતમાંથી ગયેલો છે; કારણ કે એ પ્રાંતજ સ્પર્શ્યાસ્પર્શ્ય-વિચારથી મુક્ત છે. એ પંજાબી ભાઇઓ મજુરીનું કામ કરે છે. ઘણા જણ લાકડાંની મીલોમાં કામ કરે છે. ઘણા બંધુઓ ખેડુતોને ત્યાં નોકર છે. ઘણા લોઢાનાં કારખાનાંમાં કામ કરે છે. કેટલાક માણસો એવા પણ છે કે જેઓ ગ્રીષ્મ ઋતુમાં ફળો વીણવાનું કામ કરી લે છે અને શેષ ઋતુઓમાં બેસીને ખાય છે. થોડાક બંધુઓ એવા છે કે જેમણે જમીન ખરીદી છે અને જેઓ પોતાની સ્ત્રીઓને પણ લઇ ગયા છે. તેઓ ત્યાં ઘરબાર બાંધવા લાગ્યા છે; પરંતુ દુઃખની વાત છે કે ભારતવર્ષમાંથી શિક્ષિત લોકો અમેરિકા ગયા નથી. ત્યાં એવા લોકો જાય છે કે જેમને વ્યાપાર કરતાં આવડતો નથી અને જેમના કુટુંબમાં કોઇએ કદિ વ્યાપાર કર્યો નથી. એટલા-માટે આપણા લોકો અમેરિકા જઇને કાંઇ વિશેષ લાભ મેળવતા નથી. આપણા દેશના મારવાડી, વાણીઆ, ખત્રી, ખોજા, સીંધી વગેરે લોકોએ અમેરિકા જવું જોઇએ. તેઓ જો ત્યાં જાય તો પુષ્કળ દ્રવ્ય પેદા કરી શકે.

**પ્રશ્ન પ૩**—અમેરિકાના શિક્ષાનું કાંઇક વર્ણન કરો.

**ઉત્તર**—અમેરિકાના શિક્કાને ડૉલર કહેવામાં આવે છે. ડૉલર ભારે થાય છે અને રૂપીઆથી ઘણો મોટો છે. તેની કિંમત ત્રણ રૂપીઆ બે આના જેટલી થાય છે. એક ડોલરના સો સેન્ટ થાય છે. અમેરિકાનો એક સેન્ટ આપણા બે પૈસાની બરાબર થાય છે. એક ડૉલરના નાના શિક્કા અર્ધો ડૉલર ( Half Doller ), ક્વૉર્ટર ( Quarter ) ડાઇમ (Dime), અને નિકલ (Nickel) છે. એક નિકલ પાંચ સેન્ટનો થાય છે; અને તેની કિમ્મત આપણે ત્યાંના અઢી આનાની બરાબર છે. ક્વૉર્ટર પચ્ચીસ સેન્ટનો થાય છે અને આપણે હિસાબે તેની કિમ્મત સાડા બાર આના થાય છે. ક્વૉર્ટરને ટૂબિટ્સ (Two Bits) પણ કહેવામાં આવે છે. ડાઇમ દશ સેન્ટનો થાય છે.

યદિ કોઇ માણસને રોજની મજુરી ત્રણ ડૉલર મળે તો આપણા હિસાબે તેને નવ રૂપિઆ છ આના રોજ મળે છે.

**પ્રશ્ન ૫૪**—અમેરિકાનો પોસ્ટેજ ખર્ચ શું છે ?

**ઉત્તર**—જો અમેરિકા પત્ર મોકલવો હોય તો તેની ઉપર અઢી આનાની ટીકીટ ચોઢવી જોઈએ; અને પોસ્ટ કાર્ડ મોકલવો હોય તો તેની ઉપર કેવલ એક આનાની ટીકીટ પૂરતી થઈ પડશે.

**પ્રશ્ન ૫૫**—કોઇ માણસને અમેરિકાથી પુસ્તકો મંગાવવાની ઇચ્છા હોય તો તેણે શું કરવું ? કારણ કે એમ સાંભળવામાં આવ્યું છે કે ત્યાં વી. પી. નો નિયમ નથી.

**ઉત્તર**—અમેરિકામાં વી. પી. ની સિસ્ટમ **નથી. ત્યાંથી** પુસ્તકો મંગાવવાં **હોય** તો **પ્રથમ** સારી રીતે તપાસ કરી જોઈએ. **જે પ્રસિદ્ધ કંપનીઓ પુસ્તકો** વેચવાનો ધંધો કરે છે તેના સાથે પત્રવ્યવહાર કરવો આવશ્યક છે. ધારો કે કોઇને Library of oratoryનાં **પુસ્તકો મંગાવવાં છે, તો તેણે**

The Warner Company, Akron,
Ohio. U. S. A.

એ કંપનીની સાથે પત્રવ્યવહાર કરી તેનું સૂચિપત્ર મંગાવવું. સાથે સાથે એ પણ પૂછી લેવું કે હાલમાં કયાં કયાં પુસ્તકોની કિમ્મત ઘટાડવામાં આવી છે. પછી પોતાની મરજી અનુસાર પુસ્તકો મંગાવવાં.

શિકાગોમાં એક

The Book suply Co:
266–268 Wabash ave,
Chicago, Ill. U. S. A.

નામની કંપની છે. તેની પાસેથી દરેક પ્રકારનાં પુસ્તકો મળી શકે છે. એ દુકાનનું સૂચિપત્ર એક પોસ્ટકાર્ડ મોકલવાથી મળી શકે છે. પ્રથમ સૂચિપત્ર મંગાવી કિમ્મત નિશ્ચિત કરીને પછી પુસ્તકો મંગાવવાં જોઇએ. યદિ કોઇ ચોપાનીઆં મંગાવવાં હોય તોપણ તેજ કંપની દ્વારા મંગાવી શકાશે. એ કંપનીના સૂચિપત્રમાં અમેરિકાનાં સર્વ ચોપાનીઆંનાં નામ અને કિમ્મત આપેલી હોય છે અને કિમ્મત ઘટાડેલી હોય તો તેનો પણ ઉલ્લેખ હોય છે. પુસ્તક મંગાવનાર મહાશયોએ પ્રથમ સૂચિપત્ર મંગાવવું જોઇએ, અને જો ચોપાનીઆં તેના પ્રકાશકની પાસેથી મંગાવવાં હોય તો તેનાં પણ સૂચિપત્રની જરૂર છે.

**પ્રશ્ન ૫૬**—સારાં સારાં અમેરિકન પત્રોનાં નામ દર્શાવો અને તેની કિમ્મત તથા પ્રકટ થવાનાં ઠેકાણાં પણ જણાવો.

**ઉત્તર**—લ્યો મહાશય, હું આપને સારાં સારાં અમેરિકન ચોપાનીઆંનાં નામ, ઠામ અને મૂલ્ય જણાવું છું:—

| નામ | માસિક વા સામાહિક | ઠામ | મૂલ્ય |
|---|---|---|---|
| Current Literature | મા૦ | New York City. N. Y. U. S. A. | વાર્ષિક ત્રણ ડૉલર. |
| World's Work | મા૦ | ,, ,, | ,, |
| Literary Digest | સા૦ | ,, ,, | ,, |
| Twentieth Century Magazine | મા૦ | Boston, mass, U. S. A. | ,, |
| Munsey Magazine | મા૦ | New York City | એક ડૉલર |
| American Magazine | મા૦ | ,, ,, | દોઢ ડૉલર |
| Farmer's Review | સા૦ | Chicago | એક ડૉલર |
| Garden Magazine | મા૦ | New York City | ,, |
| Electrical Review | સા૦ | ,, ,, | ત્રણ ડૉલર |
| Engineering Magazine | મા૦ | New York City | ત્રણ ડૉલર |
| Education | મા૦ | Boston | ,, |
| Kindergarten Magazine | મા૦ | New York City | એક ડૉલર |
| Kindergarten Review | મા૦ | Spring field N. Y. U. S. A. | ,, |

| | | | |
|---|---|---|---|
| Ohio Educational Monthly | મા૦ | Akron (Ohio) | ,, |
| Popular Education | મા૦ | Boston | ,, |
| Primary Education | મા૦ | ,, | ,, |
| Scool and Home Education | મા૦ | Philadelphia | એક ડૉલર ૨૫ સેન્ટ |
| Little Folks છોકરાઓને માટે. | મા૦ | Salem (Mass) | એક ડૉલર |
| Youth's Companion | સા૦ | Boston | એક ડૉલર ૭૫ સેન્ટ. |

આ થોડાંક નામો અમારા પાઠકોને પૂરતાં થઇ પડશે. આટલું સ્મરણમાં રાખજો કે આ કિંમતમાં પોસ્ટેજનો સમાવેશ કરવામાં આવ્યો નથી. તે અલાહેદો આપવો પડશે.

**પ્રશ્ન ૫૭**—ઘણા લોકો અહીંઆ બેઠા બેઠાજ અમેરિકાની ડીગ્રીઓ પ્રાપ્ત કરી લે છે; એ કેવી રીતે બને છે ?

**ઉત્તર**—અમેરિકામાં ધૂર્ત લોકોએ દ્રવ્ય કમાવાને માટે કેટલીક શાળાઓ અને પાઠશાળાઓ ખોલી છે, તેમાં તેઓ અજાણ માણસોનું મુંડન કરી નાખે છે. અમેરિકન સંસ્થાનોનાં વિશ્વવિદ્યાલયો આ પાઠશાળાઓને Recognise કરતાં નથી; પરંતુ દૂર દેશના લોકો તેમની જાળમાં ફસીને રૂપીઆ બરબાદ કરી નાખે છે. ભારતીય સજ્જનોએ આવી શાળાઓ ને પાઠશાળાઓથી બચવું જોઇએ. અમેરિકામાં આવા ઠગો પુષ્કળ રહે છે. અમેરિકા એક સ્વતંત્ર દેશ છે અને સર્વને માટે ખુલ્લો છે, તેથી યૂરોપના ડાકૂ, વાટપાડૂ, ઉઠાવગીર અને ધૂર્ત લોકો ગુપ્ત રીતે પોતાનાં કામ ચલાવે છે અને સ્વતંત્રતાનો અઘટિત લાભ લે છે.

હું મારા દેશી ભાઇઓને નિવેદન કરૂં છું કે તમારે આવી શાળા પાઠશાળાઓથી બચવું. કેટલાક બંધુઓ હિપ્નોટિઝમ આદિના ચક્રમાં આવીને પોતાના રૂપીઆ મોકલી દે છે, અમેરિકાની આવી આવી ડીગ્રીઓ સર્વથા રદ્દ છે. ત્યાં એનો કોઇ ભાવ પણ પૂછતું નથી.

**પ્રશ્ન ૫૮**—યુરોપના લોકો અમેરિકા જઇને અમેરિકન શી રીતે બની જાય છે ? શું ભારતવાસીઓ પણ અમેરિકન બની શકે કે?

**ઉત્તર**—અમેરિકા જઇને અમેરિકન બનવું હોય તેણે અદાલતમાં જઇ પોતાની ઇચ્છા પ્રકટ કરવી જોઇએ. તેને જે કાગળપર પોતાની ઇચ્છા પ્રકટ કરવી પડે છે તેનો ખર્ચ એક ડૉલર થાય છે. એ "પ્રથમ કાગળ" ( First paper ) કહેવાય છે. પાંચ વર્ષ પછી તે કાગળપર એ અમેરિકનોની શાખ લઇ તેને સરકારી કચેરીમાં મોકલવાથી પાકો કાગળ મળે છે; પરંતુ અંતિમ વર્ષમાં તેને અમેરિકાના એક સંસ્થાનમાં રહેવાની ફરજ પડે છે. આમ થાય તોજ તે અમેરિકાનો રહેવાસી ગણાય છે. અધિકાંશ યુરોપિયનો જતાં વારજ કાચો કાગળ લઇ લે છે, કારણ કે તેમ કરવાથી તેમને સહેલાઇથી નોકરી મળે છે. આમ કરવાથી તેમને સેનામાં પણ શીઘ્ર નોકરી મળી જાય છે.

**પ્રશ્ન ૫૯**—બીજી કોઇ ખાસ બાબત ભારતવાસી વિદ્યાર્થીને લાભ થાય તેવી છે ?

**ઉત્તર**—હા, ભારતીય વિદ્યાર્થીઓએ અમેરિકા ગયા પૂર્વે પોતાના ધર્મ તથા સાહિત્યનું જ્ઞાન અવશ્ય મેળવી લેવું જોઇએ; નહિ તો અમેરિકા જઇ ત્યાંનાં પ્રલોભનોમાં ફસી નષ્ટભ્રષ્ટ થવાનો ડર છે. હું હાથ જોડીને નિવેદન કરીશ કે ભારતીય બંધુઓએ અમેરિકા ગયા પૂર્વે ખૂબ તૈયારી કરવી જોઇએ. જો તેઓ ધર્મચુસ્ત, રોજ સંધ્યા કરનાર અને આચારમાં દ્રઢ હશે તોજ હૃદય સહિત પાછા આવી પોતાના દેશને લાભ કરી શકશે, અન્યથા નહિ.

**સમાપ્ત.**

## વર્તમાન અમેરિકા અને ભારતની એકબીજાથી ઉલટી સ્થિતિને લગતાં આ પુસ્તકમાંથી મળી આવતાં

# કેટલાંક કારણો, તુલનાઓ અને સુચનો.*

**શારિરીક મહેનત:**—"અમેરિકાની ઉન્નતિનું એક મહાન કારણ એ છે કે તે દેશમાં મજુરી પ્રત્યે ઘૃણા ધરાવવામાં આવતી નથી."

"જે માણસ મજુરી પ્રત્યે ઘૃણા ધરાવે છે તેને તેઓ અત્યંત પતિત માને છે. તેમની આ માન્યતા સત્ય છે, કારણકે જેટલું ધન પેદા થાય છે તે સર્વ મજુરીથીજ પેદા થાય છે."

"અમેરિકન છોકરાને બાલ્યાવસ્થાથીજ કામ કરવાની આદત હોય છે, જેથી તેઓ કઠિનમાં કઠિન કામથી પણ ગભરાતા નથી."

"અમેરિકામાં કાયદાથી ભીખ માગવાની મના કરવામાં આવી છે. ભીખ માગનારને કેદખાનાની સજા મળે છે અને ઉદ્યોગી પુરુષને સર્વ માણસો ચાહે છે."

"અમેરિકાના નિર્ધન વિદ્યાર્થીઓ આપણને જણાવે છે કે મજુરી કોઇપણ પ્રકારની હોય; પરંતુ જો તે પ્રમાણિકતાપૂર્વક કરવામાં આવે તો તેના કરનારને કદિ પણ પતિત ગણી શકાય એમ નથી."

"ખરેખર નીચ તો તે લોકોજ છે કે જે બીજાઓએ પેદા કરેલું ધન ઉડાવે છે, અને પોતાને ઉચ્ચ વર્ણના માને છે. તેજ લોકો નિર્લજ્જ છે કે જેઓ વાસણ માંજનાર મજુરને ઘૃણાની દ્રષ્ટિથી જુએ છે. કામ–મજુરી મનુષ્યને નીચ બનાવી શકતી નથી. નીચ

---

* આ પ્રકારનાં કેટલાંક તૈયાર વાકયો આ પુસ્તકમાંથી મળી આવ્યાં તેનો સંગ્રહ અહિં વાંચકોના મનન માટે પુનઃ આપ્યો છે. **મંત્રી.**

તેજ છે કે જેનું અંતઃકરણ મલિન છે, જેને મોટા હોવાનો ઘમંડ છે, અને જે ઇશ્વરનાં પુત્ર પુત્રીઓથી અભડાઇ જાય છે.”

“અમેરિકાના મોટા મોટા શ્રીમંતો પોતાના છોકરાઓને કારખાનાંમાં કામ કરવાને મોકલે છે. તેમના છોકરાઓ કારખાનાં અને મીલોમાં સાધારણ મજુરોની પેઠે કામ કરે છે. મનુષ્યને પોતાના જીવનમાં મજુર બનવાની કાંઇ જરૂર નથી, પરંતુ તેણે મજુરી કરવાનો અભ્યાસ જરૂર પાડવો જોઇએ, ( કારણકે ) એથી મનુષ્ય હૃષ્ટપુષ્ટ, ચાલાક, ફૂટડો, ચપળ અને મજબૂત બને છે. ભારતવર્ષના શિક્ષિત લોકો હાથથી કામ કરવામાં પાપ માને છે, તેઓ દશ રૂપીઆની નોકરીને માટે લોકોની ખુશામત કરતા ફરશે, પરંતુ સ્વતંત્રતાથી મજુરી કરી પોતાનું પેટ ભરી શકશે નહિ!”

× × × × ×

“શ્રીમંત માતાપિતાના છોકરાની તો વાતજ ન્યારી છે. તેમને કપડાં પહેરાવવાને પણ નોકર જોઇએ છે અને સંડાસમાં જવું હોય તોપણ એક માણસ લોટો પકડીને તેમની સાથે જાય છે! તેઓ માને છે કે હાથથી કામ કરવું લજ્જાસ્પદ છે! હાથવતી કામ કરનારનો દરજ્જો નીચો ગણવામાં આવે છે; તેમને મનુષ્ય ગણવામાં આવતા નથી!”

“ઇશ્વરે આપણને કામ કરવાને માટે હાથ આપ્યા છે, કામ કરવાથી તે કાંઇ ઘસાઇ જતા નથી, પરંતુ ઉલટા મજબૂત અને સુંદર બને છે, પરન્તુ આપણા દેશમાં મજુરી કરનાર પ્રત્યે ઘૃણા ધરાવવામાં આવે છે. આપણા દેશની અધોગતિનું એજ કારણ છે.”

“અમેરિકાના એક ગામમાં અગીઆર વાગે હું ( આ ગ્રંથના લેખક—સત્યદેવ ) મકાઇના ખેતરમાં ( ખોદવાનું ) કામ કરતો હતો એવામાં કોઇએ પાછળથી મારી પીઠપર હાથ મૂક્યો. મેં પાછા

ફરીને જોયું તો જમીનદાર સાહેબ કૃષિકારનાં વસ્ત્ર પહેરી હાથમાં કોદાળી લઇ ઉભા છે. આ દેખાવ જોઈ હું પરમ આશ્ચર્યચકિત થયો. તેઓ પ્રથમ બી. એ., વળી એલ. એલ. બી. અને તે ઉપરાંત છસેં એકર જમીનના સ્વામી હતા; અને તે છતાં મારી પેઠે કામ કરવાને તૈયાર થયેલા હતા ! ધન્ય ! અમેરિકા, ધન્ય ! તારા આવા ઉદ્યોગી સુપુત્રોના પ્રતાપથીજ તું આજે ઉન્નતિના સર્વોચ્ચ શિખરપર વિરાજમાન છે. જે દેશના શિક્ષિત અને ધનવાન મનુષ્યો શારીરિક પરિશ્રમ પ્રત્યે અત્યંત ઘૃણા ધરાવે છે તે દેશ અધોગતિને કેમ ન પ્રાપ્ત થાય ? તે દેશ શા માટે દુઃખ અને દારિદ્રની રંગભૂમિ ન બની જાય ? ”

**ભીખારીઓ:**—“ અમેરિકાવાસીઓ સંપત્તિશાસ્ત્રના જ્ઞાતા છે. તેઓ આળસુ ભીખારીઓની વૃદ્ધિ કરવામાં મહાપાપ માને છે.”

**નિયમ:**—“ ‘સમયજ પૈસા છે’ ( Time is money ) એ નિયમ અનુસાર અમેરિકાનિવાસીઓ ચાલે છે. કેવી રીતે ઓછો સમય લાગે અને કામ અધિક થાય એ તેમનો મૂળમંત્ર છે. તેમનાં કારખાનાંમાં જશો તો તમને તેમાં સર્વત્ર આજ નિયમની વ્યાપકતા જણાશે. ”

**વિદ્યા અને વિદ્યાર્થિઓ:**—“ અમેરિકાના લોકો શિક્ષાનો મહિમા સારી રીતે જાણે છે, અને જેમ બને તેમ સર્વ સાધારણમાં તેનો પ્રચાર કરવાને તેઓ પ્રયત્ન કરે છે. ”

“ તેમનો સિદ્ધાંત એવો છે કે કોઇ પણ બાલક વા બાલિકા વિદ્યાથી વંચિત ન રહેવી જોઇએ. ”

“ જે ગામમાં દશ ઘર હોય ત્યાં પણ એક ઉત્તમ શાળા વિદ્યમાન હોય છે. ”

"બાલ્યાવસ્થામાંજ રમત–ગમતદ્વારા અહીંના લોકો એટલું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે કે જેટલું જ્ઞાન આપણા દેશમાં દશ વર્ષ સુધી શાળામાં ભણવા છતાં પણ મળી શકતું નથી !"

"જે વિદ્યાર્થી કોઇ પણ પ્રકારનો હુન્નર જાણતો હોય તેને અમેરિકામાં ધન કમાવું અતિ સહેલું છે. વિદ્યાર્થીઓ કોઇ ને કોઈ હુન્નર અવશ્ય શીખી લે છે. જેમકે–કપડાં શીવવાં, ઘડીઆળ સમારવી, જોડા બનાવવા, સુતારી કામ કરવું, નામું લખવું ઇત્યાદિ. આવો હુન્નર જાણનાર વિદ્યાર્થી બે ચાર કલાક કામ કરી પોતાના ખર્ચ પૂરતા પૈસા કમાઇ લે છે."

"તેમને બીજે ત્રીજે દિવસે ઘર પણ વાળવું પડે છે."

"યુનિવર્સિટીની ભોજનશાળા અને પાકશાળા છે. સવારે, બપોરે અને સાંજે વિદ્યાર્થીઓ અહીં ભોજન કરે છે. વિદ્યાર્થીઓજ રાંધે છે અને વિદ્યાર્થીઓજ પીરસે છે. ભોજનના સમયે અહીં બહુ આનંદ આવે છે. સર્વ જણ પ્રેમપૂર્વક એક બીજાની સાથે વાતચીત કરતા કરતા ભોજન કરે છે. કોઇ કોઇ પ્રત્યે ઘૃણા બતાવતો નથી. જે વિદ્યાર્થીઓ પીરસે છે અને પાણી આપે છે તેમને કોઇ હલકા ગણતા નથી. જે છાત્રો નિર્ધન હોવાથી પોતાના શ્રમથી દ્રવ્ય કમાઇ વિદ્યાભ્યાસ કરે છે તેમને અહીં કોઇ ઘૃણાની દ્રષ્ટિથી જોતા નથી. જનસમાજમાં ઉલટી તેની અધિક પ્રતિષ્ઠા થાય છે. આજ કારણથી અમેરિકામાં નિર્ધન માતાપિતાનો પુત્ર સંયુકતરાજ્યોનો પ્રેસિડન્ટ બની શકેછે."

"૪૦ યા ૫૦ છાત્રો ભોજનશાળામાં દરરોજ બે કલાક કામ કરી પોતાના ભોજનનો ખર્ચ મેળવે છે."

"વિદ્યાર્થીને સતત વિદ્યાભ્યાસ કરવાથીજ પદ્વી પ્રાપ્ત થઇ શકે એવો કાંઇ નિયમ નથી. કેટલાંક વર્ષોના અંતર પછી પણ વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂરો કરે છે અને પદ્વી પ્રાપ્ત કરે છે; કારણ કે

દ્રવ્યના અભાવથી કેટલાક વિદ્યાર્થીઓ એક વર્ષ પૈસા કમાય છે અને બીજે વર્ષે અભ્યાસ કરે છે."

"ત્યાં વિદ્યાભ્યાસનો હેતુ પુસ્તકોના કીડા બનાવવાનો નથી, પરંતુ વ્યાવહારિક જ્ઞાન પ્રાપ્ત કરાવવાનો છે."

"આ (શિકાગો) વિશ્વવિદ્યાલયમાં નોકરી અપાવનારૂં પણ એક ખાતું છે, તે મોટાં મોટાં કારખાનાંની સાથે સંબંધ રાખે છે. વિદ્યાર્થી જે કામ કરી શકતો હોય તે કામ ત્રણચાર કલાક કરી તે પોતાના ખર્ચને માટે પૈસા પેદા કરી શકે છે. આ પ્રકારે ઉદ્યોગ કરી સેંકડો વિદ્યાર્થીઓ અહીં વિદ્યાભ્યાસ કરે છે."

"વિશ્વવિદ્યાલયે (શિકાગો યુનિવર્સિટીએ) એક ખાતું એવું ખોલ્યું છે કે જે નિર્ધન વિદ્યાર્થીને એક વર્ષમાં ૧૦૦૦ રૂપીઆ સુધી ધારે છે, અને તેની પાસેથી ત્રણચાર વર્ષમાં વ્યાજ વિના મૂડી અદા કરવાનું વચન લે છે. વળી અહીં એક બીજું પણ ખાતું છે, જે દ્વારા પ્રાયઃ ૧૭૫ વિદ્યાર્થીઓ વિશ્વવિદ્યાલયની વ્યવસ્થા સંબંધી કામ કરીને પોતાની ફીના પૈસા કમાઇ લે છે."

"અમેરિકાનો ૭ વર્ષનો બાલક પોતાનું જીવન સ્વતંત્રતાપૂર્વક વ્યતીત કરે છે. તેને કોઇની પરવા નથી. તે જાણે છે કે હું મનુષ્ય છું. પરમાત્માએ તેને હાથપગ આપ્યા છે તેનો યથાર્થ ઉપયોગ તે કરી જાણે છે."

"એક અમારો પણ દેશ છે કે જ્યાંનાં ૭ વર્ષના છોકરાને મુખ ધોવાની શુદ્ધિ પણ હોતી નથી! ૭ વર્ષના બાલકો તો શું, પરંતુ શાળા પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓ પણ માબાપની ઉપર નિર્ભર રહીને વિદ્યાભ્યાસ કરે છે! જો કોઇ મહિનામાં તેમને ખર્ચના પૈસા ન મળી શકે તો તેમનો વિદ્યાભ્યાસ બંધ પડી જાય છે. જેમનાં માબાપ ભણાવી શકતાં નથી તેઓ વિદ્યાપ્રાપ્તિથી વંચિત રહે છે.

બહુ બહુ તો છોકરાઓ ભીખ માગીને ભણે છે. આનું પરિણામ એ આવે છે કે તેમને પોતાના જીવનસંગ્રામની તૈયારી કરી રાખવાની સંધિ મળતી નથી. તેમને પોતાની જાત ઉપર શ્રદ્ધા રહેતી નથી. તેઓ એમ સમજે છે કે અમે કાંઇ પણ કરી શકીએ એમ નથી; કારણ કે તેઓ પોતાનાં કાર્યો પોતે કરવાની ટેવ પાડતા નથી. ”

“ ત્યાંની ( અમેરિકાના એક કસ્બાની ) હાઇસ્કૂલમાં સર્વે વિદ્યાર્થીઓની સમક્ષ મોટા હૉલના પ્લૅટફૉર્મ ઉપર ઉભા થઇને જ્યારે મેં વ્યાખ્યાન આપ્યું અને મારી સન્મુખ સુંદર અને નિરોગી છોકરા છોકરીઓને બેઠેલાં જોયાં ત્યારે મારૂં હૃદય ભરાઇ આવ્યું. હું મનમાં બોલ્યો કે એક આ પણ દેશ છે કે જેમાં બાલકોને માટે શિક્ષાનો આવો સરસ પ્રબંધ છે, અને એક અમારો પણ અભાગી દેશ છે કે જેમાં લાખો બાલકો અવિદ્યાના અંધકારમાં પડેલાં છે ! તેઓ કીડાની પેઠે ઉત્પન્ન થાય છે અને કીડાની પેઠેજ મરણ પામે છે. જીવન એ શી વસ્તુ છે તે તેઓ જાણતાંજ નથી, કારણ કે શિક્ષા એજ એક એવું સાધન છે કે જે આપણને માનવજીવનના સુખનો આસ્વાદ ચખાડી શકે છે. ”

**ખેતીવાડી:**—“ અમેરિકાનાં પ્રાયઃ સર્વે સંસ્થાનોમાં સરકાર તરફથી Experiment Stations સ્થાપિત થયેલાં છે. તેમાં જંતુવિદ્યાનિપુણ પંડિતો કૃષિ અને ફલો સંબંધી બારીક અભ્યાસ કરે છે. જો કોઇ વાર કોઇ ખેતર કે બાગને કોઇ પ્રકારની હાનિ થાય છે તો એ પંડિતો તે સ્થળે જઇને તેનું કારણ શોધી કાઢવાનો પ્રયત્ન કરે છે. પ્રતિવર્ષ ગ્રીષ્મઋતુમાં સરકાર તરફથી વિદ્વાન અધ્યાપકો કૃષિકારોના લાભને માટે કૃષિવિદ્યા સંબંધી અતિ ઉપયોગી વ્યાખ્યાનો આપે છે, અને તેમને કૃષિવિદ્યા તથા વનસ્પતિ વિદ્યાનું રહસ્ય સમજાવે છે. દોઢ બે મહિના સુધી વ્યાખ્યાન ચાલે છે. કૃષિકારોને આથી ઘણો

લાભ થાય છે. તેમને વૃક્ષોના ગુણદોષ, તેમની આદતો, તેમના શત્રુ મિત્ર એ સર્વનું જ્ઞાન કરાવવામાં આવે છે. તેઓ પ્રત્યેક વિષય વૈજ્ઞાનિક પ્રણાલીથી એવી ઉત્તમ રીતે સમજાવે છે કે શ્રોતાઓને તેથી બહુ આનંદ સાથે જ્ઞાન પ્રાપ્ત થાય છે."

"એક છોડને દશ ડોડા આવતા હોય તો તેને પંદર ડોડા કેવી રીતે આવે તે વાતનો તેઓ પ્રયત્ન કરે છે. જમીનની ઉપજ વધારવાને માટે પ્રત્યેક પ્રકારની વૈજ્ઞાનિક પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવે છે. તેઓ ઇશ્વરદત્ત બુદ્ધિનો યથાર્થ ઉપયોગ કરી તેનાથી લાભ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. આપણા દેશના લોકોની પેઠે તેઓ સર્વ દોષ ઇશ્વરને માથે નાખી પોતે છુટા થઇ જવાનો પ્રયત્ન કરતા નથી."

"અહીંના (ભારતવર્ષના) ખેડુતો અંધકારમાં જીવન વ્યતીત કરે છે. પુરાણા બળદ અને પ્રાચીન હળથી જે કાંઇ થોડું ઘણું ઉત્પન્ન થાય તે પરજ સંતોષ માની તેઓ ભૂખે દિવસ વ્યતીત કરે છે. તેઓ બિચારા એમ ધારે છે કે તેમના ભાગ્યમાંજ એવું લખ્યું છે! ભાગ્યદોષથીજ ભૂમિ ઓછી ફળદ્રૂપ હોવાનું તેઓ માને છે; પરંતુ તેઓ જાણતા નથી કે અવિદ્યાના કૂપમાં પડી રહેવાથી તેમની આવી દુર્ગતિ થયેલી છે. વૈજ્ઞાનિક પ્રણાલીથી તેમની જમીન ખેડવામાં આવે તો તેજ ભૂમિ અધિક ફળદ્રૂપ બની શકે એમ છે."

**સ્ત્રીઓ:**—"એક વિદ્વાનનું કથન છે, કે જો તમે કોઇ દેશની ઉન્નતિનું કારણ જાણવા માગતા હો તો ત્યાંની સ્ત્રીઓની દશાની તપાસ કરો. જે દેશમાં સ્ત્રીઓ મૂર્ખ હોય છે, જે દેશમાં સ્ત્રીઓની પ્રતિષ્ઠા નથી, જે દેશમાં સ્ત્રીઓના અધિકારની રક્ષા થતી નથી, તે દેશના લોકો જાતીય સુધારણાને માટે લાખો પ્રયત્નો કરે તોપણ તેમને કદિ સફલતા પ્રાપ્ત થઇ શકશે નહિ."

"અમેરિકા અને યૂરોપમાં સ્ત્રીઓની ઘણી પ્રતિષ્ઠા છે. તેમના વિદ્યાભ્યાસ તથા શારીરિક અને માનસિક ઉન્નતિને માટે પુરૂષોના જેવોજ ઉત્તમ પ્રબંધ છે. સ્ત્રી એ પુરૂષનું અર્ધું અંગ છે, એ વાત વિશેષતઃ એ દેશોમાં પ્રત્યક્ષ થાય છે."

"અંતે હું અહીંઆંની સ્ત્રીઓના કેટલાક દોષો પણ બતાવી દેવા આવશ્યક માનું છું. અમેરિકન સ્ત્રીઓનો સૌથી મોટો દોષ એ છે કે તેઓ હદબહાર સ્વતંત્ર છે. એનું પરિણામ એ આવ્યું છે કે મોટાં મોટાં શહેરોમાં વ્યભિચાર વધતો જાય છે.

" આપણાં ઘર એ ખરાં ઘર નથી. આપણી સ્ત્રીઓ આપણા હૃદયના ભાવો સમજી શકતી નથી. જે વિષયો આપણે શાળા પાઠશાળામાં ભણ્યા હોઇએ તેનાં નામસુદ્ધાં તેમણે સાંભળેલાં હોતાં નથી. પતિ બી. એ. હોય અને પત્ની નિરક્ષર હોય છે!"

"આપ સ્વયં વિચાર કરો કે અજ્ઞાનમાં પડેલી આપણી માતાઓ અને ભગિનીઓ શું આપણી ઉચ્ચ અભિલાષાઓમાં આપણી સહાયક થઇ શકશે? આપણું અર્ધું અંગ સર્વથા નિરુપયોગી છે. જો આપ આપનું, આપનાં સંતાનોનું અને આપના દેશનું કાંઈ પણ હિત કરવા માગતા હો તો સ્ત્રીઓની શિક્ષા આદિનો પ્રબંધ કરો."

" પ્રત્યેક કાર્ય કરવાની પ્રણાલી હોય છે, આપણે પ્રણાલી જાણતા નથી, માટે આપણે તે પ્રણાલી શીખવી જોઇએ; અને જેમ બને તેમ દેશમાં વિદ્યાનો પ્રચાર કરવો જોઇએ.

" જ્યારે આપણી માતાઓ, આપણી ભગિનીઓ અને આપણી કન્યાઓ પણ સર્વ બાબતોમાં ઉન્નતિ કરે ત્યારેજ સમાજની શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ થઇ શકે તેમ છે. ભારતવર્ષમાં સ્ત્રીકેળવણીનો અભાવ જોઇને આપણને દુઃખ ઉત્પન્ન થાય છે. જે દેશની સ્ત્રીઓ અધોગતિમાં પડેલી હોય તે દેશના લોકો કદિ પણ ઉન્નતિના

શિખરે ચઢી શકે એમ છે? સત્ય માનજો કે માત્ર એકલા પુરૂષોથીજ દેશોદ્ધાર થઈ શકે તેમ નથી."

**દેશ સેવા:**—"જગતમાં તે માણસને ધન્ય છે કે જેણે પોતાનું આયુષ્ય પોતાના દેશ અને પોતાની જાતિની સેવામાં ખર્ચ્યું હોય! જગતમાં અમર કોણ છે? મૃત્યુ સર્વની પાછળ લાગેલું છે, પરંતુ તે જીવનને ધન્ય છે કે જે માનવ જાતિનાં દુઃખો દૂર કરવામાં ખર્ચાયું હોય!"

"આહા! આવા આત્માઓનું જીવન કેટલું ઉત્તમ છે!! તેમના જીવનમાંથી આપણને કેવી ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત થાય છે!! દેશહિતને માટે સંસારનાં સુખો તુચ્છ સમજવાં, ધન, માન અને ઐશ્વર્યપર લાત મારી નિષ્કામ બુદ્ધિથી માતૃભૂમિની સેવા કરવી, તેના ઉદ્ધારને માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવું, એવો ઉદ્દેશ જે પુરૂષનો હોય તેને અમે નીચા વળીને નમસ્કાર કરીએ છીએ. ઋષિઓએ જણાવેલો સાચો વૈરાગ્ય આજ છે. એનોજ મહિમા ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં ગાયો છે. આવો પુરૂષ પોતાના જીવનનો યથાર્થ ઉપયોગ કરે છે, એટલુંજ નહિ પરંતુ તે અન્યોને પણ પોતાના પથનું અનુસરણ કરવાને આહ્‌વાન કરે છે. તેના જીવનમાં એક અદ્‌ભુત શક્તિ આવી જાય છે. તેના મુખમાંથી નીકળેલા શબ્દો મુરદામાં પણ ચૈતન્યનો સંચાર કરી દે છે. તેનું નામ સર્વને પાવન કરનારૂં બની જાય છે. તેના જીવનની ઘટનાઓ શિક્ષાપ્રદ હોય છે. તેનો યશ પોતાના દેશમાં ફેલાય છે, એટલુંજ નહિ પરંતુ દેશદેશાંતરોમાં પણ ફેલાઇ જાય છે. તે મનુષ્યમાત્રના આદરને પાત્ર બને છે. સમગ્ર જગત આવા પુરૂષને હૃદયપૂર્વક અભિનંદન આપે છે. તે જ્યાં જ્યાં જાય છે, જ્યાં જ્યાં રહે છે, તે સર્વ સ્થાનો તેના સ્પર્શથી પવિત્ર બની જાય છે. જે માણસોની સાથે તે જરા પણ વાર્ત્તાલાપ કરે છે તેઓ તેના સંગથી તરી જાય છે."

"અહો ! દેશસેવાનો મહિમા અતિ અદ્દભુત છે, તો પછી જે દેશ અને જે જાતિ કોઇ કાળમાં ગૌરવાન્વિત હોય, જે દેશમાં પ્રકૃતિએ પોતાનું સંપૂર્ણ સૌંદર્ય દર્શાવ્યું હોય, જે દેશના પર્વતો, નદીઓ, વહેળાઓ અને વૃક્ષો તેની પ્રતિષ્ઠાનાં પ્રમાણ હોય, તે દેશની સેવા અને તે જાતિના ઉદ્ધારનો પ્રયત્ન શામાટે પુણ્યકારક ન હોય ? જે દેશની રતી રતીભાર જમીન મહાત્માઓના રક્તપાતથી સિંચિત થઇ હોય તે દેશની સેવા શામાટે પુણ્યકારક ન હોય ? આવા પુણ્યશાળી દેશમાં ઉત્પન્ન થઇને જે મનુષ્ય તેની અધઃપતિત અવસ્થા સુધારવામાં પોતાનું તન, મન અને ધન સમર્પણ કરી દેતો નથી તેનું જીવન વ્યર્થ બોજા સમાન સમજવું."

# અતિ ઉત્તમ અને સસ્તું સાહિત્ય.

**શ્રીયોગવાસિષ્ટ મહારામાયણ**–બે ભાગમાં સંપૂર્ણ ...રૂ. ૬)

**શ્રીશાન્તિપર્વ**–(મહાભારતનું) મોટાં પૃષ્ઠ ૮૪૦ રૂ. રાા અને ૨)

**શ્રીમદ્ ભગવતી ભાગવત**–વેદધર્મસભાવાળું ... ... રાા

**આર્યભિષક્ અથવા હિંદુસ્થાનનો વૈદ્યરાજ**–નવી આવૃત્તિ રૂ. ૨)

**રાજસ્થાનનો ઇતિહાસ**–ગ્રંથ ૧લો. ... રૂ. ૨, રાા, ૩ાા

**શ્રીશિવાજી છત્રપતિ**–( ઉત્તમ મોટું ચરિત્ર ) રૂ. ૦ાા, ૧, ૧ા.

**શ્રીદાસબોધ**–( ઉત્તમ નવીન ભાષાન્તર ) ... ... રૂ. ૧ા

**શ્રીમદ્ ભગવદ્ગીતા ટીકા સહિત ગુટકા**–પૃષ્ઠ ૨૭૫. ૦)≡

પાકું પૂઠું ૦)≡ રેશમી અથવા સોનેરી ૦ા અતિ સોનેરી ૦ાા

**સદ્ગુણી બાળકો** ૦ા, **બાળકોની વાતો** ૦)≡, **બાળસદ્બોધ** ૦)≡

**એકાદશસ્કંધ** ૦ા≡ાા, **મનહરપદ** ૦)≡ાા, **ભજનસાગર** ૦)≡

**આરોગ્ય વિષે જ્ઞાન** ૦ા. **આર્ય ધર્મ નીતિ** ઉંચી આવૃત્તિ ૧.

## બંને માળાઓના આગલાં વર્ષોના સેટ.

**વિવિધગ્રંથમાળા**—સં. ૧૯૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨ના તૈયાર છે.

**ચરિત્રમાળા**—સંવત્ ૧૯૬૯, ૭૦, ૭૧, ૭૨ ના તૈયાર છે. મૂલ્ય અસલ પ્રમાણેજ લેવાશે. પો. જુદું. વિવિધમાળામાં ૧૯૭૦ ના અને ચરિત્ર માળામાં ૧૯૭૨ ના પાકા સેટ નથી, કાચા છે.

**શ્રી જ્ઞાનેશ્વરી ગીતા, શ્રીમદ્ ભાગવત, સ્વામી રામતીર્થ** ભાગ ૧ થી ૫; એ ગ્રંથો હવે મળતા નથી. તે તથા **વાલ્મીકીય રામાયણ, રાજસ્થાન** ભાગ ૨ જો અને **મહાભારતના** ભાગો ૪૦ છપાશે તેમ તેમ વિવિધ ગ્રંથમાળાદ્વારા ખબર અપાશે.

**સૂચના**—પોસ્ટેજ દરેકનું જુદું. કમમાં કમ ચાર પાંચ રૂા. નાં પુસ્તકો હશે તો રેલ્વે રસ્તે ઓછે ખર્ચે આવશે. મૂલ્ય પુરૂં પ્રથમથી મોકલનારનેજ રેલ્વે રસ્તે મોકલાશે. રેલ કે ટપાલમાં મંગાવનારે અમદાવાદજ લખવું. બીજે મળતાં પુસ્તકો અહીંથી મોકલાશે નહિ.

**સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય–મુંબઇ અને અમદાવાદ.**

# લોકપ્રિય થયેલાં સ્વર્ગનાં પુસ્તકો:—

**ભક્તિ-જ્ઞાન-પ્રભુ પ્રેમનાં દૃષ્ટાંતોવાળાં:—**

## સ્વર્ગનું વિમાન

સહેલા ૩૨૫ દાખલા, તેટલાંજ ભજન પદ સાથે, પૃષ્ઠ ૩૯૦. રૂ. એક.

## સ્વર્ગની કુંચી

ભજન પદ સાથે ૨૧૦ દાખલા પૃષ્ઠ ૫૫૦. રૂ. એક.

## સ્વર્ગનો ખજાનો

ભક્તિમાર્ગની ત્રીજી ચોપડી જેવું ઉત્તમ, ૧૨૫ દાખલા, રૂ. એક.

## સ્વર્ગનાં રત્નો

ઉંડાણ ખુલાસાવાળા ૧૦૧ દાખલા, પૃષ્ઠ ૩૮૪. રૂ. એક.

## સ્વર્ગની સડક

ભક્તિમાર્ગના અસરકારક ૧૬૬ દાખલા, પૃષ્ઠ ૫૪૦. રૂ. એક.

**જમાનાને અનુસરતા ઉત્તમ બોધક વિચારોનાં:—**

## સંસારમાં સ્વર્ગ

સ્વર્ગ અનુભવવાનો સાચો માર્ગ બતાવનારૂં પૃષ્ઠ ૪૦૦ રૂ. દોઢ.

## સ્વર્ગની સીડી

ગીતાના મહાન સિદ્ધાંતો સમજાવનારૂં. પૃષ્ઠ ૪૫૦ રૂ. દોઢ.

## સ્વર્ગની સુંદરીઓ

ખાસ સ્ત્રી ઉપયોગી ઉત્તમ દૃષ્ટાંતોવાળું. પૃષ્ઠ ૫૦૦ રૂ. દોઢ.

## સાચું સ્વર્ગ

જીંદગીનો હેતુ સમજાવી આગળ વધારનારૂં, પૃષ્ઠ ૬૨૫ રૂ. દોઢ.

## સ્ત્રીઓનું સ્વર્ગ

હાલ ખલાસ થયું છે. રૂ. દોઢ.

## પ્રેમ પ્રેમ ને પ્રેમ

ખાસ વાંચવા લાયક રૂ. એક.

દરેક પુસ્તક પાકા પૂઠાનું હોઇ ત્રણથી ચાર સોનેરી નામવાળું છે.
દરેકનું પોસ્ટેજ જુદું. મળવાનું મુખ્ય ઠેકાણું:—

**અમૃતલાલ સુંદરજી પઢીયાર—હાથીબીલ્ડીંગ, મુંબઈ નં. ૨.**

હાલમાં નવુંજ નીકળ્યું છે

# સ્વર્ગનો આનંદ.

**ત્રણ સોનેરી નામ, પૃષ્ઠ ૪૦૦, કિમ્મત રૂ. ૧ પોષ્ટેજ જુદું.**

જો ઉંચી જાતનો ઇશ્વરી આનંદ મેળવવો હોય તો સ્વર્ગના આનંદનું પુસ્તક વાંચવું જોઇએ, એ પુસ્તકમાં મહાત્મા તુલસીદાસજી, કબીર સાહેબ, વિગેરે મહાન્ ભકતોનાં અનુભવી જ્ઞાનના સેંકડો દોહરાઓ છે, તથા ઘણા ભકતોના ભક્તિ વધારનારાં અને શાંતિ આપનારાં ભજનો છે. ભકિતનો તથા ભગતોનો મહિમા સમજાવનારૂં નવી શૈલીનું એવું બીજું પુસ્તક ગુજરાતિ ભાષામાં કોઇ પણ નથી, એમ કહીએ તો તે કંઇ ખોટું નથી.

---

**અમૃતલાલ સુંદરજી પઢીયાર—હાથી બીલ્ડીંગ—મુંબાઇ—૨.**

---

**જો પ્રભુએ આપ્યું હોય તો સત્પાત્રે દાન કરી પરલોકનું ભાથું બાંધી લ્યો.**

# બસો રૂપિયામાં

## અન્નદાન સાથે અમર નામ

રૂ. ૨૦૦) દાન આપનાર દાતાના નામથી તે કહે તે એક દિવસે દર વર્ષે દાતાના સ્મરણમાં અનાથોને ભોજન આપાય છે; તથા આરસની તખતીમાં નામ ઠામ કોતરી ઑફીસમાં ચોટાડી યાદગીરી કાયમ રખાય છે.

આ આશ્રમમાં અનાથ નિરાધાર બાળકો, ત્યજાએલાં ધાવતાં બાળકો, વૃદ્ધ અશક્ત અપંગો વગેરેને પોષવામાં આવે છે.

**મંત્રી, હિંદુ અનાથાશ્રમ—નડીઆદ.**

ગરમીની મોસમ ગાળવા તેમજ તબીયત સુધારવા માટે

# માથેરાન એ હીલસ્ટેશન છે.

**"રોયલ હિંદુ હોટેલ" નામનું રહેવા તથા જમવાની ઉત્તમ સોઇવાળું હોટેલ ત્યાં આવેલું છે.**

"રૉયલ હિંદુ હોટેલ"ના બંગલાની સગવડો તથા "પોઝીશન" બીનહરીફ છે.

"રૉયલ હિંદુ હોટેલ"માંજ કુટુંબો માટે અલાહેદી અને સ્વતંત્ર સગવડ છે.

"રૉયલ હિંદુ હોટેલ"ની ઉંચી ખોરાકી અત્યાર અગાઉ પ્રજામાં જાણીતી છે.

"રૉયલ હિંદુ હોટેલ"ની મુલાકાત રાજા રજવાડાઓ, રાજદ્વારી આગેવાનો અને હિંદને શોભાવનારા અનેક નરરત્નોએ લીધી છે.

"રૉયલ હિંદુ હોટેલ"નો લાભ લઇ અનેક સજ્જનોએ એવી ઇચ્છા બતાવી છે કે દરેક હવાખાવાનાં સ્થળો ઉપર "રૉયલ હિંદુ હોટેલ" ની શાખાઓ ઉઘડે.

"રૉયલ હિંદુ હોટેલ" માથેરાનમાં એક ઉંચીઅને ખુશનુમાજગ્યાએ આવેલુંછે.

"રૉયલ હિંદુ હોટેલ"ને દશ બાર વર્ષના અનુભવ પછી એક નમુનેદાર હોટેલ બનાવવામાં આવ્યું છે.

**દરરોજના છુટક રૂ. ૩) અને વધુ વિગતો માટે લખો-મળો અથવા ટેલીફોન કરો.**

**ગોવિંદજી વસનજી.**
ટેલીફોન નં. ૧૫૫૬.

**(૧) ઠાકોરદ્વાર, મુંબઇ.**
**(૨) ચીરાબજાર, મુંબઇ.**
**(૩) ચોકહોલ, માથેરાન.**

Tel. Add. "Sweetmeat" Bombay.

# માત્ર અરધા કલાકમાં
# ત્રણ તીજોરી તુટી!

એક મહીના ઉપર દેવલાલીની લશ્કરી છાવણીની ઑફીસની ત્રણ તીજોરીની ચાવી ખોવાઈ જવાથી ગોદરેજના કારીગરે ત્રણે તીજોરી અરધા કલાકમાં તોડી. તે ઉપરથી સઘળી તીજોરીઓ રદ કરી તેની જગ્યાએ ગોદરેજની ખરીદવામાં આવી છે.

તીજોરીઓનું જોડકામ ફક્ત રેવીટ યા સ્ક્રુથી કરવામાં આવે તો આવી રીતે તીજોરીઓ તોડી શકાય. હાલની સુધરેલી રીત મુજબ અગત્યનું જોડ-કામ લોખંડને વિજળીથી તાવીને કરવામાં આવે છે, અને આવું કામ આખા હિંદુસ્તાનમાં ફક્ત ગોદરેજ-ના કારખાનામાંજ થાય છે.

**કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ, મુંબઈ.**

**શાખા—રીચીરોડ, ફુવારા સામે—અમદાવાદ.**

# [illegible]

[illegible]

[illegible] દેશ હિત [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] દેશ હિત [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] દેશ હિત [illegible]

---

* [illegible]